Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતી વ્યાકરણ અને લેખન

ભાગ પાંચમો

રણછોડજી દેસાઈ
જયંતીલાલ મહેતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या .....

पञ्जिका संख्या .....

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
પત્ર નં. પી (૬૧) બી-૬૫૭૮ તા. ૧૭-૧-૫૨થી

પાઠ્ય પુસ્તક તરીકે મંજૂર

મુંબઈ સરકારે મંજૂર કરેલા ૧૯૫૦ના નવા અભ્યાસક્રમ મુજબ

ગુજરાતી વ્યાકરણ અને લેખન

ભાગ ૫

With Best Compliments from the Publishers

ધોરણ નવમા માટે

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

• કર્તા •

રણછોડજી દયાળજી દેસાઈ, એમ. એ., બી. ટી.

જયંતીલાલ ઉત્તમરામ મહેતા, બી. એ., બી. ટી.

CHECKED 1973
Initial

મેસર્સ કરસનદાસ નારણદાસ ઍન્ડ સન્સ

બુકસેલર્સ ઍન્ડ પબ્લિશર્સ

નાણાવટ, સુરત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

• પ્રકાશક •

મેસર્સ કરસનદાસ નારણદાસ ઍન્ડ સન્સ
તરફથી શ્રી. નંદસુખલાલ બાલુભાઈ બુકસેલર
ના ણા વ ટ • સુ ર ત

[પાઠ્ય પુસ્તક તરીકે મંજૂર]

પહેલી આવૃત્તિ : ૧૯૫૧
ફરી છાપી : ૧૯૫૨
ફરી છાપી : ૧૯૫૪

卐

• મુદ્રક •

સુરેશચંદ્ર પોપટલાલ પરીખ
ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટિંગ પ્રેસ
સલાપોસ રોડ, અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુસ્તક નં૦.....
આવક નં૦.....
તિથિ૦.....

નિવેદન

મુંબઈ સરકારે નવમા ધોરણનો જે નવો અભ્યાસક્રમ યોજ્યો છે, તેને અનુલક્ષીને 'વ્યાકરણ અને લેખન' નામની અમારી ગ્રંથશ્રેણીનું આ પાંચમું પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. આગળનાં પુસ્તકની રચના સંબંધે જે સિદ્ધાંતો અમે સ્વીકાર્યા છે, તેને જ આ પુસ્તકની રચનામાં પણ અમે અનુસર્યા છીએ.

ક્રમિક પદ્ધતિએ અભ્યાસક્રમ અનુસાર સામાન્ય વ્યાકરણના વિષયને અહીં વિસ્તૃત કરવા ઉપરાંત, આ ધોરણને માટે સમાસ, શબ્દસિદ્ધિ, જોડણી, અલંકાર વગેરે વિષયની વિશેષ ચર્ચા કરી છે એટલું જ નહિ, પણ વ્યુત્પત્તિ, છંદ, એકીકરણ અને વાક્યરૂપાંતરનાં નવાં પ્રકરણો ઉમેરવામાં આવ્યાં છે.

અમે આશા રાખીએ છીએ કે અમારી વ્યાકરણની ગ્રંથશ્રેણીનું આ પાંચમું પુસ્તક અમારાં નીચલાં ધોરણોનાં પુસ્તકો જેવું જ ઉપયોગી થશે અને આવકાર પામશે.

તા. ૨૩–૭–૫૧ લેખકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિષયસૂચિ

પ્રકરણ	વિષય	પૃષ્ઠ
૧	નામ અને તેની જાતિ	૧
૨	વિભક્તિ	૧૩
૩	વિશેષણ	૧૬
૪	ક્રિયાપદ અને તેના પ્રકાર	૨૧
૫	ક્રિયાપદનું પ્રેરક રૂપ	૨૯
૬	ક્રિયાપદના કાળ	૩૨
૭	કૃદંત અને તેના પ્રકાર	૪૪
૮	ક્રિયાવિશેષણ—તેના પ્રકાર	૫૧
૯	નામયોગી (શબ્દયોગી) અવ્યય	૫૯
૧૦	ઉભયાન્વયી અવ્યય	૬૪
૧૧	ઉદ્ગારવાચક (કેવળપ્રયોગી) અવ્યય	૭૦
૧૨	પદ–તેનું રૂપ અને કાર્ય	૭૨
૧૩	પ્રયોગ	૭૫
૧૪	સંધિ	૭૭
૧૫	સમાસ	૯૦
૧૬	શબ્દસિદ્ધિ	૯૯
૧૭	શબ્દ–તત્સમ, તદ્ભવ અને દેશ્ય	૧૦૭
૧૮	સરળ વ્યુત્પત્તિ	૧૧૦
૧૯	ભાષાશુદ્ધિ–જોડણીના નિયમો	૧૧૭
૨૦	ભાષાશુદ્ધિ–પદોનો અન્વય	૧૨૪
૨૧	અલંકાર	૧૨૯
૨૨	છંદ	૧૪૦
૨૩	એકીકરણ	૧૪૭
૨૪	વાક્યરૂપાંતર	૧૫૮
૨૫	પૃથક્કરણ : મિશ્ર વાક્ય	૧૬૪
૨૬	પૃથક્કરણ : સંયુક્ત વાક્ય	૧૬૮
૨૭	રૂઢ પ્રયોગો અને કહેવતો	૧૭૨
૨૮	નિબંધ	૧૭૬
૨૯	વિચારવિસ્તાર	૧૮૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧

નામ અને તેની જાતિ

તમે નામ અને તેના પ્રકાર વિશે આગલા પુસ્તકમાં શીખી ગયા છો. તેનું નીચે પુનરાવર્તન કર્યું છે. પછી અહીં નામ વિશે વધુ શીખીશું.

નામ—પ્રાણી, પદાર્થ, ગુણ કે ક્રિયાને ઓળખવા માટે જે પદ વપરાય છે, તેને નામ કહે છે.

પ્રાણીનાં નામ—વાઘ, હાથી, ગાય, પોપટ, મોર.

મનુષ્ય-પ્રાણીનાં નામ—સુધીર, રસિક, સુધા, લલિત, અમીના.

પદાર્થનાં નામ—વૃક્ષ, સૂર્ય, પર્વત, દરિયો, રેડિયો.

ગુણનાં નામ—ભલાઈ, સચ્ચાઈ, ડહાપણ, ખટાશ, ન્યાય.

ક્રિયાનાં નામ—વાચન, રુદન, હાસ્ય, લેખન.

નામના પ્રકાર

નામના પાંચ પ્રકાર છે : (૧) જાતિવાચક (૨) સંજ્ઞાવાચક કે વિશેષનામ (૩) સમૂહવાચક (૪) દ્રવ્યવાચક (૫) ભાવવાચક

[૧] જાતિવાચક નામ

૧. ઘોડો ઉમદા પ્રાણી છે.

૨. મારો ઘોડો ઘણો ચપળ છે.

પહેલા વાક્યમાં 'ઘોડો' એ નામ ઘોડાની આખી જાતિ કે આખો વર્ગ ઉમદા છે એવો અર્થ સૂચવે છે.

બીજા વાક્યમાં 'ઘોડો' એ નામ ઘોડાની જાતિના અમુક એક જ ઘોડાને માટે વપરાયું છે. 'ઘોડો' એ જાતિવાચક નામ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ પણ પ્રાણી કે પદાર્થની આખી જાતિને માટે અથવા તે જાતિની એક વ્યક્તિને માટે જે નામ વપરાય છે, તે જાતિવાચક નામ કહેવાય છે.

[૨] સંજ્ઞાવાચક નામ કે વિશેષનામ

૧. **મધુકર** આવતા **રવિવારે સુરત** જશે.

'મધુકર' એ છોકરાનું ખાસ નામ છે, 'રવિવારે' એ સાત વાર પૈકીના એક વારનું ખાસ નામ છે, અને 'સુરત' એ શહેરો પૈકી એક શહેરનું ખાસ નામ છે.

કોઈ પણ એક પ્રાણી કે પદાર્થને પોતાની જાતિનાં બીજાં પ્રાણી કે પદાર્થથી જુદાં પાડી ઓળખવા માટે જે ખાસ નામ અપાય છે, તે સંજ્ઞાવાચક નામ કે વિશેષનામ કહેવાય છે.

[૩] સમૂહવાચક નામ

૧. અકસ્માતની જગ્યાએ એક મોટું **ટોળું** ભેગું થયું હતું.

૨. દરિયાઈ તોફાનમાં અમારો **કાફલો** સપડાયો હતો.

'ટોળું' એ નામ માણસોનો સમૂહ બતાવે છે. 'કાફલો' એ નામ વહાણોનો સમૂહ બતાવે છે. આ બંને સમૂહનો અર્થ બતાવવા વપરાયેલાં નામો છે.

થોડાં સમૂહવાચક નામો : લૂમ, પલટણ, લશ્કર, ઝૂમખો, થોકડી, મેદની.

જે નામ સમૂહનો અર્થ બતાવે છે, તે સમૂહવાચક નામ કહેવાય છે.

[૪] દ્રવ્યવાચક નામ

૧. બજારમાં **ઘઉં** અને **જુવાર**ના ભાવ વધી ગયા છે.

'ઘઉં' અને 'જુવાર' એ એક પ્રકારનાં દ્રવ્ય છે.

થોડાં દ્રવ્યવાચક નામો : ઘી, તેલ, કોપરેલ, પેટ્રોલ, સોનું, રૂપું, કોલસો, મીઠું, રાઈ, મેથી, વાલ, વટાણા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે નામ કોઈ દ્રવ્યને માટે વપરાય, તે દ્રવ્યવાચક નામ કહેવાય છે.

[૫] ભાવવાચક નામ

૧. રમત પૂરી થતાં અમને **આનંદ** થયો.

૨. ભલાઈ કરો, બૂરાઈ નહિ.

'રમત' એ રમવાની ક્રિયાનું નામ છે. 'આનંદ' એ લાગણીનું નામ છે. 'ભલાઈ' અને 'બૂરાઈ' એ ગુણનાં નામો છે.

આ બધાં નામોનો ખ્યાલ આપણે મનમાં ભાવ વડે જ સમજી શકીએ છીએ.

જે નામને આપણે મનમાં ભાવ રૂપે જ સમજી શકીએ, તે ભાવવાચક નામ કહેવાય છે.

* * *

૧. નામ વિશે વધુ વિચાર

હવે નામ વિશે નીચે વધુ ચર્ચા કરી છે. તેનો અભ્યાસ કરો.

એક નામનો બીજા નામ તરીકે ઉપયોગ

[૧] સંજ્ઞાવાચક નામ જાતિવાચક તરીકે

૧. **સાવિત્રી** સત્યવાનને પરણી હતી. [સંજ્ઞાવાચક]

આ વાક્યમાં સાવિત્રી એ સત્યવાનની સ્ત્રીનું ખાસ નામ છે.

૨. આ બહેન તો જાણે **સાવિત્રી** છે. [જાતિવાચક]

આ વાક્યમાં 'સાવિત્રી' એટલે આદર્શ સતી એવો એ નામનો અર્થ છે. અહીં કોઈ બહેનનું નામ સાવિત્રી નથી, એટલે એ અહીં ખાસ નામ તરીકે વપરાયું નથી. સાવિત્રી એટલે સતી એવો અહીં અર્થ છે. આથી એ નામનો ઉપયોગ જાતિવાચક નામના અર્થમાં થયો છે.

૩. **કાશી** ગંગાને કિનારે આવેલું છે. [સંજ્ઞાવાચક]

૪. કાંચી એ દક્ષિણનું **કાશી** છે. [જાતિવાચક. અર્થ—જાત્રાનું પવિત્ર ધામ]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. **અર્જુન** ભીમથી નાનો હતો. [સંજ્ઞાવાચક]

૬. આ યોદ્ધાઓમાં કોઈ **અર્જુન** છે ? [જાતિવાચક. અર્થ– મહાન સેનાપતિ]

ઉપરનાં વાકયોમાં વપરાયાં છે એવાં કેટલાંક સંજ્ઞાવાચક નામો કોઈ ખાસ ગુણ કે શક્તિ ધરાવનાર વ્યક્તિઓનાં કે પ્રતિષ્ઠિત જગ્યાનાં નામો હોય છે. જ્યારે આવાં સંજ્ઞાવાચક નામો કોઈ બીજી વ્યક્તિ કે વ્યક્તિઓને અથવા કોઈ પદાર્થને માટે વાપરવામાં આવે, ત્યારે તેનો જાતિવાચક નામ તરીકે ઉપયોગ થાય છે. એટલે કે આવાં નામોનો સંજ્ઞાવાચકનો અર્થ રહેતો નથી, પણ એમનો અર્થ જાતિવાચકનો થાય છે.

[૨] ભાવવાચક નામ જાતિવાચક તરીકે

૧. **ઉપકાર** એ એક પ્રકારની ઉમદા વૃત્તિ છે. [ભાવવાચક]

૨. **હાસ્ય**ની વૃત્તિ મનુષ્યમાં જ જોવામાં આવે છે. [ભાવવાચક]

ઉપરનાં વાકયો તપાસતાં જણાશે કે ભાવવાચક નામ ફકત ગુણ કે ક્રિયાના નામ તરીકે વપરાય છે.

એજ ભાવવાચક નામ જ્યારે ગુણ ભરેલું કોઈ એક કૃત્ય અથવા તો કોઈ એક ચોક્કસ ક્રિયા દર્શાવવા વપરાય છે, ત્યારે એ જાતિવાચક નામના અર્થમાં આવે છે. નીચેના દાખલા પરથી એ સ્પષ્ટ થશે.

૧. તમે કરેલા ઉપકારો ભુલાય એમ નથી. [જાતિવાચક. અર્થ– ઉપકાર ભરેલાં કૃત્યો]

૨. એ ક્રૂર **હાસ્યથી** તેને ભારે આઘાત થયો. [જાતિવાચક. અર્થ–હસવાની અમુક પ્રકારની ક્રિયા]

[૩] સમૂહવાચક નામ જાતિવાચક તરીકે

૧. આ મેદાનમાં કેટલું મોટું **લશ્કર** ઊભું છે. [સમૂહવાચક]

૨. તેઓ **ટોળામાં** ઊભા હતા. [સમૂહવાચક]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરનાં બંને નામો સમૂહવાચક છે. પણ એ નામો જ્યારે બહુવચનમાં વપરાય છે ત્યારે તે જાતિવાચક બને છે. નીચેના દાખલા પરથી એ સ્પષ્ટ થશે.

૧. અહીં દેશદેશનાં **લશ્કરો** લડયાં હતાં. [જાતિવાચક. અર્થ– જુદી જુદી જાતનાં લશ્કરો]

૨. આમથી તેમથી ઘણાં **ટોળાંઓ** આવ્યાં. [જાતિવાચક. અર્થ– જુદી જુદી જાતનાં ટોળાં]

[૪] દ્રવ્યવાચક નામ જાતિવાચક તરીકે

૧. **પાણી** વિના જીવન ટકે નહિ. [દ્રવ્યવાચક]

૨. **તેલ** અને ઘી ખોરાકમાં હોવાં જોઈએ. [દ્રવ્યવાચક]

આજ દ્રવ્યવાચક નામો જ્યારે બહુવચનમાં વપરાય છે, ત્યારે તે દ્રવ્યના જુદા જુદા પ્રકાર દર્શાવી જાતિવાચક નામ તરીકે વપરાય છે. નીચેના દાખલા દ્વારા એ બતાવ્યું છે.

૧. પ્રયાગ આગળ ગંગા અને જમનાનાં **પાણીઓ** ભેગાં મળે છે. [જાતિવાચક. અર્થ – જુદી જુદી નદીઓનાં પાણી]

૨. તલનું, ખરસાણીનું, સરસવનું એમ બધાં **તેલો** ખાઈ શકાય છે. [જાતિવાચક. અર્થ–જુદી જુદી જાતનાં તેલો]

મનોયત્ન : ૧

નીચે આપેલાં નામોનો પ્રકાર ઓળખો—

ઘર, અરવિંદ, છોકરું, રાજા, માણસ, ગુલામી, સ્વતંત્રતા, તાજમહાલ, કાશી, પ્રામાણિકતા, ઊન, સંતરું, ઘઉં, લોહું, લશ્કર, દૂધ, ઘેટું, ટોળું, મહત્તા, અકબર, ઝૂમખો, કાચ, મેદની, શરીર, દેશ, માધુર્ય, ઊંઘ, શંકા, રોગ, બાળપણ, ચિંતા, અશોક, સિંધુ, કોલસો, ઠઠ, રમત, બુદ્ધિ, વ્યવસ્થા, પર્ણકુટી, વેપાર, મંત્રી, રહસ્ય, સંગ્રામ, ટેલિફોન, વિમાન, અમેરિકા, જ્ઞાન, વિજ્ઞાની, સંતાન, બંગાળા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૨

નીચે આપેલાં નામ, વિશેષણ તથા ક્રિયાપદ ઉપરથી ભાવવાચક નામ બનાવો—

નામ—બાળક, માણસ, ગુલામ, શેઠ, નોકર, વેરાગી.

વિશેષણ—મધુર, સુખી, ક્રૂર, સ્વતંત્ર, ગેરહાજર, સાફ, જંગલી, ભલો, સરળ, લુચ્ચો.

ક્રિયાપદ—લખવું, સુધારવું, કરવું, રમવું, ધોવું, સીવવું, ગાવું, કાપવું

મનોયત્ન : ૩

નીચે મોટા અક્ષરે છાપેલાં નામોમાં કયાં સંજ્ઞાવાચક, કયાં દ્રવ્ય-વાચક અને કયાં ભાવવાચક છે? અને કયાં જાતિવાચક તરીકે વપરાયાં છે?

૧. **ભીમ** એ પાંચ પાંડવોમાંનો એક હતો.
૨. એનો ભાઈ તો જાણે બળમાં **ભીમ** છે.
૩. શાકુંતલ એ કવિ **કાલિદાસ**નું નાટક છે.
૪. હજી સુધી ગુજરાતી સાહિત્યમાં કોઈ **કાલિદાસ** પાક્યો નથી.
૫. એ બહેન તો આજના જમાનાની **સીતા** છે.
૬. આજે ભારતને અનેક **સરોજિનીદેવીઓ**ની જરૂર છે.
૭. યુરોપના **ચાણક્યો**ના હાથમાં આજની દુનિયા સપડાયેલી છે.
૮. **ચાણક્યે** નંદ વંશનો નાશ કર્યો હતો.
૯. તું તો મોટો **હરિશ્ચન્દ્ર** ખરો કની કે જૂઠું બોલે જ નહિ.
૧૦. આલ્પ્સ એ ઇટલીનો **હિમાલય** છે.
૧૧. દરેકે **સત્ય**નું પાલન કરવું જોઈએ.
૧૨. પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે એ ખગોળશાસ્ત્રનાં **સત્યો** પૈકી એક સત્ય છે.
૧૩. **દયા** એ મનુષ્યના હૃદયનો મહાન ગુણ છે.
૧૪. તેનાં અનેક **જૂઠાણાં** હું જાણું છું.
૧૫. કોઈએ **જૂઠાણું** કરવું નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬. આપણે સ્વચ્છ **પાણી** પીવું જોઈએ.
૧૭. નદી અને સાગરનાં **પાણી** અહીં ભેગાં થયાં છે.
૧૮. તમારી મદદ માટે હું તમારો **આભાર** માનું છું.
૧૯. પેલા મિત્રના અનેક **આભારો** નીચે તે આવ્યો છે.
૨૦. કાવેરી એ દક્ષિણની **ગંગા** છે.

૨. નામની જાતિ

તમે શીખી ગયા છો કે નામની જાતિ ત્રણ પ્રકારની છે : (૧) નરજાતિ (૨) નારીજાતિ (૩) નાન્યતરજાતિ.

જાતિની બાબતમાં નીચે વિશેષ હકીકત આપી છે તેનો અભ્યાસ કરો.

નામની જાતિ ઓળખવાની રીત

નામના રૂપ ઉપરથી સામાન્ય રીતે નીચેના નિયમે જાતિ ઓળખી શકાય છે :

[૧] **નરજાતિ** — મોટે ભાગે નરજાતિના એકવચનના નામને છેડે **ઓ** હોય છે. દા. ત.,
તકિયો, છોકરો, ઓટલો, ખાટલો, વાછરડો, ટોપલો, રોટલો.

[૨] **નારીજાતિ** — મોટે ભાગે નારીજાતિના એકવચનના નામને છેડે ઇ, ઈ કે **આ** હોય છે. દા. ત.
કીડી, લીટી, ખીંટી, બકરી, નીતિ, કીર્તિ, રીતિ, બાલા, માતા, રમા, કાન્તા.

[૩] **નાન્યતરજાતિ**— મોટે ભાગે નાન્યતરજાતિના એકવચનના નામને છેડે **ઉં** હોય છે. દા. ત.
ઘેટું, ગાડું, પારણું, છોકરું, માથું, ફળિયું, તણખલું.

ઉપરના નિયમોને અપવાદ રૂપ

'ઓ'કારાંત નામો નારીજાતિમાં — દરો, ઘો, છો, જળો, બદબો.
'ઓં'કારાંત નામ નાન્યતરજાતિમાં — મોં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'આ'કારાંત નામો નરજાતિમાં — પિતા, રાજા, કર્તા, ભર્તા, દેવતા.
'ઇ' કે 'ઈ' કારાંત નામો નરજાતિમાં — કવિ, રવિ, હરિ; હાથી, માળી.
'ઈ' કારાંત કે 'ઈ'કારાંત નામો નાન્યતરજાતિમાં — મોતી, દહીં.
'ઉં' કારાંત નામ નરજાતિમાં — ધઉં.

ત્રણે જાતિમાં 'ઉ' કારાંત નામો

જે નામને છેડે અનુસ્વાર વિના 'ઉ' આવે, તે નામો ત્રણેમાંની કોઈ પણ જાતિમાં માલૂમ પડે છે.

[क] નરજાતિમાં — ગુરુ, પ્રભુ, ચરુ, વાયુ, બંધુ, સિંધુ (દરિયો)
[ख] નારીજાતિમાં — વસ્તુ, વહુ, ઋતુ.
[ग] નાન્યતરજાતિમાં — તરુ, પશુ, વરુ, છોરુ.

'એ'કારાંત–'અ' કારાંત નામો

આ પ્રકારનાં નામો ભાગ્યે જ જોવામાં આવે છે. એના કેટલાક દાખલા નીચે આપ્યા છે.

નારીજાતિમાં — હરડે. હરડે એ એક ઔષધિ છે.
ગે. છાપરાની વડી ગે હજી મજબૂત છે.
નરજાતિમાં — દૈ. દૈ જાણે એ ક્યારે આવશે ?
નારીજાતિમાં — પૈ. તેની પાસે પૈ પૈસો નથી.
રવૈ ['રવઈ'ને બદલે કવિતામાં આ રૂપે વપરાય છે.]

ગામ કે શહેરોનાં નામોની જાતિ

ગામ કે શહેરોનાં નામો ઘણુંખરું નાન્યતરજાતિમાં વપરાય છે.

૧. સુરત મોટું છે; પણ વડોદરા તેનાથી નાનું છે.
૨. કાશી બહુ પુરાણું છે.
૩. ટોકિયો જાપાનમાં આવેલું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલીક વાર આવાં નામો અન્ય જાતિમાં પણ વપરાય છે. એ વખતે બોલનારની એને વિશેની કલ્પના ઉપર એની જાતિનો આધાર રહે છે.

૧. **કાશી** કેવી પવિત્ર નગરી છે. [નારીજાતિ] અહીં બોલનારે કાશીને નગરી કલ્પી છે.

૨. તમે **દ્વારકા** જોયું છે? [નાન્યતરજાતિ] અહીં બોલનારે દ્વારકાને શહેર કે નગર કલ્પ્યું છે.

૩. **જગન્નાથપુરી** હિંદુસ્તાનને પૂર્વ કાંઠે આવેલું છે. [નાન્યતર-જાતિ] 'પુરી' એ મૂળે 'ઈ'કારાંત નારીજાતિનું નામ છે, પણ અહીં બોલનારે એને શહેર કલ્પીને શહેરની જાતિ લગાડી છે.

નોંધ—આ રીતે વપરાયેલાં નામોની જાતિ વાક્યમાં આવેલાં વિશેષણ, ક્રિયાપૂરક કે ક્રિયાપદ ઉપરથી જાણી શકાએ છીએ.

પ્રત્યય દ્વારા સાધિત થતી જાતિ

એક જાતિના નામને પ્રત્યય લગાડી અન્ય જાતિના નામમાં ફેરવી શકાય છે. નરજાતિનાં નામોને પ્રત્યય લગાડી કેવી રીતે તેમાંથી નારીજાતિનાં નામો સાધિત કરી શકાય છે તે નીચે બતાવ્યું છે.

નરજાતિ	પ્રત્યય	નારીજાતિ	નરજાતિ	પ્રત્યય	નારીજાતિ
શિષ્ય	આ	શિષ્યા	દિયર	આણી	દેરાણી
તનય	અ	તનયા	પીંજારો	અણ	પીંજારણ
કૃષ્ણ	આ	કૃષ્ણા	વાઘ	અણ	વાઘણ
ચકોર	ઈ	ચકોરી	ધોબી	અણ	ધોબણ
સારસ	ઈ	સારસી	ભિખારી	અણ	ભિખારણ
પોપટ	ઈ	પોપટી	દરજી	અણ	દરજણ
ધણી	આણી	ધણિયાણી	ઊંટ	ડી	ઊંટડી
પટેલ	આણી	પટલાણી	ઉંદર	ડી	ઉંદરડી
રજપૂત	આણી	રજપૂતાણી	નોકર	ડી	નોકરડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી ભાષામાંથી આવેલાં નામોની જાતિ

એક ભાષામાંથી બીજી ભાષામાં શબ્દો પ્રવેશ પામે છે, ત્યારે તેની જાતિમાં કેટલીક વાર ફેરફાર થઇ જાય છે. દા. ત.

પેન — મૂળ અંગ્રેજી શબ્દ, નાન્યતરજાતિ.

પેન — ગુજરાતીમાં નારીજાતિ.

'પેન' શબ્દનો ગુજરાતી પર્યાય 'કલમ' છે. એ નારીજાતિમાં હોવાથી, 'પેન' શબ્દ પણ નારીજાતિનો બની ગયો છે.

આમ બીજી ભાષામાંથી આવેલાં નામોની જાતિ આપણી ભાષામાંના તેમના પર્યાય નામની જાતિ અનુસાર ઘણુંખરું બને છે.

કેટલાંક સંસ્કૃત નામોની ફેરવાયેલી જાતિ

ગુજરાતી, મરાઠી, બંગાળી જેવી ભાષા સંસ્કૃતમાંથી ઉદ્ભવી છે. એમાં કેટલાંક નામો મૂળ સંસ્કૃતની જાતિ પ્રમાણે જ વપરાય છે, પણ કેટલાંક નામોની જાતિમાં ફેરફાર થઇ ગયો છે.

મિત્ર — સંસ્કૃતમાં નાન્યતરજાતિમાં છે.

મિત્ર — ગુજરાતીમાં નરજાતિ છે.

નામ	સંસ્કૃતમાં જાતિ	ગુજરાતીમાં જાતિ	નામ	સંસ્કૃતમાં જાતિ	ગુજરાતીમાં જાતિ
પત્ર	ન્યાનતર	નર, નાન્યતર	તારક	નાન્યતર	નર
વિધિ	નર	નર, નારી	ઉપનિષદ્	નારી	નારી, નાન્યતર
જ્યોતિ	નર	નર, નારી	મત	નાન્યતર	નર, નાન્યતર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંગ્રેજી નામોની ગુજરાતીમાં જાતિ

નામ	અંગ્રેજીમાં	ગુજરાતીમાં	નામ	અંગ્રેજીમાં	ગુજરાતીમાં
ટિકેટ	નાન્યતર	(ટિકિટ)નારી	પિસ્ટલ	નાન્યતર	[પિસ્તોલ]નારી
પેન	નાન્યતર	નારી	બૉમ્બ	નાન્યતર	નર
ટ્રેઇન	નાન્યતર	નારી	ઑફિસ	નાન્યતર	નારી
કેમેરા	નાન્યતર	નારી	રેડિયો	નાન્યતર	નર

પ્રાકૃતિક અને સાંકેતિક જાતિ

[૧] પ્રાકૃતિક

પ્રાણીઓમાં નર અને નારીનો ભેદ કુદરતી રીતે કે પ્રકૃતિથી જ છે. એ ભેદ જોઈને નર કે નારીજાતિનાં પ્રાણીઓ આપોઆપ ઓળખી શકાય છે અને જુદાં પાડી શકાય છે.

પ્રાણીનાં નામો — સિંહ, બકરી, વાઘ, કૂતરો, સિંહણ, વાઘણ, બિલાડો, બિલાડી, કૂતરી.

આ પ્રાણીઓનાં નામોને તેમનો કુદરતી ભેદ ધ્યાનમાં લઈ આપણે નરજાતિ અને નારીજાતિનાં નામો તરીકે જુદાં પાડી શકીએ છીએ.

નરજાતિ — સિંહ, વાઘ, કૂતરો, બિલાડો.

નારીજાતિ — સિંહણ, વાઘણ, કૂતરી, બિલાડી.

આમ જે જાતિ કુદરતી કે પ્રકૃતિના ભેદ પ્રમાણે નક્કી થયેલી હોય છે, તે પ્રાકૃતિક જાતિ કહેવાય છે.

[૨] સાંકેતિક

ઊંટ—નાન્યતરજાતિ. લોટો—નરજાતિ. લોટી—નારી જાતિ.

ઊંટ એ પ્રાણીનું નામ છે. એમાં નર તથા માદાનો કુદરતી ભેદ પણ છે, છતાં સામાન્ય રીતે એ નામની નાન્યતરજાતિ નક્કી થયેલી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોટો અને લોટી એ બંને નામો નિર્જીવ પદાર્થનાં છે. એમાં જાતિ માટે કોઈ કુદરતી ભેદ નથી, છતાં એકની નરજાતિ ગણી છે; બીજાની નારીજાતિ ગણી છે.

આમ આવાં નામોની જાતિ કુદરતી ભેદ પ્રમાણે નહિ, પણ રૂઢિથી કે સંકેતથી નક્કી થયેલી છે. નિર્જીવ પદાર્થો કે હલકા પ્રકારનાં પ્રાણી અને જીવજંતુઓની જાતિ રૂઢિ પ્રમાણે જ નક્કી થયેલી હોય છે.

જે જાતિ રૂઢિ કે સંકેત પ્રમાણે નક્કી થયેલી હોય છે, તે સાંકેતિક જાતિ કહેવાય છે.

• અભ્યાસ •

નરજાતિ	નારીજાતિ	નાન્યતરજાતિ	નરજાતિ	નારીજાતિ	નાન્યતરજાતિ
ઓટલો	છબી	હરણ	ઓરડો	ચોપડી	પુસ્તક
ખડિયો	છત્રી	બતક	પથ્થર	ઓરડી	ફળિયું
ગ્રંથ	કલમ	બારણું	પલંગ	ઘો	અળસિયું
ચાંચડ	પેટી	છાપરું	માંકડ	જળો	પતંગિયું

મનોયત્ન : ૪

નીચેનાં વાક્યોમાં મોટા અક્ષરે છાપેલાં નામોની જાતિ ઓળખો—

૧. **વસંત** ધૂળમાં રમી રહ્યો છે.
૨. **મહુરા** દક્ષિણ હિંદમાં આવેલું છે.
૩. **અંભેટી** એક નાનું ગામડું છે.
૪. દેવની પૂજા માટે **દરો** લઈ આવો.
૫. આ બાબતમાં બહુ લાંબો **વિધિ** કરવો પડશે
૬. **મથુરા** પવિત્ર નગરીઓમાંની એક છે.
૭. મારી બહેન **વસંત** હમણાં ગાય છે.
૮. યજ્ઞમાં જાતજાતની **વિધિઓ** કરવામાં આવી.
૯. પેટ સાફ રાખવા માટે **હરડે** અકસીર છે.
૧૦. ઘર બાંધવામાં હવે **છાને** બદલે સિમેંટ વપરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૨

વિભક્તિ

તમે સાતે વિભક્તિ વિશે તથા તેના જુદા જુદા અર્થો વિશે આગલા પુસ્તકમાં શીખી ગયા છો. તમે એ પણ શીખી ગયા છો કે કર્તા અને કર્મ ક્રિયાપદ સાથેનો પોતાનો સંબંધ બતાવવા જુદી જુદી વિભક્તિમાં આવે છે. વળી નામો કરણ કે સાધનનો અને સ્થળનો અર્થ દર્શાવવા જુદી જુદી વિભક્તિમાં આવે છે.

આ બધાનું જુદી દૃષ્ટિએ પુનરાવર્તન કરીએ.

કર્તા કઈ કઈ વિભક્તિમાં

[૧] **રામ** ચોપડી વાંચે છે. — ૧ લી વિભક્તિમાં
[૨] **રામે** ચોપડી વાંચી. — ૩ જી વિભક્તિમાં
[૩] **રામને** ચોપડી વાંચવી નથી. — ૪ થી વિભક્તિમાં
[૪] **રામથી** ચોપડી વંચાઈ નહિ. — ૫ મી વિભક્તિમાં

કર્મ કઈ કઈ વિભક્તિમાં

[૧] રામે **મગનને** માર્યો. — ૨ જી વિભક્તિમાં પ્રત્યય સહિત
રામે દૂધ પીધું. — ૨ જી વિભક્તિમાં પ્રત્યય વિના
[૨] રામે **મગનને** વાર્તા કહી. — ૪ થી વિભક્તિમાં

કરણનો અર્થ કઇ કઇ વિભક્તિમાં

[૧] રામે કૂતરાને **સોટીએ** માર્યો. — ૩ જી વિભક્તિમાં
[૨] રામે કૂતરાને **સોટીથી** માર્યો. — ૫ મી વિભક્તિમાં

સ્થળ દર્શાવનારાં નામ કઈ કઈ વિભક્તિમાં

[૧] હરિ **ગામ** જાય છે. — ૨ જી વિભક્તિમાં
[૨] હરિ **આશ્રમે** ગયો. — ૭ મી વિભક્તિમાં
[૩] હરિ **ઘરમાં** ગયો. — ૭ મી વિભક્તિમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નોંધ—સ્થળનાં નામો ગતિનો અર્થ દર્શાવનારાં ક્રિયાપદો સાથે વપરાઈને પ્રત્યય વિના આવે, ત્યારે તે બીજી વિભક્તિમાં હોય છે. એજ નામો પ્રત્યય લે છે ત્યારે સાતમી કે કોઈ અન્ય વિભક્તિમાં હોય છે.

* * *

પદને એકથી વધારે વિભક્તિના પ્રત્યયો

[૧] તપેલી**માં** દૂધ રેડો.

[૨] તપેલી**થી** દૂધ રેડો.

[૩] તપેલી**માંથી** દૂધ રેડો.

પહેલા વાક્યમાં 'તપેલી' એ પદને સાતમી વિભક્તિનો પ્રત્યય લાગ્યો છે. બીજા વાક્યમાં પાંચમી વિભક્તિનો પ્રત્યય લાગ્યો છે.

ત્રીજા વાક્યમાં એ પદને બે જુદી જુદી વિભક્તિઓના પ્રત્યય 'માં' અને 'થી' એકી સાથે લાગ્યા છે. એ બંને પ્રત્યયોનો અહીં શો અર્થ છે તે જોઈએ.

તપેલી**માં** – તપેલીની અંદર; સ્થળનો અર્થ.

તપેલી**થી** – તપેલી વડે; કરણ કે સાધનનો અર્થ.

તપેલી**માંથી** – તપેલીની અંદરથી બહાર; અહીં સ્થળ અને અપાદાનનો ભેગો અર્થ છે.

આમ અંદરથી બહાર રેડવાનો એટલે દૂધને તપેલીની અંદરથી છૂટા પાડવાનો અર્થ બતાવવા માટે બે પ્રત્યયો વાપરવા પડયા છે.

આવી રીતે પદને કોઈ કોઈ વાર આવા ખાસ અર્થ બતાવવા એકથી વધારે પ્રત્યયો પણ લાગે છે.

• અભ્યાસ •

૧. હેમંતની થાળીમાં નહિ પણ મગન**નીમાં** મૂકો.

[મગનની થાળીમાં]

૨. રમેશનો ભાગ રહેવા દો; સુધીર**નામાંથી** લો.

[સુધીરના ભાગમાંથી]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલીક વાર એ જુદાં જુદાં પદોને લાગનારા પ્રત્યયો એક પદને જ લાગે છે, અને બીજું પદ અધ્યાહાર રહે છે.

મગનનીમાં – મગનની થાળીમાં. માલકીનો સંબંધ અને સ્થળનો અર્થ.

સુધીરનામાંથી – સુધીરના ભાગમાંથી. માલકી, સ્થળ અને અપાદાનનો અર્થ.

૧. નદીએથી હું હમણાં જ આવ્યો.

૨. છાપરેથી નળિયું તૂટી પડ્યું.

અહીં 'એથી' એ ભેગા પ્રત્યયો સ્થળ અને અપાદાનનો અર્થ બતાવે છે.

લોપ પામેલી વિભક્તિ

૧. ઝાડ ઉપર – ઝાડની ઉપર [છઠ્ઠી]

૨. તમારે ભાગ શું આવ્યું ? ભાગ – ભાગે [સાતમી]

વાક્યમાં વપરાયેલા પદને કોઈ વાર વિભક્તિનો પ્રત્યય લગાડેલો હોતો નથી, ત્યારે એ પ્રત્યયને અર્થ સ્પષ્ટ કરવા ઉમેરવો પડે છે. આમ લોપ પામેલી વિભક્તિનો પ્રત્યય સમજી લેવાનો હોય છે.

સતિ સપ્તમી

સંસ્કૃત ભાષામાંથી આ પ્રયોગ આપણી ભાષામાં ઊતરી આવ્યો છે.

૧. જતે દિવસે તે પોતાનું દુઃખ વીસરી ગયો.

૨. જતે દિવસે તેની પરિસ્થિતિ કફોડી થતી ગઈ.

અહીં 'જતે દિવસે' એ શબ્દસમૂહનો અર્થ 'જેમ જેમ દિવસો પસાર થયા તેમ તેમ' જેવો થાય છે.

સંસ્કૃતમાં જતે દિવસે = काले गच्छति (सति) એમ લખાય છે. એમાં काले અને गच्छति એ બંને શબ્દો સાતમી વિભક્તિમાં છે, અને એ બંને મળીને એક શબ્દસમૂહ બને છે. गच्छति એ गम્ના વર્તમાનકૃદંતનું સાતમી વિભક્તિનું રૂપ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતીમાં 'જતે દિવસે' એ શબ્દસમૂહમાં 'જતે' અને 'દિવસે' એ બંને શબ્દો સાતમી વિભક્તિમાં છે.

આ પ્રકારનો શબ્દસમૂહ જેમાં નામ અને કૃદંત જ્યારે સાતમી વિભક્તિમાં હોય, ત્યારે તેને સતિ સપ્તમીનો પ્રયોગ કહેવામાં આવે છે.

• અભ્યાસ •

[૧] નમતે પહોરે અમે ગામમાં પહોંચ્યા.
[૨] વરસતે વરસાદે અમારે બહાર નીકળવું પડયું.
[૩] વળતે પાણીએ અમે નાવડી હંકારી.

નમતે પહોરે – જ્યારે પહોર નમતો હતો ત્યારે.
વરસતે વરસાદે – જ્યારે વરસાદ વરસતો હતો ત્યારે.
વળતે પાણીએ – જ્યારે ભરતીનું પાણી વળી રહ્યું હતું ત્યારે.

પ્રકરણ ૩

વિશેષણ

તમે નીચે જણાવેલા વિશેષણના પ્રકારો શીખી ગયા છો. એના દાખલાઓ નીચે આપ્યા છે.

[૧] સ્વચ્છ વસ્ત્રો કોને ગમતાં નથી? [ગુણવાચક]
[૨] હજારો સૈનિકોએ કૂચ કરી. [સંખ્યાવાચક]
[૩] તેણે ઘણું કામ પૂરું કર્યું છે. [માપવાચક]
હવે માત્ર થોડું કામ બાકી છે. ,,
[૪] તમે આ ઝાડની કે પેલા ઝાડની વાત કરો છો? [દર્શક]
[૫] તમારો પ્રવાસ કયે દિવસે પૂરો થશે? [પ્રશ્નવાચક]
તમે પછી આ બાબતમાં શો વિચાર કર્યો? ,,

હવે સંખ્યાવાચક વિશેષણના પેટા પ્રકારો તથા બીજાં પદોથી સાધિત થતાં વિશેષણો વિશે શીખીશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંખ્યાવાચક વિશેષણના પ્રકાર

સંખ્યાવાચક વિશેષણના નીચે મુજબ બે મુખ્ય પેટા વિભાગ પડે છે: [૧] નિશ્ચિત સંખ્યાવાચક [૨] અનિશ્ચિત સંખ્યાવાચક.

[૧] આ **દશ** પુસ્તકો છે. [૩] તેણે **સવાયું** કામ કર્યું.
[૨] એ તો **સોળમું** ઘર છે. [૪] તમે **કોડી** પતંગ લેતા આવજો.

મોટા અક્ષરે છાપેલાં વિશેષણો નામની ચોક્કસ સંખ્યાનો અર્થ બતાવે છે. આથી એ નિશ્ચિત **સંખ્યાવાચક** વિશેષણ કહેવાય છે.

[૧] અહીં **કેટલાંક** ઘરો છે. [૩] એમાં છોકરાંઓ **ઘણાં** છે.
[૨] એમાં માણસો **થોડાં** છે.

કેટલાંક, થોડાં, ઘણાં એ સંખ્યાવાચક વિશેષણો છે. એ નામની ચોક્કસ સંખ્યાનો બોધ કરતાં નથી. આથી એ અનિશ્ચિત સંખ્યાવાચક વિશેષણ કહેવાય છે.

નિશ્ચિત સંખ્યાવાચક વિશેષણના પેટા વિભાગ

નિશ્ચિત સંખ્યાવાચક વિશેષણના અર્થમાં રહેલા જુદા જુદા ભેદો બતાવવા નીચેના ઉપપ્રકારો પડે છે:

[૧] **અંકવાચક** — એક, બે, ત્રણ, ચાર, પાંચ વગેરે.
આ વિશેષણો નામની સંખ્યાના આંકડા બતાવે છે.

[૨] **ક્રમવાચક** — પહેલો, બીજો, ત્રીજો, ચોથો, પાંચમો વગેરે.
આ વિશેષણો નામનો સંખ્યાક્રમ બતાવે છે.

[૩] **અંશવાચક** — પા, અડધું, પોણું વગેરે.
આ વિશેષણો સંખ્યાનો અંશ કે ભાગ બતાવે છે.

[૪] **આવૃત્તિવાચક** — બમણું, બેવડું, ત્રણગણું, ચારગણું વગેરે.
આ વિશેષણો સંખ્યાની આવૃત્તિ કે અમુક ગણાનો અર્થ બતાવે છે.

નોંધ — કેટલાંક નિશ્ચિત સંખ્યાવાચક વિશેષણો નામ તરીકે પણ વપરાય છે. ત્યારે એ નામ સંખ્યાના સમૂહનો અર્થ દર્શાવે છે. દાખલા તરીકે, દશકો, સેંકડો, સૈકો, સૈકું, કોડી, પંજો વગેરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧] આ વાતને બે સૈકાં વહી ગયાં. [નામ]
[૨] ચાલુ સૈકાના પહેલા દશકામાં એ બનાવ બન્યો. [નામ]

વિશેષણનાં તુલનાવાચક રૂપ

સંસ્કૃતમાં તુલના કરવી હોય ત્યારે અધિકતાનો અર્થ બતાવવા 'તર' અથવા 'ઈયસ' પ્રત્યયો વપરાય છે; અને શ્રેષ્ઠતાનો અર્થ બતાવવા 'તમ' અથવા 'ઇષ્ઠ' પ્રત્યયો વપરાય છે. દાખલા :

સુંદર	સુંદરતર	સુંદરતમ
મહાન	મહીયસ	મહિષ્ઠ

ગુજરાતીમાં સામાન્ય રીતે આવા પ્રત્યયો લગાડીને તુલનાત્મક રૂપો બનાવાતાં નથી. જે શબ્દો સંસ્કૃત ભાષામાંથી મૂળ રૂપે ઊતરી આવી રૂઢ થઈ ગયા છે, તેજ શબ્દો સંસ્કૃતની ઢબે વપરાય છે. દાખલા : ઉત્તમ, જ્યેષ્ઠ, કનિષ્ઠ વગેરે.

[૧] વસ્તુ હમેશાં **ઉત્તમ** ખરીદવી. [શ્રેષ્ઠતાવાચક]
[૨] પાંડવોમાં યુધિષ્ઠિર **જ્યેષ્ઠ** હતા. [શ્રેષ્ઠતાવાચક]

ગુજરાતીમાં તુલના કરવાની પદ્ધતિ

[૧] આલ્પ્સ કરતાં હિમાલય ઊંચો છે.
[૨] આલ્પ્સથી હિમાલય વધારે ઊંચો છે.
[૩] બધા પર્વતોમાં હિમાલય સૌથી ઊંચો છે.
[૪] બધા પર્વતોમાં હિમાલય વધારેમાં વધારે ઊંચો છે.

પહેલા અને બીજા વાક્યમાં અધિકતાવાચક તુલના છે.

ત્રીજા અને ચોથા વાક્યમાં શ્રેષ્ઠતાવાચક તુલના છે.

અધિકતાવાચક તુલના માટે 'થી' અને 'કરતાં' અને શ્રેષ્ઠતાવાચક તુલના માટે 'સૌથી', 'વધારેમાં વધારે' એવા પ્રત્યય કે શબ્દોનો ઉપયોગ થાય છે.

વિશેષણ નામ તરીકે

[૧] **અપંગ** માણસને મદદ કરવી જોઈએ. [વિશેષણ]
[૨] **અપંગને** મદદ કરવી જોઈએ. [નામ]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજા વાક્યમાં 'અપંગ' એ વિશેષણ નામની જગ્યાએ વપરાયું છે, એટલે એને નામની માફક પ્રત્યય લાગ્યો છે.

વાક્યમાં નામ અધ્યાહાર રહે અને તેની જગ્યાએ તેની સાથેનું વિશેષણ આવે, તો તે વિશેષણને નામના પ્રત્યયો લાગે છે.

વિશેષણ તરીકે	નામ તરીકે
[૧] **નબળા** માણસને સતાવો નહિ.	[૧] **નબળાને** સતાવો નહિ.
[૨] એ **ગરીબ** માણસોમાં વહેંચી દો.	[૨] એ **ગરીબોમાં** વહેંચી દો.
[૩] **કપટી** માણસથી સદા દૂર રહો.	[૩] **કપટીથી** સદા દૂર રહો.

સાધિત થયેલાં વિશેષણ

નામ પરથી સાધિત

કેટલીક વાર નામ પરથી વિશેષણ સાધિત થાય છે.

નામ	સાધિત વિશેષણ	નામ	સાધિત વિશેષણ
હિંદ	હિંદી	ઝડપ	ઝડપી
ચીન	ચીની	સમાજ	સામાજિક
જહાંગીર	જહાંગીરી (હુકમ)	દરિયો	દરિયાઈ
બાદશાહ	બાદશાહી ,,		

સર્વનામ પરથી સાધિત

સર્વનામ	સાધિત વિશેષણ	સર્વનામ	સાધિત વિશેષણ
આ	આટલું, આવડું	કે	કેટલું, કેવડું
એ	એટલું, એવડું	જે	જેટલું, જેવડું
તે	તેટલું, તેવડું		

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર જણાવ્યા પ્રમાણે સર્વનામ ઉપરથી વિશેષણ સિદ્ધ કરવામાં આવ્યાં છે. વળી એ વિશેષણો માપ કે કદનો અર્થ બતાવે છે. એ બધાં સર્વનામ ઉપરથી સાધિત થયેલાં માપવાચક વિશેષણો છે.

આ વિશેષણો — આટલું, એટલું, એવડું વગેરે — જ્યારે નામ વિના વપરાય છે, ત્યારે તે સર્વનામ તરીકે આવે છે.

દાખલા :

[૧] તમારે કેટલું જોઈએ ? શેર કે પાશેર ? [સર્વનામ]

[૨] આટલું તો તમારે જરૂર કરવું. [સર્વનામ]

મનોયત્ન : ૫

નીચેનાં વાક્યોમાંનાં સંખ્યાવાચક વિશેષણના પ્રકાર કહો—

૧. મારી પાસે ઘણાં પુસ્તકો છે; તેમાંનાં પચીસ પુસ્તકો ભૂગોળનાં છે.

૨. આવતી મકરસંક્રાંતિએ અમે બે કોડી પતંગ લાવીશું.

૩. તમે આ કાપડના સવાયા પૈસા આપ્યા છે.

૪. પેલા મહોલ્લામાં મારો મિત્ર ત્રીજા ઘરમાં રહે છે.

૫. જૂનાં પુસ્તકો અહીંથી અડધી કિંમતે મળે છે.

૬. પાંચ સેંકડા કેરી બજારમાંથી લાવજો.

૭. શાકુંતલના ચોથા અંકના ચાર શ્લોકો વખણાય છે.

૮. રઘુવંશ કાવ્યના છઠ્ઠા સર્ગમાં અજવિવાહ વર્ણવ્યો છે.

૯. તું શત શરદ જીવતો રહેજે.

૧૦. પાંચ વડનો સમૂહ પંચવટી કહેવાય છે.

●

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૪

ક્રિયાપદ અને તેના પ્રકાર

તમે ક્રિયાપદના જુદા જુદા પ્રકારો વિશે શીખી ગયા છો. અહીં તેમનું પુનરાવર્તન કર્યું છે, અને પછી નવા પ્રકારોની રજૂઆત કરી છે.

ક્રિયાપદના પ્રકાર

[૧] સકર્મક ક્રિયાપદ

૧. તેણે ભાસ્કરને બોલાવ્યો.

૨. છોકરો દડો ઉછાળે છે.

ઉપરનાં વાક્યોમાં ક્રિયાપદો સકર્મક છે, કારણ કે તેમને દરેકને કર્મ છે. સકર્મક એટલે કર્મવાળું.

જે ક્રિયાપદને કર્મ હોય છે, તે સકર્મક ક્રિયાપદ કહેવાય છે.

[૨] અકર્મક ક્રિયાપદ

કેટલાંક ક્રિયાપદો એવાં હોય છે કે જેની ક્રિયા કર્તા કરે છે, અને જેની અસર કર્તા સિવાય બીજા કોઈ ઉપર થતી નથી. આવાં ક્રિયાપદોની ક્રિયા કર્તામાંથી ઉત્પન્ન થાય છે અને કર્તામાં જ સમાઈ રહે છે, એટલે ક્રિયાનું પરિણામ પણ કર્તા જ સહન કરે છે.

૧. મગન ઊંઘે છે. ૨. રણજિત દોડે છે.

ઊંઘવાની ક્રિયા મગન કરે છે, અને ક્રિયાનું આરામ રૂપી ફળ મગનને જ મળે છે.

દોડવાની ક્રિયા રણજિત કરે છે, અને એનું થાકી જવાનું ફળ રણજિતને જ ભોગવવું પડે છે.

આવાં ક્રિયાપદો અકર્મક હોય છે. અકર્મક એટલે કર્મ વિનાનું. જે ક્રિયાપદને કર્મ હોતું નથી, તે અકર્મક ક્રિયાપદ કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩] દ્વિકર્મક ક્રિયાપદ

કેટલાંક સકર્મક ક્રિયાપદોની અસર બે વ્યક્તિઓ કે વસ્તુઓ પર થાય છે, ત્યારે એવાં ક્રિયાપદોને બે કર્મો આવે છે.

૧ સરલાએ ભિખારીને પૈસો આપ્યો.

૨ મારી માતાએ મને વાત કહી.

'આપ્યો' એ ક્રિયાપદની ક્રિયાની અસર પહેલાં 'પૈસા' ઉપર અને પછી 'ભિખારી' ઉપર થાય છે. આપવાની ક્રિયા આપવાની વસ્તુ 'પૈસા' થી શરૂ થાય છે અને 'ભિખારીને' એ અપાય છે ત્યારે ક્રિયાની અસર પૂરી થાય છે.

જે કર્મ ઉપર પહેલી અને સીધી અસર થાય છે તે **મુખ્ય કર્મ** કહેવાય છે, અને જે કર્મ ઉપર છેવટે પહેલા કર્મને લીધે અસર થાય છે તે કર્મ **ગૌણ કર્મ** કહેવાય છે.

મુખ્ય કર્મ — પૈસો; વાત.

ગૌણ કર્મ — ભિખારીને; મને.

આવાં બે કર્મવાળાં ક્રિયાપદો દ્વિકર્મક ક્રિયાપદો કહેવાય છે.

[૪] અપૂર્ણ ક્રિયાવાચક ક્રિયાપદ [અકર્મક]

કેટલાંક અકર્મક ક્રિયાપદો પોતાના ઉદ્દેશ વિશે પૂરી હકીકત કહી શકતાં નથી, અને તેથી વાક્યનો અર્થ પૂરો કરવા માટે તેમને બીજા પદની મદદની જરૂર પડે છે.

	અધૂરો અર્થ		પૂરો અર્થ
૧	મહેશ થયો.	૧	મહેશ **પ્રધાન** થયો.
૨	આ માણસ લાગે છે.	૨	આ માણસ **ગરીબ** લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધૂરા અર્થવાળા ખાનામાં ક્રિયાપદો પોતાના ઉદ્દેશ્ય વિશે પૂરો અર્થ કહી શકતાં નથી. બીજા ખાનામાં 'પ્રધાન' એ શબ્દ ક્રિયાપદને પોતાના ઉદ્દેશ્ય વિશે અર્થ પૂરો કહેવામાં મદદ કરે છે.

તેવી જ રીતે 'ગરીબ' એ શબ્દ ક્રિયાપદને ઉદ્દેશ્ય વિશે પૂરો અર્થ કહેવામાં મદદ કરે છે.

જે અકર્મક ક્રિયાપદ પોતાના ઉદ્દેશ્ય વિશે પૂરેપૂરી હકીકત બીજા પદની મદદ વિના કહી શકતું નથી, તે અપૂર્ણ ક્રિયાવાચક અકર્મક ક્રિયાપદ કહેવાય છે.

અપૂર્ણ ક્રિયાવાચક ક્રિયાપદ [સકર્મક]

કેટલાંક સકર્મક ક્રિયાપદો પોતાનાં કર્મ વિશે પૂરો અર્થ બીજા પદની મદદ વિના કહી શકતાં નથી.

	અધૂરો અર્થ		પૂરો અર્થ
૧	મેં તેને ધાર્યો.	૧	મેં તેને વિદ્યાર્થી ધાર્યો.
૨	રાજાએ તેને બનાવ્યો.	૨	રાજાએ તેને સેનાપતિ બનાવ્યો.
૩	તેણે અરવિંદને ગણ્યો.	૩	તેણે અરવિંદને ડાહ્યો ગણ્યો.

'વિદ્યાર્થી', 'સેનાપતિ', 'ડાહ્યો' એ પદો ક્રિયાપૂરકો છે. 'ધાર્યો', 'બનાવ્યો', અને 'ગણ્યો' એ સકર્મક ક્રિયાપદો અપૂર્ણ ક્રિયાવાચક છે.

જે સકર્મક ક્રિયાપદ પોતાના કર્મ વિશે પૂરેપૂરી હકીકત બીજા પદની મદદ વિના કહી શકતું નથી, તે અપૂર્ણ ક્રિયાવાચક ક્રિયાપદ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૫] સહાયકારી ક્રિયાપદ

વાક્યમાં વપરાયેલાં ક્રિયાપદને કેટલીક વાર કાળનો અર્થ કે કોઈ બીજા પ્રકારનો અર્થ સૂચવવા માટે એક બીજા ક્રિયાપદની સહાયની જરૂર પડે છે.

[૧] મધુકરે ચોપડી વાંચી છે. [પૂર્ણ વર્તમાનકાળ]

[૨] અમે નદીએ તે પહેલાં ગયા હતા. [પૂર્ણ ભૂતકાળ]

ઉપરનાં વાક્યોમાં 'છે' અને 'હતા' એ ક્રિયાપદો 'વાંચી' અને 'ગયા' એ મુખ્ય ક્રિયાપદોને અનુક્રમે પૂર્ણ વર્તમાન અને પૂર્ણ ભૂતકાળનો અર્થ કહેવામાં મદદ કરે છે.

[૧] મારો ભાઈ કદાચ આવ્યો હોય. [સંશયનો અર્થ]

[૨] તમારે આ કામ કરવું જોઈએ. [વિધ્યર્થ કે ફરજનો અર્થ]

'હોય' એ ક્રિયાપદ 'આવ્યો' એ મુખ્ય ક્રિયાપદને સંશયનો અર્થ બતાવવા, અને 'જોઈએ' એ ક્રિયાપદ 'કરવું' એ મુખ્ય ક્રિયાપદને વિધ્યર્થનો અર્થ બતાવવા મદદ કરે છે.

આ ક્રિયાપદો સહાયકારી ક્રિયાપદો છે.

મુખ્ય ક્રિયાપદને કાળ કે અર્થ સૂચવવામાં જે ક્રિયાપદ મદદ કરે, તે સહાયકારી ક્રિયાપદ કહેવાય છે.

ક્રિયાપદના પ્રકાર વિશે વધુ

સહાયકારી ક્રિયાપદનો ઉપયોગ

કાળ સૂચવવામાં

[૧] હું જાઉં છું. [ચાલુ વર્તમાનકાળ કરવામાં સહાય]

[૨] હું ગયો છું. [પૂર્ણ વર્તમાનકાળ કરવામાં સહાય]

[૩] હું જતો હતો. [ચાલુ ભૂતકાળ કરવામાં સહાય]

[૪] હું ગયો હતો. [પૂર્ણ ભૂતકાળ કરવામાં સહાય]

[૫] હું જતો હઈશ. [ચાલુ ભવિષ્યકાળ કરવામાં સહાય]

[૬] હું ગયો હઈશ. [પૂર્ણ ભવિષ્યકાળ કરવામાં સહાય]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થ સૂચવવામાં

[૧] તે ગયો પણ હોય. [સંશયાર્થમાં]

[૨] તમારે નિયમિત વાંચવું જોઈએ. [વિધ્યર્થમાં]

[૩] હું આ કામ કરી શકીશ. [શકવુંના અર્થમાં]

છે, હો (ધાતુ) તથા જોઈએ મુખ્ય ક્રિયાપદ તરીકે

[૧] આ ગુલાબ લાલ છે.

[૨] મારો ભાઈ સ્ટેશન પર હતો.

[૩] તમારે આ પુસ્તક જોઈએ ?

અહીં ક્રિયાપદો છે, હતો અને જોઈએ સહાયકારી તરીકે વપરાયાં નથી, પણ એ બધાં વાક્યમાં મુખ્ય ક્રિયાપદ તરીકે વપરાયાં છે.

[૬] સંયુક્ત ક્રિયાપદ

[૧] તું કેરી ખાઈ જા.

'ખાઈ જા' એ ક્રિયાપદમાં બે ક્રિયાપદો છે : 'ખાઈ જા' એ ક્રિયાપદનો 'ખા' અને પછી 'જા' એવો અર્થ નથી. પરંતુ 'જા' એ ક્રિયાપદ ખાવાની ક્રિયા જલદી કર એવો અર્થ સૂચવવા વપરાયું છે. તેથી 'ખાઈ જા' એટલે જલદી ખા એવો એ બન્ને ક્રિયાપદોનો ભેગો અર્થ થાય છે. પાછળનું ક્રિયાપદ આગળના ક્રિયાપદમાં ખાસ અર્થ ઉત્પન્ન કરે છે.

• થોડા દાખલા •

ધોઈ નાખ—જલદી ધોવાની ક્રિયા પૂરી કર.

પડી જા—જલદી પડ.

કાઢી મૂક—કાઢવાની ક્રિયા ઝડપથી પૂરી કર.

આવી પહોંચ—આવવાનું કામ પતાવ.

ઢોળી દે—ઢોળવાનું કામ પૂરું કર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંયુક્ત ક્રિયાપદના અર્થના વધારે દાખલા

[૧] તેણે સુથારી કામ **શીખી લીધું**.

[ઝડપથી મેળવી લીધું એવો અર્થ]

[૨] તે દિવસે દિવસે ડાહ્યો **થતો જાય** છે.

[ક્રિયા સતત બને છે એવો અર્થ]

[૩] તું પાછો આવે ત્યાં સુધી **રમતા રહીશું**.

[ક્રિયા સતત બનતી રહેશે.]

[૪] સૂર્ય આથમ્યો તોયે લશ્કર **કૂચ કરતું રહ્યું**.

[ક્રિયા ભૂતકાળમાં સતત બની રહી.]

[૫] તે હમેશાં વચ્ચે વચ્ચે **ગાયા કરે** છે.

[ક્રિયા વારંવાર અને સતત બને છે.]

[૬] તમારે મારું કહ્યું **માનવું પડશે**. [માનવાની ફરજના અર્થમાં]

[૭] તમે કામ **કરી જાણતા નથી**. [કરવાની શક્તિના અર્થમાં]

[૮] કેરી **પાકવા આવી** છે. [પાકવાના આરંભના અર્થમાં]

[૯] તમે પાછા **આવી શકશો** ? [શક્યાર્થ બતાવે છે.]

[૧૦] અમે ત્યાં ગયા ત્યારે ગાડી **ઊપડી ચૂકી હતી**.

[ક્રિયાની પૂર્ણતાના અર્થમાં]

[૧૧] તમે એ વાત **સાંભળીબાંભળી** છે ?

[યમકને ખાતર એકના એક ક્રિયાપદને તેના રૂપમાં ફેરફાર કરીને બેવડાવવામાં આવે છે. આમાં બીજું રૂપ અર્થહીન હોય છે.]

સકર્મક ક્રિયાપદ અકર્મક તરીકે

કેટલીક વાર સકર્મક ક્રિયાપદ કર્મ વિના અકર્મક ક્રિયાપદ તરીકે આવે છે, ત્યારે વાક્યમાં માત્ર ક્રિયાના અર્થ ઉપર ભાર મૂકવામાં આવે છે.

[૧] રમણ વાંચે છે.

અહીં 'વાંચે છે' એ સકર્મક ક્રિયાપદ કર્મ વિના વપરાયું છે, અને રમણ શાની ક્રિયા કરે છે તેજ જણાવવાનો વાક્યનો મુખ્ય હેતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. રમણ શું વાંચે છે તે જણાવવાનો હેતુ નથી. આવી રીતે માત્ર ક્રિયાના અર્થ ઉપર ભાર મૂકવાનો હોય છે, ત્યારે સકર્મક ક્રિયાપદ અકર્મક તરીકે વપરાય છે.

દાખલા :

[૧] હું લખું છું. [૩] લુહાર ઘડે છે.
[૨] ગવૈયો ગાય છે. [૪] સતીશ ખાય છે.

[૭] ભાવકર્તૃક ક્રિયાપદ

કેટલાંક અકર્મક ક્રિયાપદો પોતાના કર્તા સાથે વપરાય છે, અને કેટલાંક કર્તા વિના વાક્યમાં આવે છે. આવાં ક્રિયાપદોનો કર્તા ક્રિયાપદમાં ભાવ રૂપે રહેલો હોય છે. ક્રિયાપદનો ભાવ કે અર્થ તેનો કર્તા ગણાય છે. આ વસ્તુ નીચે સ્પષ્ટ કરી છે.

[૧] હું જાઉં છું. [કર્તરિ પ્રયોગ – કર્તા સાથે ઉપયોગ]
[૨] મને ગોઠતું નથી. [ભાવે પ્રયોગ – કર્તા વિના ઉપયોગ]
[૩] મને (ગોઠવાનું) ગોઠતું નથી.

' ગોઠતું નથી ' એ ક્રિયાપદ ભાવે પ્રયોગમાં છે. એમાં ક્રિયાપદનો કર્તા ક્રિયાપદનો ભાવ કે અર્થ છે.

શું ગોઠતું નથી ? ' ગોઠવાનું ' ગોઠતું નથી.

' ગોઠવાનું ' એ ક્રિયાપદનો ભાવ છે. એજ ક્રિયાપદનો કર્તા છે.

અહીં ક્રિયાપદ આ કારણે ભાવકર્તૃક ક્રિયાપદ કહેવાય છે. ભાવકર્તૃક એટલે જેનો કર્તા તેનો ભાવ છે એવું ક્રિયાપદ.

ક્રિયાપદમાંથી સૂચવાતો ભાવ કે તેનો અર્થ જેનો કર્તા હોય, તે ક્રિયાપદ ભાવકર્તૃક ક્રિયાપદ કહેવાય છે.

• થોડા દાખલા •

[૧] તેને પગમાં દુખે છે. [દુખવાનું]
[૨] મને ત્યાં **ગમે** છે. [ગમવાનું]
[૩] અમને અહીં **રુચતું નથી.** [રુચવાનું]
[૪] વાદળમાં આજે ખૂબ **ગાજે** છે. [ગાજવાનું]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નોંધ : ૧. તેનાથી જવાયું નહિ.

અહીં ક્રિયાપદ ભાવે પ્રયોગમાં છે, પણ એ ભાવકર્તૃક નથી; કારણ કે જવાની ક્રિયાનો કર્તા 'તેનાથી' એ પદ અહીં આપેલું છે. અહીં કર્તા પાંચમી વિભક્તિમાં આવેલો છે.

આમ ભાવે પ્રયોગમાં આવેલાં બધાં ક્રિયાપદો ભાવકર્તૃક હોતાં નથી. જ્યારે ક્રિયાનો ભાવ જ કર્તાને સ્થાને હોય, ત્યારે તે અકર્મક ક્રિયાપદ ભાવકર્તૃક કહેવાય છે.

મનોયત્ન : ૬

નીચેનાં વાક્યોમાં આવેલાં ક્રિયાપદોનો પ્રકાર કહો અને તેનાં કર્મ કે ક્રિયાપૂરકો હોય તો તે બતાવો—

૧. આ છોકરાએ ખૂબ ફળો **ખાધાં.**
૨. મારા મિત્રે મને એક પેન **આપી.**
૩. તે આજે થાકેલો **દેખાય** છે.
૪. સભાએ તેમને પ્રમુખ **ચૂંટ્યા.**
૫. બધાએ ભેગા મળીને તેને મૂર્ખ **બનાવ્યો.**
૬. અમે **આવતા હતા,** ત્યારે તે રસ્તે **મળ્યો.**
૭. આપણે ત્યાં પહોંચીશું ત્યારે તે તૈયાર **થતો હશે.**
૮. તમારે આ જલદી કરવું **જોઈએ.**
૯. પેલા છોકરાને શું **જોઈએ ?**
૧૦. અમે અહીં બેઠા છીએ: તમે જઇને પાછા **આવી પહોંચો.**
૧૧. કૂવામાં જોયું તો પાણી ઘણું **હતું.**
૧૨. આ ખડિયામાંની શાહી **ફેંકી દો.**
૧૩. તમે અહીં **દોડી આવો.**
૧૪. તમે આવ્યા ત્યારે અમે **વાંચતા હતા.**
૧૫. એને આજે **ગમતું નથી.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૫

ક્રિયાપદનું પ્રેરક રૂપ

[૧] બાળક રમે છે. [૩] બાળક રમશે.

[૨] બાળક રમ્યું.

ઉપરનાં ક્રિયાપદોને જુદા જુદા કાળના પ્રત્યયો લાગેલા છે, તેથી તેમનું રૂપ એકમેકથી જુદું છે.

એ બધાં ક્રિયાપદોનું મૂળ રૂપ એક જ છે. એ મૂળ રૂપ 'રમ' છે. આ મૂળ રૂપને ક્રિયાપદોનો 'ધાતુ' કહે છે. આ ધાતુને પ્રત્યયો લાગી ક્રિયાપદના જુદા જુદા કાળનાં તથા જુદા જુદા અર્થનાં રૂપો બને છે. આ ધાતુ મેળવવા ક્રિયાપદને આજ્ઞાર્થ બીજા પુરુષ એકવચનમાં લાવવું. દા. ત. 'જાય છે' ક્રિયાપદ છે. એ પરથી આજ્ઞાર્થ બીજો પુરુષ એકવચન – (તું) જા. 'જા' એ ધાતુ છે.

[૧] ઘોડો દોડે છે. દોડ – ધાતુ

[૨] તે ઘોડાને દોડાવે છે. દોડાવ – ધાતુ

'દોડે છે' ક્રિયાપદનો ધાતુ 'દોડ' છે. 'દોડાવે છે' ક્રિયાપદનો ધાતુ 'દોડાવ' છે.

હવે 'દોડાવ' એ ધાતુ 'દોડ' એ પરથી બનાવેલો છે, એટલે કે 'દોડાવ' એ કોઈ મૂળ ધાતુનું રૂપ નથી, પણ મૂળ ધાતુ પરથી બનાવેલા એટલે કે સાધિત કરેલા નવા ધાતુનું રૂપ છે.

આવી રીતે મૂળ ધાતુ ઉપરથી નવા બનાવેલા ધાતુને **સાધિત ધાતુ** કહે છે. [સાધિત એટલે સાધેલો કે બનાવેલો]

સાધિત ધાતુ—અર્થમાં ફેરફાર

[૧] તે બાળક સાથે **રમે** છે.

[૨] તે બાળકને **રમાડે** છે.

'રમે છે' ક્રિયાપદ અકર્મક છે, પણ એ ઉપરથી સાધિત થયેલું 'રમાડે છે' એ ક્રિયાપદ સકર્મક બન્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ઉપરથી જણાશે કે અકર્મક ધાતુને સાધિત કરતાં તે સકર્મક ધાતુ બને છે.

મૂળ ધાતુ અકર્મક	સાધિત ધાતુ સકર્મક	મૂળ ધાતુ અકર્મક	સાધિત ધાતુ સકર્મક
ઊડ	ઉડાડ	બેસ	બેસાડ
હસ	હસાવ	પડ	પાડ
રડ	રડાવ	મર	માર

સાધિત ધાતુનું ફરીથી સાધિત રૂપ

[૧] ઝાડ પડે છે. [પડ – મૂળ ધાતુ.]
[૨] તે ઝાડ પાડે છે. [પાડ – સાધિત ધાતુ.]
[૩] તેણે નોકર પાસે ઝાડ પડાવ્યું. [પડાવ–બીજી વાર સાધિત ધાતુ.]

ત્રીજા વાક્યમાં 'પડાવ્યું' એ ક્રિયાનો ધાતુ 'પડાવ' છે. એ ધાતુ સાધિત થયેલા ધાતુ 'પાડ' પરથી બનેલો છે; એટલે કે મૂળ ધાતુ 'પડ' નું એ બીજી વારનું સાધિત થયેલું રૂપ છે.

તે ઝાડ પાડે છે, એ વાક્યમાં તે ઝાડને પાડવાની ક્રિયા પોતે જ કરે છે, પરંતુ ત્રીજા વાક્યમાં તે પોતે એ ક્રિયા કરતો નથી. તે પોતાના નોકરને ઝાડ પાડવાની ક્રિયા કરવાને પ્રેરે છે.

આમ બીજી વાર સાધિત થયેલા ધાતુમાં 'પ્રેરવાનો અર્થ' રહેલો છે, તેથી એ પ્રેરક ધાતુ કહેવાય છે.

મૂળ ધાતુ	સાધિત ધાતુ	બીજી વાર સાધિત
રમ	રમાડ	રમાડાવ
દોડ	દોડાવ	દોડાવડાવ

અકર્મક ધાતુ ઉપરથી જે સાધિત રૂપ થાય છે તે સકર્મક બને છે, અને એનું બીજી વારનું સાધિત રૂપ પ્રેરક અર્થનું બને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સકર્મક ધાતુનું સાધિત રૂપ

[૧] તે ચિત્ર દોરે છે. [દોર – મૂળ ધાતુ]
[૨] તે ચિત્ર દોરાવે છે. [દોરાવ – સાધિત ધાતુ]
[૩] તે ચિત્ર દોરાવરાવે છે. [દોરાવરાવ–બીજી વારનો સાધિત ધાતુ]

'દોરે છે' ક્રિયાપદનો મૂળ ધાતુ 'દોર' છે, અને તે ઉપરથી 'દોરાવ' એ ધાતુ સાધિત થયેલો છે. વળી આ સાધિત ધાતુ પરથી 'દોરાવરાવ' ધાતુ સાધિત થયો છે. આ બંને સાધિત થયેલા ધાતુ પ્રેરક અર્થમાં છે.

આ રીતે સકર્મક મૂળ ધાતુ પરથી સાધિત અને ફરી સાધિત થયેલા બંને ધાતુ પ્રેરક અર્થના બને છે.

મનોયત્ન : ૭

નીચેનાં વાક્યોનાં ક્રિયાપદો પરથી તેમનું પ્રેરક અર્થનું રૂપ કરો અને વાક્ય ફરીથી લખો–[બે દાખલા બતાવ્યા છે.]

[૧] સીતા પાણી **ખેંચે** છે. સીતા પાણી **ખેંચાવે** છે.
[૨] રામે પુસ્તક **વાંચ્યું**. રામે પુસ્તક **વંચાવ્યું**.

૧. મનહર પોતાની જમીન **ખેડે** છે.
૨. બા તુલસીના કૂંડામાં પાણી **રેડે** છે.
૩. મારી બહેન ઓરડો સાફ **કરે** છે.
૪. આ ચિત્ર મારા મિત્રે **ચીતર્યું** છે.
૫. હેમંતે આંગણામાં પાણી **છાંટ્યું**.
૬. રમણ ફાઉન્ટન પેનમાં શાહી **ભરે** છે.
૭. હું અત્યારે આ લાકડાં **ફાડું** છું.
૮. તું કાલે સાંજે ગાડી **જોડજે**.
૯. હરીશે સવારે દાખલો **ગણ્યો હતો**.
૧૦. ગોવિંદે પોતે આ નકશો **દોર્યો** છે.
૧૧. સીતાએ બાજુની બારી **ઉઘાડી**.
૧૨. મારા પિતા અત્યારે પત્ર **લખે** છે.

●

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૬

ક્રિયાપદના કાળ

તમે કાળના ત્રણ મુખ્ય પ્રકાર વિશે શીખી ગયા છો : [૧] વર્તમાનકાળ [૨] ભૂતકાળ [૩] ભવિષ્યકાળ.

આ દરેક કાળના બીજા પ્રકારો નીચે આપ્યા છે.

ચાલુ વર્તમાનકાળ

[૧] નટવર રોજ રમે છે. [વર્તમાનકાળ]
[૨] કિશોર હમણાં રમે છે. [ચાલુ ,,]

પહેલા વાક્યમાં રમવાની ક્રિયા રોજ બને છે, એ અર્થ દર્શાવવા સાદા વર્તમાનકાળનું ' રમે છે ' એ રૂપ વાપર્યું છે.

બીજા વાક્યમાં ' રમે છે ' એ ક્રિયાપદ રમવાની ક્રિયા અત્યારે આ ઘડીએ ચાલુ છે એવો અર્થ દર્શાવે છે. આથી એ ક્રિયાપદ કાળની દૃષ્ટિએ પહેલા ક્રિયાપદ કરતાં જરા જુદો અર્થ દર્શાવે છે. આ રૂપ વર્તમાનકાળમાં ચાલુ ક્રિયા બતાવે છે, એટલે એ ચાલુ વર્તમાનકાળનું રૂપ ગણાય છે.

જ્યારે ક્રિયાપદનું રૂપ વર્તમાનમાં ચાલુ ક્રિયા બતાવવા વપરાય, ત્યારે તે ક્રિયાપદનો કાળ ચાલુ વર્તમાનકાળ કહેવાય છે.

ઉપરના દાખલાઓ ઉપરથી જણાશે કે દરરોજ બનતી ક્રિયા બતાવવા અને ચાલુ ક્રિયા બતાવવા માટે વર્તમાનકાળનું એકસરખું જ રૂપ વપરાય છે.

નોંધ — (૧) સુરત જિલ્લામાં ચાલુ વર્તમાનકાળની ક્રિયા દર્શાવવા માટે સાદા વર્તમાનના રૂપથી જુદું રૂપ વપરાય છે. દાખલા :

[૧] ' હું અત્યારે જાઉં છું ' એમ બોલવાને બદલે ' હું અત્યારે જતો છું ' એમ પણ બોલાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી રીતે, 'જતો છું,' 'ખાતો છું' 'રમતો છું' વગેરે રૂપો રોજની વાતચીતમાં ચાલુ ક્રિયા બતાવવા વપરાય છે.

નોંધ—(૨) આધુનિક ગુજરાતીમાં હિંદીની અસર નીચે, "અમે અત્યારે ખાઈએ છીએ" એમ કહેવાને બદલે "અમે અત્યારે ખાઈ રહ્યા છીએ" એમ બોલવાનો કે લખવાનો રિવાજ પડ્યો છે. આ ચાલુ વર્તમાનકાળનો પ્રયોગ ગાંધીજીના લખાણમાં વારંવાર જોવાનો મળે છે.

પૂર્ણ વર્તમાનકાળ

[૧] હું આ ચિત્ર હમણાં દોરું છું. [ચાલુ વર્તમાનકાળ]

[૨] મેં પેલું ચિત્ર દોર્યું છે.

[૩] મેં પેલું ચિત્ર દોરેલું છે.

પહેલા વાક્યમાં ક્રિયાપદ અત્યારે ક્રિયા ચાલુ છે એવો અર્થ દર્શાવે છે. એ રૂપ ચાલુ વર્તમાનકાળનું છે.

બીજા અને ત્રીજા વાક્યમાં, 'દોર્યું છે' અને 'દોરેલું છે' એ બંને રૂપો દોરવાની ક્રિયા થોડા વખત પૂર્વે હમણાં જ પૂરી થઈ છે એવો અર્થ બતાવે છે.

આ વાક્યો બોલાય છે તેની થોડા સમય પૂર્વે જ એ ક્રિયા પૂરી થઈ છે, એવો અર્થ ક્રિયાપદનાં આ રૂપો દર્શાવે છે. આવાં રૂપો પૂર્ણ વર્તમાનકાળનાં કહેવાય છે.

બોલતાં પૂર્વે થોડા વખત પહેલાં પૂરી થઈ ગયેલી ક્રિયા દર્શાવવા વર્તમાનકાળનું જે રૂપ વપરાય, તે પૂર્ણ વર્તમાનકાળનું કહેવાય છે.

વર્તમાનકાળનાં અને તેના પેટા પ્રકારનાં રૂપ

વર્તમાનકાળનાં રૂપ ધાતુ—રમ : બંને રૂપ

પુરુષ	એકવચન	બહુવચન
૧ લો	હું રમું છું. [હું રમું.]	અમે રમીએ છીએ.—રમીએ.
૨ જો	તું રમે છે. [તું રમે.]	તમે રમો છો.—રમો.
૩ જો	તે રમે છે. [તે રમે.]	તેઓ રમે છે.—રમે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલુ વર્તમાનકાળનાં રૂપ

પુરુષ	એકવચન	બહુવચન
૧ લો	હું રમું છું.	અમે રમીએ છીએ.
૨ જો	તું રમે છે.	તમે રમો છો.
૩ જો	તે રમ છે.	તેઓ રમે છે.

પૂર્ણ વર્તમાનકાળનાં રૂપ ધાતુ–વાંચ

પુરુષ	એકવચન	બહુવચન
૧ લો	મેં વાંચ્યું છે. [વાંચેલું છે.]	અમે વાંચ્યું છે. [વાંચેલું છે.]
૨ જો	તેં વાંચ્યું છે. [વાંચેલું છે.]	તમે વાંચ્યું છે. [વાંચેલું છે.]
૩ જો	તેણે વાંચ્યું છે. [વાંચેલું છે.]	તેમણે વાંચ્યું છે. [વાંચેલું છે.]

નોંધ—'વાંચ્યું છે' ને બદલે 'વાંચેલું છે' એમ પણ રૂપ થાય છે. 'વાંચ્યું છે' એ રૂપ ક્રિયા થોડા વખત ઉપર જ પૂરી થઈ એમ બતાવે છે, જ્યારે 'વાંચેલું છે' એ રૂપ ક્રિયા જરા વધારે આગળ પૂરી થઈ ગઈ છે એમ બતાવે છે. આમ સમયના અંશમાં ભેદ બતાવવા આ બે રૂપમાંથી જોઈતું રૂપ વપરાય છે. એ બંને રૂપો પૂર્ણ વર્તમાનકાળનાં જ છે.

ભૂતકાળ

[૧] હું ત્રણ કલાક પહેલાં **જન્મ્યો.**

[૨] અમે શાળામાં રોજ સાંજે **રમતા.**

'જન્મ્યો' એ ક્રિયાપદ જન્મવાની ક્રિયા ભૂતકાળમાં થઈ છે એમ બતાવે છે. 'રમતા' એ ક્રિયાપદ રમવાની ક્રિયા ભૂતકાળમાં નિયમિત બની હતી એવો અર્થ દર્શાવે છે.

આમ આ બંને રૂપો ભૂતકાળનાં રૂપો છે.

ચાલુ ભૂતકાળ

[૧] તમે ગઈ કાલે આવ્યા ત્યારે હું **લખતો હતો.**

[૨] હેમંત નિશાળે પહોંચ્યો ત્યારે ઘંટ **વાગતો હતો.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલું વાક્ય જુઓ. એમાં બે ક્રિયા છે: આવવાની અને લખવાની. એ બંને ક્રિયા ભૂતકાળમાં બની છે, પણ એ બેમાં શો ફેર છે તે જુઓ.

આવવાની ક્રિયા ભૂતકાળમાં થઈ ત્યારે લખવાની ક્રિયા પૂરી થઈ કે ચાલુ રહી? — આવવાની ક્રિયા પૂરી થઈ, પણ લખવાની ક્રિયા ચાલુ રહી.

આમ 'લખતો હતો' એ રૂપ ભૂતકાળમાં એક ક્રિયા પૂરી થઈ ત્યારે પણ પોતાની ક્રિયા ચાલુ હતી એવો અર્થ બતાવે છે.

એજ રીતે પહોંચવાની ક્રિયા પૂરી થઈ ત્યારે ઘંટ વાગવાની ક્રિયા ચાલુ હતી, પૂરી નહોતી થઈ એવો અર્થ 'વાગતો હતો' એ રૂપ બતાવે છે.

ક્રિયાપદનાં આવાં રૂપો ચાલુ ભૂતકાળનાં રૂપો કહેવાય છે.

ભૂતકાળમાં ચાલુ ક્રિયા દર્શાવનાર ક્રિયાપદનો કાળ ચાલુ ભૂતકાળ કહેવાય છે.

નોંધ—આધુનિક ગુજરાતીમાં 'ખાઈ રહ્યો હતો' એવું રૂપ ચાલુ ભૂતકાળના અર્થમાં પણ વપરાય છે. દાખલા:

જ્યારે તમે આવ્યા ત્યારે હું **ખાઈ રહ્યો હતો.** [ખાતો હતો.]

પૂર્ણ ભૂતકાળ

[૧] તમે ગઈ કાલે આવ્યા તે પહેલાં મેં પત્ર **લખ્યો હતો.**

[૨] તમે ગઈ કાલે આવ્યા તે પહેલાં મેં પત્ર **લખેલો હતો.**

આવવાની અને લખવાની એમ બંને ક્રિયા ભૂતકાળમાં થઈ છે, પરંતુ એક ક્રિયા થઈ તે પહેલાં બીજી ક્રિયા પૂરી થઈ હતી એવો અર્થ વાક્યમાં રહેલો છે.

ભૂતકાળમાં આવવાની ક્રિયા બની તે પહેલાં લખવાની ક્રિયા પૂર્ણ થઇ ગઈ હતી, એવો અર્થ 'લખ્યો હતો' અને 'લખેલો હતો' એ રૂપો બતાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આથી આ રૂપો પૂર્ણ ભૂતકાળનાં રૂપો કહેવાય છે.

ભૂતકાળમાં બે ક્રિયા થઈ હોય, તો તેમાંની આગળ પૂર્ણ થયેલી ક્રિયા દર્શાવવા ભૂતકાળનું જે રૂપ આવે, તે પૂર્ણ ભૂતકાળનું કહેવાય છે.

નોંધ — 'લખેલો હતો' એ રૂપ 'લખ્યો હતો' એ રૂપ કરતાં ક્રિયા જરા વધારે આગળ થઇ ગઇ એમ બતાવે છે. આમ સમયના અંશનો ભેદ બતાવવા જોઈતું રૂપ વપરાય છે. એ બંને રૂપો પૂર્ણ ભૂતકાળનાં છે.

ભૂતકાળનાં રૂપ

પુરુષ	એકવચન	બહુવચન
૧ લો	હું રમ્યો. [રમેલો.]	અમે રમ્યા. [રમેલા.]
૨ જો	તું રમ્યો. [રમેલો.]	તમે રમ્યા. [રમેલા.]
૩ જો	તે રમ્યો. [રમેલો.]	તેઓ રમ્યા. [રમેલા.]

ભૂતકાળનું બીજું રૂપ

પુરુષ	એકવચન	બહુવચન
૧ લો	હું રમતો.	અમે રમતા.
૨ જો	તું રમતો.	તમે રમતા.
૩ જો	તે રમતો.	તેઓ રમતા.

નોંધ — (૧) ભૂતકાળનું આ બીજું રૂપ ભૂતકાળમાં નિયમિતપણે થતી ક્રિયા બતાવવા વપરાય છે. દા. ત.
તે રોજ નિશાળે જતો અને ધ્યાન દઈને ભણતો.

નોંધ — (૨) ભૂતકાળનું આ બીજું રૂપ કેટલીક વાર ભવિષ્યકાળનો અર્થ દર્શાવવા પણ વપરાય છે. દાખલા:

[૧] બીજે ભલે જાય પણ બાગમાં ના જતો.

[૨] મારી સલાહ છે કે એ જમીન તું ના ખરીદતો.

અહીં, 'ના જતો' એટલે 'ના જઇશ' એવો, 'ના ખરીદતો' એટલે 'ના ખરીદીશ' એવો ભવિષ્યકાળનો અર્થ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંને ક્રિયાપદનાં રૂપો ભૂતકાળનાં છે, પણ અર્થ ભવિષ્યકાળનો છે.

ચાલુ ભૂતકાળનાં રૂપ

પુરુષ	એકવચન	બહુવચન
૧ લો	હું રમતો હતો.	અમે રમતા હતા.
૨ જો	તું રમતો હતો.	તમે રમતા હતા.
૩ જો	તે રમતો હતો.	તેઓ રમતા હતા.

પૂર્ણ ભૂતકાળનાં રૂપ

પુરુષ	એકવચન	બહુવચન
૧ લો	હું રમ્યો હતો. [રમેલો હતો.]	અમે રમ્યા હતા. [રમેલા હતા.]
૨ જો	તું રમ્યો હતો. [રમેલો હતો.]	તમે રમ્યા હતા. [રમેલા હતા.]
૩ જો	તે રમ્યો હતો. [રમેલો હતો.]	તેઓ રમ્યા હતા. [રમેલા હતા.]

નોંધ—ઉપર બધા કાળનાં જે રૂપો આપ્યાં છે તે નરજાતિનાં છે. એની ઉપરથી બીજી જાતિનાં રૂપો સહેલાઈથી બનાવી શકાય.

ચાલુ ભવિષ્યકાળ

[૧] તમે આવશો ત્યારે હું કાંતતો હઈશ. (હોઈશ.)

[૨] હું મેદાનમાં પહોંચીશ ત્યારે છોકરાઓ રમતા હશે.

પહેલું વાક્ય જુઓ. એમાં બે ક્રિયા છે: આવવાની અને કાંતવાની. એ બંને ક્રિયા ભવિષ્યકાળમાં થવાની છે, પણ એ બેમાં શો ફેર છે તે જુઓ.

આવવાની ક્રિયા ભવિષ્યકાળમાં થશે તે વખતે કાંતવાની ક્રિયા ચાલુ હશે કે પૂરી થઈ હશે? કાંતવાની ક્રિયા ચાલુ હશે.

એટલે 'કાંતતો હઈશ' એ રૂપ ભવિષ્યકાળમાં આવવાની ક્રિયા થઈ રહેશે, ત્યારે કાંતવાની ક્રિયા ચાલુ રહેશે એવો અર્થ દર્શાવે છે.

એજ રીતે ભવિષ્યકાળમાં પહોંચવાની ક્રિયા થશે ત્યારે રમવાની ક્રિયા ચાલુ હશે, પૂરી નહિ થઈ ગઈ હોય, એવો અર્થ 'રમતા હશે' એ રૂપ બતાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભવિષ્યકાળમાં જે એ ક્રિયા બનવાની હોય, તેમાંની ચાલુ ક્રિયા બતાવવા ભવિષ્યકાળનું જે રૂપ વપરાય, તેને ચાલુ ભવિષ્યકાળ કહે છે.

પૂર્ણ ભવિષ્યકાળ

[૧] તમે મારે ત્યાં આવશો તે પહેલાં મેં તમારું કામ કર્યું હશે.

[૨] તમે મારે ત્યાં આવશો તે પહેલાં મેં તમારું કામ કરેલું હશે.

પહેલું વાક્ય જુઓ. આવવાની અને કામ કરવાની એમ બંને ક્રિયા ભવિષ્યકાળમાં થનાર છે. પરંતુ એક ક્રિયા ભવિષ્યમાં થશે તે પહેલાં ભવિષ્યમાં જ બીજી ક્રિયા પૂરી થઈ ગઈ હશે, એવો અર્થ વાક્યમાં રહેલો છે.

'કર્યું હશે' અને 'કરેલું હશે' એ રૂપો કામ કરવાની ક્રિયા ભવિષ્યકાળમાં આવવાની ક્રિયા થશે તે પહેલાં પૂરી થઈ ગઈ હશે, એવો અર્થ બતાવે છે. આ રૂપો પૂર્ણ ભવિષ્યકાળનાં કહેવાય છે.

ભવિષ્યકાળમાં બે ક્રિયા થવાની હોય તે પૈકી પહેલાં પૂરી થયેલી ક્રિયા બતાવવા ભવિષ્યકાળનું જે રૂપ વપરાય, તેને પૂર્ણ ભવિષ્યકાળ કહે છે.

[૧] રવિવાર પહેલાં હું ગામ **ગયો હઇશ. (હોઈશ.)**

[૨] રવિવાર પહેલાં હું ગામ **ગયેલો હઇશ. (હોઈશ.)**

'ગયો હઈશ' એ ક્રિયાપદ જવાની ક્રિયા ભવિષ્યમાં થવાની છે એટલો જ અર્થ બતાવતું નથી, પણ ભવિષ્યમાં આવનાર રવિવાર પહેલાં એ પૂરી થઈ જશે એવો અર્થ દર્શાવે છે. આથી એ ક્રિયા પૂર્ણ ભવિષ્યકાળનો અર્થ દર્શાવે છે.

નોંધ—'ગયો હઇશ' 'ગયેલો હઇશ' એ બંને રૂપો પૂર્ણ ભવિષ્યકાળ સૂચવે છે. સમયના અંશમાં ભેદ બતાવવા આ બેમાંથી જોઈતું રૂપ વપરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલુ ભવિષ્યકાળનાં રૂપ

પુરુષ	એકવચન	બહુવચન
૧ લો	હું રમતો હઇશ.	અમે રમતા હઇશું.
૨ જો	તું રમતો હશે.	તમે રમતા હશો.
૩ જો	તે રમતો હશે.	તેઓ રમતા હશે.

પૂર્ણ ભવિષ્યકાળનાં રૂપ

પુરુષ	એકવચન	બહુવચન
૧ લો	હું રમ્યો હઇશ.[રમેલો હઇશ.]	અમે રમ્યા હઇશું.[રમેલા હઇશું.]
૨ જો	તું રમ્યો હશે. [રમેલો હશે.]	તમે રમ્યા હશો. [રમેલા હશો.]
૩ જો	તે રમ્યો હશે. [રમેલો હશે.]	તેઓ રમ્યા હશે. [રમેલા હશે.]

ઇચ્છાવાચક વર્તમાનકાળ

[૧] હું બુધવારે ગામ જવાનો છું.

[૨] હજી હેમંત ખાવાનો છે.

'જવાનો છું' એ રૂપ વર્તમાનકાળનું છે. એ ક્રિયાપદના બે અર્થ સૂચવે છે: (૧) ક્રિયા ભવિષ્યકાળમાં થવાની છે. (૨) ક્રિયાનો કર્તા ક્રિયા કરવાની ઇચ્છા રાખે છે.

આ રીતે આ પ્રકારનું વર્તમાનકાળનું રૂપ ભવિષ્યકાળમાં ક્રિયા કરવાની ઇચ્છાના અર્થમાં વપરાય છે. એ ઇચ્છાવાચક વર્તમાન-કાળનું રૂપ ગણાય છે.

ઇચ્છાવાચક ભૂતકાળ

[૧] હું ગામ જવાનો હતો.

[૨] હું સવારે ખાવાનો હતો.

ઉપરનાં બંને ક્રિયાપદો ભૂતકાળમાં છે. એ રૂપો અહીં ક્રિયા કરવાની ઇચ્છા ભૂતકાળમાં અધૂરી રહેલી છે, એવો અર્થ બતાવવા વપરાયાં છે.

આવાં રૂપો ઇચ્છાવાચક ભૂતકાળ કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંશયવાચક ભવિષ્યકાળ

[૧] હું ગામ જવાનો હઈશ તો કહીશ.
[૨] તે ખાવાનો હશે.

'જવાનો હઈશ' અને 'ખાવાનો હશે' એ રૂપો ભવિષ્યકાળનો એક પ્રકાર સૂચવે છે.

એ રૂપો વડે ઇચ્છા બતાવી શકાતી નથી, પરંતુ ક્રિયા કરવા વિશેનો સંશય કે તે વિશેની શંકા બતાવાય છે. પહેલા વાક્યમાં બોલનાર પોતે ગામ જવાની ક્રિયા કરશે કે નહિ તે વિશે શંકાશીલ છે. તે કદાચ જાય, કે ન પણ જાય. આમ ક્રિયા કરવાની શંકા બતાવવા માટે આ પ્રકારનાં ભવિષ્યકાળ સૂચવતાં રૂપો વપરાય છે.

એ રૂપોને સંશયવાચક ભવિષ્યકાળ કહે છે.

ઇચ્છાવાચક વર્તમાનકાળનાં રૂપ

પુરુષ	એકવચન	બહુવચન
૧ લો	હું રમવાનો છું.	અમે રમવાના છીએ.
૨ જો	તું રમવાનો છે.	તમે રમવાના છો.
૩ જો	તે રમવાનો છે.	તેઓ રમવાના છે.

ઇચ્છાવાચક ભૂતકાળનાં રૂપ

પુરુષ	એકવચન	બહુવચન
૧ લો	હું રમવાનો હતો.	અમે રમવાના હતા.
૨ જો	તું રમવાનો હતો.	તમે રમવાના હતા.
૩ જો	તે રમવાનો હતો.	તેઓ રમવાના હતા.

સંશયવાચક ભવિષ્યકાળનાં રૂપ

પુરુષ	એકવચન	બહુવચન
૧ લો	હું રમવાનો હઈશ.	અમે રમવાના હઈશું.
૨ જો	તું રમવાનો હશે.	તમે રમવાના હશો.
૩ જો	તે રમવાનો હશે.	તેઓ રમવાના હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીચેનાં વાક્યોમાં મોટા અક્ષરે છાપેલાં ક્રિયાપદોના કાળ ઓળખો–

૧. અમે કદી જૂઠું **બોલતા નથી.**
૨. જેવું **વાવે** તેવું **લણે.**
૩. હેમંત અત્યારે શું **કરે છે ?**
૪. નાનપણમાં અમે રોજ ખેતરમાં ફરવાને **જતા.**
૫. તે ત્યાં ગયો અને તેના ભાઈને બોલાવી **લાવ્યો.**
૬. આ પાઠ હું આવતી કાલે **વાંચીશ.**
૭. સવાર થશે ત્યારે આપણે બધા મુસાફરીએ **નીકળીશું.**
૮. આવતી કાલે આ વખતે મેં કામ પૂરું **કર્યું હશે.**
૯. કાલે સાંજે તમે સભામાં સાત વાગ્યે ભાષણ કરતા **હશો.**
૧૦. જ્યારે સભા **ચાલતી હતી** ત્યારે હું ત્યાં ગયો.
૧૧. મેં આ કામ ક્યારનુંયે **કર્યું છે.**
૧૨. ગઇ કાલે તમે મારે ત્યાં આવ્યા ત્યારે તેઓ તૈયાર **થયેલા હતા.**
૧૩. મદદ આવી પહોંચી તે પહેલાં લશ્કર **હારી ગયું હતું.**
૧૪. આપણે ત્યાં જઈશું તે પહેલાં લૂંટારાઓ **ભાગી ગયા હશે.**
૧૫. આવતી કાલે અમે ગામ **જવાના છીએ.**
૧૬. અમે ત્યાં **જવાના હતા,** પણ પછી માંડી વાળ્યું.
૧૭. તેનો ભાઈ આજે **આવવાનો હતો.**
૧૮. જો હું **જવાનો હઈશ** તો તમને કહીશ.

મનોયત્ન : ૯

નીચેનાં વાક્યોની ખાલી જગ્યામાં કૌંસમાં આપેલા શબ્દો પરથી યોગ્ય કાળનાં ક્રિયાપદનાં રૂપો મૂકો અને તે કાળનો પ્રકાર કહો—

૧. આવતે મહિને વરસાદ પડશે તો જ પાક સારો—— (થવું)
૨. આપણે સ્ટેશને પહોંચીશું તે પહેલાં ગાડી—— (આવવું)
૩. આપણે ખેતરે જઈશું ત્યારે મજૂરો ઘાસ——— (કાપવું)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. હું ઘેર જતો હતો ત્યારે મારો મિત્ર ફરવાને —— (નીકળવું)
૫. જ્યારે તેઓ બોલતા ત્યારે છોકરાઓ ધ્યાનથી —— (સાંભળવું)
૬. પરમ દિવસે તમે મારે ત્યાં આવ્યા તે પહેલાં હું —— (ખાવું)
૭. અહો ! આજે એણે કેટલું બધું કામ —— (કરવું)
૮. એક કલાક થયાં મેં મારું લખવાનું પૂરું —— (કરવું)
૯. કાલે આ વખતે તમે ગાડીમાં મુસાફરી —— (કરવું)
૧૦. તે રોજ સવારે મારે ત્યાં —— (આવવું) અને પછી અમે બંને સાથે ફરવા —— (જવું)

અપૂર્ણ રૂપવાળાં ક્રિયાપદો

ક્રિયાપદોના જુદા જુદા કાળનાં જુદાં જુદાં રૂપો થાય છે, પરંતુ કેટલાંક ક્રિયાપદો એવાં છે કે તેમનાં રૂપો બધા કાળમાં થઈ શકતાં નથી. તેમનાં માત્ર થોડા કાળનાં રૂપો થાય છે.

આવાં ક્રિયાપદો અપૂર્ણ રૂપવાળાં કહેવાય છે. દાખલા :
[૧] જોઈએ. [૨] છ. [૩] હો.

'જોઈએ'નાં થતાં રૂપો

[૧] તમને આ ફળ **જોઈએ** ? [વર્તમાનકાળ]
[૨] ગિરીશને આ ફળ **જોઈએ છે**. [વર્તમાનકાળ]
[૩] કદાચ, તેને આ **જોઇતું હોય**. [વર્તમાનકાળ, સંશયનો અર્થ]
[૪] જાઓ, તેને કંઈ **જોઈતું હશે**. [ભવિષ્યકાળ, સંશયનો અર્થ]
[૫] તેને **જોઇતું હોય** તો આપજો. [વર્તમાનકાળ, શરતનો અર્થ]
[૬] મજૂરને તો કામ **જોઈતું હતું**. [ભૂતકાળ]
[૭] જો **જોઇતું હોત** તો મામત. [ભૂતકાળ, શરત તથા ક્રિયાની નિષ્ફળતાનો અર્થ]
[૮] મારે આ ભવિષ્યમાં **જોઈશે**. [ભવિષ્યકાળ]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'છ' ધાતુ

આ ધાતુનાં માત્ર વર્તમાનકાળનાં રૂપો થાય છે :

પુરુષ	એકવચન	બહુવચન
૧ લો	હું છું.	અમે છીએ
૨ જો	તું છે.	તમે છો
૩ જો	તે છે.	તેઓ છે.

'હો' ધાતુ

આ ધાતુનાં નીચે બતાવેલા કાળમાં ત્રણે પુરુષ અને બંને વચનમાં રૂપો થાય છે.

વર્તમાનકાળનાં રૂપ

પુરુષ	એકવચન	બહુવચન
૧ લો	હું હોઉં.	અમે હોઇએ.
૨ જો	તું હોય.	તમે હો.
૩ જો	તે હોય.	તેઓ હોય.

ભૂતકાળનાં રૂપ

પુરુષ	એકવચન	બહુવચન
૧ લો	હું હતો. [હોત.*]	અમે હતા. [હોત.]
૨ જો	તું હતો. [હોત.]	તમે હતા. [હોત.]
૩ જો	તે હતો. [હોત.]	તેઓ હતા. [હોત.]

* નોંધ—ક્રિયાતિપત્ત્યર્થમાં 'હોત' વપરાય છે.

ભવિષ્યકાળનાં રૂપ

પુરુષ	એકવચન	બહુવચન
૧ લો	હું હઈશ.	અમે હઇશું.
૨ જો	તું હશે.	તમે હશો.
૩ જો	તે હશે.	તેઓ હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૭

કૃદંત અને તેના પ્રકાર

કૃદંત એ ધાતુને પ્રત્યય લાગીને બનેલું પદ છે. એ પદ ક્રિયા સૂચવે છે. ક્રિયાપદ પણ ક્રિયા સૂચવે છે, પણ કૃદંત અને ક્રિયાપદ વચ્ચે બહુ ફેર છે.

કૃદંત અને ક્રિયાપદ વચ્ચે તફાવત

૧. પંખી ઊડીને [વાક્ય અધૂરું; ક્રિયાપદ નથી; કૃદંત છે.]
૨. પંખી બેઠું [વાક્ય પૂરું; ક્રિયાપદ છે; કૃદંત નથી.]
૩. પંખી ઊડીને બેઠું. [વાક્ય પૂરું; ક્રિયાપદ છે; કૃદંત છે.]

પહેલા વાક્યમાં માત્ર કૃદંત વાપરવાથી વાક્ય અધૂરું રહે છે. બીજા વાક્યમાં ક્રિયાપદ વાપરવાથી વાક્ય અર્થવાળું બને છે. આ પરથી જોઈ શકાશે કે ક્રિયાપદ ક્રિયા સૂચવે છે, અને તે ઉપરાંત પોતાના ઉદ્દેશ્ય વિશે અર્થ કહીને વાક્ય બનાવે છે. આથી કૃદંત વિના વાક્ય બની શકે છે, ક્રિયાપદ વિના બની શકતું નથી. કૃદંત ક્રિયા સૂચવે છે પણ તે વાક્ય બનાવી શકતું નથી; એ વાક્યમાં તેના ભાગ તરીકે આવે છે. ત્રીજા વાક્યમાંથી આ માલૂમ પડશે.

કૃદંતના પ્રકાર

કૃદંત ક્રિયા સૂચવે છે. તેથી જેમ ક્રિયાપદ જુદા જુદા કાળમાં ક્રિયા દર્શાવે છે, તેમ કૃદંત પણ કાળ દર્શાવે છે. આ કારણે કૃદંત પણ જુદા જુદા કાળનાં બને છે.

[૧] વર્તમાનકૃદંત

[૧] પેલો **ઊગતો** સૂર્ય જુઓ.

[૨] પેલું **તરતું** વહાણ કેવું સુંદર છે!

'ઊગવાની' અને 'તરવાની' ક્રિયા વર્તમાનકાળમાં થાય છે. તેથી એ ક્રિયા સૂચવતાં કૃદંતો 'ઊગતો' અને 'તરતું' વર્તમાનકૃદંત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્તમાનકાળ બતાવનારું કૃદંત **વર્તમાનકૃદંત** કહેવાય છે.

[૨] ભૂતકૃદંત

[૧] સવારે **આણેલાં** ફૂલો કરમાઈ ગયાં છે.

[૨] તેનું **ધાર્યું** કામ થયું હતું.

[૩] મારું **ધારેલું** કામ થશે.

અહીં કૃદંતો ભૂતકાળમાં બનેલી ક્રિયાનો અર્થ સૂચવે છે. આથી એ ભૂતકૃદંતો છે.

ભૂતકાળ બતાવનારું કૃદંત **ભૂતકૃદંત** કહેવાય છે.

[૩] ભવિષ્યકૃદંત

[૧] પેલો **ધોવાનો** ટુવાલ લાવો.

[૨] મને **કરવાનું** કામ બતાવો.

આ કૃદંતો ક્રિયા ભવિષ્યમાં થવાની છે એવો અર્થ સૂચવે છે. એ ભવિષ્યકૃદંતો છે.

ભવિષ્યકાળ સૂચવનારું કૃદંત **ભવિષ્યકૃદંત** કહેવાય છે.

નોંધ—મૂળ ધાતુ પરથી કાળદર્શક કૃદંતો બને છે, તેમ સાધિત ધાતુ પરથી પણ બને છે.

	મૂળ ધાતુ	**સાધિત ધાતુ-પ્રેરક અર્થ**
વર્તમાનકૃદંત	ઊડતો પતંગ	ઉડાવાતો પતંગ
ભૂતકૃદંત	લખેલો પત્ર	લખાવેલો પત્ર / લખાવડાવેલો પત્ર
ભવિષ્યકૃદંત	ધોવાનો ટુવાલ	ધોવડાવવાનો ટુવાલ

[૪] સામાન્યકૃદંત કે ધાતુનામકૃદંત

[૧] સવારે **ફરવું** એ ફાયદાકારક છે.

[૨] હદ ઉપરાંત **ખાવું** સારું નથી.

[૩] હું સવારે **રમવું** પસંદ કરું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ કૃદંતો ક્રિયાના નામનું સૂચન કરે છે. ફરવું--ફરવાની ક્રિયાનું નામ. વળી આ કૃદંતો કોઈ પણ એક ખાસ કાળ બતાવતાં નથી. ત્રણે કાળમાં જે વિધાન કર્યું હોય તેમાં એનું રૂપ એનું એજ રહે છે. તેથી આ કૃદંતો સામાન્યકૃદંત કહેવાય છે. એ ધાતુનામકૃદંત પણ કહેવાય છે, કેમકે એ ક્રિયાપદના ધાતુનું નામ છે.

જે કૃદંત કોઈ પણ કાળનું સૂચન કરે નહિ, અને દરેક કાળમાં એકસરખે કે સામાન્ય રૂપે વપરાય, તે કૃદંતને **સામાન્યકૃદંત** કહે છે.

સામાન્યકૃદંતને વિભક્તિનો પ્રત્યય

[૧] મને છેતરાવાની બીક નથી. [છઠ્ઠી વિભક્તિ]

[૨] મહેનત કરવાથી ફળ મળે છે. [પાંચમી વિભક્તિ]

સામાન્યકૃદંતને વિભક્તિનો પ્રત્યય પણ લાગે છે. ઉપરના દાખલાઓ પરથી એ સ્પષ્ટ થશે.

[૫] હેત્વર્થકૃદંત

[૧] હું **રમવાને** બહાર ગયો.

[૨] મારે **પહેરવાને** કોટ જોઈએ.

'રમવાને' તથા 'પહેરવાને' એ 'રમવું' અને 'પહેરવું' એ સામાન્યકૃદંતનાં ચોથી વિભક્તિનાં રૂપ છે. એ છે તો સામાન્યકૃદંત, પરંતુ એ કૃદંતો અહીં હેતુનો અર્થ બતાવે છે, એટલે કેટલાક એને હેત્વર્થકૃદંત કહે છે. રમવાને–રમવાને માટે; પહેરવાને –પહેરવાને માટે.

હેતુનો અર્થ બતાવનાર કૃદંત **હેત્વર્થકૃદંત** કહેવાય છે.

[૬] પૂર્વક્રિયાવાચક [સંબંધક] કૃદંત

[૧] નવીનચંદ્ર **રમીને** ઘેર ગયો.

[૨] અમીચંદ **જમીને** દુકાને ગયો.

'રમીને' એટલે 'રમ્યો અને' એવો અર્થ થાય છે. જવાની ક્રિયા થાય તે પહેલાં રમવાની ક્રિયા પૂરી થઈ છે, એમ બતાવવા 'રમીને' એ કૃદંત વપરાયું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એજ રીતે 'જમીને' એ કૃદંત જમવાની ક્રિયા જવાની ક્રિયા પહેલાં બની છે એવો અર્થ સૂચવે છે.

એક ક્રિયા પહેલાં બીજી ક્રિયા બની હોય, તો આગલી ક્રિયા સૂચવવા જે કૃદંત વપરાય, તે **પૂર્વક્રિયાવાચક કૃદંત** કહેવાય છે. એને **સંબંધક કૃદંત** પણ કહેવામાં આવે છે.

કૃદંત વાક્યમાં શું શું કામ કરે ?

કૃદંત વાક્યમાં ઉદ્દેશ્ય અથવા કર્મ તરીકે અથવા નામ સાથે સમાનાધિકરણમાં આવી નામનું, અથવા નામ કે સર્વનામનો વધારો કરી વિશેષણનું અને કોઈ વાર ક્રિયાપદ સાથે સંબંધ રાખી ક્રિયા-વિશેષણનું કામ કરે છે.

[૧] નામ તરીકે

[क]

[૧] સવારે **ફરવું** તંદુરસ્તીને લાભદાયી છે. [ઉદ્દેશ્ય]
[૨] સીતાએ **ગાવાનું** શરૂ કર્યું. [કર્મ]
[૩] તે **ગાવું** પસંદ કરે છે. [કર્મ]
[૪] માત્ર **ઊંઘવું** એ વસ્તુ સારી નથી. [સમાનાધિકરણમાં]
[૫] **નાસવા** કરતાં લડવું સારું. [નામયોગી સાથે છઠ્ઠી વિભક્તિમાં]

અહીં સામાન્યકૃદંતો નામ તરીકે વપરાયાં છે.

[ख]

[૧] હું **ગાતાં** શીખી છું. [કર્મ]
[૨] પંખીનું બચ્ચું **ઊડતાં** શીખે છે. [કર્મ]

અહીં વર્તમાનકૃદંતો નામ તરીકે વપરાયાં છે.

[ग]

[૧] મારું **કહેલું** નકામું ગયું. [ઉદ્દેશ્ય]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨] તેના **કહ્યામાં** કશો અર્થ નથી.

[૩] **કહ્યા** કરતાં કરવું સારું. [નામયોગી સાથે છઠ્ઠી વિભક્તિ; કહ્યા–કહ્યાના]

[૪] કાગળ **લખ્યાની** તારીખ યાદ નથી ? [એ નામ વચ્ચેનો સંબંધ છઠ્ઠીથી બતાવાયો છે.]

અહીં ભૂતકૃદંતો નામ તરીકે વપરાયાં છે.

[घ]

[૧] હું કાલે ગામ **જનાર** છું.

[૨] કાલે **આવનારને** આટલું કહેજો.

[૩] **કહેનાર** કરતાં **કરનાર** સારો. [નામયોગી સાથે છઠ્ઠી વિભક્તિમાં કહેનાર–કહેનારના]

અહીં ભવિષ્યકૃદંતો નામ તરીકે વપરાયાં છે.

[૨] **વિશેષણ તરીકે**

[क]

[૧] **દોડતો** ઘોડો અમે જોયો. [ઘોડાનું વિશેષણ]

[૨] **રમતું** છોકરું સૌને ગમે. [છોકરું એ નામનું વિશેષણ]

અહીં વર્તમાનકૃદંતો વિશેષણ તરીકે વપરાયાં છે.

[ख]

[૧] **ચાવેલું** અન્ન જલદી પચે છે. [' અન્ન 'નું વિશેષણ]

[૨] **ભાંગ્યું** હૈયું સંધાતું નથી. [' હૈયા 'નું વિશેષણ]

અહીં ભૂતકૃદંતો વિશેષણ તરીકે વપરાયાં છે.

[ग]

[૧] **કરવાનું** કામ મુલતવી ન રાખો. [' કામ 'નું વિશેષણ]

[૨] **લખવાનો** કાગળ અહીં પડ્યો છે. [' કાગળ 'નું વિશેષણ]

અહીં ભવિષ્યકૃદંતો વિશેષણ તરીકે વપરાયાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩] ક્રિયાવિશેષણ તરીકે

[૧] બાળક દોડતાં દોડતાં પડી ગયું. [રીતવાચક ક્રિયા-વિશેષણનો અર્થ]

[૨] અમે ચડતાં ચડતાં થાકી ગયા. [કારણવાચક ક્રિયા-વિશેષણનો અર્થ]

[૩] રમીને બાળકો ઘેર ગયાં. [કાળવાચક ક્રિયાવિશેષણનો અર્થ]

અહીં કૃદંતો ક્રિયાવિશેષણ તરીકે વપરાયાં છે.

નોંધ — કૃદંતની ઓળખ તેના કાર્ય પરથી કરવી.

[૧] તે લખતાં શીખે છે. [નામ]

[૨] અમે લખતાં બાળકો જોયાં. [વિશેષણ]

[૩] હું લખતાં લખતાં થાકી ગયો. [ક્રિયાવિશેષણ]

ઉપરનાં વાક્યોમાં કૃદંતોનાં રૂપ એક જ છે, પરંતુ વાક્યમાં તે જુદું જુદું કાર્ય કરે છે.

કૃદંતના પ્રકાર

વર્તમાન કૃદંત	ભૂત કૃદંત	ભવિષ્ય કૃદંત	સામાન્ય કૃદંત	હેત્વર્થ કૃદંત	પૂર્વક્રિયાવાચક [સંબંધક]
[રમતો]	[રમ્યો, રમેલો]	[રમનાર, રમવાનો]	[રમવું]	[રમવાનો]	[રમીને]

મનોયત્ન : ૧૦

નીચેનાં વાક્યોમાં આવેલાં કૃદંતો ઓળખો—

૧. સવારે ગાતાં પંખીઓનો સ્વર બહુ મધુર હોય છે.

૨. રમતું બાળક સૌ કોઈને ગમે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. તમે આપેલી ચોપડી મેં વાંચી નાખી છે.
૪. કર્યા કામનો બોજો માથે રહેતો નથી.
૫. મારો ભાઈ આવતી પરીક્ષામાં બેસનાર છે.
૬. ધોવાનાં વાસણો અહીં લઈને આવો.
૭. ઢોળાવ ઉપરથી ઊતરતાં તે ગબડીને નીચે આવ્યો.
૮. વહેલા ઊઠીને બહાર ફરવું ફાયદાકારક છે.
૯. દિવસે ઊંઘવાની ટેવ નુકસાનકારક છે.
૧૦. સ્ટેશન ઉપર જતાં જતાં એ મને મળવાને આવ્યો.
૧૧. આપણે જીવવાને ખાવું જોઈએ.
૧૨. ઘર રંગવાને તેણે રંગારાને બોલાવ્યો.

મનોયત્ન : ૧૧

નીચેનાં વાક્યોમાં કૃદંત કયાં પદ તરીકે વપરાયાં છે તે કહો—

૧. મારો મિત્ર આજે **આવનાર** હતો, પણ કામ **હોઇને** આવ્યો નહિ.
૨. કાગળ **લખ્યાની** વાત ભૂલી જતાં, મેં તેને બીજો પત્ર લખી દીધો.
૩. સિક્કા **મારેલી** ટિકિટો ભેગી **કરીને** છોકરાએ સંગ્રહપોથી બનાવી.
૪. હરીફાઈમાં દોડતા ઘોડામાંનો સૌથી ઊંચો ઘોડો વાડ **કૂદતાં** ઠોકરાઈને તૂટી પડ્યો.
૫. તેને વાસણ **માંજતાં** આવડતું નથી.
૬. મેં **મોકલેલી** ચોપડી તેને વખતસર મળી ગઈ.
૭. ઉપેન્દ્રને સાંજે નિયમિત **રમવું** ગમે છે.
૮. આમથી તેમ **ઊડતાં ઊડતાં** આખરે તે કાગડો પાણીના વાસણ ઉપર **જઈને** બેઠો.

●

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૮

ક્રિયાવિશેષણ—તેના પ્રકાર

[क]	[ख]
[૧] હરીશ મોડો આવ્યો.	[૧] હરીશ જલદી આવ્યો.
[૨] હંસા મોડી આવી.	[૨] હંસા જલદી આવી.
[૩] તું આમનો જજે.	[૩] છોકરો ત્યાં છે.
[૪] તું કેમની ગઈ ?	[૪] છોકરી ત્યાં છે.

ઉપરનાં વાકયોમાં મોટા અક્ષરે છાપેલાં પદો ક્રિયાપદના અર્થમાં વધારો કરે છે. એ ક્રિયાવિશેષણ છે.

જે પદ ક્રિયાપદના અર્થમાં વધારો કરે છે, તે ક્રિયાવિશેષણ કહેવાય છે.

ક્રિયાવિશેષણનું કાર્ય કરનારાં પદોમાં કેટલાંકનું રૂપ જાતિ અને વચનના પ્રત્યયો લાગી ફરે છે. कના ખાનામાં જે ક્રિયાવિશેષણો છે તેમનું રૂપ આ પ્રમાણે ફર્યું છે. એને ક્રિયાવિશેષણ કહે છે.

કેટલાંક ક્રિયાવિશેષણોનું રૂપ જાતિ–વચનના પ્રત્યયો લાગી ફરતું નથી, પરંતુ તે હમેશાં એક જ રૂપમાં વપરાય છે. खના ખાનામાં આ પ્રકારનાં ક્રિયાવિશેષણો છે. એનું રૂપ ફરતું નથીઃ એ વ્યયી થતું નથી, તેથી એને ક્રિયાવિશેષણ અવ્યય કહેવામાં આવે છે.

જે ક્રિયાવિશેષણનું રૂપ અવ્યય એટલે ફેરફાર વિનાનું રહે છે, તેને ક્રિયાવિશેષણ અવ્યય કહે છે.

ક્રિયાવિશેષણના પ્રકાર

ક્રિયા કયે સ્થળે, કયા કાળમાં, કેવી રીતે બની છે એ ક્રિયાવિશેષણ ક્રિયાપદ સાથે સંબંધી રાખી બતાવે છે. આથી ક્રિયાવિશેષણના જુદા જુદા પ્રકારો પડે છે. એ નીચે મુજબ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧] સ્થળવાચક

૧. તમે **ત્યાં** જજો.

૨. હું **અહીં** ઊભો રહીશ.

આ ક્રિયાવિશેષણો ક્રિયાનું સ્થળ બતાવે છે.

સ્થળનો અર્થ દર્શાવનાર ક્રિયાવિશેષણ સ્થળવાચક ક્રિયાવિશેષણ કહેવાય છે.

[**થોડા દાખલા :** ત્યાં, ક્યાં, અહીં, તહીં, ઉપર, નીચે, અંદર, બહાર, પાસે, દૂર, નજીક, છેટે, આઘે, હેઠે, ઊંચે, આગળ, પાછળ.

દિશા બતાવનાર—આમ, તેમ, એમ, કેમ, દખણાતો, આથમણો.

(૧) તમે કેમ (કઈ દિશાએ) જશો ? આમ કે તેમ ?]

[૨] કાળવાચક

[૧] હું **હમણાં** બજારમાંથી આવ્યો.

[૨] તમે **ક્યારે** જશો ? **અત્યારે** કે **પછી** ?

આ ક્રિયાવિશેષણો ક્રિયાનો કાળ બતાવે છે.

કાળનો અર્થ દર્શાવનાર ક્રિયાવિશેષણ કાળવાચક ક્રિયાવિશેષણ કહેવાય છે.

[**થોડા દાખલા :** (૧) ક્રિયાવિશેષણ અવ્યય : ત્યારે, ક્યારે, હમણાં, હાલ, કાલે, આજે, સાંજના, સવારે, વખતસર, જીવનભર, અંતે, છેવટે, રોજ, સદા, પોર, વારંવાર, વગેરે. (૨) ક્રિયાવિશેષણ : ક્યારનો, હમણાંના, વગેરે.]

[૩] રીતવાચક

[૧] હરણ **ઉતાવળે** દોડે છે. [૩] મગન **ધમધમ** ચાલે છે.

[૨] કૂતરો **ધીમે** ચાલે છે. [૪] પંખી **ફડફડાટ** ઊડી ગયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ક્રિયાવિશેષણો ક્રિયા કેવી રીતે થઈ તે બતાવે છે. આમ રીત દર્શાવનાર ક્રિયાવિશેષણ રીતવાચક ક્રિયાવિશેષણ કહેવાય છે.

કેટલાક શબ્દો પ્રાણી કે પદાર્થની ક્રિયાના અવાજનું અનુકરણ દર્શાવે છે. અવાજનું અનુકરણ કરનારા આવા શબ્દો કેટલીક વાર ક્રિયાવિશેષણ તરીકે વપરાય છે. અહીં ધમધમ અને ફડફડાટ એ બે શબ્દો ક્રિયા કેવી રીતે અવાજ સહિત થઈ તે સૂચવે છે.

[થોડા દાખલા : (૧) ક્રિયાવિશેષણ અવ્યય : આમ, એમ, તેમ, કેમ, ઓચિંતું, હળવે, ધીમે, એકદમ, ઠીક, વ્યર્થ, કડકડ, પડપડ, ખડખડ, ધબધબ, દોડતાં દોડતાં વગેરે.

(૨) ક્રિયાવિશેષણ : ઓચિંતો, ઓચિંતી, ધીમો, ધીમી, ધીમું વગેરે.]

[૪] હેતુવાચક

[૧] રમેશ **કેમ** આવ્યો હતો ? [કયા હેતુથી]

અહીં ક્રિયાવિશેષણ ક્રિયાનો હેતુ જાણવા માટે વપરાયું છે.

હેતુનો અર્થ દર્શાવનાર ક્રિયાવિશેષણ હેતુવાચક ક્રિયાવિશેષણ કહેવાય છે.

[૨] હેમંત **રમવાને** આવ્યો હતો.

'રમવાને' એ પદ મૂળ કૃદંત છે. પણ અહીં ક્રિયાનો હેતુ બતાવી ક્રિયાપદના અર્થમાં વધારો કરે છે, તેથી એનો હેતુવાચક ક્રિયાવિશેષણ તરીકે પ્રયોગ થયો છે.

[૫] માપવાચક

[૧] તે **જરાક** ચાલ્યો. [૩] હું **થોડુ** ઊંઘ્યો.

એટલામાં થાકી ગયો.

[૨] તેણે **અતિશય** ખાધું. [૪] સૈનિક **તદ્દન** થાકી ગયો.

આ ક્રિયાવિશેષણો ક્રિયા થોડે કે ઘણે અંશે થઈ છે એવો માપનો અર્થ બતાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માપનો અર્થ દર્શાવનાર ક્રિયાવિશેષણ માપવાચક ક્રિયાવિશેષણ કહેવાય છે.

[થોડા દાખલા : લગીર, લગાર, બહુ, જરા, વિશેષ, વધારે, એટલું, કેટલું, છેક વગેરે.]

[૬] સંશયવાચક

[૧] મારો ભાઈ કદાચ ગામ જશે. [૩] ઘણું કરીને તે ઘેર જ હશે.

[૨] તે કદી આવે તો શું કહીશ ?

આ ક્રિયાવિશેષણો ક્રિયા વિશે શંકા કે સંશયનો અર્થ બતાવે છે. સંશયનો અર્થ દર્શાવનાર ક્રિયાવિશેષણ સંશયવાચક ક્રિયાવિશેષણ કહેવાય છે.

[થોડા દાખલા : ક્રિયાવિશેષણ અવ્યય : ઘણું કરીને, બનતાં સુધી, વગેરે]

[૭] સંભાવનાવાચક

[૧] જાણે વરસાદ પડશે એવું લાગે છે. [સંભાવનાનો અર્થ]
[૨] રખે ગાડી ચુકાય એવી ચિંતા. [સંભાવનાનો અર્થ]
[૩] જાણે રવિદીપક જ્યોત જાગી. [ઉત્પ્રેક્ષાનો અર્થ]
[૪] શકે ધરાધર વાસ લેવા ચડ્યો ચંદનવૃક્ષે. [ઉત્પ્રેક્ષાનો અર્થ]
[૫] શું આભમાં ઊડતી એ પરીઓ ? [ઉત્પ્રેક્ષાનો અર્થ]

ઉપરનાં બધાં ક્રિયાવિશેષણો ક્રિયામાં સંભાવના કે ઉત્પ્રેક્ષાનો અર્થ બતાવે છે.

આથી આ ક્રિયાવિશેષણો સંભાવનાવાચક ક્રિયાવિશેષણ કહેવાય છે.

[૮] નિશ્ચયવાચક

[૧] રમેશ નક્કી આવશે. [૨] તે જરૂર ત્યાં જશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩] મેં **ખરેખર** કાર્ય કર્યું છે.

[૪] સુધીર આ કામ **અવશ્ય** કરશે.

આ ક્રિયાવિશેષણો ક્રિયા જરૂર બની છે કે બનશે એવો અર્થ દર્શાવે છે. એ નિશ્ચયવાચક ક્રિયાવિશેષણો છે.

નક્કીપણાનો કે નિશ્ચયનો અર્થ દર્શાવનાર ક્રિયાવિશેષણ નિશ્ચયવાચક ક્રિયાવિશેષણ કહેવાય છે.

[**થોડા દાખલા :** ક્રિયાવિશેષણ અવ્યય : અવશ્ય, નક્કી, ખરેખર, ખરેખાત, ખચીત, ખરે, જરૂર, નિઃશંક વગેરે.]

[૯] સ્વીકારવાચક

[૧] **ભલે** તે આવ્યો.

[૨] તમે જશો ? **હા,** હું જઈશ.

[૩] **વારુ,** હું આવીશ.

[૪] **સારું,** એ વાત પર વિચાર કરીશ.

[૫] **ઠીક,** તમે આવ્યા તે સારું કર્યું.

આ ક્રિયાવિશેષણો બનેલી કે બનવાની ક્રિયાનો સ્વીકાર કરવાનો અર્થ બતાવે છે.

આવાં ક્રિયાવિશેષણો સ્વીકારવાચક ક્રિયાવિશેષણ કહેવાય છે.

[૧૦] નકારવાચક

[૧] તે ગયો **નહિ.**

[૨] તમે જશો **મા.**

[૩] આમ **ના** કર.

[૪] આમ **ન** જવાય.

આ ક્રિયાવિશેષણો ક્રિયાના બનવા વિશે નકારનો અર્થ બતાવવા વપરાય છે. એ નકારવાચક ક્રિયાવિશેષણ કહેવાય છે.

નકારનો અર્થ દર્શાવનાર ક્રિયાવિશેષણ નકારવાચક ક્રિયાવિશેષણ કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૧] ભારવાચક

જ, યે, એ, ય, તો, પણ.

આ ક્રિયાવિશેષણોનો ઉપયોગ ખાસ રીતે થાય છે. એ માત્ર ક્રિયાપદોની સાથે જ વપરાતાં નથી, પણ નામ વગેરે પદોની સાથે પણ આવે છે. જ્યારે કોઈ પદની ઉપર અમુક ખાસ ખાસ અર્થમાં ભાર મૂકવો હોય, ત્યારે ઉપલાં ક્રિયાવિશેષણો એ પદની સાથે વપરાય છે.

આ ભારવાચક ક્રિયાવિશેષણો કહેવાય છે.

દાખલા

[૧] મગન અહીં આવ્યો હતો.

મગન જ અહીં આવ્યો હતો.

મગન સિવાય બીજો કોઈ આવ્યો નહિ, એવો અર્થ 'જ' બતાવે છે.

[૨] મગન આવ્યો જ હતો.

મગન માત્ર આવ્યો એટલું જ. તેણે બીજું કશું કર્યું નહિ, એવો અર્થ છે.

[૩] મગન આવ્યો હતો જ.

મગન આવેલો એવો નિશ્ચયનો અર્થ 'જ' બતાવે છે.

'એ', 'ય', 'યે' અને 'પણ' એ બધાં એક જ અર્થમાં વપરાય છે. વળી એમને જુદાં જુદાં પદો સાથે વાપરવાથી વાક્યનો અર્થ ફરે છે.

[૧] રમાયે જીતશે ખરી !

રમા પણ જીતશે એવો અર્થ 'યે' બતાવે છે.

[૨] મહેશ જીતશેય.

મહેશ બીજી ક્રિયા કરવા ઉપરાંત જીતવાની ક્રિયા પણ કરશે એવો અર્થ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩] રામ **તો** આવશે.
બીજા આવે કે ન આવે, પણ રામ આવશે જ એવો અર્થ 'તો' બતાવે છે.

[૪] રામ આવ્યો **તો** છે.
રામ આવે કે નહિ તે વિશે શંકા રહી નથી, એવો અર્થ 'તો' બતાવે છે.

આ બધાં જ, **તો** ક્રિયાવિશેષણો ગમે તે પદ સાથે વપરાય છે, તોપણ તેનો સંબંધ ક્રિયાપદના અર્થની સાથે રહે છે, તેથી એ ક્રિયાવિશેષણ ગણાય છે.

શબ્દસમૂહનું કે સમાસનું બનેલું ક્રિયાવિશેષણ

[૧] ઘેરા સામે લોકો **કયાં સુધી** ટકી રહેશે ?

[૨] તેણે **જિંદગી પર્યંત** લોકોની સેવા કરી.

[૩] તે **યથાશક્તિ** ફાવી ગયો.

કેટલીક વાર બે ત્રણ શબ્દો ભેળા મળીને ક્રિયાવિશેષણ તરીકે વપરાય છે.

[**થોડા દાખલા**—ઘણું કરીને, કયાં સુધી, મુખ્યત્વે કરીને, સામાન્ય રીતે, જુસ્સાભેર, હરરોજ, પ્રતિવર્ષ, ત્યાં સુધી, જિંદગી પર્યંત, આજ સુધી, ત્યાં લગી, ધ્યાનપૂર્વક, યથાવિધિ, યથાશક્તિ, પ્રતિદિન, આજીવન, અનેક રીતે વગેરે.]

સાધિત થયેલાં ક્રિયાવિશેષણો

[૧] અમે **સાંજે** તમારે ત્યાં આવીશું. [સાંજ એ નામ ઉપરથી]

[૨] બધા **એકત્ર** થાઓ [એક એ વિશેષણ ઉપરથી]

[૩] તમે **સર્વદા** સુખી રહો. [સર્વ એ સર્વનામ ઉપરથી]

[૪] સૂર્યનાં કિરણો **સર્વત્ર** પ્રસરી ગયાં. [સર્વ એ સર્વનામ ઉપરથી]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર બતાવ્યું છે તે પ્રમાણે કેટલાંક ક્રિયાવિશેષણો નામ, વિશેષણ, સર્વનામ વગેરે ઉપરથી તેના રૂપમાં ફેરફાર થઈ સાધિત થયેલાં હોય છે. એ ફેરવાયેલાં રૂપો અવ્યય રૂપે રહે છે, અને એમનો ઉપયોગ ક્રિયાવિશેષણ તરીકે થાય છે.

'સાંજ' એ નામ છે. એ પરથી સાંજે એ સાતમી વિભક્તિનું રૂપ અવ્યય રહી કાળવાચક ક્રિયાવિશેષણ તરીકે વપરાય છે.

[થોડા દાખલા : (૧) નામ ઉપરથી : સવારે, રાતે, કાલે, આજે, શબ્દશઃ, રીતસર, માપસર, અદબસર, તારીખવાર, વર્ષભર, રોફભેર, નામવાર.

(૨) વિશેષણ ઉપરથી : એકદા, અનેકધા, એકધા, એકત્ર, બહુધા, અનેકશઃ.

(૩) સર્વનામ ઉપરથી : સર્વથા, અન્યથા, યથા, તથા, યદા, તદા, અત્ર, તત્ર.]

મનોયત્ન : ૧૨

નીચે આપેલાં વાક્યોમાંથી ક્રિયાવિશેષણ શોધી તેનો પ્રકાર કહો—

૧. તમે આથમણા જજો, એટલે વખતસર પહોંચી જશો.
૨. બધા છોકરા ધબધબ દાદર ઊતરી ગયા, પરંતુ હું જ એકલો હળવેથી નીચે આવ્યો.
૩. દિનેશ રમવાને ગયો. તેને મેં ઉપરથી જોયો.
૪. સવારે હું પ્રથમ ગયો, પણ સાંજે હું છેલ્લો આવ્યો.
૫. આ વસ્તુ વારંવાર કરશો તો મનનો કાબૂ જરૂર ચાલ્યો જશે.
૬. જો તમે હમણાં જશો તો મહેન્દ્ર કદાચ મળે પણ ખરો.
૭. આ તમે ક્યારે અને ક્યાંથી સાંભળ્યું ? ભલે, તમારી મરજી ન હોય તો ના કહો, પણ તમારે શું ખરેખર કંઈ વાંધો છે ?
૮. આ કરશો તો ખચીત પસ્તાશો, કારણ કે હરઘડીએ તમારા શત્રુ તમારો પીછો પકડશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯. મેદાનથી દૂર જજો અને આજુબાજુ જોયા વિના સીધા ઉતાવળે ચાલ્યા કરજો.
૧૦. હું તદ્દન કંટાળી ગયો અને તેથી કાયમ શાંતિ મળે એવા સ્થળે રહેવાને ગયો.
૧૧. તમેયે આ બાબતમાં જાણે ભૂલ્યા હો એમ આજે લાગે છે.
૧૨. ઘણુંખરું રવીન્દ્ર થોડું દોડશે, પણ એનો ભાઈ રમતમાં પહેલો આવશે અને ઇનામ ચોક્કસ મેળવશે.

અભ્યાસ : ૧૩

નીચેનાં ક્રિયાવિશેષણો કયાં પદ પરથી સાધિત થયાં છે તે કહો—

રીતસર	અંશતઃ	તત્ર	એકાદ	દિન પર્યંત
કામસર	અન્યત્ર	અન્યથા	આજે	હારબંધ
અક્ષરશઃ	દ્વિધા	કાલે	સર્વથા	કદમબંધ
ગુસ્સાભેર	દિનભર	સર્વદા	બહુધા	રોફબંધ

•

પ્રકરણ ૯

નામયોગી (શબ્દયોગી) અવ્યય

વાક્યમાં નામને તથા સર્વનામને જુદા જુદા અર્થ દર્શાવવા જુદા જુદા પ્રત્યય લાગે છે. કેટલીક વાર નામ તથા સર્વનામ સાથે પ્રત્યયને બદલે તેનો અર્થ દર્શાવવા અવ્યયો વપરાય છે. એ અવ્યયો વિભક્તિની માફક સાધન, સ્થળ વગેરેનો અર્થ સૂચવે છે.

૧. હિમાલય **ઉપર** હમેશાં બરફ હોય છે.

૨. તેણે કુહાડી **વડે** ઝાડ કાપ્યું.

૩. રમેશ **માટે** ખમીસ લાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરના દાખલાઓમાં ઉપર, વડે, માટે એ પદો નામની સાથે જુદી જુદી વિભક્તિના અર્થ બતાવવા વપરાયાં છે. ઉપર સ્થળ કે અધિકરણ સૂચવી સાતમી વિભક્તિનો અર્થ; વડે સાધન કે કરણનો ત્રીજી વિભક્તિનો અર્થ; અને માટે ચોથીનો અર્થ સૂચવે છે. આવાં પદો નામયોગી અવ્યય કહેવાય છે.

જે અવ્યય કોઈ નામ કે સર્વનામની સાથે વપરાય અને બીજા પદ સાથેનો સંબંધ બતાવે, તે નામયોગી અવ્યય કહેવાય છે.

જુદી જુદી વિભક્તિના અર્થનાં નામયોગી અવ્યયો

	નામયોગી અવ્યય	અર્થ
૧.	લગી, સુધી, પર્યંત, લગણ —	કાળ તથા સ્થળની મર્યાદા–સૂચક બીજી
૨.	દ્વારા, વડે, વતી, મારફત, લીધે, કરીને—	કરણ કે સાધનના અર્થમાં ત્રીજી
	સાથે, સહિત, સુધ્ધાં —	સાથે હોવાના અર્થમાં ત્રીજી
૩.	કાજે, વાસ્તે, અર્થે, માટે, સારુ, ખાતર —	હેતુના અર્થમાં ચોથી
૪.	થકી, ઉપરથી, અંદરથી —	અપાદાનના અર્થમાં પાંચમી
૫.	અંદર, બહાર, નીચે, આસપાસ, આગળ, પાછળ, કને માંહે, વચ્ચે, ઉપર, વિશે, અગાડી, પછાડી, સમીપ, પૂઠે, વાંસે, આગળ, પાછળ—	અધિકરણ કે સ્થળના અર્થમાં સાતમી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિભક્તિના અર્થ ઉપરાંત પણ અન્ય અર્થ દર્શાવવા નામયોગી અવ્યયો વપરાય છે—

અવ્યય	અર્થ
વિના, વગર, સિવાય, વિણ, વણ —	અભાવના અર્થમાં
પેઠે, માફક, તરીકે, જેમ, ગોડે,—	કેટલીક વાર રીતના, તો કેટલીક વાર સાદૃશ્યના અર્થમાં
કરતાં—	તુલનાના અર્થમાં

નામયોગીનો પદો સાથેનો સંબંધ

નામયોગી અવ્યયનો વાક્યમાં પદો સાથે કેવી રીતે સંબંધ હોય છે તે નીચે બતાવ્યું છે :

(૧) હિમાલયની **ઉપર** બરફ રહે છે.

અહીં **ઉપર** એ નામયોગી **બરફ** અને **હિમાલય** એ બે પદો વચ્ચેનો સંબંધ સૂચવે છે.

ઉપર એ **હિમાલયની** એ પદ સાથે વપરાયું છે, અને તેનો **બરફ** સાથેનો સંબંધ સૂચવે છે.

જે નામ સાથે નામયોગી વપરાયું હોય તે નામને ઘણુંખરું છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય લાગે છે, અથવા તો એ પ્રત્યય ગમ્યમાન એટલે કે સમજી લેવાનો હોય છે—

૧. ઝાડ ઉપર અથવા તો ઝાડની ઉપર

૨. ગામ ભણી અથવા તો ગામની ભણી

૩. રામ વિના અથવા તો રામના વિના

૪. કોયલ કરતાં અથવા તો કોયલના કરતાં

૫. રામ વિશે અથવા તો રામને વિશે

કોઈ વાર નામને છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય ન લાગતાં ત્રીજીનો પ્રત્યય લાગે છે. જેમકે, કુહાડીએ કરીને આ ઝાડ કાપો. (કરીને–વડે)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામયોગી નામની આગળ અને પાછળ

૧. પુસ્તક **વિના** શાળાએ જવું નહિ.

૨. **વિના** કારણે તમે હેરાન થાઓ છો.

ઉપરનાં વાક્યોમાં **વિના** એ નામયોગી તેના નામની આગળ તેમજ પાછળ વપરાયું છે. આમ કેટલાંક નામયોગી અવ્યયો નામની આગળ તેમજ પાછળ બંને રીતે આવે છે.

• અભ્યાસ •

(૧) **વિના** વાંકે તેને મારશો નહિ.

(૨) **વગર** મહેનતે કંઈ વળતું નથી.

(૩) **વણ** આવડતે તે નિષ્ફળ ગયો.

અહીં બધાં નામયોગી નામની આગળ આવ્યાં છે, અને એની સાથે આવેલાં નામને ત્રીજી વિભક્તિનો એ પ્રત્યય લાગ્યો છે. સામાન્ય રીતે નામયોગી અવ્યયો તેના નામની પાછળ આવે છે.

એકનું એક પદ નામયોગી અને ક્રિયાવિશેષણ

(૧) ઝાડની **પાસે** જાઓ. (નામયોગી)

૨) **પાસે** આવો. (ક્રિયાવિશેષણ)

પહેલા વાક્યમાં, **પાસે** 'ઝાડની' એ નામ સાથે વપરાયું છે, અને એ નામયોગી અવ્યય છે. બીજા વાક્યમાં, **પાસે** 'આવો' એ ક્રિયાપદ જોડે વપરાયું છે, અને સ્થળ બતાવી તેનો વધારો કરે છે, તેથી એ ક્રિયાવિશેષણ અવ્યય છે.

• અભ્યાસ •

(૧) ઓટલાની **નીચે** ઊતરો (નામયોગી)

નીચે ઊતરો. (ક્રિયાવિશેષણ)

(૨) ઘરની **અંદર** જાઓ. (નામયોગી)

અંદર જાઓ. (ક્રિયાવિશેષણ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) ઝાડની **ઉપર** ચઢો. (નામયોગી)
ઉપર ચઢો. (ક્રિયાવિશેષણ)

મનોયત્ન : ૧૪

નીચેનાં વાક્યોમાં મોટા અક્ષરે છાપેલાં પદોમાં કયાં નામયોગી છે અને કયાં ક્રિયાવિશેષણ છે તે કહો—

૧. મારા મિત્રની **સાથે** તમે મારે ત્યાં આવજો.
૨. તમે (બંને જણ) **સાથે** જજો.
૩. રમેશની **પહેલાં** અહીં કોણ આવ્યું હતું?
૪. **પહેલાં** આ કામ કરો, અને પેલું **પછી** કરો.
૫. એક કલાક **પછી** મને મળજો.
૬. અસલના વખતમાં સ્ત્રીઓ પતિની **પાછળ** સતી થતી.
૭. તમે **પાછળ પાછળ** ચાલો.
૮. ઘરની **અંદર** તમે શું કરો છો?
૯. **અંદર** રહો રહો એ તારો ન દેખાય : **બહાર** આવો.
૧૦. ઝાડની **નીચે** છાયામાં અમે બેઠા હતા, ત્યાં એક ફળ **નીચે** પડ્યું.

મનોયત્ન : ૧૫

નીચેનાં વાક્યોમાં આવેલાં નામયોગી પદો શોધો અને તે કયા અર્થમાં વપરાયાં છે તે કહો—

૧. બાગની આસપાસ આવેલી ઝાડની હારો વચ્ચે થઈને અમે પસાર થયા.
૨. મહેશ રામની પહેલાં ઘર બહાર નીકળી ગયો.
૩. દલાલ મારફતે અમે શેઠને માટે માલ ખરીદ્યો.
૪. રાજાની સન્મુખ ઊભા રહીને પ્રધાને વાત કરી.
૫. વગર કારણે તમારે આ બાબતની અંદર માથું મારવું નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬. સતીશ કરતાં તેનો ભાઈ ત્રણ વરસ નાનો છે.
૭. લડાઇ બે વરસ સુધી લંબાશે.
૮. ત્રણ વર્ષ પર્યંત લાગલાગટ આરામ વિના તેણે પરિશ્રમ કર્યો.
૯. આ ઘરની પાછળ અને વચ્ચે ચોક છે.
૧૦. મારી માફક, નહિ કે તેની પેઠે તમારે વર્તવું જોઈએ.

•

પ્રકરણ ૧૦

ઉભયાન્વયી અવ્યય

જે અવ્યય બે પદને, બે પદસમૂહને અથવા બે વાક્યોને જોડે, તે ઉભયાન્વયી અવ્યય કહેવાય છે. ઉભય એટલે બંને અને અન્વય એટલે સંબંધ. ઉભયાન્વયી એટલે બંને સાથે સંબંધ રાખનાર.

૧. રામ **અને** સીતા વનમાં ગયાં.
૨. બે **અને** આઠ મળીને દશ થાય.

ઉપરનાં વાક્યોમાં **અને** એ ઉભયાન્વયી અવ્યય બે પદોને જોડે છે.

૧. ઝડપથી દોડીને **અને** ગભરાતાં ગભરાતાં તેમણે ગાડી પકડી.

ઉપરના વાક્યમાં **અને** એ ઉભયાન્વયી અવ્યય બે પદસમૂહોને જોડે છે.

૧. વડને ડાળીઓ હોય છે, **પણ** નાળિયેરીને ડાળી હોતી નથી.

ઉપરના વાક્યમાં **પણ** એ ઉભયાન્વયી અવ્યય બે વાક્યોને જોડે છે.

સમાન કક્ષાનાં વાક્યોને જોડનારાં ઉભયાન્વયી પદો

અહીં સમાનકક્ષ વાક્યોને કે પદોને જોડનારાં જુદા જુદા અર્થનાં ઉભયાન્વયી અવ્યયો આપ્યાં છે. જે જુદા જુદા અર્થમાં એ વાક્યોને જોડે છે, તે ઉપરથી એના નીચે પ્રમાણે પાંચ પ્રકાર પડે છે—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧) સમુચ્ચયવાચક (૨) વિરોધવાચક (૩) વિકલ્પવાચક (૪) અનુમાનવાચક (૫) પર્યાયવાચક.

૧. સમુચ્ચયવાચક

૧. મારે ચોપડી **અને** કલમ જોઈએ છે.

૨. અમે ઘેર ગયા **અને** હરીશ રમવા ગયો.

પહેલા વાક્યમાં, ચોપડી અને કલમ એ બંનેનો સમુચ્ચય કરવાનો એટલે ભેગાં કરવાનો અર્થ છે. બીજા વાક્યમાં, બે વાક્યમાં આવેલાં જુદાં જુદાં વિધાનોનો સમુચ્ચય કર્યો છે. ને, અને, તથા એ સમુચ્ચય-વાચક ઉભયાન્વયી અવ્યયો છે.

જે ઉભયાન્વયી અવ્યય સમૂહ કે સમુચ્ચયનો અર્થ બતાવે, તે **સમુચ્ચયવાચક** ઉભયાન્વયી અવ્યય કહેવાય છે.

૨. વિરોધવાચક

૧. મહેશ ઉદ્યમી છે, **પરંતુ** હરિ આળસુ છે.

૨. તમે ત્યાં ગયા, **પણ** અમે ગયા નહિ.

પહેલા વાક્યમાં, એકબીજાથી વિરુદ્ધ અર્થનાં બે કથનો છે. એ 'પરંતુ' અવ્યયથી દર્શાવ્યું છે. તેવી જ રીતે, બીજા વાક્યમાં 'પણ' એ અવ્યયથી બે વિરુદ્ધ અર્થનાં વિધાનો ભેગાં આવ્યાં છે એમ સમજાય છે. પણ, પરંતુ, કિંતુ, તથાપિ, છતાં એ વિરોધવાચક ઉભયાન્વયી અવ્યયો છે.

જે ઉભયાન્વયી અવ્યય વિરુદ્ધ અર્થ દર્શાવે અને વિરુદ્ધ અર્થનાં પદો કે વાક્યોને જોડે, તે **વિરોધવાચક** ઉભયાન્વયી અવ્યય કહેવાય છે.

૩. વિકલ્પવાચક

૧. તમે આ લો **અથવા** પેલું લો.

૨. આ ચોપડી **કે** પેલી ચોપડી લાવો.

૩. આ રંગ લાવો **વા** (કિંવા) પેલો લાવો.

૪. ઊભા રહો **યા** બેસો.

૫. શાંત બેસો **અગર** ચાલ્યા જાઓ.

૬. મહેનત કરો, **નહિ તો** નિષ્ફળ જશો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરનાં વાક્યોમાં જુદાં જુદાં ઉભયાન્વયી પદો એમાંથી એકની પસંદગી કે વિકલ્પ સૂચવવા વપરાયાં છે. અથવા, વા, યા, કિંવા, કે, અગર, નહિ તો, નહિતર, નીકર એ બધાં વિકલ્પવાચક ઉભયાન્વયી અવ્યયો છે.

જે ઉભયાન્વયી અવ્યય વિકલ્પનો અર્થ સૂચવે, તે **વિકલ્પવાચક** ઉભયાન્વયી અવ્યય કહેવાય છે.

૪. અનુમાનવાચક

૧. તે માંદો હતો **તેથી** શાળાએ આવી શક્યો નહિ.

૨. તે ગયો હતો **એટલે** મળી શક્યો નહિ.

૩. તેણે અતિશય ખાધું **માટે** તે માંદો પડ્યો.

ઉપરનાં વાક્યોમાં જુદાં જુદાં ઉભયાન્વયી અવ્યયો બે વાક્યોને જોડે છે. તે પૈકી પહેલા વાક્યમાં કહેલી હકીકતના પાયા ઉપર અનુમાન કરીને બીજા વાક્યની હકીકત બની છે એમ જણાવ્યું છે. આ રીતે આ પ્રકારનાં ઉભયાન્વયી પદો અનુમાનરૂપ હકીકત અને તેના પાયારૂપ હકીકત દર્શાવનારાં બે વાક્યોને જોડે છે. તેથી, એટલે, માટે, તેથી કરીને, એથી, તેટલા માટે એ બધાં અનુમાનવાચક ઉભયાન્વયી અવ્યયો છે.

જે ઉભયાન્વયી અવ્યય અનુમાનનો અર્થ દર્શાવીને બે વાક્યોને જોડે, તે **અનુમાનવાચક** ઉભયાન્વયી અવ્યય કહેવાય છે.

૫. પર્યાયવાચક

૧. હરિશ્ચન્દ્ર સત્યવાદી **અર્થાત્** સાચું બોલનાર હતો.

૨. અહિંસક **એટલે કે** જેમાં હિંસા ન હોય એવું વર્તન રાખો.

ઉપરનાં વાક્યોમાં **અર્થાત્** અને **એટલે કે** એ અવ્યયો વિસ્તારથી કે સ્પષ્ટતાથી અર્થ સમજાવવા માટે દુર્બોધ કે કઠિન શબ્દોના પર્યાય સૂચવવા માટે વપરાયાં છે. એ અવ્યયો કોઈ પદ કે પદસમૂહ કે વાક્યનો પર્યાય દર્શાવે છે, તેથી તે **પર્યાયવાચક** ઉભયાન્વયી અવ્યય કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર જણાવેલાં બધા પ્રકારનાં ઉભયાન્વયી અવ્યયો સમાન કક્ષાનાં પદો, પદસમૂહો કે વાક્યોને જોડે છે. એ નીચેના દાખલાઓ ઉપરથી સ્પષ્ટ થશે.

૧. રામ અને મહેશ દોડે છે.
(એ સમાન કક્ષાનાં પદોને જોડે છે.)

૨. સવારના પહોરમાં અને સાંજની વખતે હું ફરવા જાઉં છું. (એ સમાન કક્ષાનાં પદસમૂહોને જોડે છે.)

૩. હેમંતે વાંચ્યું અને તે રમવા ગયો.
(એ સ્વતંત્ર વાક્યોને જોડે છે.)

૪. તેણે કહ્યું કે તે ડાહ્યો છે અને વિવેકી છે.
(એ સમાન કક્ષાનાં ઉપવાક્યોને જોડે છે.)

ઉપરના દાખલાઓ ઉપરથી સમજાશે કે અને એ ઉભયાન્વયી અવ્યય સમાન કક્ષાનાં પદો, પદસમૂહો, સ્વતંત્ર વાક્ય અથવા તો ઉપવાક્યોને જોડે છે. એવી જ રીતે ઉપર આપેલાં બીજાં ઉભયાન્વયી પદો પણ સમાન કક્ષાનાં વાક્ય વગેરેને જોડે છે.

મુખ્ય વાક્ય સાથે ઉપવાક્યને જોડનારાં ઉભયાન્વયી અવ્યય

હવે મુખ્ય વાક્ય સાથે ઉપવાક્યોને જોડનારાં ઉભયાન્વયી અવ્યયોનો વિચાર કરીએ. એના મુખ્ય બે પ્રકાર છે: (૧) નામવાક્યને જોડનારાં અને (૨) ક્રિયાવિશેષણ વાક્યને જોડનારાં.

૧. મુખ્ય વાક્ય સાથે નામવાક્યને જોડનાર

૧. સેનાપતિએ કહ્યું કે આ વરસે યુદ્ધ પૂરું થશે.

અહીં કે એ ઉભયાન્વયી અવ્યય નામવાક્યને મુખ્ય વાક્ય સાથે જોડે છે. એ અવ્યય નામવાક્યને આરંભે આવે છે, તેથી એ નામવાક્યનું આરંભક અવ્યય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. ક્રિયાવિશેષણ વાક્યને મુખ્ય વાક્ય સાથે જોડનાર

૧. કારણવાચક — આ વરસે દુકાળ પડયો, **કારણ કે** (કેમકે) વરસાદ પડયો નહિ.

૨. શરતવાચક — **જો** તમે મહેનત કરો **તો** ફતેહ પામશો.

૩. વિરોધવાચક — **જોકે** તે હોશિયાર છે, **તોપણ** તે નાપાસ થયો.

૪. કાળવાચક — **જ્યારે** તમે આવ્યા **ત્યારે** હું વાંચતો હતો. **જ્યાં** મદારી આવ્યો **કે** બાળકો ભેગાં થઈ ગયાં.

૫. રીતવાચક — **જેમ** મેં કામ કરી બતાવ્યું **તેમ** કરજો.

૬. સ્થળવાચક—**જ્યાં** અમે ગયાં,**ત્યાં** અમને સારો આવકાર મળ્યો.

૭. હેતુવાચક — નિયમિત કસરત કરો **કે** તબિયત સુધરે.

૮. પરિણામવાચક — વરસાદ **એટલો** બધો પડયો **કે** નદીમાં પૂર આવ્યું.

અહીં કે એ ઉભયાન્વયી અવ્યય એટલો, એટલી, એટલું એ વિશેષણ પછી આવીને મુખ્ય વાક્યની સાથે પરિણામવાચક ક્રિયાવિશેષણ વાક્યને જોડે છે.

ઉપવાક્યોને જોડનારાં ઉભયાન્વયી અવ્યયો પૈકી કેટલાંક જોડકાં રૂપે આવે છે તે ધ્યાનમાં રાખવું. જેમકે, જો – તો; જોકે – તોપણ; જ્યારે – ત્યારે; જેમ – તેમ; જ્યાં – ત્યાં; વગેરે.

એકનું એક અવ્યય જુદા પ્રકારના અવ્યય તરીકે

[૧] પછી

૧. તે ગયો **પછી** મેં લખવાનું શરૂ કર્યું. (ઉભયાન્વયી)

૨. શિયાળા **પછી** ઉનાળો આવે છે. (નામયોગી)

૩. તમે **પછી** આવજો. (ક્રિયાવિશેષણ)

[૨] પણ

૧. કેદીને માફી માગવા કહ્યું, **પણ** તેણે માન્યું નહિ. (ઉભયાન્વયી)

૨. રાજાને **પણ** પ્રજા આગળ નમવું પડે છે. (ક્રિયાવિશેષણ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩] માટે

૧. મારી બહેનને માટે ઢીંગલી લાવજો. (નામયોગી)

૨. તમે આ નુકસાન કર્યું છે માટે તમારે એની કિંમત ભરવી પડશે. (ઉભયાન્વયી)

[૪] છતાં

૧. પોલીસની હાજરી છતાં કેદી નાસી છૂટયો. (નામયોગી)

૨. વરસાદ પડયો, છતાં પાક ધાર્યો જેટલો થયો નહિ. (ઉભયાન્વયી)

ઉપરના દાખલાઓ જોતાં જણાશે કે એકનું એક અવ્યય જુદા જુદા અર્થમાં જુદા પ્રકારના અવ્યય તરીકે વપરાય છે. આ કારણે અવ્યય કયા પ્રકારનું છે એ તેના કાર્ય ઉપરથી નક્કી કરી શકાય; તેના રૂપ ઉપરથી નહિ એ ધ્યાનમાં રાખવું.

મનોયત્ન : ૧૬

નીચેનાં વાક્યોમાંથી ઉભયાન્વયી અવ્યય શોધીને તેનો પ્રકાર ઓળખો—

૧. જ્યારે અમે રમત રમતા હતા, ત્યારે મુકુંદ આતો હતો.

૨. રેલવે મુસાફરીનું સાધન છે એટલું જ નહિ, પણ તે વેપારનું પણ મહાન સાધન છે.

૩. તમે બરાબર રમો અથવા આ જગ્યા છોડી જાઓ.

૪. જેમ કેળવણી વધતી જાય છે, તેમ રાષ્ટ્રનું જીવન ઉન્નત થતું જાય છે.

૫. સૂર્ય અસ્તાચળે પહોંચ્યો અને માછીઓએ વહાણ લાંગર્યાં.

૬. જો તમે ઉદાર મન રાખો, તો તમને કુશંકા હેરાન કરશે નહિ.

૭. તેણે કહ્યું, "તમારા ભાઈને મદદ કરો કે તેને નિરાંત વળે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮. પુલ તૂટી પડ્યો, કારણ કે તે ખૂબ જૂનો હતો.
૯. જોકે સજ્જનો નુકસાન ખમે છે, તોપણ કોઈનું બૂરું ઇચ્છતા નથી.
૧૦. બાળકને પોષણ મળ્યું નહિ, તેથી તે માંદું પડ્યું.
૧૧. જ્યાં તીર્થસ્થાનો છે, ત્યાં સાધુસંતો મોટા પ્રમાણમાં જોવામાં આવે છે.
૧૨. હરિએ સમયસૂચકતા વાપરી, નહિ તો તે અકસ્માતમાં સપડાઈ જાત.
૧૩. મોટાંની શિખામણ સાંભળો કે જેથી તમે સુધરો.
૧૪. યુદ્ધ એટલું બધું લંબાયું કે પ્રજા ત્રાસી ગઈ.
૧૫. તમે આ કામ કર્યું છે, એટલે તમે તેને માટે જવાબદાર છો.

પ્રકરણ ૧૧

ઉદ્‌ગારવાચક (કેવળપ્રયોગી) અવ્યય

વાક્યમાં આવેલાં નામ, સર્વનામ, વિશેષણ વગેર પદો વ્યાકરણની દૃષ્ટિએ એકમેક સાથે સંબંધ રાખે છે. પરંતુ કેટલીક વાર વાક્યમાં હર્ષ, શોક વગેરે તીવ્ર લાગણીઓ દર્શાવવા માટે કેટલાંક અવ્યયો વપરાય છે. એ અવ્યયોનો વાક્યનાં બીજાં પદો સાથે વ્યાકરણની દૃષ્ટિએ કશો સંબંધ હોતો નથી. અમુક ઉદ્‌ગાર તરીકે એ કોઈ લાગણીનું સૂચન કરે છે, એટલે અર્થની દૃષ્ટિએ વાક્ય સાથે એનો સંબંધ હોય છે; પણ એ વ્યાકરણની દૃષ્ટિએ સ્વતંત્ર હોય છે. આ પ્રકારનાં અવ્યયો હર્ષ, શોક વગેરે લાગણીઓના ઉદ્‌ગારો જ હોય છે, તેથી એને **ઉદ્‌ગારવાચક** અવ્યય કહેવામાં આવે છે. એ અવ્યય વાક્યમાં કેવળ પ્રયોગ ખાતર જ આવતું હોવાથી એને **કેવળપ્રયોગી** અવ્યય પણ કહે છે.

દાખલા

૧. હાશ, હવે નિરાંત વળી !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. અરેરે, તે બિચારાને માથે દુઃખના ડુંગર તૂટી પડયા!

હાશ એ પદ સ્વતંત્ર રહીને સંતોષની લાગણી બતાવે છે, અને અરેરે એ દુઃખની લાગણીનો ઉદ્ગાર છે.

ઉદ્ગારવાચક અવ્યયના પ્રકાર

ઉદ્ગારો જુદી જુદી લાગણીઓ દર્શાવતા હોવાથી તેના જુદા જુદા પ્રકાર પડે છે—

૧. હર્ષવાચક—હો હો, વાહ.
૨. આશ્ચર્યવાચક— અહો, ઓહ, અવધ, અહાહા, હેં, ખરે, બાપરે, વગેરે.
૩. શોકવાચક— ઓરે, અરેરે, અરે, ઊં, ઓયરે, હાય, હાયરે, અરે રામ, ઓ મારે, ખેર, વગેરે.
૪. ધિક્કારવાચક—ધિક્,છી,થૂથૂ,છટ્,હટ્,ફિટ,ફિટફિટ,વગેરે.
૫. વિનયવાચક— જી, જી સાહેબ, વગેરે.
૬. ક્રોધવાચક — ચૂપ, ચપ, બસ, ખામોશ, વગેરે.
૭. ધન્યવાદવાચક— શાબાશ, વાહ, સરસ, વગેરે.
૮. સંબોધનવાચક— અલ્યા, એ, અલી, હે, ઓ, વગેરે.
૯. આશિષવાચક— કલ્યાણ! જય જય, ખમા વગેરે.

નોંધ—કેટલીક વાર ઉદ્ગારવાચક પદ નામ તરીકે વાક્યમાં વપરાય છે. તેવે પ્રસંગે એ ઉદ્ગારવાચક પદ રહેતું નથી. ઉદ્ગાર-વાચક પદને વાક્યમાં વ્યાકરણનો સંબંધ હોતો નથી. પરંતુ જ્યારે એ નામ તરીકે વપરાય છે, ત્યારે એને વ્યાકરણનો સંબંધ હોય છે. દા. ત.

[૧] તે હાશ કરીને બેસી ગયો.અહીં હાશ એ 'કરીને' કૃદંતનું કર્મ છે.

[૨] નીચેના આખા શબ્દસમૂહો પણ ઉદ્ગારવાચક પદ તરીકે ગણી શકાય છે, કારણ કે તે એકાએક ઉદ્ગાર રૂપે બોલાયા હોય છે. કેવું સરસ! આ શું! કેવું ઉત્તમ! શો ગજબ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૧૭

નીચેનાં વાક્યોમાં કઈ લાગણી [કે આવેગ] દર્શાવાઈ છે તે કહો; અને તેને અનુરૂપ ઉદ્ગારવાચક પદ ખાલી જગ્યામાં પૂરો—

૧. ———, કેવું ભવ્ય દૃશ્ય !
૨. ———, કેટલો ઊંડો કૂવો !
૩. ———, જૂઠું બોલતાં શરમ ન આવી ?
૪. ———, અહીંથી તારું મોં કાળું કર.
૫. ———, આવી ગંદી વાત થાય !
૬. ———, ખોદ્યો ડુંગર ને કાઢ્યો ઉંદર.
૭. ———, પેલું જંગલી રીંછ જોયું કે ?
૮. ———, તારું મોં બંધ કર.
૯. નોકર બોલ્યો, "———, મારાથી ભૂલ થઈ ગઈ."
૧૦. ———, તેં ખૂબ કરી; અમને બચાવ્યા.
૧૧. ———, હવે મારી ચિંતા મટી.
૧૨. ———, જીત્યા, છેવટે જીત્યા !

પ્રકરણ ૧૨

પદ—તેનું રૂપ અને કાર્ય

કબૂતર, ઊડ્યું, લાલ, તે, હળવે, ઘોળું, આકાશ આ બધા શબ્દો છે. તે સ્વતંત્ર અર્થ સૂચવે છે. એમાંથી થોડા લઈને તેને ગોઠવીને એક વાક્ય બનાવ્યું છે તે વાંચો :

આકાશમાં ઘોળું કબૂતર ઊડ્યું.

ઉપરના વાક્યમાં દરેક શબ્દ બીજા શબ્દ સાથે સંબંધ રાખીને એક વાક્યાર્થ ઉત્પન્ન કરે છે. આ રીતે જ્યારે શબ્દ વાક્યમાં યોગ્ય પ્રત્યય લઈને કે સંબંધ બતાવીને વાક્યમાં વપરાય અને વાક્યાર્થ ઉત્પન્ન કરે, ત્યારે એ દરેક શબ્દ **પદ** કહેવાય છે. **પદ** એટલે વાક્યના સંદર્ભમાં કે અનુસંધાનમાં વપરાયેલો શબ્દ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરનું વાક્ય તપાસશો તો જણાશે કે કોઈ પદ વિશેષણનું, તો વળી કોઈ પદ નામ કે ક્રિયાપદનું કામ કરે છે. આમ પદના કાર્ય ઉપરથી તે નામ છે, કે ક્રિયાપદ છે, કે વિશેષણ છે તે કહી શકાય છે.

પદ અને તેનું જુદું જુદું કાર્ય

કેટલીક વાર એક જ પદ પોતાનું રૂપ કાયમ રાખીને વાક્યમાં નામ, વિશેષણ કે ક્રિયાવિશેષણ તરીકે નીચે મુજબ જુદું જુદું કાર્ય કરે છે :

વાક્ય	કાર્ય
૧. આ **ગોળ** ટેબલ જુઓ.	—વિશેષણ
૨. તે ટેબલની આસપાસ **ગોળ** ફર્યો.	—ક્રિયાવિશેષણ
. .	.
૧. તે **સત્ય** બોલ્યો.	—નામ
૨. તેણે **સત્ય** વાત કહી.	—વિશેષણ
. .	.
૧. તમે **પાસે** આવો.	—ક્રિયાવિશેષણ અવ્યય
૨. તેની **પાસ** ત્રણ રૂપિયા છે.	—નામયોગી અવ્યય
. .	.
૧. મેં **ઊડતું** પંખી જોયું.	—કૃદંત વિશેષણ
૨. પંખી ઝડપથી **ઊડતું** હતું.	—ક્રિયાપદ
૩. પંખી ઝડપથી **ઊડતું** ગયું.	—ક્રિયાવિશેષણ
. .	.
૧. **ચાલ**, મારે ઉતાવળ છે.	—ક્રિયાપદ
૨. હાથીની **ચાલ** આકર્ષક હોય છે.	—નામ
. .	.
૧. તમે શું કહ્યું ?	—સર્વનામ
૨. તેણે શું કારણ આપ્યું ?	—વિશેષણ
૩. શું, આ રીતે કામ થાય ?	—અવ્યય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરનાં વાક્યોમાં મોટા અક્ષરે છાપેલા શબ્દો કે પદોને તપાસશો તો જણાશે, કે એકના એક રૂપનું પદ જુદા જુદા વાક્યમાં નામ, વિશેષણ, ક્રિયાપદ કે ક્રિયાવિશેષણ વગેરેનું કાર્ય કરે છે, અને તેના કાર્યને આધારે તે નામ, વિશેષણ કે ક્રિયાપદ વગેરે બને છે. એના કાર્ય પ્રમાણે એને વ્યાકરણમાં નામ કે વિશેષણ કહે છે, માત્ર તેના બાહ્ય રૂપને લીધે નહિ; માટે વ્યાકરણમાં પદચ્છેદ કરતી વખતે પદના કાર્ય તરફ જોઈને તેને ઓળખવું જોઈએ.

મનોયત્ન : ૧૮

નીચેનાં વાક્યોમાં મોટા અક્ષરે છાપેલું પદ શું કાર્ય કરે છે તે કહો—

૧. રસ્તે અમે **સાધુઓને** જતા જોયા.
૨. **સાધુ** પુરુષને આમ કરવું ન છાજે.
૩. આ રસ્તે **સીધા** જાઓ.
૪. આ **સીધે** રસ્તે જાઓ; વાંકે રસ્તે ન જશો.
૫. **ઉપર** ન જશો; ત્યાં સભા ચાલે છે.
૬. ડુંગર **ઉપર** અમે વહેલી સવારે ચઢવાનું શરૂ કર્યું.
૭. અમે **દોડતાં** હરણોનો પીછો પકડ્યો.
૮. એ છોકરાઓ **દોડતાં** ખૂબ થાકી ગયા.
૯. અમે **ખૂબ** થાકી ગયા છીએ.
૧૦. છોકરાઓને **ખૂબ** આનંદ થયો.
૧૧. તમે જરા **પછી** આવો.
૧૨. તે આવ્યો, **પછી** તમે આવ્યા.
૧૩. **દોડ**, જલદી દોડ, જોયા શું કરે છે ?
૧૪. ઘોડાની **દોડ** બળદની દોડ કરતાં ઝડપી હોય છે.
૧૫. પતંગે એક **ચક્કર** માર્યું અને તે નીચે પડ્યો.
૧૬. છોકરાઓ મેદાનમાં **ચક્કર ચક્કર** દોડતા હતા.
૧૭. તમારે શું જોઈએ છે ?
૧૮. તમે **શું** કામ કરો છો ?
૧૯. **શું**, આટલું બધું મોડું થાય ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૩
પ્રયોગ

તમે શીખી ગયા છો કે ક્રિયાપદના ત્રણ પ્રયોગો હોય છે : (૧) કર્તરિ, (૨) કર્મણિ અને (૩) ભાવે.

ત્રણે પ્રયોગોનું નીચે પુનરાવર્તન કર્યું છે તેનો અભ્યાસ કરો :

૧. કર્તરિ પ્રયોગ

૧. મુસાફરો ધીમે ધીમે પર્વતની ટોચ ચડવા લાગ્યા.

૨. પવનના ઝપાટાથી વૃક્ષ ઊખડી પડ્યું.

આ વાક્યોમાં ક્રિયાપદોનાં રૂપ કર્તાનાં જાતિ, વચન અને પુરુષ પ્રમાણે બન્યાં છે. પહેલા વાક્યમાં કર્તા નરજાતિ, ત્રીજા પુરુષ, બહુવચનમાં હોવાથી ક્રિયાપદનું રૂપ નરજાતિ, ત્રીજા પુરુષ, બહુવચનમાં આવેલું છે. બીજા વાક્યમાં ક્રિયાપદ અને કર્તા બંને નાન્યતરજાતિ, ત્રીજા પુરુષ, એકવચનમાં છે.

અહીં ક્રિયાપદો કર્તરિ પ્રયોગમાં આવેલાં છે.

૨. કર્મણિ પ્રયોગ

૧. નવા રેંટિયાથી રમણે ખૂબ ઝીણું સૂતર કાંત્યું.

૨. શેઠની ના છતાં મહેશથી એના મિત્રને ખાનગી વાત કહેવાઈ ગઈ.

અહીં ક્રિયાપદોનાં રૂપ કર્મનાં જાતિવચન અને પુરુષ પ્રમાણે બન્યાં છે. પહેલા વાક્યમાં કર્મ નાન્યતરજાતિ, ત્રીજા પુરુષ, એકવચનમાં હોવાથી ક્રિયાપદનું રૂપ નાન્યતરજાતિ, ત્રીજા પુરુષ, એકવચનમાં છે. બીજા વાક્યમાં ક્રિયાપદ અને કર્મ બંને નારીજાતિ, ત્રીજા પુરુષ, એકવચનમાં છે.

આ વાક્યોમાં ક્રિયાપદો કર્મણિ પ્રયોગમાં છે.

૩. ભાવે પ્રયોગ

૧. અમારાથી ઘીચ ઝાડીને લીધે પ્રવાસમાં આગળ જવાયું નહિ.

૨. શિયાળામાં મારાં ઘૂંટણમાં દુખે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં ક્રિયાપદનાં રૂપ નાન્યતરજાતિ, ત્રીજા પુરુષ, એકવચનમાં છે. એનો સંબંધ ક્રિયાપદોના ભાવ – જવાનું, દુઃખવાનું — સાથે રહેલો છે. ક્રિયાપદના ભાવનું નામ હમેશાં નાન્યતરજાતિ, ત્રીજા પુરુષ, એકવચનમાં હોય છે. તેથી ભાવે પ્રયોગમાં ક્રિયાપદ નાન્યતરજાતિ, ત્રીજા પુરુષ, એકવચનમાં જ રહે છે.

આ વાક્યોમાં ક્રિયાપદો ભાવે પ્રયોગમાં છે.

• અભ્યાસ •

વાક્ય	પ્રયોગ
૧. મારાથી આ કામ વખતસર કરાયું નહિ.	—કર્મણિ
૨. ખરાબ હવામાનને લીધે વિમાનથી ઉડાયું નહિ.(ઊડવાનું)	–ભાવે
૩. ગુસ્સામાં સીતા ન બોલવાનું બોલી.	—કર્તરિ
૪. ગુસ્સામાં તેનાથી ન બોલવાનાં વેણ બોલાયાં.	—કર્મણિ
૫. સંકોચને લીધે તેનાથી બોલાયું નહિ. (બોલવાનું)	—ભાવે
૬. એટલામાં પર્વતનું શિખર નજરે પડ્યું.	—કર્તરિ
૭. આજનું કામ પુરું થયું કે ?	—કર્તરિ
૮. તમારાથી વંચાશે કે ? (વાંચવાનું)	—ભાવે
૯. મારે મારા મિત્રને લખવું છે. (લખવાનું)	—ભાવે

મનોયત્ન : ૧૯

નીચેનાં વાક્યોમાં ક્રિયાપદ કયા પ્રયોગમાં છે તે કહો—

૧. એ બાબતમાં મારી સોળેસોળ આના ખાતરી થઈ ગઈ.
૨. તેને તેના કર્મનું ફળ આખરે મળ્યું.
૩. જમીન ચૂસે તે કરતાં અધિક પાણી ઢોળીને જમીન બગાડશો નહિ.
૪. મારાથી તેને ઠપકો આપ્યા વિના રહેવાયું નહિ.
૫. એટલામાં ઘોઘનો સ્પષ્ટ અવાજ અમારે કાને પડ્યો.
૬. આજે કેટલોયે વખત થયો, તેનાથી બહાર નીકળાતું નથી.
૭. આ બાબતમાં મારે મારા પિતાને લખવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮. નવા યંત્રથી ખેડૂતોએ ખેતરમાં સરસ ચાસ પાડ્યા.
૯. અમે પાણીનો ખળખળ થતો અવાજ સાંભળ્યો.
૧૦. ક્રોધમાં ગોવિંદ ન કરવાનું કરી બેઠો.

પ્રકરણ ૧૪

સંધિ

તમે સ્વર, વ્યંજન અને તેના ઉચ્ચારણ વિશે આગલા પુસ્તકમાં શીખી ગયા છો. વળી સ્વરસંધિ તથા વ્યંજનસંધિ વિશે પણ કેટલાક નિયમો તમે શીખ્યા છો.

હવે, સંધિ વિશે અહીં વધારે શીખીએ તે પહેલાં એ બાબતમાં જરૂરી પુનરાવર્તન કરી લઈએ.

સ્વર તથા વ્યંજનનાં ઉચ્ચારસ્થાન

સ્વરો અને વ્યંજનોનો ઉચ્ચાર નીચે બતાવ્યા પ્રમાણેનાં સ્થાનમાંથી થાય છે.

	વ્યંજન	સ્વર
કંઠસ્થાન –	ક્, ખ્, ગ્, ઘ્, ઙ્, હ્, વિસર્ગ	અ, આ
તાલુસ્થાન –	ચ્, છ્, જ્, ઝ્, ઞ્, ય્, શ્	ઇ, ઈ
મૂર્ધસ્થાન –	ટ્, ઠ્, ડ્, ઢ્, ણ્, ર્, ષ્,	ઋ
દંતસ્થાન –	ત્, થ્, દ્, ધ્, ન્, લ્, સ્	—
ઓષ્ઠસ્થાન –	પ્, ફ્, બ્, ભ્, મ્	ઉ, ઊ

સ્વરોનો જાતિભેદ

સજાતીય સ્વર — એક જ સ્થાનમાંથી બોલાતા સ્વરો પરસ્પર **સજાતીય** કે **સવર્ણ** કહેવાય છે. દા. ત. **અ** અને **આ**, **ઇ** અને **ઈ**, **ઉ** અને **ઊ**.

વિજાતીય સ્વર — જુદાં જુદાં સ્થાનમાંથી બોલાતા સ્વરો પરસ્પર **વિજાતીય** કે **અસવર્ણ** કહેવાય છે. દા. ત. **અ**, **આ** ના વિજાતીય **ઇ**, **ઈ**, **ઉ**, **ઊ**.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇ, ઈ ના વિજાતીય અ, આ, ઉ, ઊ.
ઉ, ઊ ના વિજાતીય અ, આ, ઇ, ઈ.

કઠોર–મૃદુ વ્યંજનો

કેટલાક વ્યંજનોના ઉચ્ચારમાં કોમળતાનો રણકો હોય છે, તેથી તેને મૃદુ કે ઘોષ વ્યંજન કહે છે. એથી ઊલટું, કેટલાક વ્યંજનોના ઉચ્ચાર કર્ણને કઠોર લાગે છે. આવા રણકાર વિનાના વ્યંજનો કઠોર કે અઘોષ વ્યંજન કહેવાય છે.

	કઠોર (અઘોષ)	મૃદુ (ઘોષ)
વર્ગીય	ક્, ખ્ ચ્, છ્ ટ્, ઠ્ ત્, થ્ પ્, ફ્	ગ્, ઘ્, ઙ્ જ્, ઝ્, ઞ્ ડ્, ઢ્, ણ્ દ્, ધ્, ન્ બ્, ભ્, મ્
અવર્ગીય	શ્, ષ્, સ્, ળ્ વિસર્ગ (:)	ય્, ર્, લ્, વ્, હ્

અનુનાસિક વ્યંજનો : જે વ્યંજનો પોતપોતાનાં સ્થાન ઉપરાંત નાકમાંથી બોલાય છે તે અનુનાસિક કહેવાય છે—ઙ્, ઞ્, ણ્, ન્, મ્.

સંધિના પ્રકાર

સંધિ કોને કહે છે અને કેમ થાય છે તે વિશે તમે થોડું ક શીખી ગયા છો. સંસ્કૃત ભાષામાં વાક્યમાં આવેલાં પદોને એકબીજા સાથે જોડીને લખવાનો રિવાજ છે, તેમ ગુજરાતીમાં આપણે પદોની સંધિ કરીને લખતા નથી. આપણે તો જે સમાસો ગુજરાતીમાં સીધા ઊતરી આવેલા છે, તેને મૂળની માફક લખીએ છીએ. એમાં આવેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વરો તથા વ્યંજનો વગેરે એકબીજાની સાથે સંધિના નિયમે જોડાયેલા હોય છે. જેમકે હરીન્દ્ર, પ્રેમાનંદ, વગેરે.

આ ઉપરાંત આપણે પરિભાષાના નવા શબ્દો રચવા હોય કે નવા સમાસો બનાવવા હોય, ત્યારે સંસ્કૃત શબ્દોના વર્ણોને સંધિનિયમે જોડીએ છીએ. જેમકે, શાળા + ઉપયોગી = શાળોપયોગી એમ સમાસ બની શકે.

સંધિના પ્રકાર

સંધિ ત્રણ પ્રકારની છે: (૧) સ્વરસંધિ (૨) વ્યંજનસંધિ (૩) વિસર્ગસંધિ.

[૧] બે પાસપાસે આવેલા સ્વરોના જોડાણને **સ્વરસંધિ** કહે છે.

[૨] બે સાથે આવેલા વ્યંજનોનું કે વ્યંજન અને સ્વરનું જોડાણ થાય, તેને **વ્યંજનસંધિ** કહે છે.

[૩] વિસર્ગની સાથે સ્વર કે વ્યંજનના જોડાણને **વિસર્ગસંધિ** કહે છે.

આ રીતે જોતાં, કોઈ પણ સ્વર સાથે સ્વરનું જોડાણ; કોઈ પણ વ્યંજન સાથે વ્યંજન કે સ્વરનું જોડાણ; અથવા તો વિસર્ગની સાથે કોઈ સ્વર કે વ્યંજનનું જોડાણ ઉચ્ચારશાસ્ત્રના નિયમે થાય તેને **સંધિ** કહે છે.

૧. સ્વરસંધિ

નિયમ ૧—જો બે સજાતીય સ્વરો સાથે આવે, તો તે બેને બદલે દીર્ઘ સ્વર બને છે:

ઉદાહરણ

જોડવાના શબ્દો	સંધિયુક્ત શબ્દ	કયા સ્વરોની સંધિ થઈ?
ભીમ + અર્જુન	ભીમાર્જુન	અ + અ = આ
દેવ + આલય	દેવાલય	અ + આ = આ
ચિંતા + અગ્નિ	ચિંતાગ્નિ	આ + અ = આ
વિદ્યા + આનંદ	વિદ્યાનંદ	આ + આ = આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોડવાના શબ્દો	સંધિયુક્ત શબ્દ	કયા સ્વરોની સંધિ થઈ?
હરિ + ઇચ્છા	હરીચ્છા	ઇ + ઇ = ઈ
હરિ + ઈશ	હરીશ	ઇ + ઈ = ઈ
યોગી + ઇન્દ્ર	યોગીન્દ્ર	ઈ + ઇ = ઈ
અર્ધનારી + ઈશ્વર	અર્ધનારીશ્વર	ઈ + ઈ = ઈ
ગુરુ + ઉત્તર	ગુરૂત્તર	ઉ + ઉ = ઊ
બહુ + ઊર્ધ્વ	બહૂર્ધ્વ	ઉ + ઊ = ઊ
વધૂ + ઉલ્લાસ	વધૂલ્લાસ	ઊ + ઉ = ઊ
વધૂ + ઊર્મિ	વધૂર્મિ	ઊ + ઊ = ઊ

નિયમ ૨—જ્યારે **અ** કે **આ** પછી વિજાતીય સ્વર આવે તો નીચે પ્રમાણે સંધિ થાય છે—**અ** કે **આ** પછી **ઇ** કે **ઈ** આવે તો **એ** થાય; **ઉ** કે **ઊ** આવે તો **ઓ** થાય; અને **ઋ** આવે તો **અર્** થાય.

ઉદાહરણ

જોડવાના શબ્દો	સંધિયુક્ત શબ્દ	કયા સ્વરોની સંધિ થઈ?
નર + ઇન્દ્ર	નરેન્દ્ર	અ + ઇ = એ
પરમ + ઈશ્વર	પરમેશ્વર	અ + ઈ = એ
મહા + ઇચ્છા	મહેચ્છા	આ + ઇ = એ
દ્વારકા + ઈશ	દ્વારકેશ	આ + ઈ = એ
ગુપ્ત + ઉત્તર	ગુપ્તોત્તર	અ + ઉ = ઓ
નવ + ઊઢા	નવોઢા	અ + ઊ = ઓ
શાળા + ઉપયોગી	શાળોપયોગી	આ + ઉ = ઓ
મહા + ઊર્મિ	મહોર્મિ	આ + ઊ = ઓ
સપ્ત + ઋષિ	સપ્તર્ષિ	અ + ઋ = અર્
મહા + ઋષિ	મહર્ષિ	આ + ઋ = અર્

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિયમ ૩—અ કે આ પછી એ કે ઐ આવે તો તેનો ઐ થાય છે, અને ઓ કે ઔ આવે તો તેનો ઔ થાય છે.

જોડવાના શબ્દો	સંધિયુક્ત શબ્દ	કયા સ્વરોની સંધિ થઈ?
વિશ્વ + એકતા	વિશ્વૈકતા	અ + એ = ઐ
માનવ + ઐક્ય	માનવૈક્ય	અ + ઐ = ઐ
સદા + એવ	સદૈવ	આ + એ = ઐ
મહા + ઐશ્વર્ય	મહૈશ્વર્ય	આ + ઐ = ઐ
ઉષ્ણ + ઓદન	ઉષ્ણૌદન	અ + ઓ = ઔ
પરમ + ઔત્સુક્ય	પરમૌત્સુક્ય	અ + ઔ = ઔ
મહા + ઓજસ્વી	મહૌજસ્વી	આ + ઓ = ઔ
મહા + ઔષધિ	મહૌષધિ	આ + ઔ = ઔ

નિયમ ૪—(૧) ઇ કે ઈ પછી કોઈ વિજાતીય સ્વર એટલે કે અ, આ, ઉ, ઊ આવે તો ઇ કે ઈ નો **ય્** થાય છે.

(૨) ઉ કે ઊ પછી જો કોઈ વિજાતીય સ્વર આવે તો ઉ કે ઊ નો **વ્** થાય છે.

(૩) ઋ પછી કોઈ વિજાતીય સ્વર આવે તો ઋનો **ર્** થાય છે.

	જોડવાના શબ્દો	સંધિયુક્ત શબ્દ	કયા સ્વરોની સંધિ થઈ?
૧	પ્રતિ + ઉત્સવ	પ્રત્યુત્સવ	ઇ + ઉ = ય્ + ઉ
	ગતિ + અંતર	ગત્યંતર	ઈ + અ = ય્ + અ
	હરિ + આદેશ	હર્યાદેશ	ઇ + આ = ય્ + આ
૨	ગુરુ + આજ્ઞા	ગુર્વાજ્ઞા	ઉ + આ = વ્ + આ
	હેતુ + અર્થ	હેત્વર્થ	ઉ + અ = વ્ + અ
	લઘુ + ઇચ્છા	લઘ્વિચ્છા	ઉ + ઇ = વ્ + ઇ
૩	કર્તૃ + અર્થે	કર્ત્રર્થે	ઋ + અ = ર્ + અ.
	ભર્તૃ + આજ્ઞા	ભર્ત્રાજ્ઞા	ઋ + આ = ર્ + આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૨૦

[અ] નીચેના શબ્દોની સંધિ છોડો—

દેશાભિમાન, હરીચ્છા, મહેચ્છા, પુરુષોત્તમ, ઉત્તમોત્તમ, પ્રીત્યર્થે, પર્યટન, રાજર્ષિ, સદૈવ, અત્યન્ત, નરેશ, કાલાન્તર.

[આ] નીચેના શબ્દોને સંધિ કરી જોડો—

સત્ય + આગ્રહ, પરિ + ઈક્ષા, લોક + ઇચ્છા, માનવ + ઇન્દ્ર, સૂર્ય + ઉદય, જન + ઉપયોગી, ઇતિ + આદિ, સુ + અચ્છ, પ્રતિ + અક્ષ, મહા+ઇન્દ્ર, ન્યાય+આસન, સહ+ઉદર, નૌ+ઇક, પૌ + અક, ભાષા + અન્તર, ભ્રાતૃ + અર્થે, પિતૃ + ઇચ્છા.

૨. વ્યંજનસંધિ

જેમ બે સ્વરોની સંધિ થાય છે, તેમ બે વ્યંજનો સાથે સાથે આવે કે વ્યંજન પછી સ્વર સાથે આવે, તો તેમની પણ સંધિ થાય છે. એમ વ્યંજન સાથે વ્યંજનના અથવા સ્વરના જોડાણને **વ્યંજન-સંધિ** કહે છે.

નિયમ ૧—અનુનાસિક સિવાયના કોઈ વર્ગીય વ્યંજન પછી મૃદુ વ્યંજન કે સ્વર આવે, તો આગલા વ્યંજનની જગ્યાએ તેના જ વર્ગનો ત્રીજો મૃદુ વ્યંજન આવે છે : જેમકે,

૧. સત્ + બુદ્ધિ = સદ્ + બુદ્ધિ = સદ્બુદ્ધિ
૨. દિક્ + અન્ત = દિગ્ + અન્ત = દિગન્ત
૩. ષટ્ + આનન = ષડ્ + આનન = ષડાનન

નિયમ ૨—સ્ અથવા ત્ વર્ગના વ્યંજનો શ્ અથવા ચ્ વર્ગના વ્યંજનો સાથે ભેગા આવે, તો શ્ અને ત્ વર્ગના વ્યંજનો અનુક્રમે શ્ અને ચ્ વર્ગના વ્યંજનોમાં રૂપાંતર પામે છે.

એજ રીતે, સ્ અને ત્ વર્ગના વ્યંજનો ષ્ અને ટ્ વર્ગના વ્યંજનો સાથે ભેગા આવે, તો સ્ અને ત્ વર્ગના વ્યંજનો અનુક્રમે ષ્ અને ટ્ વર્ગના વ્યંજનોમાં રૂપાંતર પામે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉદાહરણ

સત્ + ચરિત્ર = સચ્ + ચરિત્ર = સચ્ચરિત્ર
ઉદ્ + ડયન = ઉડ્ + ડયન = ઉડ્ડયન
ઉત્ + ચાર = ઉચ્ + ચાર = ઉચ્ચાર
નિસ્ + ચિંત = નિશ્ + ચિંત = નિશ્ચિંત

નિયમ ૩—દંતસ્થાનના અનુનાસિક સિવાયના અક્ષર પછી જો તાલવ્ય શ્ આવે, તો દંત્યનો ચ્ થાય છે અને શ્ નો છ્ થાય છે.

ઉદાહરણ

શ્રીમત્ + શંકરાચાર્ય = શ્રીમચ્ + છંકરાચાર્ય = શ્રીમચ્છંકરાચાર્ય
સત્ + શરણ = સચ્ + છરણ = સચ્છરણ
અચ્ + શેર = અચ્ + છેર = અચ્છેર

નિયમ ૪—કોઈ પણ અનુનાસિક સિવાયના વર્ગીય વ્યંજન પછી અનુનાસિક આવે, તો તે વ્યંજનને સ્થાને તેના વર્ગનો અનુનાસિક વિકલ્પે થાય છે. ગુજરાતીમાં અનુનાસિક જ બને છે. આવા સંજોગોમાં ષ્ નો ણ્ થાય છે.

ઉદાહરણ

ચિત્ + મય = ચિન્ + મય = ચિન્મય
ઉદ્ + નતિ = ઉન્ + નતિ = ઉન્નતિ
દિક્ + મૂઢ = દિઙ્ + મૂઢ = દિઙ્મૂઢ
ષષ્ + માસ = ષડ્ + માસ = ષડ્માસ કે ષણ્માસ

નિયમ ૫—દરેક વર્ગના પહેલા ચાર એટલે એ ચોવીસ વ્યંજનો પછી જો કઠોર વ્યંજન આવે, તો આગલા વ્યંજનને બદલે તેના પોતાના વર્ગનો પહેલો વ્યંજન થાય છે.

ઉદાહરણ

દિગ્ + કાલ = દિક્ + કાલ = દિક્કાલ
ઉદ્ + પત્તિ = ઉત્ + પત્તિ = ઉત્પત્તિ
વિપદ્ + કાલ = વિપત્ + કાલ = વિપત્કાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિયમ ૬—હ્‌ની પહેલાં અનુનાસિક સિવાયના વર્ગીય વ્યંજનોમાંનો ગમે તે આવ્યો હોય, તો હ્‌નો તેજ વ્યંજનના વર્ગનો ચોથો વ્યંજન થાય છે; અને આગલા વ્યંજનનો પોતાના વર્ગનો ત્રીજો વ્યંજન થાય છે.

ઉદાહરણ

ઉત્ + હાર = ઉદ્ + ધાર = ઉદ્ધાર
(ત્ નો દ્ થયો અને હ્ નો ધ્ થયો.)
પદ્ + હતિ = પદ્ + ધતિ = પદ્ધતિ

નિયમ ૭—ત્ વર્ગના વ્યંજન પછી લ્ આવે, તો ત્ વર્ગના વ્યંજનને બદલે લ્ થાય છે.

ઉદાહરણ

ઉત્ + લાસ = ઉલ્લાસ
તત્ + લીન = તલ્લીન
ઉદ્ + લેખ = ઉલ્લેખ

નિયમ ૮—પદને અંતે આવેલા ચ્, છ્, જ્ કે શ્ નો ક્ થાય છે, અને ષ્ નો ટ્ થાય છે.

ઉદાહરણ

ઋચ્ = ઋક્ – ઋક્ + વેદ = ઋગ્વેદ -- નિયમ ૧ પ્રમાણે
દિશ્ = દિક્ – દિક્ + કાલ = દિક્કાલ
દિશ્ = દિક્ – દિક્ + દર્શન = દિગ્દર્શન – નિયમ ૧ પ્રમાણે
ષષ્ = ષટ્–ષણ્ + માસ = ષડ્માસ કે ષણ્માસ – નિયમ ૪ પ્રમાણે.

નિયમ ૯—અ કે આ સિવાયના સ્વર પછી સ્ આવે, તો ઘણું ખરું સ્ નો ષ્ થાય છે.

ઉદાહરણ

અભિ + સેક = અભિષેક
વિ + સમ્ = વિષમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુ + સમા = સુષમા
સુ + સુપ્ત = સુષુપ્ત

નિયમ ૧૦—કોઈ પણ હ્રસ્વ સ્વર પછી છ આવે, તો છ્નો ચ્છ થાય છે.

ઉદાહરણ

તરુ + છાયા = તરુચ્છાયા
સ્વ + છંદ = સ્વચ્છંદ
પ્રતિ + છાયા = પ્રતિચ્છાયા

આ ઉપસર્ગ પછી પણ છ નો ચ્છ થાય છે. આ + છાદિત = આચ્છાદિત

નિયમ ૧૧—ઋ, ર્ કે ષ્ પછી ન્ આવે, તો ન્ નો ણ્ થાય છે.

ઉદાહરણ

તૃષ્ + ના = તૃષ્ણા
કૃષ્ + ના = કૃષ્ણા
વિષ્ + નુ = વિષ્ણુ
ઋ + ન = ઋણ
નિર્ + નય = નિર્ણય
નિ + સ્નાત = નિ + ષ્ + નાત = નિ + ષ્ + ણાત = નિષ્ણાત

નિયમ ૧૨—પદને છેડે આવેલા મ્ પછી વર્ગીય વ્યંજન આવે, તો મ્ ને બદલે તે વ્યંજનના સ્થાનનો અનુનાસિક (ઙ્, ઞ્, ણ્, ન્, મ્) થાય છે, અથવા તો એનો અનુસ્વાર બને છે. ગુજરાતીમાં સામાન્ય રીતે અનુસ્વાર જ લખાય છે.

ઉદાહરણ

કિમ્ + ચિત્ = કિઙ્-ચત્ અથવા કિંચિત્

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમ્ + તોષ = સન્તોષ અથવા સંતોષ
સમ્ + માન = સમ્માન અથવા સંમાન
સમ્ + ગમ = સઙ્ગમ અથવા સંગમ

પદાંત મ્ પછી સ્વર આવે, તો મ્ ની સાથે સ્વર જોડાઈ જાય છે.

સમ્ + આગમ = સમાગમ
સમ્ + ઋદ્ધિ = સમૃદ્ધિ
સમ્ + ઈક્ષા = સમીક્ષા
સમ્ + ઉત્પન્ન = સમુત્પન્ન

નિયમ ૧૩—પદાંત મ્ પછી વર્ગીય સિવાયના વ્યંજન (ય્, ર્, લ, વ્, શ્, ષ્, સ્, હ્) આવે તો ગુજરાતીમાં મ્ નો અનુસ્વાર જ થાય છે. આ અનુસ્વારનો ઉચ્ચાર અઉં ને મળતો કરાય છે.

ઉદાહરણ

સમ્ + વેદન = સંવેદન
સમ્ + લગ્ન = સંલગ્ન
સમ્ + સાર = સંસાર
સમ્ + યોગ = સંયોગ
સમ્ + હાર = સંહાર
સમ્ + રક્ષણ = સંરક્ષણ
સમ્ + શય = સંશય
સમ્ + વાદ = સંવાદ

મનોયત્ન : ૨૧

[અ] નીચેના શબ્દોની સંધિ છૂટી પાડો—
ઉન્નતિ, અનુચિત, સદાનંદ, તલ્લીન, સંયુક્ત, દિગંબર, જગદીશ, ઉદ્ધાર, સચ્ચરિત્ર, ઉન્માદ.

[આ] નીચેના શબ્દોને સંધિ કરીને જોડો—
અન્ + ઉપમ, સત્ + જન, ઉદ્ + લાસ, વાક્ + ઈશ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પદ્ + હતિ, ઉદ્ + ચાર, સત્ + નારી, સ્રક્ + ધરા, નિસ્ + ચય, જગત્ + નાથ, પશ્ચાત્ + તાપ, સમ્ + ગમ, વિપદ્ + કાલ, દિક્ + અંબર, આ + છાદન.

૩. વિસર્ગસંધિ

નિયમ ૧ — વિસર્ગની પૂર્વે ઇ, ઈ, ઉ કે ઊ આવ્યાં હોય, અને તે પછી સ્વર કે મૃદુ વ્યંજન આવે, તો વિસર્ગનો ર્ થાય છે.

ઉદાહરણ

નિઃ + અર્થક = નિર્ + અર્થક = નિરર્થક
નિઃ + ઉત્તર = નિર્ + ઉત્તર = નિરુત્તર
નિઃ + ગમ = નિર્ + ગમ = નિર્ગમ
દુઃ + ગતિ = દુર્ + ગતિ = દુર્ગતિ

નિયમ ૨ — વિસર્ગનો ર્ થાય અને તેના પછી બીજો ર્ હોય તો પહેલો ર્ ઊડી જાય છે, અને તેની પહેલાં હ્રસ્વ સ્વર હોય તો તે દીર્ઘ થાય છે.

ઉદાહરણ

નિઃ + રવ = નિર્ + રવ = નીરવ
નિઃ + રસ = નિર્ + રસ = નીરસ
નિઃ + રોગ = નિર્ + રોગ= નીરોગ

નિયમ ૩ — વિસર્ગ પછી ત્, થ્ કે સ્ આવે તો તેનો સ્ થાય છે.

ઉદાહરણ

નિઃ + તૃષ્ણ = નિસ્ + તૃણ = નિસ્તૃણ
નિઃ + તરંગ = નિસ્ + તરંગ= નિસ્તરંગ
દુઃ + સાર = દુસ્ + સાર = દુસ્સાર
નિઃ + તાપ = નિસ્ + તાપ = નિસ્તાપ

નિયમ ૪ — વિસર્ગની પછી ચ્ કે છ્ આવે તો વિસર્ગનો શ્ થાય છે.

પુસ્તકાલય
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉદાહરણ

નિઃ + ચિત = નિશ્ + ચિત = નિશ્ચિત
નિઃ + ચલ = નિશ્ + ચલ = નિશ્ચલ
નિઃ + છલ = નિશ્ + છલ = નિશ્છલ

નિયમ ૫ —સ્ કે વિસર્ગની પૂર્વે ઇ કે ઉ હોય અને પછી ક્, ખ્, પ્, ફ્ આવે, તો સ્ કે વિસર્ગનો ષ્ થઈ જાય છે.

ઉદાહરણ

નિસ્ + કામ = નિષ્ + કામ = નિષ્કામ
નિઃ + પક્ષ = નિષ્ + પક્ષ = નિષ્પક્ષ
નિઃ + ક્રમણ = નિષ્ + ક્રમણ = નિષ્ક્રમણ
નિઃ + ફળ = નિષ્ + ફળ = નિષ્ફળ
દુસ્ + પ્રયોજન = દુષ્ + પ્રયોજન = દુષ્પ્રયોજન

નિયમ ૬ —સ્ કે વિસર્ગની પહેલાં **અ** હોય અને પછી મૃદુ વ્યંજન આવે, તો સ્ કે વિસર્ગનો **ઉ** થાય છે. તે **ઉ** આગળના **અ** સાથે ભળીને બંનેનો **ઓ** થાય છે.

ઉદાહરણ

મનસ્ + ગત = મન્ + અ + સ્ + ગત
= મન્ + અ + ઉ + ગત
= મન્ + ઓ + ગત
= મનોગત
છંદઃ + બદ્ધ = છંદ + ઉ + બદ્ધ = છંદોબદ્ધ
તેજસ્ + દ્વેષ = તેજોદ્વેષ
પુરસ્ + ગામી = પુરોગામી

નિયમ ૭ — વિસર્ગની પછી શ્, ષ્ કે સ્ આવે તો વિસર્ગ કાયમ રહે છે. (સંસ્કૃતમાં વિકલ્પે વિસર્ગનો અનુક્રમે શ્, ષ્, સ્ થાય છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉદાહરણ

નિઃ + શ્વાસ = નિઃશ્વાસ

નિઃ + સ્વાર્થ = નિઃસ્વાર્થ

દુઃ + શાસન = દુઃશાસન

નિયમ ૮ — સ્ કે ર્ પહેલાં **અ** આવે અને પછી કઠોર વ્યંજન આવે, તો સ્ કે ર્ નો વિસર્ગ થાય છે. પદાંત ર્ પછી મૃદુ વ્યંજન કે સ્વર આવે તો ર્ કાયમ રહે છે.

ઉદાહરણ

પુનર્ + કથન = પુનઃકથન

પુનર્ + રચના = પુનર્રચના

સંસ્કૃતમાં ઉપરના નિયમ ૨ પ્રમાણે એની સંધિ **પુનારચના** થાય છે.

અંતર્ + કરણ = અંતઃકરણ

અધસ્ + પાત = અધઃપાત

પયસ્ + પાન = પયઃપાન

નમસ્કાર અને **તિરસ્કાર** માં એ નિયમનો અપવાદ છે.

મનોયત્ન : ૨૨

[અ] નીચેના શબ્દોની સંધિ છૂટી પાડો—

નિષ્પક્ષપાત, નિરાશ, નીરસ, મનોરથ, તેજોહીન, પુનર્યોગ, પુરસ્કર્તા, રજોગુણ, નિસ્તેજ, પુરઃસર, તપશ્ચર્યા, નિર્મળ, છંદોરચના.

[આ] નીચેના શબ્દોને સંધિ કરી જોડો—

નિઃ + ફળ, નિઃ+ આધાર, નિઃ + રોગી, મનઃ +સુકુર, નભઃ+ મંડળ, પુનર્ + મિલન, અધસ્ + પાત, અધસ્ + ગામી, પુરસ્ + હિત, તપસ્ + વન, નિઃ + સ્પૃહ, નમસ્+કાર, દુઃ+યોધન, મનસ્+ભાવ, નિઃ + આકાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૫

સમાસ

તમે આગલા પુસ્તકમાં સમાસ એટલે શું, એ શી રીતે બને છે અને એનો શી રીતે વિગ્રહ કરવામાં આવે છે એ બધું શીખી ગયા છો. તમે સમાસના બે પ્રકાર શીખ્યા છો: (૧) દ્વંદ્વ (૨) વિભક્તિ તત્પુરુષ.

દ્વંદ્વ સમાસ

સમાસ	વિગ્રહ
ન્યાયઅન્યાય	ન્યાય અને અન્યાય
સુખદુઃખ	સુખ અને દુઃખ
દૂધદહીં	દૂધ અને દહીં
હાથપગ	હાથ અને પગ
જયપરાજય	જય કે પરાજય
દશબાર	દશ કે બાર
આચારવિચાર	આચાર અને વિચાર
ગુણઅવગુણ	ગુણ અથવા અવગુણ

તત્પુરુષ સમાસ

સમાસ	પ્રત્યય	વિગ્રહ	પ્રકાર
દૈવાધીન	ને	દૈવને અધીન	દ્વિતીયા તત્પુરુષ
પ્રેમવશ	ને	પ્રેમને વશ	,,
અશ્રુપૂર્ણ	વડે	અશ્રુ વડે પૂર્ણ	તૃતીયા તત્પુરુષ
ગુણસંપન્ન	વડે	ગુણ વડે સંપન્ન	,,
લોભયુક્ત	વડે	લોભ વડે યુક્ત	,,
સુવર્ણજડિત	વડે	સુવર્ણ વડે જડિત	,,
સ્નેહભીનું	વડે	સ્નેહ વડે ભીનું	,,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંધશાળા	માટે	અંધ માટે શાળા	ચતુર્થી તત્પુરુષ
અનાથગૃહ	માટે	અનાથ માટે ગૃહ	,,
દેવાર્પણ	ને	દેવને અર્પણ	,,
સ્થાનભ્રષ્ટ	થી	સ્થાનથી ભ્રષ્ટ	પંચમી તત્પુરુષ
જેલમુક્ત	થી	જેલથી મુક્ત	,,
બ્રાહ્મણેતર	થી	બ્રાહ્મણથી ઇતર (જુદા)	,,
દેશસેવા	ની	દેશની સેવા	ષષ્ઠી તત્પુરુષ
રાજાજ્ઞા	ની	રાજાની આજ્ઞા	,,
ધ્યેયપ્રાપ્તિ	ની	ધ્યેયની પ્રાપ્તિ	,,
ધર્મગ્રંથ	નો	ધર્મનો ગ્રંથ	,,
નદીકાંઠો	નો	નદીનો કાંઠો	,,
રાજસેવક	નો	રાજનો સેવક	,,
કાર્યકુશળ	માં	કાર્યમાં કુશળ	સપ્તમી તત્પુરુષ
સંગીતનિપુણ	માં	સંગીતમાં નિપુણ	,,
વાણીશૂર	માં	વાણીમાં શૂર	,,
સર્વશ્રેષ્ઠ	માં	સર્વમાં શ્રેષ્ઠ	,,

મનોયત્ન : ૨૩

નીચેના સમાસોનો પ્રકાર કહી તેનો વિગ્રહ કરો—

પ્રભુભજન	પ્રભુનિર્મિત	સ્વદેશ	પ્રેમાંકિત
ભાવભરી	જગદીશ	રત્નજડિત	તરુકુંજ
મનવાંછિત	ઉત્સાહઘેલા	ભૂમિપોઢયો	સેવામગ્ન
કાળગતિ	પ્રભાતપહોર	દેશભક્ત	પ્રભુકૃપા
ધ્યાનભંગ	રસમગ્ન	નદીતટ	કુળકલંક
પ્રેમભર્યો	આંસુધાર	પ્રેમાતુર	ઇંદ્રાસન
મરણશરણ	સ્વપ્નાવસ્થા	શ્રવણમધુર	ફૂલગંધ
રેંટિયાઘેલો	લોહીતરસ્યો	મનપસંદ	અર્થભરી
ધનસંચિત	ભયભીત	આશાભગ્ન	યત્નસાધિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તત્પુરુષના અન્ય પેટા વિભાગો

હવે તત્પુરુષ સમાસના અન્ય પેટા વિભાગો વિશે શીખીશું.

૧. મધ્યમપદલોપી [તત્પુરુષ]

સમાસ	વિગ્રહ
આગગાડી	આગ વડે (ચાલતી) ગાડી
કામધેનુ	કામ (પૂરનારી) ધેનુ

ઉપરના સમાસોનો વિગ્રહ વાંચતાં જણાશે કે સમાસનો અર્થ સમજવા માટે વિભક્તિ ઉપરાંત એક નવું પદ ઉમેરવું પડે છે. 'આગગાડી' એ સમાસનો અર્થ સ્પષ્ટ કરવા માટે (ચાલતી) એ પદ આપણે ઉમેર્યું છે. એ પદની મદદ વિના આ સમાસનો અર્થ સમજાશે નહિ. કેવળ 'આગ વડે ગાડી' એટલું જ વિગ્રહમાં લખીએ તો અર્થ સમજાશે નહિ.

આવા સમાસોમાં આગ મધ્યમ કે વચલા પદનો લોપ થાય છે. આથી વિગ્રહ કરતી વખતે એ લોપ કરેલા પદને મૂકવું પડે છે. આ સમાસ મધ્યમપદલોપી સમાસ કહેવાય છે.

મધ્યમ પદનો લોપ થયો હોય એવા તત્પુરુષ સમાસને મધ્યમ-પદલોપી તત્પુરુષ સમાસ કહે છે.

થોડા દાખલા

કલ્પલતા	કલ્પ એટલે વિચારેલું (પૂર્ણ કરનારી) લતા
ચિંતામણિ	ચિંતા એટલે ઇચ્છા (પ્રાપ્ત કરાવનાર) મણિ
ગોળધાણા	ગોળ (મિશ્રિત) ધાણા
દૂધપૌંઆ	દૂધ (મિશ્રિત) પૌંઆ
દહીંવડું	દહીંમાં (આથેલું) વડું

૨. એકદેશી [તત્પુરુષ]

સમાસ	વિગ્રહ
અર્ધરાત્રિ	રાત્રિનો અર્ધ ભાગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધ્યચોક	ચોકનો મધ્ય ભાગ
પશ્ચિમહિંદ	હિંદનો પશ્ચિમ ભાગ
પૂર્વબંગાળ	બંગાળનો પૂર્વ ભાગ

આ પ્રકારના સમાસમાં પાછલું પદ આખી વસ્તુ સૂચવે છે, અને આગલું પદ એ વસ્તુનો એક દેશ કે ભાગ સૂચવે છે. રાત્રિ– આખી વસ્તુ, અર્ધ – રાત્રિનો એક ભાગ.

આ સમાસમાં બંને પદો વચ્ચે અંગ અને અંગીનો સંબંધ છે. પૂર્વપદ અંગ કે ભાગ સૂચવે છે, અને ઉત્તરપદ આખી વસ્તુ કે અંગી સૂચવે છે.

આ સમાસને એકદેશી તત્પુરુષ સમાસ કહે છે.

૩. પ્રાદિ તત્પુરુષ

સમાસ	**વિગ્રહ**
પ્રતિબિંબ	સામું બિંબ
પ્રગતિ	આગળ ગતિ
સુગંધ	સારી ગંધ
દુર્ગુણ	નઠારો ગુણ
ઉપવન	(પાસેનું) નાનું વન [નાનું વન એટલે બાગ]

ઉપરના સમાસોમાં પહેલું પદ 'પ્ર' થી શરૂ થતા જે ઉપસર્ગો (પૂર્વગો) છે તેમાંનો એક હોય છે, અને તેનો બીજા પદ સાથે સંબંધ હોય છે.

પ્ર વગેરે ઉપસર્ગો જેમાં પ્રથમ પદ તરીકે આવે, તે સમાસ પ્રાદિ તત્પુરુષ કહેવાય છે.

[પ્રાદિ ઉપસર્ગો—પ્ર, પરા, અપ, સમ્, અનુ, નિ, અવ્, નિસ્ (નિર્), દુસ્ (દુર્), વિ, આ, નિ, અધિ, અપિ, અતિ, સુ, ઉદ્, અભિ, પ્રતિ, પરિ, ઉપ.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. નઞ્ તત્પુરુષ

સમાસ	વિગ્રહ
અજ્ઞાન	અ + જ્ઞાન — જ્ઞાન નહિ તે
અધર્મ	અ + ધર્મ — ન ધર્મ, ધર્મનો અભાવ
અનિચ્છા	અન્ + ઇચ્છા — ઇચ્છા નહિ તે
અનાદર	અન્ + આદર — આદરનો અભાવ
અણુવિશ્વાસ	અણુ + વિશ્વાસ — વિશ્વાસ નહિ તે

જે સમાસનું આગલું પદ નકારનો અર્થ દર્શાવનાર અ, અન્, અણુ, ન કે ના પૂર્વગ રૂપે હોય, તે નઞ્ તત્પુરુષ કહેવાય છે.

૫. અલુક્ તત્પુરુષ

સમાસ	વિગ્રહ
યુધિષ્ઠિર	યુદ્ધમાં સ્થિર
સરસિજ	સરોવરમાં જન્મેલું [કમળ]
અગ્રેસર	અગ્રમાં, આગળ ચાલનાર [આગેવાન]
ખેચર	આકાશમાં ફરનાર [પક્ષી] [ખે = આકાશમાં]

સામાન્ય રીતે તત્પુરુષમાં પદો વચ્ચે સંબંધ દર્શાવનાર વિભક્તિ-પ્રત્યયનો લોપ હોય છે. એથી ઊલટું, અહીં વિભક્તિનો લોપ થયો નથી. આ દાખલાઓમાં સાતમી વિભક્તિનો પ્રત્યય કાયમ રહ્યો છે, એનો લોપ થયો નથી. આથી આ સમાસો અલુક્ તત્પુરુષ કહેવાય છે. અલુક્ = લોપનો અભાવ. જે તત્પુરુષ સમાસમાં સંબંધ દર્શાવતા વિભક્તિના પ્રત્યયનો લોપ થયેલો હોતો નથી, તે તત્પુરુષ સમાસ અલુક્ તત્પુરુષ કહેવાય છે.

૬. ઉપપદ તત્પુરુષ

સમાસ	વિગ્રહ
ગ્રંથકાર	ગ્રંથનો કરનાર
દુકાનદાર	દુકાન રાખનાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાગબાન	બાગને કરનાર
ગૃહસ્થ	ગૃહમાં રહેનાર
જાદુગર	જાદુનો કરનાર
શત્રુઘ્ન	શત્રુને હણનાર

ઉપરના સમાસોમાં બંને પદો વચ્ચે વિભક્તિનો સંબંધ છે, પણ એમાં આગલું પદ નામ છે, જ્યારે પાછલું પદ ક્રિયાપદના ધાતુ પરથી બનેલું છે.

આ રીતે જ્યારે તત્પુરુષ સમાસમાં ઉત્તરપદ તરીકે ક્રિયાપદના ધાતુ પરથી બનેલું પદ આવે, ત્યારે તે સમાસ ઉપપદ તત્પુરુષ કહેવાય છે.

મનોયત્ન : ૨૪

નીચેના સમાસો ઓળખો અને તેનો વિગ્રહ કરો —

ઘોડાગાડી	આગબોટ	કામધેનુ	અલ્પજ્ઞ
મધરાત	પૂર્વહિંદ	વાર્તાકાર	કારીગર
સુખકર	પ્રિયંવદા	દુર્લભ	નિર્બલ
પ્રતિબિંબ	વનેચર	ધ્યાનસ્થ	તટસ્થ
અતિક્રૂર	દુષ્કર્મ	અભિમાન	અહિંસા
અણબનાવ	અનંત	અસત્ય	નગુણો
મનોહર	ચિત્રકાર	ભવિષ્યવેત્તા	સુખદાયક
કૃતઘ્ન	ગોપાળ	અલ્પજીવી	બાળલગ્ન
મેઘધનુષ્ય	શિલાલેખ	મધમાખી	પૂરણપોળી
અભય	અસત્ય	અસંતોષ	અનિશ્ચિત

કર્મધારય

સમાસ	**વિગ્રહ**
મહાપુરુષ	મોટો પુરુષ
પુણ્યાત્મા	પુણ્યશાળી પુરુષ
શુભકાર્ય	સારું કામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરના સમાસોમાં પહેલું પદ વિશેષણ છે અને બીજું પદ નામ છે. મહા એટલે મોટો અને મહાપુરુષ એટલે મોટો પુરુષ. એજ રીતે પુણ્ય અને શુભ એ વિશેષણો છે અને તે પોતપોતાનાં નામો સાથે વપરાયાં છે. સામાન્ય રીતે આ સમાસમાં વિશેષણ–વિશેષ્યનો સંબંધ છે.

આ પ્રકારના સમાસને કર્મધારય સમાસ કહે છે. એમાં બંને પદો સમાન મહત્ત્વનાં હોય છે અને સમાન વિભક્તિમાં રહે છે.

કર્મધારય સમાસ એ તત્પુરુષનો એક પ્રકાર જ છે. પ્રથમા વિભક્તિ તત્પુરુષ તે કર્મધારય એમ કહી શકાય.

'તત્પુરુષ' એ પદનો 'તે પુરુષ' એવો અર્થ લઈએ તો એ સમાસ કર્મધારય બને છે; પણ એનો અર્થ 'તેનો પુરુષ' કરીએ તો એ સમાસ છઠ્ઠી તત્પુરુષનો દાખલો બને છે.

કર્મધારય સમાસમાં પદો કેવી રીતે આવે છે, અને તે ઉપરથી કેટલા પ્રકારે એ થાય છે તે નીચે બતાવ્યું છે.

[क]

સમાસ	**વિગ્રહ**
ઘનશ્યામ	ઘન જેવું શ્યામ
ફેનધવલ	ફીણ જેવું સફેદ

ઉપરના દાખલાઓમાં વિશેષણ ઉત્તરપદ તરીકે આવ્યું છે, અને બંને પદો વચ્ચે 'જેવું' એવા ઉપમાવાચક પદનો સંબંધ છે.

[ख]

ઉપમિત [કર્મધારય]

સમાસ	**વિગ્રહ**
હસ્તકમલ	કમલ જેવો હસ્ત
પુરુષસિંહ	સિંહ જેવો પુરુષ
ચંદ્રમુખ	ચંદ્ર જેવું મુખ
વજ્રકાયા	વજ્ર જેવી કાયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરના દાખલાઓમાં બંને પદો વચ્ચે સરખામણી કે ઉપમા દ્વારા સંબંધ બતાવવામાં આવ્યો છે. એમાં ઉત્તરપદમાં કેટલીક વાર ઉપમાન આવે છે, તો કેટલીક વાર ઉપમેય આવે છે.

પહેલા બે દાખલામાં ઉપમાન ઉત્તરપદ તરીકે આવ્યું છે, જ્યારે છેલ્લા બેમાં ઉપમેય ઉત્તરપદ તરીકે છે. ઉપમેયને ઉપમિત પણ કહે છે.

આથી જે કર્મધારયમાં બે પદો વચ્ચે ઉપમા દ્વારા સંબંધ જણાવાયો હોય, તે કર્મધારયને ઉપમિત સમાસ પણ કહે છે.

[ગ]

સમાસ	વિગ્રહ
ભવસાગર	ભવ રૂપી સાગર
શિવશંકર	શિવ એજ શંકર
વદનકમળ	વદન રૂપી કમળ

કર્મધારયના આ પ્રકારના દાખલામાં ઉપમાથી સંબંધ બતાવાતો નથી, પરંતુ બંને પદો વચ્ચે રૂપકથી સંબંધ બતાવાય છે.

પૂર્વપદ ઉત્તરપદ રૂપે છે અથવા તે બંને એક જ છે એવો ભાવાર્થ એમાં હોય છે. દા. ત. 'ભવસાગર' એ સમાસમાં 'ભવ એજ સાગર' અથવા ભવના રૂપમાં સાગર છે એમ કહેવાનો આશય છે.

એવી જ રીતે શિવ અને શંકર એ બંને ભિન્ન દેવો નથી, પણ એ બંને એક જ છે એમ કહેવાનો આશય 'શિવશંકર' એ સમાસમાં રહેલો છે.

વદનકમળ એ સમાસનો ઉપમાના સંબંધથી વિગ્રહ ન કરીએ, તો વદન રૂપી કમળ અથવા વદન એજ કમળ એ રીતે પણ વિગ્રહ કરી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[ઘ]

કેટલાક અનિયમિત કર્મધારય

સમાસ	વિગ્રહ
ગ્રામાન્તર	અન્ય (અન્તર) ગામ
ચિન્માત્ર	ફક્ત (માત્ર) ચિત્ત
કાપુરુષ	ખરાબ (બાયલો) પુરુષ

આવા સમાસોનો કર્મધારય સમાસોમાં સમાવેશ થાય છે.

વિશેષણ સમાસ કર્મધારય

સમાસ	વિગ્રહ
ભાંગ્યુંતૂટ્યું	ભાંગેલું તેજ તૂટેલું
વાંકુંચૂકું	વાંકું તેજ ચૂકું
ફાટ્યોતૂટ્યો	ફાટેલો તેજ તૂટેલો

ઉપરના સમાસોમાં બંને પદો વિશેષણ હોય છે. તે બંને એક જ અર્થનાં હોય છે, અને ભાર મૂકવા માટે તેનો એકી સાથે ઉપયોગ કરવામાં આવે છે. આવા સમાસને વિશેષણ સમાસ કહે છે.

દ્વિગુ સમાસ

સમાસ	વિગ્રહ
ચોમાસું	ચાર માસનો સમૂહ
નવરાત્ર	નવ રાત્રિનો સમૂહ
પંચવટી	પાંચ વડ કે વૃક્ષનો સમૂહ
ત્રિલોક	ત્રણ લોકનો સમૂહ
પંચાંગ	તિથિ વગેરે પાંચ અંગોનો સમૂહ

ઉપરના સમાસોમાં પહેલું પદ સંખ્યાવાચક વિશેષણ છે, અને બીજું પદ નામ છે. એ આખો સમાસ સમુચ્ચય કે સમૂહનો અર્થ દર્શાવે છે. ચોમાસું એટલે ચાર માસનું જૂથ કે સમૂહ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે સમાસમાં પ્રથમ પદ સંખ્યાવાચક વિશેષણ હોય અને બીજું પદ નામ હોય, અને આખો સમાસ સમૂહનો અર્થ દર્શાવે તે સમાસ દ્વિગુ સમાસ કહેવાય છે.

દ્વિગુ સમાસ કર્મધારયનો એક પ્રકાર જ છે. દ્વિગુ શબ્દ જાતે જ દ્વિગુ સમાસનો દાખલો છે. દ્વિ–બે, ગુ–ગાય. દ્વિગુ–બે ગાયનો સમૂહ.

મનોયત્ન : ૨૫

નીચેના સમાસો ઓળખો અને તેનો વિગ્રહ કરો—

મહાપુરુષ	એકાંતવાસ	નવયુગ	મહર્ષિ
પંચકોણ	ચોમાસું	ત્રિલોક	ત્રિકાલ
વ્યોમસરોવર	પ્રેમસાંકળ	અંધશ્રદ્ધા	મુખચંદ્ર
ત્રિભુવન	નરસિંહ	નવદ્વીપ	ચરણકમળ
સંસારસાગર	વિષયાંતર	શૂરવીર	ઊંચીનીચી
સાચુંખોટું	ધીરવીર	વચનામૃત	વચનબાણ

•

પ્રકરણ ૧૬

શબ્દસિદ્ધિ

તમે આગળ શીખી ગયા છો કે શબ્દની આગળ પૂર્વગ અને શબ્દને છેડે પ્રત્યય લગાડવાથી શબ્દના અર્થમાં ફેરફાર થઈ જાય છે, અને એક નવો શબ્દ બને છે. દા. ત.

જય — **પરા**જય; ધન — ધન**વાન**

અહીં 'જય' શબ્દની આગળ 'પરા' પૂર્વગ લાગ્યો છે, અને તેથી એનાથી ઊલટા અર્થનો શબ્દ 'પરાજય' બન્યો છે.

'ધન' એ પદ નામ છે. એને 'વાન' પ્રત્યય લાગવાથી એ 'ધનવાળો' એવા અર્થનું વિશેષણ બન્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે તમે જે પૂર્વગો અને પ્રત્યયો શીખી ગયા છો તેનું પુનરાવર્તન કર્યું છે તે જુઓ. એના પછી નવા પૂર્વગો અને પ્રત્યયોથી કેવી રીતે શબ્દસિદ્ધિ થાય છે તે બતાવી છે.

પૂર્વગ

શબ્દ	પૂર્વગ	સાધિત શબ્દ	અર્થમાં ફેરફાર
ન્યાય	અ	અન્યાય	ઊલટો અર્થ
ઇચ્છા	અન્	અનિચ્છા	,,
બનાવ	અણ	અણબનાવ	,,
પાસ	ન, ના	નપાસ, નાપાસ	,,
જિત	પરા	પરાજિત	,,
અનુભવી	બિન	બિનઅનુભવી	,,
આવડત	વણ	વણઆવડત	,,
વાજબી	ગેર	ગેરવાજબી	,,

. . . .

નીચે જુદા જુદા અર્થ બતાવતા પૂર્વગો, તેનાથી સિદ્ધ થતા નવા શબ્દો તથા પૂર્વગોનો અર્થ શો થાય છે, તે બતાવ્યું છે.

• અભ્યાસ •

શબ્દ	પૂર્વગ	સાધિત શબ્દ	અર્થ
કાષ્ઠા (હદ)	પરા	પરાકાષ્ઠા	અંતિમ
વચન	અપ	અપવચન	ખરાબ
કીર્તિ	,,	અપકીર્તિ	,,
હરણ	,,	અપહરણ	દૂર
તપ્ત	અતિ	અતિતપ્ત	ઘણું
હર્ષ	,,	અતિહર્ષ	ઘણો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દ	પૂર્વગ	સાધિત શબ્દ	અર્થ
પતિ	અધિ	અધિપતિ	ઉપર
રાજ	,,	અધિરાજ	,,
તરણ	અવ	અવતરણ	નીચે
		[નીચે ઊતરવું તે]	
રોહણ	અવ	અવરોહણ	,,
ગુણ	દુર્ (દુષ્)	દુર્ગુણ	ખરાબ
જન	,,	દુર્જન	,,
જય	,,	દુર્જય	મુશ્કેલ
પ્રાપ્ય	દુષ્	દુષ્પ્રાપ્ય	,,
ગમન	નિર્	નિર્ગમન	બહાર
દય	,,	નિર્દય	વિના
ફળ	નિસ્	નિષ્ફળ	વિના
પ્રાણ	,,	નિષ્પ્રાણ	,,
ઉત્તર	પ્રતિ	પ્રત્યુત્તર	સામો
બિંબ	,,	પ્રતિબિંબ	સામું
ક્રિયા	,,	પ્રતિક્રિયા	સામી
શબ્દ	,,	પ્રતિશબ્દ	સામો
દિન	,,	પ્રતિદિન	દરેક
ક્ષણ	,,	પ્રતિક્ષણ	,,
શુદ્ધ	વિ	વિશુદ્ધ	વિશેષ
ખ્યાત	,,	વિખ્યાત	,,
રાગ	,,	વિરાગ	વિના
ફળ	,,	વિફળ	,,
ગીત	સમ્	સંગીત	સાથે
પૂર્ણ	સમ્	સંપૂર્ણ	પુષ્કળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દ	પૂર્વગ	સાધિત શબ્દ	અર્થ
તાપ	સમ્	સંતાપ	પુષ્કળ
રોજ	દર	દરરોજ	દરેક
સાલ	,,	દરસાલ	,,
નામ	બદ	બદનામ	ખરાબ
શિકલ	,,	બદશિકલ	,,
વારસ	ના	નાવારસ	વિના
પાસ	ના	નાપાસ	ઊલટો અર્થ
અક્કલ	કમ	કમઅક્કલ	ઓછી
જોર	કમ	કમજોર	ઓછું

પ્રત્યય

શબ્દને છેડે પ્રત્યયો લાગવાથી એ શબ્દના અર્થમાં શો ફેરફાર થાય છે અને નવો શબ્દ શી રીતે બને છે તે તમે શીખી ગયા છો. એ પ્રત્યયોનું અહીં પુનરાવર્તન કર્યું છે. એના પછી નવા પ્રત્યયોનો અભ્યાસ આપ્યો છે.

નામમાંથી વિશેષણ

પ્રત્યય	નામ	વિશેષણ
ઈય	શાસ્ત્ર	શાસ્ત્રીય [શાસ્ત્રને લગતું]
ઇક	રસ	રસિક [રસવાળું]
વાન	કુળ	કુળવાન [કુળવાળું]
મંત	શ્રી	શ્રીમંત [શ્રીવાળું]
વંત	ધન	ધનવંત [ધનવાળું]
ઈ	હિંદ	હિંદી [હિંદનું]
ઈ	રેશમ	રેશમી [રેશમનું]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાવવાચક નામ બનાવનાર

પ્રત્યય	શબ્દ	ભાવવાચક નામ
તા	કોમળ	કોમળતા
ત્વ	દાસ	દાસત્વ
ત્વ	પૂર્ણ	પૂર્ણત્વ
પણ	ગળ્યું	ગળપણ
આણ	ઊંચું	ઊંચાણ
આઈ	પહોળું	પહોળાઈ

નીચે બીજા નવા પ્રત્યયો અને તે લાગવાથી થતા સાધિત શબ્દો આપ્યા છે. એનો અભ્યાસ કરો.

વિશેષણ બનાવનાર

પ્રત્યય	શબ્દ	વિશેષણ
ઇત	આનંદ	આનંદિત
માન	નીતિ	નીતિમાન
માન	બુદ્ધિ	બુદ્ધિમાન
વાન	ધન	ધનવાન
વાન	કુળ	કુળવાન
આળુ	માયા	માયાળુ
આળુ	કૃપા	કૃપાળુ
આળ	સ્નેહ	સ્નેહાળ
મય	રસ	રસમય
દાર	ભપકો	ભપકાદાર
દાર	આબરૂ	આબરૂદાર
કણું	લડ(વું)	લડકણું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કણું	માર(વું)	મારકણું
આઉ	કમા(વું)	કમાઉ
આઉ	શીખ(વું)	શિખાઉ
એલ	ચાખ(વું)	ચાખેલ
એલ	વંઠ(વું)	વંઠેલ
આઈ	ચીન	ચિનાઈ
આઈ	દરિયો	દરિયાઈ

ભાવવાચક નામ બનાવનાર

પ્રત્યય	શબ્દ	ભાવવાચક નામ
ય	મધુર	માધુર્ય
ય	એક	ઐક્ય
આશ	રાતું	રતાશ
આશ	ભૂરું	ભૂરાશ
ઈ	બોલ	બોલી
ઈ	ચોર	ચોરી
ણું	માગ	માગણું
ણું	દે	દેણું
આટ	ગભરા(વું)	ગભરાટ
આટ	ઊકળ(વું)	ઉકળાટ
આમણી	સરખા(વવું)	સરખામણી
આમણી	પહેરા(વવું)	પહેરામણી
આણ	જોડ(વું)	જોડાણ
આણ	લખ(વું)	લખાણ
ણી	માગ(વું)	માગણી
ણી	જોડ(વું)	જોડણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પટ્ટી	રખડ(વું)	રખડપટ્ટી
પટ્ટી	ઘસડ(વું)	ઘસડપટ્ટી

કરનારના અર્થમાં નામ

પ્રત્યય	શબ્દ	નામ
અક	લખ(વું)	લેખક
અક	તાર(વું)	તારક
નાર	ખેલ(વું)	ખેલનાર
નાર	ગા(વું)	ગાનાર
ઐયો	ગા(વું)	ગવૈયો
ઐયો	ઘેર	ઘેરૈયો
આર (કાર)	કુંભ	કુંભાર
આર	લોહ	લુહાર
આરો	માપ(વું)	મપારો
આરો	પીંજ(વું)	પીંજારો
ખોર	હરામ	હરામખોર
ખોર	ચુગલી	ચુગલીખોર
ગાર	ગુનો	ગુનેગાર
ગાર	કામ	કામગાર
ગર	સોદા	સોદાગર
ગર	જાદુ	જાદુગર

મનોયત્ન : ૨૬

પૂર્વગ લગાડી ઊલટા અર્થના શબ્દ બનાવો—

સત્ય	ચલ	દીઠું	જ્ઞાન	છત
ચાખ્યું	બનાવ	વિશ્વાસ	માનીતું	માગ્યું
આદિ	અંત	આદર	આત્મ	એક-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જકાતી	શરતી	વાકેફ	ગુનેગાર	જરૂરી
લાભ	ઇન્સાફ	ફાયદો	વાજબી	સાવધ
પસંદ	કબૂલ	લાયક	મરજી	પૂછ્યું
ઉમેદ	હિંમત	ઇલાજ	મંજૂર	ખુશ

મનોયત્ન : ૨૭

પ્રત્યય લગાડી વિશેષણ બનાવો —

[क]	પ્રાંત	ભારત	વર્ષ	વૈદક	વર્ગ
	ઉદ્યોગ	સંસાર	માસ	સ્થાન	ક્ષણ
	ધન	રૂપ	કીર્તિ	ભાગ્ય	ગરજ
	ચીન	અપરાધ	ઉપકાર	ઋણ	ક્ષમા
	પુણ્ય	ભક્તિ	વિશ્વાસ	શક્તિ	શ્રદ્ધા
[ख]	મોહ	પુણ્ય	ગર્વ	દયા	પ્રેમ
	રસ	ખરચ	વાચા	શરમ	સ્નેહ
	વગડો	એશિયા	દરિયો	રશિયા	ઈર્ષા
	પાણી	જવાબ	રોનક	સુગંધી	આકાશ
	નાટક				

મનોયત્ન : ૨૮

પ્રત્યય લગાડી ભાવવાચક નામ બનાવો —

[क]	નમ્ર	કઠોર	પવિત્ર	નિર્દય	મૂર્ખ
	સતી	મૃદુ	અમર	કવિ	ડાહ્યું
	બાળ	મોટું	નાનું	ઊંચું	શાણું
	પોલું	લાંબું	ઊંડું	નીચું	ભલું
	ચોખ્ખું	તોછડું	નબળું	બૂરું	સગું
[ख]	ગંભીર	ચંચળ	સુંદર	શૂર	સમર્થ
	પીળું	લીલું	ખારું	મીઠું	કડવું
	દલાલ	સપાટ	નાદાન	ખરાબ	

ચળક(વું) ખડખડ(વું) રખડ(વું) ગણગણ(વું) કાપ(વું)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોપ(વું) કોતર(વું) પૂર(વું) માપ(વું)
સાચવ(વું) લાગ(વું)

મનોયત્ન : ૨૯

પ્રત્યય લગાડી કરનાર અર્થનું નામ બનાવો —

ઘડ(વું)	લડ(વું)	વાંચ(વું)
ગા(વું)	પદ(વું)	જુલમ
ચીતર(વું)	ખોદ(વું)	લૂંટ(વું)
ધૂત(વું)	મદદ	જાદુ

•

પ્રકરણ ૧૭

શબ્દ—તત્સમ, તદ્ભવ અને દેશ્ય

આપણા દેશમાં અનેક પ્રાંતીય ભાષાઓ છે. એમાંની હિંદી, બંગાળી, મરાઠી, ગુજરાતી, કન્નડ, તામિલ, તેલુગુ, મલયાલમ વગેરે મુખ્ય ખેડાયેલી ભાષા છે. એ દરેક ભાષામાં પોતપોતાનું ગણનાયોગ્ય સાહિત્ય છે.

આમાંની હિંદી, બંગાળી, મરાઠી, ગુજરાતી ભાષાઓનું મૂળ સંસ્કૃતમાં અને તેની સાથે સંબંધ રાખનારી પ્રાકૃત ભાષામાં રહ્યું છે. બાકીની બીજી તામિલ, તેલુગુ, મલયાલમ અને કન્નડ વગેરે દક્ષિણ હિંદની ભાષાઓનું મૂળ સંસ્કૃતમાં નથી, પણ એ સ્વતંત્ર દ્રાવિડ ભાષાની શાખાઓ છે.

પરંતુ સમય જતાં આપણી આર્ય સંસ્કૃતિના પ્રચારને લીધે એ ભાષાઓ પર પણ સંસ્કૃતની ખૂબ અસર થયેલી છે. આને લીધે એ ભાષાઓમાં પણ સંસ્કૃતના પુષ્કળ શબ્દો પ્રવેશ પામ્યા છે.

ગુજરાતી ભાષા

આપણી ભાષાનો શબ્દકોશ તપાસીએ તો માલૂમ પડશે કે એની અંદર મોટા પ્રમાણના શબ્દો સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાંથી ઊતરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવેલા છે. એ ઉપરાંત અરબી, ફારસી, પોર્ટુગીઝ અને અંગ્રેજી ભાષામાંથી પણ શબ્દો આપણી ભાષામાં પ્રચલિત બની રૂઢ થઈ ગયા છે.

નીચે કયા કયા શબ્દો કઈ ભાષામાંથી આવ્યા છે તે બતાવ્યું છે.

સંસ્કૃતમાંથી સીધા — નયન, મયૂર, શશાંક, ભુજંગ, શક્તિ, સર્પ, નીતિ, રીતિ, પ્રીતિ, ગગન, સૂર્ય, મુખ, વૃક્ષ વગેરે.

સંસ્કૃતમાંથી પ્રાકૃત ભાષા દ્વારા — વેણ, નેણ, ચાંદો, સૂરજ, મોર, સાપ, મોં, કોયલ, ઉનાળો, શિયાળો વગેરે.

અરબીમાંથી — અમલ (અમ્લ), હુકમ (હુક્મ), ઇલમ (ઇલ્મ) કિતાબ, કબૂલ.

ફારસીમાંથી — જાત, જર, જબાન, ઝેર (જહર), મજદૂર.

અંગ્રેજીમાંથી — પેન, ટિકિટ, ટેબલ, રેડિયો, મોટર, ફોટો, કપ, ટ્રેન.

પરભાષાના શબ્દો પૈકી ફારસી-અરબી ભાષાના શબ્દો મુસલમાનોના સમાગમ પછી આપણી ભાષામાં દાખલ થયા છે. યુરોપની પ્રજાઓના આગમન પછી અંગ્રેજ લોકોના અમલ દરમ્યાન અંગ્રેજી ભાષાના શબ્દો આપણી ભાષામાં ખાસ પ્રચાર પામ્યા છે.

આમ આપણી ભાષાના ઘડતરમાં અનેક ભાષાઓની અસર છે, તેનો ખ્યાલ આ પરથી તમને આવશે. આ અસરને લઈને આપણી ભાષાની શક્તિ વધી છે અને તેથી શબ્દભંડોળની દૃષ્ટિએ એ સમૃદ્ધ પણ બની છે.

તત્સમ શબ્દ

ઉપર બતાવેલા શબ્દોની યાદી જોતાં માલૂમ પડશે કે આપણી ભાષામાં સંસ્કૃત, અરબી, ફારસી અને અંગ્રેજી ભાષાના કેટલાક શબ્દો તેમના મૂળ રૂપે વપરાય છે. દા. ત.

સંસ્કૃત — સૂર્ય, ગગન, મયૂર. અરબી — કિતાબ, કબૂલ.

અંગ્રેજી — સ્ટેશન, ફોટો, કપ. ફારસી — જબાન, જાત.

બીજી ભાષામાંથી આવીને આપણી ભાષામાં તેમના મૂળ રૂપે જ વપરાતા શબ્દો તત્સમ શબ્દ કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તત્સમ એટલે તેના સમાન એટલે મૂળ ભાષાના જેવા.

તદ્ભવ શબ્દ

સંસ્કૃત	પ્રાકૃત કે અપભ્રંશ	ગુજરાતી
ઘટકઃ	ઘડઉ	ઘડો
કર્મ	કમ્મુ	કામ
દુગ્ધમ્	દુદ્ધં	દૂધ

ઉપરના શબ્દોનો અભ્યાસ કરો. તમને તરત સમજાશે કે આ ગુજરાતી શબ્દો મૂળ સંસ્કૃતમાંથી પ્રાકૃત દ્વારા ફેરફાર પામીને નવા સ્વરૂપે ગુજરાતીમાં વપરાય છે. સંસ્કૃતમાં 'કર્મ' શબ્દ છે, તે પ્રાકૃત કે અપભ્રંશમાં 'કમ્મુ' બન્યો અને ગુજરાતીમાં તેનું રૂપ 'કામ' થઈ ગયું.

આવા જે શબ્દો મૂળ રૂપે નહિ પણ ફેરફાર પામીને નવા રૂપે ભાષામાં વપરાય છે, તેને તદ્ભવ શબ્દો કહેવામાં આવે છે.

તદ્ભવ એટલે તેમાંથી ઉદ્ભવેલા, એટલે કે મૂળ ભાષામાંથી રૂપાંતર પામીને ઉદ્ભવેલા.

નીચે તત્સમ તથા તદ્ભવ શબ્દો આપ્યા છે, તેનો અભ્યાસ કરો.

તત્સમ	તદ્ભવ
[સંસ્કૃત રૂપે]	[ગુજરાતી રૂપે]
નયન, સૂર્ય, દુર્બળ, શુષ્ક	નેણ, સૂરજ, દૂબળો, સૂકું
[અરબી રૂપે]	[ગુજરાતી રૂપે]
અકલ, અમાનત, અર્જ	અક્કલ, અનામત, અરજ
[ફારસી રૂપે]	[ગુજરાતી રૂપે]
આબુ, ખુશામદ, જહ્ર	આબરૂ, ખુશામત, ઝેર
[અંગ્રેજી રૂપે]	[ગુજરાતી રૂપે]
ઈંગ્લિશ, ટિકેટ, હોસ્પિટલ, ડોક્ટર	અંગ્રેજી, ટિકિટ, ઇસ્પિતાલ, દાક્તર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેશ્ય શબ્દો

આપણા દેશમાં આર્યો આવ્યા તેની સાથે સંસ્કૃત ભાષા આવી. તે પહેલાં અહીં દેશના જુદા જુદા ભાગમાં આદિવાસીઓ જુદી જુદી મૂળ દેશી ભાષાઓ બોલતા હતા. એ ભાષાઓની અસર પણ આપણી જુદી જુદી ભાષાઓ પર રહી છે. આથી હજી પણ તેમાંના કેટલાક શબ્દો આપણી ભાષામાં પ્રચલિત છે.

આ મૂળ દેશી ભાષાના શબ્દોનો હેમચંદ્રાચાર્યે પોતાના 'સિદ્ધહૈમ' નામના વ્યાકરણમાં સંગ્રહ આપેલો છે. એ પરથી એ તળપદી ભાષાના કેટલાક શબ્દો ગુજરાતીમાં હજીયે વપરાય છે,તેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે.

આમ આપણા દેશની આદિવાસી પ્રજાના જે શબ્દો છે તેને દેશ્ય શબ્દો કહે છે. દાખલા — રોહું, ઝાંખરું, ડાળી, ગિંધેલ વગેરે.

મનોયત્ન : ૩૦

નીચેના તદ્ભવ શબ્દોને કયા તત્સમ શબ્દ સાથે સંબંધ છે તે કહો–

કાન	કપૂત	વીખ	ભાણુ	લુહાર
આંખ	ઓસડ	ભીખ	વેણુ	થાંભલો
હાથ	ખીર	આગ	ગોવાળ	કુંવર

મનોયત્ન : ૩૧

નીચેના તત્સમ શબ્દોને લગતા કયા તદ્ભવ શબ્દો આપણી ભાષામાં વપરાય છે તે શોધી કાઢો—

અરણ્ય	પિણ્ડ	અશ્રુ	ભ્રાતા
અંગુલિ	પર્ણ	જ્યેષ્ઠ	રેષા
ઉત્સવ	જિહ્વા	વ્યાઘ્ર	દીપક

પ્રકરણ ૧૮

સરળ વ્યુત્પત્તિ

આપણે તત્સમ અને તદ્ભવ શબ્દોના પ્રકરણમાં જોયું કે સંસ્કૃત ભાષામાંથી આપણી ભાષામાં આવેલા કેટલાક શબ્દો તેના મૂળ રૂપે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વપરાય છે, તો વળી કેટલાક પ્રાકૃત દ્વારા રૂપાંતર પામી તદ્ભવ બનીને વપરાય છે.

આપણામાં કહેવત છે કે 'બાર ગાઉએ બોલી બદલાય.'' આનો અર્થ એ છે કે સામાન્ય લોકો ભાષાના ઉચ્ચારણમાં અને વ્યાકરણમાં છૂટછાટ લેતા જાય છે, તેમ તેમ મૂળ ભાષામાં ફેરફાર થતો જાય છે, અને પરિણામે રૂપાંતર પામેલી ભાષામાં સાહિત્ય પણ રચાય છે.

આપણી ગુજરાતી ભાષા પણ સંસ્કૃતમાંથી ધીમે ધીમે રૂપાંતર પામી નવા સ્વરૂપની બનેલી ભાષા છે. આપણે જોઈશું તો જણાશે કે વેદની સંસ્કૃત ભાષા અને રામાયણ–મહાભારત વગેરેની સંસ્કૃત ભાષાના બંધારણમાં, વ્યાકરણમાં અને શબ્દોના સ્વરૂપમાં પણ ફેરફાર છે. વખત જતાં સંસ્કૃત માત્ર પંડિતો અને શાસ્ત્રની ભાષા બની રહી. સામાન્ય લોકો દેશના જુદા જુદા ભાગમાં મૂળ સંસ્કૃતમાંથી રૂપાંતર પામેલી અને તેની સાથે સંબંધ ધરાવતી જુદી જુદી પ્રાકૃત ભાષાઓ બોલવા લાગ્યા. આ પ્રાકૃત ભાષાઓ પૈકી પાલિ, અર્ધમાગધી, શૌરસેની, પૈશાચી, મહારાષ્ટ્રી વગેરે જાણીતી છે.

બૌદ્ધ ધર્મના ગ્રંથો પાલિ ભાષામાં લખાયેલા છે. મૂળ જૈન ગ્રંથો અર્ધમાગધીમાં લખાયેલા છે. એ પ્રમાણે બીજી પ્રાકૃત ભાષાઓમાં પણ પોતપોતાનું સાહિત્ય લખાયેલું છે.

આ પ્રાકૃત ભાષામાંથી વખત જતાં અપભ્રંશ ભાષાઓ પ્રકટી, અને તેમાં પણ સાહિત્ય લખાયું. આ ભાષાઓનું સાહિત્ય વાંચતાં શબ્દો કેવી રીતે ફેરવાઈને રૂપાંતર પામ્યા છે એ જાણી શકાય છે. આપણી ગુજરાતી ભાષા શૌરસેની પ્રાકૃતમાંથી જન્મેલા નાગર નામના અપભ્રંશમાંથી ઉત્પન્ન થયેલી છે એમ કહેવાય છે. શૌરસેની પ્રાકૃત શૂરસેન નામના મથુરાની આસપાસ આવેલા પ્રદેશમાં બોલાતી હતી.

આમ ગુજરાતીમાં વપરાતા તદ્ભવ શબ્દોને સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ ભાષા સાથે સંબંધ છે. એ શબ્દો કંઈ ગમે તેમ રૂપાંતર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પામેલા નથી. પરંતુ એના ફેરફારો ઉચ્ચારશાસ્ત્રના નિયમોને અનુસરીને જ થયા છે. આથી એ શબ્દો કેવી રીતે રૂપાંતર પામ્યા, તે નિયમને આધારે બતાવી શકાય છે.

આમ અસલ ભાષામાંથી શબ્દ કેવી રીતે ઉદ્ભવ્યો કે વ્યુત્પન્ન થયો, તે બતાવવું તેને વ્યાકરણમાં વ્યુત્પત્તિ કરવી કહે છે.

નીચે વ્યુત્પત્તિના થોડા નિયમો આપ્યા છે. તેનો અભ્યાસ કરો.

[૧]

સંસ્કૃત	પ્રાકૃત કે અપભ્રંશ	ગુજરાતી
ચક્ર	ચક્ક	ચાક

'ચક્ર' શબ્દનું રૂપ પ્રાકૃત ભાષામાં 'ચક્ક' બને છે. પછી એ શબ્દ ગુજરાતીમાં આવતાં, એમાંના એક 'ક'નો લોપ થાય છે અને એની પૂર્વે 'ચ' માં રહેલા 'અ'નો 'આ' થાય છે. પરિણામે 'ચક્ક' શબ્દ રૂપાંતર પામી 'ચાક' બને છે.

ચ્ + **અ** + ક્ + ક = [ગુજરાતીમાં] ચ + **આ** + ક = ચાક

નિયમ ૧ — સંસ્કૃત શબ્દમાં જો જોડાક્ષર હોય તો તે શબ્દનું રૂપાંતર થતાં જોડાક્ષર પૈકીનો એક ઊડી જાય છે, અને તેની પૂર્વનો હ્રસ્વ સ્વર દીર્ઘ બને છે.

• દાખલા •

સંસ્કૃત	ગુજરાતી	સંસ્કૃત	ગુજરાતી
કર્મ	કામ	સપ્ત	સાત
સર્પ	સાપ	કજ્જલ	કાજળ

અહીં 'અ' નો 'આ' થયો છે.

સંસ્કૃત	પ્રાકૃત કે અપભ્રંશ	ગુજરાતી
શિક્ષા	સિક્ખા (સિક્ખ)	શીખ

અહીં જોડાક્ષરમાંનો ક્ ઊડી ગયો છે અને તેની પૂર્વની 'ઇ' દીર્ઘ 'ઈ' બની છે. આથી શ્ + ઈ = શી બની છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

• દાખલા •

સંસ્કૃત	ગુજરાતી	સંસ્કૃત	ગુજરાતી
વિદ્યુત્	વીજ	બિલ્વ(કમ્)	બીલું
મિષ્ટ(કમ્)	મીઠું	લિક્ષા	લીખ
નિરીક્ષ	નીરખ	ચિક્કન	ચીકણું

સંસ્કૃત	પ્રાકૃત કે અપભ્રંશ	ગુજરાતી
દુગ્ધ (મ્)	દુદ્ધં	દૂધ

અહીં જોડાક્ષરમાંનો દ્ ઊડી ગયો છે અને તેની પૂર્વનું ઉ દીર્ઘ ઊ બન્યું છે. આથી દ્ + ઊ = દૂ થયું છે.

• દાખલા •

સંસ્કૃત	ગુજરાતી	સંસ્કૃત	ગુજરાતી
ફુલ્લ	ફૂલ	દુર્બલ	દૂબળો
શુષ્ક(કમ્)	સૂકું	પુટઃ	પૂડો
પુત્ર	પૂત	ઉષ્ણ	ઊનું

[૨]

સંસ્કૃત	પ્રાકૃત કે અપભ્રંશ	ગુજરાતી
દન્તઃ	દન્તુ	દાંત

સંસ્કૃત શબ્દમાં ન્ અનુનાસિક છે. ગુજરાતીમાં એનો ઉચ્ચાર પોચા અનુસ્વારનો થવાથી એની પૂર્વનો સ્વર દીર્ઘ બન્યો છે.

નિયમ ૨—સંસ્કૃત શબ્દમાં આવેલા અનુનાસિક કે તીવ્ર અનુસ્વારનો ઉચ્ચાર ગુજરાતીમાં પોચો થતાં એની પૂર્વનો સ્વર દીર્ઘ બને છે.

• દાખલા •

સંસ્કૃત	ગુજરાતી	સંસ્કૃત	ગુજરાતી
રંક	રાંક	વંશ	વાંસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંકણ	કાંકણ	બંધન	બાંધણ
કણ્ઠ	કાંઠો	લંઘન	લાંઘણ
કંબલ	કાંબળો		

[૩]

સંસ્કૃત	પ્રાકૃત કે અપભ્રંશ	ગુજરાતી
પર્ણકમ્	પન્નઉં	પાનું

અહીં સંસ્કૃત શબ્દને છેડે 'અમ્' છે. એનું ગુજરાતીમાં 'ઉં' થયું છે. ન્ + ઉં = નું.

વળી અહીં નિયમ ૧ લો પણ લાગુ પડયો છે તે જુઓ. 'પન્નઉં' માંના જોડાક્ષર પૈકી એક 'ન્' ઊડી ગયો છે, અને તેથી તેની પૂર્વના સ્વર 'અ' નો 'આ' થયો છે. આથી 'પ' નો 'પા' થયો છે.

નિયમ ૩—સંસ્કૃત શબ્દને છેડે 'અમ્' હોય, તો તેનું ગુજરાતીમાં 'ઉં' થઈ જાય છે.

• દાખલા •

સંસ્કૃત	ગુજરાતી	સંસ્કૃત	ગુજરાતી
મધુરમ્	મધુરું	કર્પટમ્	કાપડું
પક્વમ્	પાકું	કદલમ્	કેળું
રક્તમ્	રાતું	સ્વપ્નમ્	સ્વપ્નું

[૪]

સંસ્કૃત	ગુજરાતી
યાત્રા	જાત્રા
યોગી	જોગી

અહીં શબ્દના આરંભમાં 'ય' છે. એનો ગુજરાતીમાં 'જ' થયો છે. આથી 'યાત્રા' શબ્દનું રૂપાંતર 'જાત્રા' અને 'યોગી'નું રૂપાંતર 'જોગી' થયું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિયમ ૪—સંસ્કૃત શબ્દમાં જો 'ય' હોય, તો તેનો ગુજરાતીમાં 'જ' થાય છે.

• દાખલા •

સંસ્કૃત	ગુજરાતી	સંસ્કૃત	ગુજરાતી
યવ	જવ	યશ	જશ
યાચક	જાચક	યમ	જમ
મર્યાદા	મરજાદા	યુગ	જુગ

[૫]

સંસ્કૃત	પ્રાકૃત કે અપભ્રંશ	ગુજરાતી
વચન	વયણુ	વેણુ

મૂળ શબ્દને અંતે 'ન' છે. એનો ગુજરાતીમાં 'ણુ' થયો છે.

નિયમ ૫—સંસ્કૃત શબ્દને અંતે 'ન' હોય, તો પ્રાકૃતમાંથી રૂપાંતર થઈને આવતાં 'ન' નો 'ણુ' થાય છે.

• દાખલા •

સંસ્કૃત	ગુજરાતી	સંસ્કૃત	ગુજરાતી
દાન	દાણુ	લંઘન	લાંઘણુ
જન	જણુ	રંધન	રાંધણુ
હીન	હીણુ	જીવન	જીવણુ
ચલન	ચલણુ	ભાનુ	ભાણુ

'લંઘન' અને 'રંધન' એ બે શબ્દોમાં તીવ્ર અનુસ્વાર પોચો બનવાથી તેની પૂર્વનો સ્વર દીર્ઘ થયો છે. [જુઓ નિયમ ૨]

[૬]

સંસ્કૃત	પ્રાકૃત કે અપભ્રંશ	ગુજરાતી
તાપ	તાવો	તાવ

અહીં મૂળ શબ્દને અંતે 'પ' છે. એનો પ્રાકૃતમાં 'વો' થઈને ગુજરાતીમાં 'વ' બન્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિયમ ૬—સંસ્કૃત શબ્દમાં આરંભ સિવાય 'પ' હોય, તો પ્રાકૃતમાંથી રૂપાંતર થઈને ગુજરાતીમાં આવતાં તેનો 'વ' થાય છે.

• દાખલા •

સંસ્કૃત	ગુજરાતી	સંસ્કૃત	ગુજરાતી
કૂપઃ	કૂવો	ગોપાલ	ગોવાળ
દીપાવલી	દિવાળી	દીપઃ	દીવો

[૭]

સંસ્કૃત	પ્રાકૃત કે અપભ્રંશ	ગુજરાતી
પર્વ	પરવ	પરબ

અહીં મૂળ શબ્દને અંતે 'વ' છે. એનો ગુજરાતીમાં 'બ' થયો છે.

નિયમ ૭—સંસ્કૃત શબ્દમાં 'વ' હોય, તો પ્રાકૃતમાંથી રૂપાંતર થઈને આવતાં ગુજરાતીમાં તેનો 'બ' થાય છે.

• દાખલા •

સંસ્કૃત	ગુજરાતી	સંસ્કૃત	ગુજરાતી
વંશી	બંસી	શવ	શબ
વાષ્પ	બાફ	વ્રજવાસી	બ્રજવાસી

[૮]

સંસ્કૃત	પ્રાકૃત કે અપભ્રંશ	ગુજરાતી
ઘટકઃ	ઘડઉ	ઘડો

મૂળ શબ્દમાં 'ટ' છે. એનો ગુજરાતીમાં 'ડ' થયો છે.

નિયમ ૮—સંસ્કૃત શબ્દમાં આરંભ સિવાય 'ટ' આવે, તો પ્રાકૃતમાંથી રૂપાંતર થઈ ગુજરાતીમાં તેનો 'ડ' થાય છે.

• દાખલા •

સંસ્કૃત	ગુજરાતી	સંસ્કૃત	ગુજરાતી
ઘોટકઃ	ઘોડો	શાટી	સાડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભટ	ભડ	કપાટ	કમાડ
કીટકઃ	કીડો	કુક્કુટઃ	કૂકડો

[૯]

સંસ્કૃત	પ્રાકૃત કે અપભ્રંશ	ગુજરાતી
દ્યૂતકાર	જૂઅકાર	જુગાર

અહીં મૂળ શબ્દમાં 'ક' છે. એનો ગુજરાતીમાં 'ગ' થયો છે. આથી 'ક' નો 'ગ' બન્યો છે.

નિયમ ૯—સંસ્કૃત શબ્દમાં આરંભ સિવાય 'ક' આવે, તો ગુજરાતીમાં તેનો 'ગ' થાય છે.

• દાખલા •

સંસ્કૃત	ગુજરાતી	સંસ્કૃત	ગુજરાતી
કાક	કાગ	બક	બગ
પ્રકટ	પ્રગટ	મકર	મગર
ભક્ત	ભગત	મુકુટ	મુગટ

મનોયત્ન : ૩૨

નીચેના તત્સમ શબ્દો ઉપરથી કયા તદ્ભવ શબ્દો બન્યા છે તે કહો—

અભ્ર	અઘ	સંયોગ	ધવલમ્
અષ્ટ	ચંદ્ર	વક્રમ્	કંકર
દીપક	વટ	યતિ	નયન

•

પ્રકરણ ૧૯

ભાષાશુદ્ધિ–જોડણીના નિયમો

ગુજરાતી ભાષા સંસ્કૃતમાંથી ઊતરી આવેલી હોવાથી આપણી ભાષામાં એના કેટલાક શબ્દો મૂળ સંસ્કૃત સ્વરૂપે જ લખાય છે; તો વળી કેટલાક પ્રાકૃત તથા અપભ્રંશ દ્વારા ફેરફાર પામીને ઊતરી આવેલા શબ્દો મૂળ સ્વરૂપથી જુદા સ્વરૂપે લખાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તત્સમ શબ્દ

પ્રેમ, નીતિ, ઉષ્ણ, વિજય – આ બધા શબ્દો મૂળ સંસ્કૃત સ્વરૂપે જ ગુજરાતીમાં લખાય છે. આવા શબ્દો **તત્સમ** શબ્દો કહેવાય છે. તત્સમ એટલે તેના સમાન, એટલે કે મૂળ રૂપના જેવા.

તદ્ભવ શબ્દો

ઉષ્ણકાળ એ સંસ્કૃત તત્સમ શબ્દ છે. એના ઉપરથી પ્રાકૃતમાં થઈને આવેલું રૂપ **ઉનાળો** છે. એજ પ્રમાણે, **નયનનું** તદ્ભવ રૂપ **નેણ, વચનનું** તદ્ભવ રૂપ **વેણ, ચંદ્રનું ચાંદ** અને **કર્મનું કામ** બન્યું છે. આવા મૂળ શબ્દ ઉપરથી ફેરફાર પામેલા શબ્દો **તદ્ભવ શબ્દ** કહેવાય છે. તદ્ભવ એટલે તે (મૂળ શબ્દ) ઉપરથી બનેલો.

વળી ગુજરાતીમાં અરબી, ફારસી, અંગ્રેજી વગેરે ભાષામાંથી પણ શબ્દો આવેલા છે. એમાંના કેટલાક તત્સમ રૂપે વપરાય છે, જ્યારે કેટલાકની જોડણી બદલાઈ ગયેલી છે અને તે રૂઢ થઈ ગયેલા રૂપે જ લખાય છે. તત્સમ–કાબૂ, સ્ટેશન, એંજિન વગેરે. તદ્ભવ–ઇસ્પિતાલ, દાકતર, ટિકિટ વગેરે.

તત્સમ શબ્દોની જોડણી

૧. તત્સમ શબ્દોની જોડણી મૂળ પ્રમાણે જ ગુજરાતીમાં કરવી. દા. ત. મતિ, ગતિ, ગુરુ, વિદ્યાર્થી, સ્ટેશન.

૨. સંસ્કૃત શબ્દના છેલ્લા વ્યંજનમાં જ્યારે સ્વર ભળેલો હોતો નથી, ત્યારે તે અક્ષર સંસ્કૃતમાં ખોડો અથવા સ્વરરહિત લખાય છે. જેમકે વિદ્વાન્, પરિષદ્. પરંતુ ગુજરાતીમાં એવા તત્સમ શબ્દોને અકારાન્ત ગણીને જ લખવા. જેમકે વિદ્વાન, પરિષદ, જગત વગેરે.

અપવાદ — પશ્ચાત્, અર્થાત્, ક્વચિત્ જેવાં અવ્યયોનો છેલ્લો અક્ષર ખોડો જ લખાય છે. એને સ્વરાન્ત ગણવાનાં નથી. પરંતુ જો એ શબ્દો પછી **જ** શબ્દ આવે, તો એ વ્યંજનને સ્વરાન્ત ગણવો. જેમકે **ક્વચિત જ**; એમ અહીં **ત** આખો લખવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. અંગ્રેજીમાંથી આવેલા તત્સમ શબ્દોના એ, ઓ વગેરે પહોળા ઉચ્ચારના સ્વરોને માટે ઊંધી માત્રાનો ઉપયોગ કરવો. જેમકે કૉફી, ઑગસ્ટ, કૉલમ, બૉટ વગેરે.

તદ્ભવ શબ્દોની જોડણી

ઇ કે ઈ અને ઉ કે ઊ ના નિયમો

ગુજરાતીમાં ખાસ કરીને હ્રસ્વ ઇ કે દીર્ઘ ઈ, તથા હ્રસ્વ ઉ તથા દીર્ઘ ઊ ની ભૂલો ઘણી થાય છે. તત્સમ શબ્દોમાં તો મૂળમાં જેમ હોય તેમજ લખવાનું હોય છે, એટલે તેના સામાન્ય નિયમ નથી. પરંતુ ગુજરાતી તદ્ભવ શબ્દોને માટે એ સ્વરો માટેના નિયમો છે. તેનો અભ્યાસ કરવાથી તદ્ભવ શબ્દોમાં ઈ તથા ઊ ક્યાં હ્રસ્વ અને ક્યાં દીર્ઘ લખવાં તે સમજાશે. તત્સમ શબ્દોને આ નિયમ લાગુ પડતા નથી તે ધ્યાનમાં રાખવું.

૧. શબ્દને છેડે અનુસ્વાર સાથે કે અનુસ્વાર વિના ઈ દીર્ઘ વપરાય છે. જેમકે નહીં, દહીં, અહીં, ઘણી, ઘી, મરઘી, કીડી.

૨. શબ્દને છેડે ઉ અનુસ્વાર સહિત કે તે વિના આવે, તો હ્રસ્વ ઉ વપરાય છે. જેમકે લાડુ, પાટુ, આંસું, નવું, પુરાણું, ઢેકું, શું, હું.

અપવાદ — પરંતુ **એક અક્ષરના** શબ્દમાં અનુસ્વાર ન હોય, તો ઊ દીર્ઘ લખાય છે. જેમકે લૂ, જૂ, બૂ, થૂ.

૩. **બે અક્ષરના** શબ્દમાં પહેલા અક્ષરમાં આવેલાં ઈ તથા ઊ દીર્ઘ લખાય છે. જેમકે તૂત, ચૂક, ચૂલો, ઝૂલો, ખીણ, ઝીણું, પીલો.

અપવાદ — **સુધી, દુઃખ, જુઓ, જુદું.**

૪. **ત્રણ અક્ષરના** શબ્દમાં ઇ કે ઉ પછી લઘુ અક્ષર આવે, તો ઈ કે ઊ દીર્ઘ લખવાં. જેમકે **નીકળ, પીમળ, શીખવ, મજૂર, તૂતક, ભૂરકી, મૂલવ, તડૂક.**

पुस्तकालय
गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપવાદ — ઉપર, મુમટ, અંગુર.

૫. **ત્રણ અક્ષરના** શબ્દમાં ઇ કે ઉ પછી ગુરુ અક્ષર આવે, તો હ્રસ્વ ઇ કે ઉ લખવાં. જેમકે ખુશાલ, વિમાસ, કિનારો, લુહાર.

અપવાદ—(क) વિશેષણ અને નામ ઉપરથી બનતાં ભાવવાચક નામોને આ નિયમ લાગુ પડતો નથી. એ શબ્દોમાં મૂળ વિશેષણ તથા નામની જોડણી કાયમ રાખવી. જેમકે વકીલ — વકીલાત. જો (પ) અહીં લાગુ પાડીએ તો વકિલાત એમ લખવું પડે, પણ અહીં એમ લખવું નહિ. તેવી જ રીતે, **મીઠું** – **મીઠાશ**, **ગરીબ** –**ગરીબાઈ**, **પીળું** – **પીળાશ**, **જૂઠું** – **જૂઠાણું**.

(ख) કેટલાક શબ્દોમાં ઉપાંત્ય અક્ષર ઉપર ભાર દઈને તેનો ઉચ્ચાર કરવામાં આવે છે, ત્યારે ઈ કે ઊ દીર્ઘ લખવાં. જેમકે **ગોટીલો**, **દાગીનો**, **અરડૂસો**, **દંતૂડી**.

૬. શબ્દમાં આવતા જોડાક્ષરને લીધે તેની પૂર્વે આવેલો સ્વર થડકાતો હોય, ત્યારે તે ઈ કે ઉ હ્રસ્વ લખાય છે. જેમકે **ડુક્કર**, **કિસ્સો**, **ચુસ્ત**, **શિસ્ત**.

અહીં ઉચ્ચાર કરતાં આગલા સ્વરને થડકો લાગે છે. એ સ્વર લખવામાં હ્રસ્વ હોય છે. પરંતુ કવિતાના છંદ માટે એની ગણના ગુરુ અક્ષર તરીકે થાય છે તે ધ્યાનમાં રાખવું.

૭. શબ્દમાં ઈ કે ઊ પછી ઙ્, ઞ્, ણ્, ન્, મ્ જેવા અનુનાસિકોનો ઉચ્ચાર સ્પષ્ટ થતો હોય, તો ઈ કે ઊ હ્રસ્વ લખવાં. [પિણ્ડ, બિન્દુ, કુમ્ભ, ગઙ્ગ, કુઞ્જર, આ સંસ્કૃત શબ્દોમાં અનુનાસિકનો ઉચ્ચાર સ્પષ્ટ થાય છે તે જુઓ. ગુજરાતીમાં એ શબ્દો અનુસ્વારવાળા પણ લખાય છે. જેમકે પિંડ, બિંદુ, કુંભ, ગંગા, કુંજર.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીચેના ગુજરાતી શબ્દોમાં અનુનાસિકનો ઉચ્ચાર સ્પષ્ટ થાય છે, તેથી ઉપરના નિયમે તેની પૂર્વનાં ઇ કે ઉ હ્રસ્વ લખાય છે. જેમકે શિંગું, તુંડમિજાજ, હુંદ, જિંદગી, લુંગી, ડુંગર.

આ ઉપરથી સમજાશે કે જ્યાં અનુસ્વારનો ઉચ્ચાર અનુનાસિક જેવો તીવ્ર થતો હોય, ત્યાં તેની પૂર્વે ઇ કે ઉ હ્રસ્વ જોઈએ.

૮. શબ્દના અંત્યાક્ષર સિવાય ગમે ત્યાં ઇ કે ઉ પછી આવતા અનુસ્વારનો ઉચ્ચાર પોચો કે કોમળ થતો હોય, (તીવ્ર નહિ) તો ઈ કે ઊ દીર્ઘ લખાય છે. જેમકે પીંછી, ચૂંક, લૂંટ, ઈંડું, ગૂંચવણ, પૂંછડું, ઝૂંટવણ, ચીંદરડી.

૯. ચાર કે તેથી વધારે અક્ષરના શબ્દમાં પહેલા અક્ષરમાં આવેલાં ઈ કે ઊ અનુસ્વાર વિનાનાં હોય, અગર તો એ અનુસ્વારનો ઉચ્ચાર અનુનાસિક જેવો તીવ્ર થતો હોય, તો ઇ કે ઉ હ્રસ્વ લખાય છે. જેમકે, મિજલસ, હિલચાલ, કિલકિલાટ, ખિસકોલી, ગુજરાન, પુરવઠો, તુંડમિજાજી વગેરે.

૧૦. સમાસમાં જે જુદા જુદા શબ્દો ભેગા આવે તેની જોડણી મૂળ પ્રમાણે જ રહે છે. એ શબ્દોને ભેગા કરીને પછી ૯મો નિયમ લાગુ પાડવાનો નથી. કેટલીક વાર શબ્દો બેવડાઇને સાથે આવે, ત્યારે તેના બનેલા શબ્દને સમાસ જેવો ગણવો. જેમકે કૂદાકૂદ. ભૂલથાપ – ભૂલ + થાપ; બીજવર – બીજ + વર; મીઠાબોલું – મીઠા + બોલું; બૂમાબૂમ. અહીં ચાર અક્ષરના શબ્દનો નિયમ લાગુ પાડીએ, તો પ્રથમ અક્ષરના સ્વરને હ્રસ્વ લખવો જોઇએ; પણ તેમ કરવાનું નથી તે ધ્યાનમાં રાખવું.

૧૧. પ્રાથમિક શબ્દો ઉપરથી ઘડાતા શબ્દોમાં પ્રાથમિક શબ્દની મૂળ જોડણી રાખવી નહિ, પરંતુ એ નવા શબ્દને બે, ત્રણ કે ચાર અક્ષરના નિયમો લાગુ પાડીને તે પ્રમાણે જોડણી કરવી. જેમકે ભૂલ ઉપરથી ભુલામણી શબ્દ બન્યો છે. એને ચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અક્ષરનો નિયમ લાગ્યો તેથી ભુ હ્રસ્વ છે. શીખ ઉપરથી શિખાઉ, શિખામણ થયા છે. એમાં નિયમ પ્રમાણે શિ હ્રસ્વ બને છે.

૧૨. મૂળ ધાતુ ઉપરથી બનેલા પ્રેરક તથા કર્મણિ ધાતુઓ જો ત્રણ કે તેથી વધારે અક્ષરના હોય, તો તેની ત્રણ કે ચાર અક્ષરના શબ્દને માટેના નિયમ પ્રમાણે જોડણી કરવી.

૧૩. પરંતુ જો નવો ધાતુ બે અક્ષરનો હોય તો તેને બે અક્ષરના શબ્દનો નિયમ લાગુ ન પાડતાં, તેના પ્રથમ અક્ષરમાં આવેલાં ઇ કે ઉ હ્રસ્વ લખવાં. દા. ત. ભૂલ – ભુલા (કર્મણિ), ચૂક – ચુકા (કર્મણિ).

૧૪. ધાતુ ઉપરથી બનેલા કૃદંતમાં મૂળ ધાતુની જોડણી કાયમ રાખવી. જેમકે ઊગ + એલો – ઊગેલો; ભૂલ + નાર–ભૂલનાર, (ભુલનાર નહિ), પીડનાર, પિડાવનાર, ભુલાવનાર વગેરે.

૧૫. શબ્દના બંધારણમાં દીર્ઘ કે હ્રસ્વ ઇ પછી બીજો સ્વર આવતો હોય, તો દીર્ઘ ઈની હ્રસ્વ ઇ કરવી અને તેના પછી ય્ ઉમેરીને લખવું. જેમકે દરી+ઓ = દરિ + ય્ + ઓ = દરિયો, રેંટિયો, ઘડિયાળ, ફળિયું, કાઠિયાવાડ, દિયર, ધોતિયું.

[દરીઓ, રેંટીઓ એમ લખવું નહિ.]

૧૬. કોઈ પદને વિભક્તિ કે વચનના પ્રત્યય લગાડતાં કે સમાસ બનાવતાં ઇ પછી બીજો કોઈ સ્વર આવે,તો ઉપરનો નિયમ ૧૫મો લાગુ પડતો નથી. જેમકે નદી + એ = નદીએ. તેવી જ રીતે, સ્ત્રીએ, છોકરીએ. સમાસ — નદી + ઓવારો – નદીઓવારો.

[નદિયોવારો એમ લખવું નહિ.]

૧૭. શબ્દમાં અલ્પપ્રાણ અને મહાપ્રાણ વ્યંજનો ભેગા આવે, તો અલ્પપ્રાણ મહાપ્રાણ બને છે.

ચોખ્ખું, (ચોકખું નહિ) ચિઠ્ઠી (ચિટ્ઠી નહિ) પથ્થર, ઝબ્બો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપવાદ — ચ્ પછી છ્ આવે તો ચ્નો છ્ કરવો નહિ. જેમકે અચ્છેર, સ્વચ્છ, પચ્છમબુદ્ધિ.

નોંધ—વિકારી વિશેષણ નાન્યતરજાતિમાં વપરાય છે, ત્યારે તેને લગતા અનુસ્વારનો ઉપયોગ ઘણા લોકો ખોટી રીતે કરે છે. તેથી તેને લગતા નિયમો અહીં આપ્યા છે :

૧. વિકારી વિશેષણ જ્યારે નાન્યતરજાતિ એકવચનના વિભક્તિના પ્રત્યય વિનાના નામ સાથે આવે, ત્યારે તેને છેડે ઉં આવે છે, અને બહુવચનમાં આં આવે છે. જેમકે
એકવચન — ધોળું પંખી; દોડતું હરણ; થાકેલું બકરું.
બહુવચનમાં — ધોળાં પંખી; દોડતાં હરણ; થાકેલાં બકરાં.

૨. વિકારી વિશેષણના વિશેષ્યને જ્યારે વિભક્તિનો પ્રત્યય લાગે છે, ત્યારે બહુવચનમાં વિશેષણને અનુસ્વાર લાગે છે; એકવચનમાં વપરાય ત્યારે એને અનુસ્વાર લાગતું નથી. જેમકે
એકવચન — ધોળા પંખીને. બહુવચન — ધોળાં પંખીઓને.
દોડતા હરણથી. દોડતાં હરણોથી.

મનોયત્ન : ૩૩

ક. નિયમ ૫ વાંચી નીચેના શબ્દો ઉપરથી ભાવવાચક નામ બનાવી તેની શુદ્ધ જોડણી કરો—
તીખું, હરીફ, જૂઠું, મંજૂર, ખંતીલું, બૂરું, લીલું, ચીકણું, કબૂલ, ભૂરું.

ખ. નિયમ ૧૨ તથા ૧૩મો વાંચી તેને આધારે પ્રેરક અર્થના શબ્દ યોજો અને તેની શુદ્ધ જોડણી કરો—
ઊડવું, પીડવું, પીવું, ઊગવું, ચીતરવું, ઊઠવું, ખૂટવું, ચૂકવું, ખીલવું, ચીરવું, ચૂસવું, ઝીલવું, જીતવું, ઝૂલવું, છીણવું, ઝૂરવું, થીજવું, દુખવું, દૂભવું, ધ્રૂજવું, ધીરવું, નીભવું, પૂછવું.

●

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૨૦

ભાષાશુદ્ધિ-પદોનો અન્વય

તમે શીખી ગયા છો કે વાક્યમાં ક્રિયાપદ પોતાના ક્રિયાનાથ જોડે સંબંધ રાખીને પોતાનું રૂપ લે છે. કર્તરિ પ્રયોગમાં કર્તા ક્રિયાનાથ હોય છે, કર્મણિ પ્રયોગમાં કર્મ ક્રિયાનાથ હોય, અને ભાવે પ્રયોગમાં ક્રિયાપદનો ભાવ ક્રિયાનાથ ગણાય છે. એ ક્રિયાનાથનાં જે જાતિ, વચન તથા પુરુષ તેજ તેના ક્રિયાપદનાં જાતિ, વચન અને પુરુષ ગણાય છે.

• અભ્યાસ •

૧. હું ત્યાં જાઉં છું. (કર્તરિ પ્રયોગ)

૨. તેણે ચોપડી લખી. (કર્મણિ પ્રયોગ)

૩. મારાથી દોડાયું નહિ. (દોડવાનું) (ભાવે પ્રયોગ)

ઉપરનાં વાક્યોમાં ક્રિયાપદ પોતાના ક્રિયાનાથનાં જાતિ, વચન અને પુરુષ પ્રમાણે પોતાનાં રૂપ લે છે એ જોઈ શકાશે.

હવે ક્રિયાનાથ અને ક્રિયાપદના અન્વય સંબંધે કેટલાક નિયમો આપણે અહીં શીખીશું.

૧. ક્રિયાપદ-ક્રિયાનાથ અન્વય

(૧) **મહેશ અને રામુ મારે ત્યાં આવ્યા હતા.**

(નરજાતિ બહુવચન)

(૨) **હેમંતે ખાંડ અને ચા ખરીદી.**

(નારીજાતિ બહુવચન)

અથવા

(૩) **ખાંડ અને ચા મોંઘાં થઈ ગયાં છે.**

(નાન્યતરજાતિ બહુવચન)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિયમ ૧ — ઉપરના દાખલાઓમાં એક જ જાતિના ક્રિયાનાથો **અને** થી જોડાયેલા છે. આવી રીતે ક્રિયાનાથ સમુચ્ચયદર્શક ઉભયાન્વયી અવ્યય વડે જોડાયેલા હોય, ત્યારે ક્રિયાપદ તેજ જાતિના બહુવચનમાં વપરાય છે. નારીજાતિના ક્રિયાનાથો સાથે વિકલ્પે નાન્યતરજાતિ બહુવચનનું ક્રિયાપદ પણ વપરાય છે.

નારીજાતિનું માનાર્થે બહુવચન

૧. મારાં **કાકી** સવારે **આવ્યાં હતાં.**

૨. તમારાં **બા** બહુ વહેલાં **આવ્યાં.**

નિયમ ૨ — માનાર્થે બહુવચનનો ક્રિયાનાથ એક જ વ્યક્તિને સૂચવે છે, છતાં ક્રિયાપદ બહુવચનમાં વપરાય છે. નારીજાતિના ક્રિયાનાથ સાથે ક્રિયાપદ નાન્યતરજાતિના બહુવચનમાં આવે છે.

* * *

૧. હેમંત અને વાસંતી મારે ત્યાં **આવ્યાં હતાં.**

૨. સરકસમાં સિંહ અને હરણ પાસે **ઊભાં હતાં.**

૩. મેં ઘર અને વાડી બંને **ખરીદ્યાં.**

અહીં જુદી જુદી જાતિના ક્રિયાનાથો **અને** ના સંબંધે જોડાયેલા છે.

નિયમ ૩ — **જુદી જુદી જાતિના** ક્રિયાનાથો **અને** ના સંબંધે જોડાય, ત્યારે ક્રિયાપદ **નાન્યતરજાતિ બહુવચનમાં** આવે છે.

* * *

૧. અમે બાગમાં આંબો, કેળ અને **નાળિયેરી રોપી.**

૨. મેં બજારમાંથી શાહી અને **થોડા કાગળ ખરીદ્યા.**

નિયમ ૪ — કેટલીક વાર કર્મ તરીકે આવેલા જુદી જુદી જાતિના ક્રિયાનાથો સાથે સંબંધ ધરાવતું ક્રિયાપદ છેલ્લા ક્રિયાનાથની નિકટતાને કારણે તેનાં જાતિવચન પ્રમાણે પોતાનું રૂપ લે છે.

* * *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. તે સાંભળી મને આનંદ અને સંતોષ થયો.
૨. લૂંટારાએ તેને અને તેના નોકરને લૂંટ્યા તે સૌ જાણે છે.
૩. કૂવામાંથી ઘડો અને લોટો નીકળ્યો.

નિયમ ૫ — એક જ જાતિના એકવચનના ક્રિયાનાથો **અને** ના સંબંધે જોડાયા હોય, ત્યારે કેટલીક વાર તેની સાથે વપરાતું ક્રિયાપદ એકવચનમાં આવે છે.

* * *

૧. બાગમાં મહેશ અથવા તો તેના **ભાઈઓ રમતા હશે.**
૨. ત્યાં તેનો ભાઈ કે તેની **બહેન** ગઈ હશે.
૩. તેણે કોટ કે **પહેરણ** પહેર્યું છે ?

નિયમ ૬ — જ્યારે **જુદી જુદી** જાતિના ક્રિયાનાથો **વા, કે, અથવા, અગર** જેવાં વિકલ્પદર્શક અવ્યયોથી જોડાય, ત્યારે ક્રિયાપદ નિકટના ક્રિયાનાથ પ્રમાણે પોતાનું રૂપ લે છે. બહુવચનના ક્રિયાનાથને ક્રિયાપદ જોડે મૂકવો ઠીક છે.

* * *

૧. હું અને **મોહન** મેળામાં **જઈશું.**
૨. હું અને તું બંને આ કામ **કરીશું.**
૩. હું, તું અને **તેઓ** સાથે ફરવા **જઈશું.**

નિયમ ૭ — પહેલા પુરુષનું સર્વનામ, બીજા પુરુષનું સર્વનામ, કોઈ નામ કે ત્રીજા પુરુષનું સર્વનામ **અને** ના સંબંધે જોડાય, ત્યારે ક્રિયાપદ પહેલા પુરુષ બહુવચનમાં આવે છે.

* * *

૧. તું અને **વસંત** કાલે **મળજો.**
૨. **તમે** અને **તેઓ** સાથે **જજો.**

નિયમ ૮ — બીજા પુરુષના સર્વનામ સાથે કોઈ નામ કે ત્રીજા પુરુષનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વનામ **અને** ના સંબંધે જોડાઈને ક્રિયાનાથ તરીકે આવે, ત્યારે ક્રિયાપદ બીજા પુરુષ બહુવચનનું રૂપ લે છે.

મનોયત્ન : ૩૪

નીચેનાં વાક્યો સુધારીને લખો—

૧. અરવિંદ અને હરિવદન બાગમાં બેઠાં હતાં.
૨. મેળામાંથી આવીને સુધીર અને સુધા માને પગે લાગ્યા.
૩. મહેશે ટોપી, ખમીસ અને કોટ સિવડાવ્યા.
૪. તમારે કૂવો કે ધર્મશાળા બંધાવવાં જોઈએ.
૫. પોપટ અને મેના પીંજરામાં ગાતી હતી.
૬. બકરી અને કૂતરું રસ્તામાં ઊભું હતું.
૭. મારા પાડોશી અને અમે જાત્રાએ જવાના છે.
૮. તમે અને તમારો ભાઈ આ કામ કરશે ?
૯. હું અને મારા મિત્રો જાત્રાએ જશે.
૧૦. બાગમાં છોકરા અથવા છોકરીઓ રમતાં હતાં.

૨. વિશેષણ—વિશેષ્ય અન્વય

(૧) **ભલાં** રાજારાણીને તેમણે આવકાર આપ્યો.
(૨) **ચકચકતાં** લોટો, લોટી અને પ્યાલાં અભરાઈ ઉપર હતાં.

નિયમ ૧ — જુદી જુદી જાતિનાં **અને** ના સંબંધે જોડાયેલાં નામોનું વિશેષણ નાન્યતરજાતિ બહુવચનમાં આવે છે.

*

(૧) **પેલાં** બહેન બહુ **ભલાં** છે.
(૨) **તમારાં** બા **કેવાં** માયાળુ છે !

નિયમ ૨ — નારીજાતિનું નામ માનાર્થે બહુવચનમાં વપરાય, ત્યારે તેનું વિશેષણ નાન્યતરજાતિ બહુવચનમાં આવે છે.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧) મારે માટે એક **સારી** શાલ કે દુપટ્ટો લાવજો.
(૨) **સારો** દુપટ્ટો કે શાલ મળશે?
(૩) **સારાં** સંતરાં કે નારંગી મારે જોઈશે.

નિયમ ૩ — જ્યારે નામો કે, **અગર, અથવા** એ અર્થનાં ઉભયાન્વયી અવ્યયોથી જોડાયાં હોય, અને એક જ વિશેષણ બધાં નામને લાગુ પડતું હોય, ત્યારે તે વિશેષણ પોતાની નિકટના નામનાં જાતિવચન પ્રમાણે પોતાનું રૂપ લે છે.

* * *

(૧) **ધોળું** કબૂતર ઊડે છે.
(૨) **ધોળાં** કબૂતરો ઊડે છે.

નિયમ ૪ — વિકારી વિશેષણ જ્યારે નાન્યતરજાતિના એકવચનના નામ સાથે વપરાય ત્યારે તે ઉંકારાન્ત હોય છે, અને બહુવચનના નામ સાથે આવે ત્યારે તે આંકારાન્ત બને છે.

* * *

(૧) **કાળા** પંખીને (બીજીનું એકવચન)
(૨) **કાળાં** પંખીઓને (બીજીનું બહુવચન)
(૩) **દોડતા** હરણે (ત્રીજીનું એકવચન)
(૪) **દોડતાં** હરણોએ (ત્રીજીનું બહુવચન)

નિયમ ૫ — વિશેષ્યને જો વિભક્તિનો પ્રત્યય લાગે તો તેના વિકારી વિશેષણને છેડે આવેલા ઉં નો એકવચનમાં **આ** થાય છે, અને બહુવચનમાં **આં** થાય છે.

* * *

(૧) હું **દોડતાં** થાકી ગયો. (ક્રિયાવિશેષણ)
(૨) તેમણે **દોડતાં** હરણો જોયાં. (વિશેષણ)
(૩) અમે **દોડતા** ઘોડા જોયા. (વિશેષણ)

નિયમ ૬ — ઉપરના બીજા અને ત્રીજા વાક્યમાં – **દોડતાં** અને **દોડતા** એ વર્તમાનકૃદંત વિશેષણ તરીકે આવ્યાં છે. એ વિશેષ્યનાં જાતિવચન પ્રમાણે રૂપ લે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલા વાક્યમાં દોડતાં એ થાકી ગયો ક્રિયાપદનું ક્રિયાવિશેષણ છે. આ રીતે વર્તમાનકૃદંતનું નાન્યતરજાતિ બહુવચનનું રૂપ ક્રિયા-વિશેષણ તરીકે પણ વપરાય છે તે ધ્યાનમાં રાખવું.

અભ્યાસ : ૩૫

નીચે આપેલાં વાક્યો સુધારો—

૧. માળામાંથી પંખીનાં બચ્ચાંઓ ડોકિયું કરતા દેખાયાં.
૨. માણસે જીવનમાં થોડા સુખદુઃખો અનુભવવા જોઈએ.
૩. જ્યાં જુઓ ત્યાં ભાગેલા ઘરો, દીવાલો અને પથ્થરોની નીચે ચગદાઈ ગયેલા માણસોના મુડદાંઓ !
૪. ઊંચી નાળિયેરી, ચોપાસ ફેલાયેલા વટવૃક્ષો અને પથરાયેલાં વેલાઓ શોભતા હતા.
૫. કોનો સત્કાર થયો ? ભલાં રામ કે સીતાનો ?
૬. હરીફાઈમાં ત્રણ છોકરીઓ દોડતા દોડતા થાકી ગઈ.
૭. ચોકી કરતાં સિપાઈએ ભસતાં કૂતરાને સપાટો લગાવ્યો.
૮. શિકારીએ દોડતાં હરણને ઝેર પાયેલું તીર મારીને મારી નાખ્યું.
૯. સૈનિકોએ પોતાના હથિયારો ખભે ચડાવ્યા.
૧૦. વરસાદ પડતાં ધૂળથી છવાયેલાં વૃક્ષોના પાંદડાં ધોવાઈને સાફ થયા.

●

પ્રકરણ ૨૧

અલંકાર

૧. તેનાં વેણ મારા હૃદયમાં કાંટાની પેઠે ભોંકાયાં.
૨. તેનાં વેણથી મારા હૃદયમાં ખૂબ વેદના થઈ.

પહેલા વાક્યમાં કહેલી હકીકત બીજા વાક્યમાં તદ્દન સાદી ભાષામાં કહી છે. પહેલા વાક્યમાં આલંકારિક ભાષા વાપરી છે, અને વેણને કાંટાની સાથે સરખાવી વેદના કેટલી તીવ્ર થાય છે તેનો ખ્યાલ સચોટતાથી રજૂ કરવામાં આવ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ આ બંને વાક્યો પૈકી પહેલા વાક્યની ભાષા ચોટદાર અને અર્થની દૃષ્ટિએ ચમત્કૃતિભરી બને છે. પરંતુ કેટલીક વાર શબ્દમાં પણ ચમત્કૃતિ સાધવામાં આવે છે. જેમકે

સઘન ગગન ઘન ગંભીર ગાજે,
ડમક ડમક જગ ડમરુ બાજે.

ઉપર પહેલી લીટીમાં **ગ** અને **ઘ** વર્ણ અને બીજી લીટીમાં **ડ** અને **મ** વર્ણ વારંવાર આવીને ધ્વનિની મધુરતા ઉત્પન્ન કરે છે, અને તેથી એ પંક્તિઓ કર્ણપ્રિય બને છે. અહીં જે શ્રુતિમાધુર્ય છે તે શબ્દની ચમત્કૃતિને આભારી છે.

આ રીતે જોતાં ભાષામાં કથનની ચમત્કૃતિ બે રીતે સધાય છે: (૧) અર્થની દૃષ્ટિએ અને (૨) શબ્દની દૃષ્ટિએ.

આવી અર્થ કે શબ્દની ચોટ ભરેલી કે ચમત્કૃતિ ભરેલી ભાષાની રચનાને અલંકાર કહે છે.

અલંકારના પ્રકાર

અલંકારના મુખ્ય પ્રકાર બે છે :

(૧) અર્થાલંકાર (૨) શબ્દાલંકાર.

અર્થની દૃષ્ટિએ ચમત્કૃતિ સાધનાર અલંકાર અર્થાલંકાર કહેવાય છે. શબ્દની અને તેના વર્ણની ચમત્કૃતિ સાધનાર અલંકાર શબ્દાલંકાર કહેવાય છે.

અર્થાલંકાર

તમે આગલા ધોરણમાં નીચેના અર્થાલંકારો શીખી ગયા છો. એનું અહીં પુનરાવર્તન કર્યું છે તે જુઓ.

(૧) ઉપમા

દીસે તારા જેવાં ચકચકિત શાં સ્નિગ્ધ નયનો !

અહીં **નયનોને તારા** સાથે સરખાવ્યાં છે. એમની વચ્ચે "ચકચકિત હોવાનો ગુણ" એ સમાન ધર્મ છે. **તારા** એ ઉપમાન છે; **નયન** એ ઉપમેય છે; અને **જેવાં** એ સરખામણીસૂચક શબ્દ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) રૂપક

ઈશ્વરનો ઝળહળતો દીવો પશ્ચિમમાં આથમતો સૂરજ.

અહીં સૂરજ અને દીવા વચ્ચે અભેદ કલ્પ્યો છે. સૂરજને દીવા સાથે સરખાવ્યો છે એટલું જ નહિ, પણ સૂરજ તેજ ઈશ્વરનો દીવો એમ કહ્યું છે. આમ સૂરજને દીવાનું રૂપ આપ્યું છે.

રૂપકમાં ઉપમાન અને ઉપમેય વચ્ચે અભેદ કલ્પવામાં આવે છે, તેથી રૂપકમાં સરખામણીસૂચક શબ્દો વપરાતા નથી.

(૩) ઉત્પ્રેક્ષા

કૂ કૂ સ્વરો કુક્કુટ તો કરે છે, સર્વત્ર જેના સ્વર સંચરે છે;
જાણે રવિરાય પધારનારો, તેના છડીદાર તણા ઉચારો.

અહીં કુક્કુટ ઉપમેય છે; છડીદાર ઉપમાન છે. કુક્કુટ તે જાણે રવિરાજનો છડીદાર ન હોય એવી કલ્પના કરી છે. એટલે કે ઉપમેય જાણે કે ઉપમાન હોય એવો તર્ક કે સંભાવના કરી છે. કુક્કુટ છડીદાર છે જ એમ નિશ્ચયપૂર્વક કહ્યું નથી. આ ઉત્પ્રેક્ષા અલંકાર છે.

ઉપમામાં સરખામણી નિશ્ચયપૂર્વક કરવામાં આવે છે. રૂપકમાં બે વસ્તુ વચ્ચેનો અભેદ નિશ્ચયપૂર્વક કરવામાં આવે છે. આથી ઊલટું, ઉત્પ્રેક્ષામાં બે વસ્તુ વચ્ચે સરખામણી કરવામાં આવે છે, પણ તેમાં નિશ્ચયનો અર્થ હોતો નથીઃ સંભાવનાનો અર્થ હોય છે. ઉત્પ્રેક્ષામાં જાણે, રખે, હશે, શું, માનું, શકે વગેરે સંભાવનાસૂચક, શંકાસૂચક શબ્દો વપરાય છે.

(૪) અન્યોક્તિ

ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન.

જ્યાં મોટાં વૃક્ષો હોતાં નથી, ત્યાં નાના છોડવાઓ વચ્ચે એરંડા જેવું મામૂલી ઝાડ પણ મોટું વૃક્ષ ગણાઈ જાય છે. આ એ વાક્યનો સાદો અને સીધો અર્થ છે. પણ અહીં એરંડાનો દાખલો લઈ બીજો સૂચિત અર્થ કહેવાનો ઉદ્દેશ છે. ઓછી શક્તિવાળા નાના માણસો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વચ્ચે સાધારણ શકિતનો માણસ પોતાને બહુ મોટો માને છે, અગર મનાવે છે એમ કહેવાનો ઉદ્દેશ છે.

એક પદાર્થ વિશેની ઉકિત કે કથન અન્ય પદાર્થને લાગુ પડે, ત્યારે અન્યોકિત નામનો અલંકાર બને છે.

શબ્દાલંકાર પૈકી વર્ણસગાઈ પણ તમે શીખી ગયા છો.

શબ્દાલંકાર

(૧) વર્ણસગાઈ

ઘૂઘરીએ ઘમઘમતા આવ્યા ઘોડલા,
આજ ફળી અંતરની એકલ આશ જો.

ઉપરની પંક્તિઓમાં જોશો તો જણાશે કે ઘ અને અ વર્ણો વારંવાર સંભળાય છે. આથી એ પંક્તિઓમાં એક પ્રકારનું વર્ણ-માધુર્ય સધાયું છે.

આ પ્રકારના વર્ણના પ્રાસને વર્ણસગાઈ અથવા તો વર્ણાનુપ્રાસ અલંકાર કહે છે.

વધુ અલંકારો

હવે આપણે થોડા નવા શબ્દાલંકારો અને અર્થાલંકાર શીખીશું.

શબ્દાલંકાર

(૧) અંત્યાક્ષર પ્રાસ

વહે ઠંડો વાયુ કરી દઈ બધે શાંતિ વનમાં,
ઘણા થોડા આજે ઉડુગણ પ્રકાશે ગગનમાં.

પહેલી પંક્તિમાં અંત્યાક્ષર માં છે. બીજી પંક્તિમાં પણ માં એજ અંત્યાક્ષર છે. આ બન્ને વર્ણોનો પ્રાસ સાધવામાં આવ્યો છે.

જ્યારે પંક્તિને છેડે આવેલા વર્ણનો પ્રાસ સધાય છે, ત્યારે તેને **અંત્યાક્ષર પ્રાસ** અલંકાર કહે છે.

• અભ્યાસ •

૧. અંધાર સાથ એ તેજે લડું,
જીવન માર્ગ ન ભૂલો પડું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. ચાખડીઓ પહેરી રે પધારો ચટકંતા,
મંદિરિયે આવો રે પ્રભુજી લટકંતા.

(૨) આદ્યાક્ષર પ્રાસ

૧. નથી જ્યાં દોલત કેરા છાક,
નથી જ્યાં સત્તા મદના પાક.

૨. ગહન શાંતિ વને પ્રસરી રહે,
ગગન રક્તપ્રભા ક્ષિતિજે ગ્રહે.

પહેલા દાખલામાં બંને પંક્તિઓની શરૂઆતમાં **ન** વર્ણ વપરાયો છે. અહીં આ રીતે બંને પંક્તિના આદ્ય અક્ષરનો પ્રાસ સાધવામાં આવ્યો છે. એજ રીતે બીજા દાખલામાં બંને પંક્તિઓનો આદ્ય અક્ષર ગ વર્ણ છે. એનો પણ પ્રાસ સધાયેલો છે.

આવા પંક્તિની શરૂઆતના અક્ષર કે વર્ણના પ્રાસને **આદ્યાક્ષર પ્રાસ** કહે છે.

• અભ્યાસ •

૧. સદ્વિદ્યાથી સુવર્ણ, શરણ સદ્વિદ્યા સાથે;
સદ્વિદ્યાથી સ્વર્ગ, વિખ ઉતારણ વિત્તે.

૨. જાગે જેને માથે વેર, જાગે જેહ કરે બહુ ફેર;
જાગે જે જપતો જગદીશ, જાગે જેને દેવું શીશ.

(૩) મધ્યાક્ષર પ્રાસ

૧. અષ્ટકુળ પર્વત ડોલિયા, ડોલિયા નવકુળ નાગ;
મોર બપૈયા બોલિયા, સાંભળતાં તે રાગ.

૨. કરેલ કીરતિ મેર, દુનિયામાં તે દેખવા;
શું ફાર્બસ થઈ ફેર, ભોજ પધાર્યો ભૂમિમાં ?

૩. હોંસીનાં મન હરવા, અભિલાષા ધરી સુકાવ્ય આદરવા;
અભિમત પાર ઉતરવા, સંભારું સહાયતા કરવા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરના દાખલાઓનો અભ્યાસ કરતાં જણાશે કે પહેલા દાખલાના પ્રથમ પાદની મધ્યમાં આવેલા **ડોલિયા** શબ્દની સાથે બીજા પાદની મધ્યમાં આવેલા **બોલિયા** શબ્દનો પ્રાસ બેસાડેલો છે. એજ રીતે **મેર** અને **ફેર**, **હરવા** અને **તરવા** એમ મધ્યમાં આવેલા અક્ષરોના પ્રાસ બેસાડેલા છે. આવા પ્રકારના પ્રાસને **મધ્યાક્ષર પ્રાસ** કહે છે.

• અભ્યાસ •

૧. આશ નિરાશે આતમ **દાંડી**, ડોલંતી દે ધૈર્ય ન છોડી;
ડગમગતું જગ રહે રગ **માંડી**, વહારે કોણ જશે નરવીર ?

૨. છવાઈ જરાની **છાયા**, કાયાના વિખાયા બંધ;
ગાયા ન ગોવિંદ **રાયા**, માયામાં મતિ રહી.

અર્થાલંકાર

(૧) સજીવારોપણ

૧. ઝૂકે વૃક્ષો નમસ્કારે, પુષ્પોયે સૌ સુરભિ ભારે.

અહીં વૃક્ષોને મનુષ્યની માફક નમસ્કાર કરતાં કલ્પ્યાં છે. કવિએ વૃક્ષોને મનુષ્ય જેવાં સજીવ કલ્પીને તેમાં મનુષ્યના ગુણધર્મોનું આરોપણ કર્યું છે.

૨. પંખીઓ પ્રભાતમાં ઊગતા સૂર્યનું સ્વાગત કરતાં હતાં.

અહીં પંખીઓને મનુષ્યની માફક સ્વાગત કરતાં કલ્પ્યાં છે. એટલે કે પંખીઓમાં મનુષ્યના ગુણધર્મોનું આરોપણ કર્યું છે. આ રીતે કેટલીક વાર નીચલી કોટિનાં સજીવ પ્રાણીઓમાં મનુષ્યના વ્યક્તિત્વનું આરોપણ કરવામાં આવે છે.

ઉપર બતાવ્યા પ્રમાણે જ્યારે કોઈ નિર્જીવ કે જડ પદાર્થને સજીવ ધારી લેવામાં આવે, અથવા તો હલકી કોટિનાં પ્રાણી કે જીવજંતુમાં મનુષ્યના સ્વભાવનું આરોપણ કરવામાં આવે, ત્યારે **સજીવારોપણ** અલંકાર બને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નોંધ : આ અલંકારનો પ્રકાર અંગ્રેજી ભાષામાંથી આવ્યો છે, અને એને અંગ્રેજીમાં personification કહે છે.

• અભ્યાસ •

૧. નદી વહે છે ગિરિથી રમંતી, ફૂલો તણાં ગીત હજાર ગાતી.
૨. ગગને સૂરજ ઝોકાં ખાતો, આભ તણી આંખો ઘેરાઈ.
૩. કાળો ઘૂમટો તાણી મૂકે, રજની ઊંડા નિઃશ્વાસ.
૪. નવાં લીલાં વસ્ત્રો, તરુવર ધરે છે સહુ સ્થળે.
૫. છૂપી ઊંઘે ઘન–પડ મહીં, તારલા વ્યોમ અંકે.

(૨) વ્યતિરેક

૧. તે બાળકનાં અંગો ફૂલથીયે વધારે સુકુમાર હતાં.
૨. જ્વથીયે ઘણાં કઠણ, પુષ્પથી પણ કોમળાં;
અહો એવા મહાત્માનાં, કો જાણે ચિત્તને ખરાં ?

પહેલા દાખલામાં ફૂલ ઉપમાન છે અને બાળકનાં અંગો ઉપમેય છે, છતાં ઉપમેયને ઉપમાન કરતાં અધિક સુકુમાર વર્ણવ્યું છે.

બીજા દાખલામાં ચિત્ત ઉપમેય છે અને વજ્ર ઉપમાન છે, છતાં ઉપમેય ચિત્તને ઉપમાન વજ્ર કરતાં વધારે કઠણ કલ્પ્યું છે. આમ ચિત્તને વજ્રથીયે કઠણાઈમાં ચડિયાતું ગણ્યું છે.

જ્યારે ઉપમેયને ઉપમાન કરતાં ગુણમાં ચડિયાતું વર્ણવવામાં આવે, ત્યારે **વ્યતિરેક** અલંકાર બને છે.

• અભ્યાસ •

૧. હીરા કનકમય કોટિ, હાર્યો દ્રવ્યે કુબેર.
૨. શીતળાએ શશી હાર્યો, મૂકે કળા પામે કષ્ટ.
૩. તેજથી આદિત ફરે, નાઠો મેરુ કેરી પૃષ્ઠ.

(૩) અતિશયોક્તિ

૧. ધ્રૂજે ધ્રુવ ને મેરુ ડગિયો, ખળભળિયાં પાતાળ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. સાતે પાતાળનાં સળકયાં પાણીડાં,
દરિયાને પેટ આગ ભડકી રહી.

પહેલા દાખલામાં કવિએ ધ્રુવને ધ્રૂજતો અને મેરુને ડગમગતો વર્ણવ્યો છે. ધ્રુવ તથા મેરુ બંને અચળ ગણાય છે, છતાં ઉત્પાતનું વર્ણન હદ વટાવીને કર્યું છે. ધ્રુવ અને મેરુને પોતાને સ્વાભાવિક એવા અડગતાના ગુણથી ચલિત થતા વર્ણવીને ઉત્પાત હદપારનો હતો એમ જણાવ્યું છે. પાતાળની આખી દુનિયા પણ ખળભળી ઊઠી એમ અતિશય વધારીને વાત કહીને ઉત્પાતની તીવ્રતા સાધી છે.

જ્યારે વાસ્તવિક પરિસ્થિતિ કે કુદરતના નિયમની વિરુદ્ધ, હદ વટાવીને કોઇ પદાર્થ કે પ્રસંગનું વર્ણન કરવામાં આવે, ત્યારે **અતિશયોક્તિ** નામનો અલંકાર બને છે.

• અભ્યાસ •

૧. સાતે આકાશ પડે શિર પર પણ, હઠીએ ના તલપૂર.
૨. પવન ધ્રૂજે, ધ્રૂજે આ તારા, વિશ્વ ઝંઝાવાતે.
૩. નળને દાને દારિદ્ર છેદ્યાં, ભિક્ષુક કીધા ભૂપ.
૪. હુકમ હોય હજૂર કેરો, શોષી નાખું બધો સાયર.

નોંધ : યોગ્ય પ્રસંગે અને સ્થળે અતિશયોક્તિ શોભે છે અને અલંકાર બને છે. પરંતુ અયોગ્ય રીતે જ્યાં ત્યાં અતિશયોક્તિ કરવી એ દૂષણરૂપ બને છે તે ધ્યાનમાં રાખવું.

(૪) શ્લેષ

૧. રાજાની ખ્યાતિ તેના કરના યોગ્ય ઉપયોગ ઉપર આધાર રાખે છે.
૨. લે, આ **શકુંતલા'વી.** { શકુંતલા આવી. / શકુંત લાવી. }

પહેલા દાખલામાં કર શબ્દના બે અર્થ ઘટાવી શકાય છે : (૧) હાથ, (૨) કર રૂપી નાણું.

૧. રાજાની ખ્યાતિ તેના હાથ એટલે બાહુબળ કે સત્તાના યોગ્ય ઉપયોગ પર આધાર રાખે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. રાજાની ખ્યાતિ તેણે ઉધરાવેલા કરનાં નાણાંના યોગ્ય ઉપયોગ ઉપર આધાર રાખે છે. આમ કર શબ્દના બે અર્થ ઉપરથી વાક્યમાં બે અર્થ ઉત્પન્ન થઈને અર્થની ચમત્કૃતિ સધાઈ છે.

બીજા દાખલામાં શકુંતલાના પુત્ર સર્વદમનને એક તાપસી મોર બતલાવીને ઉપરનું વાક્ય કહે છે. મા–ઘેલા સર્વદમનને એ વાક્યના ઉચ્ચારણમાંથી — "આ શકુંતલા **આવી**" એવા અર્થનો ભાસ થાય છે, અને તે ઉત્સુક બનીને તેની માને જોવા ડોકું ફેરવે છે. એજ વાક્યનો બીજો અર્થ–"લે, આ શકુંત એટલે પક્ષી લાવી" એવો થાય છે. આમ અહીં આખા વાક્યના ઉચ્ચારણમાંથી બે અર્થ ઘટાવી શકાય છે.

વાક્યના કોઈ શબ્દમાંથી અનેક અર્થ નીકળતા હોય, અથવા તો તેના ઉચ્ચારણથી અનેક અર્થનો ભાસ થતો હોય, ત્યારે **શ્લેષ** અલંકાર બને છે. શ્લેષ એટલે એક શબ્દમાં અનેક અર્થોનું ભેગા મળવું કે હોવું તે.

• અભ્યાસ •

૧. એ શું લડવાનો હતો? એના **પાણિમાં પાણી** ક્યાં છે?
૨. **મગજ** ખાવાથી **મગજ**ને પુષ્ટિ મળે છે.
૩. ન્યાયાધીશ—તમારો વર્ણ કયો?
સાક્ષી — મારો વર્ણ શ્યામ છે.

(૫) દૃષ્ટાંત

૧. કેરીના ભારથી આંબો નીચે ઝૂકી રહે તેમ વિદ્યાથી સજ્જન વિનયી બને છે.
૨. વાયુ વિનાના સ્થળમાં દીવાની જ્યોત, તેમ યોગીનું ચિત્ત સંયમને લીધે સ્થિર હોય છે.

પહેલા વાક્યમાં સજ્જન વિદ્યાથી વિનયી બને છે, એ વાત આંબા અને કેરીના દૃષ્ટાંત દ્વારા સચોટ રીતે રજૂ કરવામાં આવી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એજ રીતે બીજા વાક્યમાં યોગીનું ચિત્ત કેવું સ્થિર હોય છે તેનું સચોટ ઉદાહરણ વાયુ વિનાના સ્થળમાંના દીવાની જ્યોતનું આપ્યું છે. આ અલંકારમાં બે પદાર્થો વચ્ચેના સંબંધની તુલના કોઈ બીજા બે પદાર્થો વચ્ચેના સંબંધની સાથે કરવામાં આવે છે. જેમકે

આંબો : કેરી ભાર = સજ્જન : વિદ્યા

↓ ↓

ઝૂકી જવું તે = નમ્રતા કે વિનય

આ રીતે કોઈ બે પદાર્થો વચ્ચેના સંબંધની તુલના બીજા બે પદાર્થોના સંબંધનો દાખલો લઈ, તે સંબંધની સાથે કરવામાં આવે ત્યારે **દૃષ્ટાંત** નામનો અલંકાર બને છે.

• અભ્યાસ •

૧. તલની ઓથે જેમ તેલ રહ્યું છે, કાષ્ઠમાં હુતાશન.

૨. બાપ જેવા બેટા અને વડ તેવા ટેટા.

૩. જેવું આથમતા રવિનું તેજ, મા વિના એવું બાપનું હેત.

મનોયત્ન : ૩૬

નીચેની પંક્તિઓમાં વપરાયેલા અલંકારો ઓળખો—

૧. એ વાદળી દૂધ તણા ઊભરા સરીખી,
મીઠી ઝીણી, પવન લ્હેર ઉછંગ દીઠી.

૨. મમ બાગનાં ફૂલડાં અને મુજ વૃક્ષ જ્યારે ઊંઘતાં,
તું જાગતો રાત્રિ બધી ત્યારે રમે છે બાગમાં.

૩. સાગરે મરજાદ મૂકી, ડોલ્યા દશ દિગપાળ.

૪. આશા તણું ઝરણ અંતરમાં ફૂટેલું.

૫. આજ ફળી અંતરની એકલ આશ જો.

૬. પ્રજા સૂએ ઉઘાડે બાર, ન કરે ચોરી ચોર–ચખાર;
સત્યે યમપતિ કીધો સાધ, પુર માંહે કોને નહિ વ્યાધ.

૭. કીર્તિ થઈ નળની વિસ્તીર્ણ, જેમ સૂરજનાં પ્રસરે કીર્ણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮. પણ ભાગ્ય–ભાનુ ઉદે થયો, હરિ કરશે આપ સમાન.
૯. છે પાન પાકાં સમ વૃદ્ધ જિંદગી.
૧૦. ઝાંઝર ઝમકે, ઘૂઘરી ઘમકે, વાગે અણવટ વીંછિયા.
૧૧. વાંકાં વળીને ઝાડવાં નૈવેદ્ય દે ફળ–ફૂલનાં.
૧૨. જનનીની જોડ સખી નહિ જડે રે લોલ.
૧૩. જાણે હૈયું હેમંત કેરી હેલ રે.
૧૪. જેમ જળ વિણ વાડી ઝાડુવાં, તેમ અન્ન વિણ બાળક બાડુવાં.
૧૫. સાગરની ચાદર ઓઢીને, સૂરજ પોઢી જાય;
ભટૂરિયાં શા તારલિયા લૈ, ચંદા આભે રમવા જાય.
૧૬. વીજળી સમી ઘૂમી રહી, તલવાર બે ત્યાં વીરની.
૧૭. બુદ્ધિ પ્રમાણે માનનીનું, કરું છું વર્ણન;
જયમ સાગરમાંથી ચાંચ જળની, ભરે પક્ષીજન.
૧૮. શીતળતાએ શશી હાર્યો, મૂકે કળા પામે કષ્ટ.
૧૯. વખાણ–બાણ તેને તો વાગ્યાં, પંખી ગયો મોહ મેલી.
૨૦. મુખકમળ કન્યાનું ઝળકે, સામો ચંદ્ર બીજો જાણે ચળકે.
૨૧. આકાશે તો ચકચક થતો, શ્વેત વાઘો સજ્યો રે;
તારાઓ જે મૂંઝઇ રડતા, શોક તેણે તજ્યો રે.
૨૨. જેમ કો અંધ આનંદ પામે, ફરી આવે લોચંન;
તેમ રાયનું હંસને દેખી, હરખ્યું અતિસે મંન.
૨૩. આંબાની મંજરીઓ ખાતી કોયલ રે,
વસંતની વાંસલડી સરીખી બોલશે.
૨૪. માંડી સિંહાસન રવિ ગિરનાર–શૃંગે,
યાત્રાળુને કનક–અંગુલિથી નિમંત્રે.
૨૫. આશા પંખીડું મેં તો પૂર્યું કનકમય પાંજરે.
૨૬. હંસ કહે ફોકટ ફાંફાં, જેમ વામણો ઇચ્છે આંબા–ફળ;
તેમ તુજને ઇચ્છા થઇ, ભરથાર પામવા નળ.
૨૭. ગુણ, ચાલ ને ચાતુરી, અદ્‌ભુત સુંદર વેશ;
તેને હું કેમ વર્ણવું? વર્ણવી શકે ન શેષ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૮. ભેટ્યા વેરાઈ જાણે વળગ્યું ઝોડ,
હવે પહોંત્યા મનના કોડ.
૨૯. મસ્તક મૂકયું પલાસપાન, વિકાસી હથેલી કમલ સમાન.
૩૦. ફૂલ સમાં અમ હૈડાં તમે લોઢે ઘડ્યાં, બાપુ !

•

પ્રકરણ ૨૨

છંદ

કવિતા સામાન્ય રીતે છંદના બંધારણમાં લખવામાં આવે છે. ગુજરાતીમાં વપરાતા અક્ષરમેળ અને થોડા માત્રામેળ છંદ સંસ્કૃતમાંથી ઊતરી આવેલા છે. છંદોના આ રીતે (૧) **અક્ષરમેળ** અને (૨) **માત્રામેળ** એમ બે પ્રકાર છે.

અક્ષરમેળ છંદ

જ્યારે કવિતાની લીટીનું બંધારણ તેમાં આવેલા અક્ષરની ગોઠવણી પ્રમાણે થાય છે, ત્યારે તે **અક્ષરમેળ** છંદ કહેવાય છે. નીચેના દાખલા ઉપરથી એ સ્પષ્ટ થશે.

ભૂરો ભાસ્યો ઝાંખો, દૂરથી ધૂમસે પા'ડ સરખો;
નદી વચ્ચે ઊભો, નિરભયપણે એકસરખો.

આ દરેક લીટીમાં ૧૭ અક્ષરો આવેલા છે, અને તે અમુક નિયમે ગોઠવાયેલા છે. એ છંદ પ્રમાણે લખાતી બધી લીટીઓમાં ૧૭ અક્ષર જ હોય છે.

લઘુ અને ગુરુ અક્ષરો

અક્ષરો લઘુ કે ગુરુ હોય છે. જે અક્ષરનો સ્વર હ્રસ્વ હોય, તે લઘુ અક્ષર છે, અને જે અક્ષરનો સ્વર દીર્ઘ હોય, તે ગુરુ અક્ષર છે.

લઘુ અક્ષર—ક, કિ, કુ

ગુરુ અક્ષર—કા, કી, કૂ, કે, કૈ, કો, કૌ, કં, કઃ

[**નોંધ** : ઉપર પ્રમાણે મૂળાક્ષરનો ગમે તે અક્ષર (ખ, ગ, ઘ, વગેરે) કની જગ્યાએ મૂકી લઘુ-ગુરુ બતાવી શકાય છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર જણાવેલી કવિતાની લીટીમાં કેટલાક લઘુ અને કેટલાક ગુરુ અક્ષરો છે. અક્ષરમેળ છંદમાં દરેક લીટીમાં લઘુ અને ગુરુ અક્ષરો આવે છે, પરંતુ એ બધા ગમે તેમ આવતા નથી. છંદની ગોઠવણીના અમુક નિયમ પ્રમાણે જ એ અક્ષરો આવે છે. આને **ગણરચના** કહે છે.

ગણ

લઘુ કે ગુરુ એવા ત્રણ અક્ષરોના જુદી જુદી રીતે બનેલા ઝૂમખાને કે સમૂહને **ગણ** કહે છે.

દા. ત. : **જગત** એ શબ્દ ત્રણ લઘુ અક્ષરોનો સમૂહ છે. **આકાશ** એ બે ગુરુ અને એક લઘુ અક્ષરનો બનેલો સમૂહ છે. આમ જુદી જુદી રીતે ગોઠવાયેલા એવા **આઠ ગણો** છે.

લઘુ અક્ષરને ઓળખવા માટે આવું ˘ ચિહ્ન વપરાય છે. ગુરુ અક્ષરને માટે આવું – ચિહ્ન વપરાય છે.

જગત = જ˘ ગ˘ ત˘ મામા = મા મા

આકાશ = આ કા શ˘ દુનિયા = દુ˘ નિ˘ યા

આઠ ગણો

ગણ	દાખલો	બંધારણ	સંજ્ઞા
મગણ	પાતાળી	ત્રણે અક્ષર ગુરુ	મ
નગણ	જગત	ત્રણે અક્ષર લઘુ	ન
ભગણ	વાહન	પહેલો ગુરુ અને બીજા બે લઘુ	ભ
યગણ	જુવાની	પહેલો લઘુ અને બીજા બે ગુરુ	ય
જગણ	પગાર	પહેલો લઘુ, બીજો ગુરુ, ત્રીજો લઘુ	જ
રગણ	માનતા	પહેલો ગુરુ, બીજો લઘુ, ત્રીજો ગુરુ	ર
તગણ	દાતાર	પહેલા બે ગુરુ, ત્રીજો લઘુ	ત
સગણ	જમના	પહેલા બે લઘુ, ત્રીજો ગુરુ	સ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નોંધ : એક છૂટા લઘુઅક્ષરની સંજ્ઞા **લ** છે, અને એક છૂટા ગુરુ અક્ષરની સંજ્ઞા **ગ** છે.

છંદનું સ્વરૂપ

પિ તા, પે|લો આ ધે|જ ગ ત | વીં ટ તો | સા ગ ર | રૂ હે.

આ લીટી કયા ગણની બનેલી છે તે તપાસીએ. એ લીટીમાં પાંચ ગણ, અને છેવટે એક લઘુ અને એક ગુરુ એમ અક્ષર આવેલા છે. એના પાંચ ગણો અનુક્રમે **ય, મ, ન, સ, ભ** છે, અને છેલ્લે **લ** અને **ગ** એવા બે અક્ષરો છે. બધા મળીને ૧૭ અક્ષરની એક લીટી થઈ છે.

ચરણ કે પાદ

છંદની દરેક લીટીને **ચરણ** કે **પાદ** કહે છે, અને આવી ચાર લીટીનો એક **શ્લોક** બને છે.

ઉચ્ચારની છૂટ

(૧) સંસ્કૃતમાં લઘુ અક્ષરને ગુરુ તરીકે કે ગુરુને લઘુ તરીકે બોલવાની છૂટ કવિઓએ લીધી નથી. પરંતુ ગુજરાતીમાં એ પ્રકારની છૂટ લેવાય છે. તેથી જ્યાં હ્રસ્વનું દીર્ઘ ઉચ્ચારણ કરી શકાતું હોય ત્યાં તેઓ લઘુને ગુરુ તરીકે વાપરે છે, અને એથી ઊલટું, ગુરુને લઘુ તરીકે વાપરે છે.

૧. પિતા માતા બંધુ | અનુપમ સખા હિતકરણા

આ લીટીમાં **હિત** શબ્દમાં **હિ** લઘુ છે, પરંતુ બંધારણના નિયમને લીધે તેને ગુરુ તરીકે ગણી તેનો દીર્ઘ ઉચ્ચાર કરાય છે. એજ રીતે **બંધુ** શબ્દમાંના **ધુ** અક્ષરને ગુરુ તરીકે ગણવામાં આવ્યો છે.

૨. અને વેગે પાણી | સકળ નદીનાં તે ગમ વહે.

આ લીટીમાં **દી** એ દીર્ઘ હોઈ ગુરુ અક્ષર છે, પરંતુ તેનો ઉચ્ચાર હ્રસ્વ કરીને બંધારણના નિયમ પ્રમાણે લઘુ અક્ષર તરીકે ગણ્યો છે.

(૨) જો લીટીને છેડે ગુરુ અક્ષર જોઈતો હોય, અને તેને સ્થાને જો લઘુ અક્ષર આવ્યો હોય, તો તેને લંબાવીને ગુરુ અક્ષર ગણવામાં આવે છે. દા. ત.,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીણા તણો નાદ તહીં સુણાય,
આનંદ લ્હેરે અનિલો ભરાય

છેલ્લે છંદની રચના પ્રમાણે ગુરુ અક્ષર જોઈએ ત્યાં લઘુ આવેલો છે, પણ તેનો ઉચ્ચાર **યઅ** એમ લંબાવીને ગુરુ જેવો કરાયો છે.

(૩) જોડાક્ષર પહેલાં જો લઘુ અક્ષર આવે, તો તેનો ઉચ્ચાર ચડકાઈને ગુરુ બને છે. જેમકે

લાગ્યા ઘાને વિસરી શકવા કાંઈ સામર્થ્ય છે ના.

આ લીટીમાં **મ** અક્ષર મૂળ રૂપે લઘુ છે, પણ અહીં **મ** ની પછી જોડાક્ષર આવવાને લીધે એનો ઉચ્ચાર ગુરુ અક્ષરના જેવો અને છે.

છંદમાં યતિ [વિરામસ્થાન]

અક્ષરમેળ છંદને વાંચતાં અમુક અક્ષર પછી જ્યાં થોડો વિરામ લેવાની જરૂર પડે છે, તે વિરામસ્થાનને **યતિ** કહે છે.

કૃતઘ્ની લોકોને | કદર નવ | કાંઈ હૃદયની.

ઉપરની લીટીમાં છઠ્ઠા અને અગિયારમા અક્ષરે યતિ છે.

નીચે અક્ષરમેળ છંદના દાખલાઓમાં ઊભી લીટીથી ગણ જુદા પાડયા છે.

ઈન્દ્રવજ્રા

અક્ષર : ૧૧ બંધારણ : ત ત જ ગ ગ

ઈ લા દિ | વા ળી દિ | વ ડા ક | રી શું
સા થે મ | ળી ને ર | સલ્હાણ | લે શું

ઉપેન્દ્રવજ્રા

અક્ષર : ૧૧ બંધારણ : જ ત જ ગ ગ

જ ગે અ | હીં આ શ | વિ ના જી | વે કો ?
જ ગે અ | હીં પ્રે મ | વિ ના ર | હે કો ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપજાતિ

એક શ્લોકમાં કોઈ ચરણ ઇન્દ્રવજ્રાનું હોય અને કોઈ ઉપેન્દ્રવજ્રાનું હોય, ત્યારે આ મિશ્રિત ચરણવાળા છંદને ઉપજાતિ કહે છે.

સી તા સ | મા ણી સ | તી કો ણ | શા ણી; (ઇન્દ્રવજ્રા)
પ તિ પ્ર | તિ જ્ઞા ય | સ દા પ્ર | મા ણી. (ઉપેન્દ્રવજ્રા)

વસંતતિલકા

અક્ષર : ૧૪ બંધારણ : ત ભ જ જ ગ ગ

પ્યા લું ઉ | પા ડી ઊ | ભી શે લ | ડી પા સ | મા તા
છૂ રી વ | તી જ રી | ક કા ત | ળી એ ક | કા પી

શિખરિણી

અક્ષર : ૧૭ બંધારણ : ય મ ન સ ભ લ ગ
યતિ : ૫ અને ૧૧ અક્ષરે

વ હે હં | ડો વા યુ | ક રી દ | ઈ બ ઘે | શાં તિ વ | ન માં
ઘ ણા આ | જે થો ડા | ઉ હુ ગ | ણ પ્ર કા | શે ગ ગ | ન માં.

મંદાક્રાન્તા

અક્ષર : ૧૭ બંધારણ : મ ભ ન ત ત ગ ગ
યતિ : ૪,૧૦ અને ૧૭ અક્ષરે

તે પં ખી | ની ઉ પ | ર પ થ | રો ફેં ક | તાં ફેં ફો | દી ઘો
છૂ ટ્યો તે | ને અ ર | ર ર પ | ડી ફાળ | હૈ યા મ | હીં તો.

હરિણી

અક્ષર : ૧૭ બંધારણ : ન સ મ ર સ લ ગ
યતિ : ૬, ૧૦ અને ૧૭ અક્ષરે

હૃ દ ય | સ ર સાં | રા ખી શાં | તિ અ ને | સુ ન કા | ર ને
હ સ તી | ર મ તી | ગા તી ગા | તિ ન દી | વ હી જા | ય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુષ્ટુપ

આ છંદમાં માત્ર બે જ લીટીનો એક શ્લોક બને છે. દરેક લીટીમાં આઠ અક્ષરનાં બે પાદો હોય છે.

દરેક પાદમાં પમો અક્ષર લઘુ, અને પહેલા પાદમાં ૭મો અક્ષર ગુરુ અને બીજા પાદમાં ૭મો અક્ષર લઘુ.

વૃદ્ધ માતા અૅને તાત | તાપે છે સૅગડી કૅરી
અહો ! કેવું સુખી જોડું | કર્તાએ નિરૅમ્યું દીસે.

પૃથ્વી છંદ

અક્ષર : ૧૭ બંધારણ : જ સ જ સ ય લ ગ

રૅમ રે છૅ | પ્રિ યૅ બે | નૅ ડીસૅ | મૅ યૅ કૂ | લૅ વા ડી | થૅ કી
લ ઈ ક | લ મ પા | ટી બે ર | સ ળ વા | નિ શા બે | જ તાં.

નોંધ : આ છંદમાં જ્યાં અર્થની દૃષ્ટિએ અટકવું પડે, ત્યાં યતિ ગણીને છંદનું વાચન થાય છે. એટલે એમાં કોઈ નિશ્ચિત સ્થળે યતિ આપ્યો નથી.

(૨) માત્રામેળ છંદ

માત્રામેળ છંદ અક્ષરમેળ છંદની માફક લઘુ-ગુરુ અક્ષરની ગોઠવણી ઉપર આધાર રાખતો નથી.

એ છંદ **માત્રાની સંખ્યા** ઉપર આધાર રાખે છે.

માત્રા

માત્રા એટલે ઉચ્ચારણ કરતાં જે વખત લાગે તેનું નાનામાં નાનું માપ. સામાન્ય રીતે આંખના પલકારાને એક માત્રા ગણવામાં આવે છે.

૧. હ્રસ્વ સ્વરની એક માત્રા ગણાય છે.

૨. દીર્ઘ સ્વરની બે માત્રા ગણાય છે.

૩. વ્યંજનની અરધી માત્રા ગણાય છે.

ક એ લઘુ અક્ષરની એક માત્રા; કા એ ગુરુ અક્ષરની બે માત્રા; ક્ એ વ્યંજનની ½ માત્રા એમ ગણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૨ ૧૧૧ ૧૧½

કાકા – ૪ માત્રા, રમણ – ૩ માત્રા, જગત્ – ૨½ માત્રા.

માત્રામેળ છંદના પ્રકાર

ચોપાઈ

આ છંદનાં ચાર ચરણ હોય છે. દરેક ચરણની માત્રા ૧૫ હોય છે.

માત્રા : દરેક ચરણમાં ૧૫ તાલ : પહેલી ઉપર અને પછી ચાર ચાર માત્રાએ.

યતિ : ૮ મી અને ૧૫ માત્રા પછી.

૨ ૨ ૧૧૧ ૧૧૧ ૨ ૧ ૨
તારા ચળકે ચળકે તું થજે, — ૧૫ માત્રા
૧૧ ૧૧ ૨૧૧ ૧૧ ૨ ૧ ૨
મુજ મન કૌતુક કંઈ ઊપજે: — ૧૫ માત્રા
કોણ હર્ષશ ઊજળે નૂર,
આ જગથી ઊંચે અતિ દૂર.

ઝૂલણા છંદ

માત્રા : દરેક લીટીમાં ૩૭ યતિ : ૧૦, ૨૦, ૩૦, ૩૭ માત્રાએ

૨ ૧ ૨ ૨૧૨ ૨ ૧ ૨૨ ૧ ૨
ધન્ય છે દ્રૌપદી ભક્તિ તારી ભલી,
૨ ૧ ૨ ૨૧૨૨ ૧ ૨૨
આજ તું એકલીને જ ભાળું — ૩૭

હરિગીત

માત્રા : ૨૮ યતિ : ૧૪મી માત્રાએ

૨ ૨ ૧ ૨ ૨ ૨ ૧ ૨ ૨ ૧ ૨ ૨ ૨ ૧ ૨
ત્યાં દૂ ર થી દી ઠાં ઘ ણાં બે ઠે લ પ ક્ષી ભૂ પ રે.
કરવા ક્ષુધાની શાંતિ નૃપ નિજ વસ્ત્ર તે પર પાથરે;
લઈ વસ્ત્ર તે ઊડી ગયાં આશા તૂટી નળ રાયની,
દુર્ભાગ્ય આવું જોઈને સ્થિરતા રહી નહિ જાતની.

આર્યા

આ સંસ્કૃત માત્રામેળ છંદ છે. એમાં ચાર પાદો હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માત્રા : પહેલા પાદમાં : ૧૨ બીજામાં : ૧૮
ત્રીજા પાદમાં : ૧૨ ચોથામાં : ૧૫

તું માતા તું ભ્રાતા, તું ધાતા તું તથા જગત ત્રાતા;
તું સુખ શાતા દાતા, પ્રણમું હે પ્રભુ પૂર્ણ પ્રખ્યાતા.

•

પ્રકરણ ૨૩

એકીકરણ

क	ख
૧. રમણ વાત કરવા લાગ્યો. વાત કરતાં તે ખાતો હતો.	રમણ ખાતાં ખાતાં વાત કરવા લાગ્યો.
૨. મહેશ ખૂબ દોડ્યો. તે થાકી ગયો.	મહેશ ખૂબ દોડીને થાકી ગયો,

क નાં 'રમણ વાત કરવા લાગ્યો' અને 'વાત કરતાં તે ખાતો હતો' એ બે વાક્યોમાં જે હકીકત કહી છે, તેજ હકીકત તેની સામે આપેલા ख ના 'રમણ ખાતાં ખાતાં વાત કરવા લાગ્યો' એ વાક્ય દ્વારા દર્શાવવામાં આવી છે.

એજ રીતે क નાં બીજાં બે વાક્યોની હકીકત સામે આપેલા એક વાક્ય દ્વારા કહેવામાં આવી છે.

આમ કોઈ વિચાર બે કે ત્રણ વાક્યોથી દર્શાવાય, તેજ વિચાર એક વાક્યમાં પણ દર્શાવી શકાય છે. આવી રીતે જ્યારે આપણે જુદાં જુદાં વાક્યોને જોડી એક વાક્ય બનાવીએ છીએ, ત્યારે તેમનું એકીકરણ કર્યું કહેવાય છે.

[૧]

સાદાં વાક્યોનું એક સાદું વાક્ય

કોઈ પણ બે કે બેથી વધારે સાદાં વાક્યોનું એક સાદા વાક્યમાં એકીકરણ નીચેની જુદી જુદી રીતે થઈ શકે છે :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧] ક્રિયાવિશેષણ કે ક્રિ. વિ. શબ્દસમૂહ વાપરી :

૧. મારી બહેન વાંચતી હતી. તે તેમ કરતાં ઊંઘી ગઈ
મારી બહેન **વાંચતાં વાંચતાં** ઊંઘી ગઈ.

૨. તમે આ કામ કરો. એમાં ઉતાવળ રાખો.
તમે **ઉતાવળે** આ કામ કરો.

૩. તે ફરવા જાય છે. સાંજને વખતે તે જાય છે.
સાંજે તે ફરવા જાય છે.

૪. પંખી ઝડપથી ઊડ્યું. તે બીજા ઝાડ પર બેઠું.
પંખી **ઝડપથી ઊડીને** બીજા ઝાડ પર બેઠું.

૫. કૂતરો વફાદાર પ્રાણી છે. તેના માલિકને તે પ્રિય છે.
કૂતરો વફાદાર **પ્રાણી હોઈ** તેના માલિકને પ્રિય છે.

૬. બાળક પાસે રમકડાં છે. એ રમવા માટે છે.
બાળક પાસે **રમવા માટે** રમકડાં છે.

૭. મારો ભાઈ ઊભો છે. મારો મિત્ર તેની પાસે છે.
મારો મિત્ર **મારા ભાઈની પાસે** ઊભો છે.

૮. મગન ઊંચો છે. છગનનો ભાઈ વધારે ઊંચો છે.
છગનનો ભાઈ **મગનના કરતાં** ઊંચો છે.

૯. આ રસ્તે કાદવ છે. એ દોઢ માઈલ સુધી છે.
આ રસ્તે **દોઢ માઈલ સુધી** કાદવ છે.

૧૦. તે યુદ્ધમાં લડ્યો. તેણે જાનની પરવા કરી નહિ.
જાનની પરવા કર્યા વિના તે યુદ્ધમાં લડ્યો.

ઉપર ક્રિયાવિશેષણ કે ક્રિયાવિશેષણ શબ્દસમૂહ વાપરી બે સાદાં વાક્યોનું એક સાદા વાક્યમાં એકીકરણ કર્યું છે.

મનોયત્ન : ૩૭

નીચેનાં સાદાં વાક્યોને જોડી એક સાદું વાક્ય બનાવો :
ક્રિયાવિશેષણ કે ક્રિ. વિ. શબ્દસમૂહ વાપરો—

૧. ખેડૂતે આખું ખેતર ખેડ્યું. તેને આનંદ થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. જરા ઝડપ રાખજો. તમે આ પુસ્તક વાંચી નાખજો.
૩. સુધીર હવે તંદુરસ્ત થયો છે. તે નોકરીએ જઈ શકે છે.
૪. સૂર્ય ઊગે છે. તળાવમાં કમળો ખીલે છે.
૫. ખેલાડી આગળ ધસ્યો. તેણે જોરથી ફટકો માર્યો.
૬. મુસાફરોએ વિશ્રામ કર્યો. ધર્મશાળા આવી.
૭. ઈશ્વરે પંખીને પાંખ આપી છે. તે ઊડવાને માટે છે.
૮. અમે બીજું તળાવ જોયું. તે માનસરોવર પાસે છે.
૯. ગોવિંદ ઝડપથી ચાલ્યો. તે ત્રણ માઈલ સુધી ચાલ્યો.
૧૦. કોઈ કામ કરતા નહિ. ખૂબ વિચાર કરજો.
૧૧. સીતા હોશિયાર છે. સુલેખા વધારે હોશિયાર છે.
૧૨. વસંતઋતુ પૂરી થશે. ફૂલો ઓછાં થશે.
૧૩. ખીલેલાં ફૂલો ઝૂકી રહ્યાં છે. તે છોડવા પર છે.
૧૪. પોપટ મીઠું પક્ષી છે. તેને પાળવામાં આવે છે.
૧૫. બાળકો ફટાકડા ફોડે છે. દિવાળીના દિવસો છે.

[૨] સ્વતંત્ર શબ્દસમૂહ વાપરી :

૧. નસીબ ખૂલ્યું. તે તાલેવંત બન્યો.
નસીબ ખૂલતાં તે તાલેવંત બન્યો.
૨. પોલીસ દોડયો. ચોર નાસી ગયો.
પોલીસના દોડવા છતાં ચોર નાસી ગયો.
૩. દિવસો પસાર થતા ગયા. તે હોશિયાર બન્યો.
દિવસો પસાર થયે તે હોશિયાર બન્યો.
૪. ગાડી ચાલતી હતી. તે ઉપર ચડી ગયો.
ચાલતી ગાડીએ તે ઉપર ચડી ગયો.

મનોયત્ન : ૩૮

સ્વતંત્ર શબ્દસમૂહ વાપરી બે સાદાં વાક્યોનું એક સાદું વાક્ય બનાવો—
૧. રસ્તે કાદવ હતો. અમે આગળ જઈ શક્યા નહિ.
૨. મોટર ઊંધી વળી ગઈ. કોઈને ઇજા થઈ નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. વખત પસાર થયો. વૃક્ષ ઘટાદાર બન્યું.
૪. ઘોડો દોડતો હતો. સૈનિક કૂદી પડ્યો.
૫. નસીબ ફૂટ્યું. તે ભિખારી બની ગયો.
૬. શત્રુએ ઘેરો ઘાલ્યો. સૈનિકો ડર્યા નહિ.
૭. યુગો વીતે છે. મહાપુરુષનો જન્મ થાય છે.
૮. દિવસો જતા ગયા. તે મહાન થયો.

[૩] નામ શબ્દસમૂહ વાપરી :

૧. સત્ય આચરણ કરવું જોઈએ. દરેકનો એ ધર્મ છે.
સત્ય આચરણ કરવું દરેકનો ધર્મ છે. ['છે'નું ઉદ્દેશ્ય]
૨. કાગળ લખજો. તેણે મને એમ કહ્યું.
તેણે મને **કાગળ લખવાનું** કહ્યું. ['કહ્યું'નું કર્મ]
૩. પરદેશીઓ હિમાલયની ટોચે પહોંચવા મથે છે. એ સૌથી ઊંચો પર્વત છે.
પરદેશીઓ **સૌથી ઊંચા પર્વત** હિમાલયની ટોચે પહોંચવા મથે છે. ['હિમાલય'ના સમાનાધિકરણમાં]

મનોયત્ન : ૩૯

નામ શબ્દસમૂહ વાપરી બે સાદાં વાક્યોનું એક સાદું વાક્ય બનાવો–
૧. ઇનામ જીતવું જોઈએ. મારું એ લક્ષ્ય છે.
૨. રોજ કાંતવાનું સારું છે. ગરીબોને માટે એ સારું છે.
૩. ખરાબ વાતમાં રસ ન લેવો જોઈએ માનવી માટે એ સારું નથી.
૪. મારા કાકાએ મને એ કહ્યું. દર પંદર દિવસે પત્ર લખજો.
૫. શું શક્ય લાગે છે? આ પર્વત ચડી શકાય કે?
૬. કંજૂસ ઉદાર બને છે. એ અશક્ય લાગે છે.
૭. હદ ઉપરાંત ખાઈ શકું કે? મને પાલવે નહિ.
૮. અતિથિને આવકાર આપવો જોઈએ. ગૃહસ્થો એમ માને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯. અપમાન ખમી શકાય કે? એ કપરું કામ છે.
૧૦. વીર પુરુષો સર્વત્ર પૂજાય છે. એ કુદરતી છે.

[૪] વિશેષણ કે વિશેષણ શબ્દસમૂહ વાપરી :

૧. હરિશ્ચન્દ્રને ખૂબ દુઃખો પડ્યાં. તે સત્યવાદી હતો.
સત્યવાદી હરિશ્ચન્દ્રને ખૂબ દુઃખો પડ્યાં.

૨. મને આ ગુલાબ ગમે છે. એ લાલ રંગનું છે.
મને લાલ રંગનું આ ગુલાબ ગમે છે.

૩. ગંગાને કાંઠે મંદિરો આવેલાં છે. તે ભવ્ય દેખાય છે.
ગંગાને કાંઠે આવેલાં મંદિરો ભવ્ય દેખાય છે.

મનોયત્ન : ૪૦

નીચેનાં સાદાં વાક્યોને વિશેષણ કે વિશેષણ શબ્દસમૂહ વાપરી જોડો અને એક સાદું વાક્ય બનાવો—

૧. મારા કબાટમાં પુસ્તકો છે. તે ઉચ્ચ કોટિનાં છે.
૨. કાશી પવિત્ર ધામ છે. તે ગંગાના કાંઠા પર આવેલું છે.
૩. છોકરો પ્રામાણિક છે. તેને ઇનામ મળ્યું.
૪. મેઘધનુષ વિવિધ રંગે ઝગે છે. તે આકાશમાં છે.
૫. સંતોએ ઈશ્વરદર્શન હૃદયમાં કર્યું છે. એ દર્શન કાલ્પનિક નથી.
૬. આ જમીનમાં કંઈ ઊગતું નથી. એ રેતાળ છે.
૭. કનૈયા પાસે ખૂબ વાતો છે. એ બધી સાંભળવા જેવી છે.
૮. લાંબી કાઠી પર ધજા ફરકે છે. એ ધજા દેશનું ગૌરવ છે.
૯. દાન ગુપ્ત રીતે અપાય છે. એજ દાન શ્રેષ્ઠ ગણાય છે.

[૨]

બે સાદાં વાક્યોનું એક મિશ્ર વાક્ય

બે સાદાં વાક્યોને જોડી જેમ સાદું વાક્ય થઈ શકે છે, તેમ તેમને જોડી એક મિશ્ર વાક્ય પણ થઈ શકે છે. ફેર માત્ર એટલો જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડે છે કે શબ્દસમૂહને બદલે આપણે ઉપવાક્યોની મદદ લેવી પડે છે. જુદાં જુદાં ઉપવાક્યોને વાપરી કેવી રીતે બે સાદાં વાક્યોનું એક મિશ્ર વાક્ય થઈ શકે છે તે નીચે બતાવ્યું છે. જે મિશ્ર વાક્ય બને તેમાં માત્ર એક જ મુખ્ય વાક્ય હોવું જોઈએ. એ સિવાયનાં બીજાં વાક્યો ઉપવાક્યો હોય છે.

[૧] **ક્રિયાવિશેષણ વાક્ય વાપરી :**

૧. બાળકને રમવું હતું. તેઓ મેદાનમાં ગયાં.
બાળકો મેદાનમાં ગયાં, કારણ કે **તેમને રમવું હતું.**

૨. જમીનને ખેડવામાં આવે છે. પાક સારો થાય છે.
જો જમીનને ખેડવામાં આવે, તો પાક સારો થાય છે.

૩. તે નાપાસ થયો. તે હોશિયાર છે.
જોકે તે હોશિયાર છે, તોપણ તે નાપાસ થયો.

૪. વસંતઋતુ આવી. ઝાડપાન ખીલી ઊઠયાં.
જ્યારે વસંતઋતુ આવી, ત્યારે ઝાડપાન ખીલી ઊઠયાં.

૫. બાળકો આનંદે રમે છે. ઈશ્વરનો ત્યાં વાસ હોય છે.
જ્યાં બાળકો આનંદે રમે છે, ત્યાં ઈશ્વરનો વાસ, હોય છે.

૬. મહેનત વધારે કરીએ છીએ. કામની આવડત વધતી જાય છે.
જેમ મહેનત વધારે કરીએ છીએ, તેમ કામની આવડત વધતી જાય છે.

૭. જુવાનીમાં મહેનત કરો. ઘડપણમાં આરામ મળે.
જુવાનીમાં મહેનત કરો, કે **ઘડપણમાં આરામ મળે.**

૮. યુદ્ધ ખૂબ લંબાયું. લોકો કંટાળી ગયા.
યુદ્ધ એટલું બધું લંબાયું, કે **લોકો કંટાળી ગયા.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯. પેલો પર્વત ઊંચો છે. આ પર્વત તેટલો જ ઊંચો છે.
પેલો પર્વત જેટલો ઊંચો છે, તેટલો જ આ ઊંચો છે.

૧૦. ગુરુ મોટો છે. માતા સો ગણી મોટી છે.
ગુરુ છે તેના કરતાં માતા સો ગણી મોટી છે.

ઉપરનાં વાક્યોમાં ઉપવાક્યને મુખ્ય વાક્ય સાથે જોડવા માટે નીચેના સંયોજકો વપરાયા છે.

સંયોજકો : કારણ કે, જો – તો, જોકે – તોપણ, જ્યારે – ત્યારે, જ્યાં – ત્યાં, જેમ – તેમ, કે, એટલું બધું – કે, જેટલું – તેટલું, તેના કરતાં.

મનોયત્ન : ૪૧

યોગ્ય સંયોજકો વાપરી નીચે આપેલાં બે સાદાં વાક્યોને જોડી એક મિશ્ર વાક્ય બનાવો—

૧. અમે સૌ ઝાડ નીચે બેઠા. અમારે થાક ઉતારવો હતો.
૨. એક ચિત્તે કાર્ય કરો. વિજય જરૂર મળશે.
૩. સાધુ પુરુષો દુનિયામાં દુઃખી થાય છે. તેઓ કોઈનું બૂરું ઇચ્છતા નથી.
૪. પૂર્ણિમાનો ચંદ્ર ઊગે છે. પૃથ્વી પર સૌંદર્યની ચાદર પથરાય છે.
૫. રમત રમાય છે. બાળકો ભેગાં થાય છે.
૬. ચગડોળનો વેગ વધે છે. અંદર બેસનારની મજા બેવડાય છે.
૭. વિવેકી માબાપ બાળકને દોરે છે. તેઓ દોરાય છે.
૮. મારા ગુરુએ મને શિખામણ આપી. સત્યનો રસ્તો ચૂકીશ નહિ.
૯. ગાડી ખૂબ મોડી થઈ. મુસાફરો અકળાવા લાગ્યા.
૧૦. વરસાદ વધતો ગયો. નદીનું પૂર ચડતું ગયું.
૧૧. હરીશ ચપળ છે. મહેશ પણ એટલો જ ચપળ છે.
૧૨. મહાપુરુષો દેશને ઉપયોગી છે. સંતો એથી વધારે ઉપયોગી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩. તેણે ખૂબ મહેનત કરી. ભાગ્યનાં દ્વાર ખૂલ્યાં નહિ.
૧૪. યુદ્ધની નોબતો ગગડે છે. દેશપ્રેમી ઘરમાં બેસી રહે કે ?
૧૫. બધામાં સર્વોદયની ભાવના હોવી જોઈએ. બધા લોકો સુખી થાય.
૧૬. માણસને સન્માન મળે છે. માણસને ત્યાં જવાનું ગમે છે.
૧૭. આશાવાદી દુઃખના ડુંગર તળે દટાય છે. આમ છતાં તે શ્રદ્ધા છોડતો નથી.
૧૮. ગાડું આગળ વધતું ગયું. ગામનાં વૃક્ષો ઓળખાવા લાગ્યાં.
૧૯. તેણે ગામની ખૂબ સેવા કીધી છે. લોકોએ તેને નેતા બનાવ્યો છે.
૨૦. આપણે શરૂઆતથી ધર્મનું પાલન કરવું જોઈએ. ઘડપણમાં મનને શાંતિ મળે.

[૨] વિશેષણવાક્ય વાપરી :

૧. માણસ હમેશાં મીઠું બોલે છે. તે સર્વને પ્રિય હોય છે.
જે માણસ હમેશાં મીઠું બોલે છે, તે સર્વને પ્રિય હોય છે.
૨. તમે એને બોલાવો છો. તે અહીં નથી.
તમે જેને બોલાવો છો, તે અહીં નથી.
૩. તે બાળક ક્યાં ગયું ? એનું આ રમકડું છે.
જેનું આ રમકડું છે, તે બાળક ક્યાં ગયું ?
૪. આ તે પેટી છે. એમાં મારાં કપડાં હતાં.
જેમાં મારાં કપડાં હતાં, તે આ પેટી છે.

મનોયત્ન : ૪૨

વિશેષણ વાક્ય વાપરી સાદાં વાક્યોનું એક મિશ્ર વાક્ય બનાવો—

૧. મેં એક અદ્‌ભુત દૃશ્ય જોયું. મેં તે બધાને બતાવ્યું.
૨. નદીમાં ભરતી આવે છે. તેમાં ઓટ પણ આવે છે.
૩. કાર્યથી આત્માનું કલ્યાણ સધાય છે. એ સાચું કાર્ય ગણાય છે.
૪. તેનામાં સાચી સ્વમાનની લાગણી છે. તે અંતે વિજય મેળવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. એણે બારી ભાંગી છે. એ કોણ છે?
૬. લોકો તેને ગંગા તરીકે ઓળખે છે. તેમાં નાહવાથી પાપ ધોવાય છે.
૭. એની નીચે મેં તેને પૈસા આપ્યા હતા. એ ઝાડ ક્યાં છે?
૮. ઘડો છલકાય છે. ઘડો અધૂરો હોય છે.
૯. એના પર ભરોસો ન રખાય. એની મૈત્રી શા માટે રાખો છો?
૧૦. પેટીમાંથી એ લીધું છે. તેમાં એ મૂકી દો.

[૩] નામવાક્ય વાપરી :

૧. દયા ધર્મનું મૂળ છે. તુલસીદાસનું એ વચન છે.
દયા ધર્મનું મૂળ છે, એ તુલસીદાસનું વચન છે. [ઉદ્દેશ્ય]
૨. તમે પેલા ગામનો રસ્તો જાણો છો? મુસાફરે મુખીને એમ પૂછ્યું.
મુસાફરે મુખીને પૂછ્યું, **"તમે પેલા ગામનો રસ્તો જાણો છો?"** [કર્મ]
૩. કોઈ પણ ભોગે આગળ વધીશું. સિપાઈઓ એમ બોલ્યા.
સિપાઈઓ બોલ્યા **કે કોઈ પણ ભોગે આગળ વધીશું.** [કર્મ]
૪. તેને ખાતરી છે. તેનો ભાઈ ખરો છે.
તેની ખાતરી છે **કે તેનો ભાઈ ખરો છે.** [ક્રિયાપૂરક]
૫. તેનું કથન માનવા જેવું છે. માતાને કેળવણી આપવી જોઈએ.
માતાને કેળવણી આપવી જોઇએ, એ તેનું કથન માનવા જેવું છે. ['કથન' ના સમાનાધિકરણમાં]
૬. તે સાચું જ બોલ્યો છે. મને એમાં શંકા નથી.
તે સાચું જ બોલ્યો છે, એમાં મને શંકા નથી. ['એ' ના સમાનાધિકરણમાં]

મનોયત્ન : ૪૩

નામવાક્ય વાપરી સાદાં વાક્યોને જોડી એક મિશ્ર વાક્ય બનાવો.
૧. સત્યનું પાલન કરવું જોઈએ. દરેક ધર્મ એ શીખવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. મને જગા મળશે? મેં ધર્મશાળાના નોકરને એમ પૂછ્યું.
૩. હું સાહિત્યની સેવા કરીશ. કવિ નર્મદે એવો નિશ્ચય કર્યો.
૪. અહીંથી શહેર ઘણું દૂર છે. ભોમિયાએ અમને જણાવ્યું.
૫. મારાથી એ વાતમાં બોલાય નહિ. મારી મુશ્કેલી છે.
૬. આમાં ગફલતી થઈ છે. હકીકત એજ સાચી છે.

[૩]

બે સાદાં વાક્યોનું એક સંયુક્ત વાક્ય

બે સાદાં વાક્યોને જોડીને સંયુક્ત વાક્ય નીચે જણાવ્યા પ્રમાણે બનાવી શકાય છે. બે વાક્યો જોડાઈને જે એક વાક્ય બને, તેમાં ઓછામાં ઓછાં બે સ્વતંત્ર કે મુખ્ય વાક્યો હોવાં જોઈએ.

૧. મધુકર બહાર નીકળ્યો. તેના મિત્રને ઘેર તે ગયો.
મધુકર બહાર નીકળ્યો **અને** તેના મિત્રને ત્યાં ગયો. [તથા]
૨. પૈસા વાપરો. પૈસાનું દાન કરો.
પૈસા વાપરો **અથવા** પૈસાનું દાન કરો.
[બીજા સંયોજકો : વા, યા, યા તો, કાં તો, કે, અગર.]
૩. દુષ્ટો સત્પુરુષને સતાવે છે. સત્પુરુષો સામી દુષ્ટતા બતાવતા નથી.
દુષ્ટો સત્પુરુષને સતાવે છે, **પણ** સત્પુરુષો સામી દુષ્ટતા બતાવતા નથી.
[બીજા સંયોજકો : પરંતુ, છતાંયે.]
૪. ઝડપથી જાઓ. ગાડી ચૂકી જશો.
ઝડપથી જાઓ, **નહિ તો** ગાડી ચૂકી જશો.
૫. બાગને પાણી પાયું નહિ. તે સુકાઈ ગયો.
બાગને પાણી પાયું નહિ, **તેથી** તે સુકાઈ ગયો.
[બીજા સંયોજકો : પરિણામે, આથી, તેને લઈને, તેને લીધે, એટલે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬. તે સ્વર્ગવાસી થયો. તે મૃત્યુ પામ્યો.
તે સ્વર્ગવાસી થયો એટલે કે તે મૃત્યુ પામ્યો.

૭. મેં યુરોપની મુસાફરી કરી છે. મેં અમેરિકાની મુસાફરી પણ કરી છે.

મેં યુરોપની મુસાફરી કરી છે એટલું જ નહિ, પણ અમેરિકાની મુસાફરી પણ કરી છે.

મનોયત્ન : ૪૪

નીચે આપેલાં સાદાં વાક્યોને એક સંયુક્ત વાક્યમાં જોડો—

૧. છોકરાઓ નિશાળે પહોંચ્યા. શાળાનો ઘંટ વાગ્યો.
૨. કાર્યને પાર પાડો. કાર્ય કરતાં મરી ખૂટો.
૩. ધમાલ કરો નહિ. તમે ખુશીથી અહીં રમો.
૪. મુસળધાર વરસાદ વરસ્યો. નદીનાળાં ઊભરાઈ ગયાં.
૫. મિત્રોને સાચવતાં શીખો. તેમને ગુમાવી બેસશો.
૬. અમને દોરવણી આપો. અમારા માર્ગમાંથી ખસી જાઓ.
૭. સંતોને ગરીબો માન આપે છે. શ્રીમંતો પણ તેમને માન આપે છે.
૮. તમે પક્ષને વફાદાર રહેજો. તમે પક્ષ છોડી જજો.
૯. તેને માથે દુઃખના ડુંગર તૂટી પડ્યા. તેણે ધીરજ ખોઈ નહિ.
૧૦. દુર્યોધને સંધિ કબૂલ રાખી નહિ. મહાભારતનું યુદ્ધ થયું.
૧૧. સૈનિકોને ઉત્સાહ આપો. તેમનો જુસ્સો તૂટી જશે.
૧૨. કુટુંબમાં ઝઘડાએ ઘર કર્યું. તે પાયમાલ થઈ ગયું.
૧૩. સારી માતા બાળકને સંભાળપૂર્વક ઉછેરે છે. તેમને કેળવણી પણ આપે છે.
૧૪. નદીમાં મોટું પૂર આવ્યું. કાંઠા પરનાં ખેતરોને નુકસાન થયું.
૧૫. તમે તમારી શક્તિમાં શ્રદ્ધા રાખો. તમે જરૂર સફળ થશો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૨૪

વાકયરૂપાંતર

૧. **સૂર્યાસ્ત સમયે** અમે ટેકરી ઉપરથી ઊતર્યા.

૨. **જ્યારે સૂર્ય અસ્ત થયો**, ત્યારે અમે ટેકરી ઉપરથી ઊતર્યા.

પહેલું વાકય સાદું વાકય છે. એ વાકયમાંનો અર્થ જ બીજા વાકયમાં લખ્યો છે; પણ બીજું વાકય મિશ્ર વાકય છે. આમ વાકયની રચનાની દૃષ્ટિએ બંને વાકયોમાં ફેર છે, પણ બંનેનો અર્થ એક જ છે. પહેલા વાકયમાં 'સૂર્યાસ્ત સમયે' એ ક્રિયાવિશેષણ શબ્દસમૂહ છે. એને બીજા વાકયમાં 'જ્યારે સૂર્ય અસ્ત થયો' એમ લખી ક્રિયા-વિશેષણને ઉપવાકયમાં ફેરવ્યું છે.

આ રીતે અર્થ કાયમ રાખી વાકયને જુદી રીતે લખવાની કે તેને જુદું રૂપ આપવાની રીતને વાકયરૂપાંતર કહે છે.

• અભ્યાસ •

વાકય—[૧] મુસાફરે **સાંજે** ધર્મશાળામાં મુકામ કર્યો.

રૂપાંતર– મુસાફરે **સાંજના સમયે** ધર્મશાળામાં મુકામ કર્યો.

[૨] તમે **કોઈ વખત જ અહીં આવો છો.**

તમે **હમેશાં અહીં આવતા નથી.**

પહેલા વાકયમાં શબ્દને શબ્દસમૂહમાં ફેરવી રૂપાંતર કર્યું છે. સાંજે–શબ્દ, સાંજના સમયે—શબ્દસમૂહ.

બીજા વાકયના હકાર વાકયને નકાર વાકયમાં ફેરવ્યું છે, પણ અર્થ તેનો તેજ રહે છે.

આમ વાકયરૂપાંતરમાં શબ્દની કે વાકયની રચના ફેરવી શકાય, પણ અર્થ તો તેનો તેજ રહેવો જોઈએ. જો અર્થ ફેરવાઈ જાય તો તે વાકયરૂપાંતર નહિ ગણાય. દા. ત.

૧. મગન દોડતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. મગન દોડતો ન હતો. અહીં અર્થ ફરી ગયો માટે એ વાક્યરૂપાંતર નથી.

નીચે વાક્યરૂપાંતર જુદી જુદી રીતે થઈ શકે છે તે બતાવ્યું છે.

• અભ્યાસ •

[૧] શબ્દને શબ્દસમૂહમાં ફેરવીને :

વાક્ય—(૧) આ લોખંડની પેટી છે.

રૂપાંતર–(૧) આ લોખંડની બનાવેલી પેટી છે.

(૨) રમાકાંત મોટેથી વાંચે છે.

(૨) રમાકાંત ઊંચે અવાજે વાંચે છે.

(૩) તેનું આ કામ વિશ્વાસજનક નથી.

(૩) તેનું આ કામ વિશ્વાસ ઉત્પન્ન કરનારું નથી.

(૪) લુચ્ચા માણસનો કોણ ભરોસો કરે ?

(૪) લુચ્ચાઈથી ભરેલા માણસનો કોણ ભરોસો કરે ?

[૨] શબ્દસમૂહને ઉપવાક્યમાં ફેરવીને :

વાક્ય—(૧) પાડોશીને ચાહવું એ આપણી ફરજ છે.

રૂપાંતર–(૧) પાડોશીને ચાહવો જોઈએ, એ આપણી ફરજ છે.

(૨) મેં ગોવિંદને કામમાં કાળજી રાખવાનું કહ્યું.

(૨) મેં ગોવિંદને કહ્યું કે કામમાં કાળજી રાખો.

(૩) ઘર વિનાના માણસને ધર્મશાળા એજ ઘર છે.

(૩) જેને ઘર નથી તે માણસને ધર્મશાળા એજ ઘર છે.

(૪) તમારા આવ્યા વિના હું આવીશ નહિ.

(૪) જો તમે નહિ આવો તો હું આવીશ નહિ.

[૩] હકાર અને નકાર વાક્યનું પરસ્પર રૂપાંતર :

વાક્ય—(૧) લોખંડ લાકડાથી વધારે કઠણ હોય છે.

રૂપાંતર–(૧) લોખંડ લાકડા જેટલું કઠણ હોતું નથી.

(૨) કામ કર્યા વિના સફળ થવું શક્ય નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) કામ કર્યા વિના સફળ થવું અશક્ય છે.
(૩) હિમાલય પર્વત સૌથી ઊંચો છે.
(૩) બીજા બધા પર્વતો હિમાલય જેટલા ઊંચા નથી.
(૪) આ ખેડૂતની એકમાત્ર મિલકત આ વાડી છે.
(૪) આ વાડી સિવાય ખેડૂતની બીજી કોઈ મિલકત નથી.

મનોયત્ન : ૪૫

[क] શબ્દને બદલે શબ્દસમૂહ વાપરી વાક્યરૂપાંતર કરો—

૧. સુધાકર **ધીમેથી** વાંચે છે.
૨. મને ભેટ મળેલી વીંટી **સોનાની** છે.
૩. રંગૂન મદ્રાસની **પૂર્વમાં** આવેલું છે.
૪. અમે રસ્તે જતાં **કરુણાજનક** દૃશ્ય જોયું.
૫. **કપટી** માણસોનો વિશ્વાસ કરવો નહિ.
૬. **સાંજે** ઢોરો ઘર તરફ પાછાં વળતાં હતાં.
૭. સાચો માણસ હમેશાં **નિર્ભય** હોય છે.
૮. ઉષ્ણતામાપક યંત્રને અંગ્રેજીમાં થરમૉમિટર કહે છે.
૯. મોટર ઝપાટાબંધ જતી હતી.
૧૦. આ વિશ્વમાં કઈ વસ્તુ **અનંત** છે ?

[ख] નીચેનાં વાક્યોનું શબ્દસમૂહને બદલે ઉપવાક્ય વાપરી રૂપાંતર કરો—

૧. **ન્યાયાધીશે આપેલો** ન્યાય યોગ્ય હતો.
૨. **શિયાળાની મોસમમાં** પોંક ખાવાની મજા આવે છે.
૩. **ડૉક્ટરે દરદીને રોજ ફરવા જવાનું** કહ્યું.
૪. **તેના સ્વદેશ પાછા ફરવાની** વાત સાંભળીને હું તેને મળવા ગયો.
૫. **નિયમિત રીતે ઊઠવા-બેસવાનું** જરૂરી નથી ?
૬. **દક્ષિણ ભારતનાં સ્થળો જોવાને** અમે મુસાફરી આરંભી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭. ખૂબ ઝગમગતા તારાએ અમારું ધ્યાન ખેંચ્યું.
૮. આબુ છોડીને આગળ વધતાં આપણે રજપૂતાનામાં પ્રવેશ કરીએ છીએ.
૯. તે નિર્દોષ હોવાથી છેવટ સુધી ડગ્યો નહિ.
૧૦. વરસાદ પડતાં કીડીઓ દરની બહાર નીકળી આવી.

[ગ] હકારનું નકાર અને નકારનું હકાર વાક્ય બનાવો—

૧. માનવીના હૃદયમાંથી ઈશ્વર ઉપરની શ્રદ્ધા ઉખેડવી અશક્ય છે.
૨. અશોક કોઈ પણ ધર્મને તિરસ્કારતો નહિ.
૩. મહેશ કોઈ વાર જ ગેરહાજર રહે છે.
૪. પરીક્ષામાં પાસ થવાની રમણને શંકા નથી.
૫. સ્વાર્થી લોકો પારકાનાં દુઃખની દાઝ જાણતા નથી.
૬. તાડ બધાં ઝાડોમાં ઊંચો હોય છે.
૭. અસંસ્કારી લોકો જ ગલીચ ભાષા વાપરે છે.
૮. કોઈનો નાનો ઉપકાર પણ આપણે યાદ રાખવો જોઈએ.
૯. એક માત્ર નાનો બાળક એની વિધવા માતાની આશા છે.
૧૦. હરિને માત્ર થોડી જ મદદની હવે જરૂર છે.
૧૧. અણસમજુ માબાપો બાળકનું સ્વમાન જાળવતાં નથી.
૧૨. વિવેકી માણસ સામાની લાગણી ઘણુંખરું દુભાવતો નથી.
૧૩. સંતોને કસોટીમાં એકમાત્ર ઈશ્વરમાં શ્રદ્ધા હોય છે.
૧૪. આ ગામ મારા ગામ જેટલું ગરીબ નથી.
૧૫. ઉદાર દિલનો આદમી સૌને જોઈતી મદદ કરે છે.

[૪] પ્રશ્નવાક્ય અને વિધાનવાક્યનું પરસ્પર રૂપાંતર :

પ્રશ્ન બે પ્રકારના હોય છે : (૧) એક રીતે, હકીકત મેળવવા પ્રશ્ન પુછાય છે. (૨) બીજી રીતે, પ્રશ્નના અર્થથી ઊલટા અર્થનો જવાબ સૂચવવા માટે પ્રશ્ન પૂછવામાં આવે છે.

પહેલી રીતનો પ્રશ્ન :

(૧) તમે ક્યાં ગયા હતા ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવાબ—(૧) હું સુરત ગયો હતો (૨) હું ક્યાંય ગયો ન હતો.

ઉપરના પ્રશ્નનો જવાબ જે પ્રમાણે હકીકત બની હોય તે પ્રમાણે એમાંથી એક રીતે આપણે આપી શકીએ છીએ. પ્રશ્ન પૂછનાર આપણી પાસે હકીકત માગે છે.

બીજી રીતનો પ્રશ્ન :

વાક્ય—સિંહ કદી ઘાસ ખાય કે ?

રૂપાંતર—સિંહ કદી ઘાસ ખાય નહિ.

અહીં પ્રશ્ન પૂછનાર કેવળ પ્રશ્ન પૂછતો નથી, પણ તે એવી રીતે પૂછે છે કે તેમાં જવાબ પણ સૂચવાયો છે. આ પ્રશ્નનો જવાબ આપણી મરજી પ્રમાણે આપી શકીએ નહિ. પ્રશ્નના ધ્વનિથી જે જવાબ સૂચવાયો હોય તેજ આપવો પડે.

આ પ્રકારનો પ્રશ્ન અલંકારની ભાષામાં કાકુપ્રશ્ન કહેવાય છે. એ પ્રશ્ન પૂછતી વખતે સ્વરના થડકારથી કે અન્ય રીતે જવાબ સૂચવાય છે.

આ પ્રકારનો પ્રશ્ન જો હકારમાં હોય તો રૂપાંતરમાં નકારમાં વિધાન આવે છે, અને નકાર પ્રશ્નનું હકાર વિધાનમાં રૂપાંતર થાય છે.

• અભ્યાસ •

વાક્ય—(૧) સત્યવાદી કદી મૃત્યુથી ડરે છે ?

રૂપાંતર—(૧) સત્યવાદી કદી મૃત્યુથી ડરતો નથી.

(૨) હીરો અને પથ્થર સરખા કહેવાય ?

(૨) હીરો અને પથ્થર સરખા કહેવાય નહિ.

(૩) મા દીકરાનું કદી બૂરું ઇચ્છતી નથી.

(૩) મા દીકરાનું કદી બૂરું ઇચ્છે ખરી ?

(૪) નિર્દોષ ઉપર જુલમ કરવો પાપ છે.

(૪) નિર્દોષ ઉપર જુલમ કરવો પાપ નથી ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૫] ઉદ્ગાર અને વિધાનવાક્યનું પરસ્પર રૂપાંતર :

વાક્ય—(૧) કેવો વિચિત્ર અનુભવ !
રૂપાંતર–(૧) આ ઘણો જ વિચિત્ર અનુભવ છે.
(૨) હું ત્યાં ન ગયો હોત તો કેવું સારું !
(૨) હું ઇચ્છું છું કે ત્યાં ન ગયો હોત.
વાક્ય—(૧) તેનો દેશપ્રેમ ખરેખર અજોડ છે.
રૂપાંતર–(૧) કેવો અજોડ તેનો દેશપ્રેમ !
(૨) એનાં વચનોમાં અમૃત ઝરે છે.
(૨) કેવાં અમૃત ઝરતાં એનાં વચનો !

મનોયત્ન : ૪૬

પ્રશ્નવાક્યનું વિધાનમાં ને વિધાનવાક્યનું પ્રશ્નમાં રૂપાંતર કરો—

૧. સત્યાગ્રહી કદી ભય સેવે કે ?
૨. માતાનું ઋણ કોઈ ભૂલી શકતું નથી.
૩. તક જતી કરવામાં મૂર્ખતા નથી ?
૪. શું ધર્મ માનવીને વેર રાખવાનું શીખવે છે ?
૫. સૂર્ય કદી પશ્ચિમમાં ઊગતો નથી.
૬. સાચા પ્રેમનો કદી પરાજય થાય ખરો ?
૭. ધીર પુરુષો કદી હિંમત હારતા નથી.
૮. વડીલોનું અપમાન સંસ્કારનો અભાવ સૂચવે છે.
૯. સેવાનો માર્ગ કંટકોથી ભરેલો છે.
૧૦. કોણ પોતાના દેશનું અભિમાન રાખતો નથી ?
૧૧. ઈશ્વરની લીલા અપાર છે.
૧૨. સૂર્ય જેટલું કોણ તેજસ્વી છે ?

મનોયત્ન : ૪૭

ઉદ્ગારવાક્યનું વિધાનવાક્યમાં અને વિધાનવાક્યનું ઉદ્ગાર-વાક્યમાં રૂપાંતર કરો—

૧. કેવો ભવ્ય તેનો ત્યાગ !
૨. એની વાતો તો અદ્ભુત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. કેટલો ઘોઘમાર વરસાદ !
૪. ધિક્ક, તારા કૃત્ય પર !
૫. ગાડીને ભયંકર અકસ્માત થયો.
૬. બાળકો રમતમાં ખૂબ તલ્લીન છે.
૭. કેવો હૃદયહીન મનુષ્ય !
૮. જન્મતાં સાથે માતા ખોવી એ કેવું કમનસીબ છે !
૯. ઘરભેગાં થવાનો વિચાર જ ઘણો આનંદદાયી છે.
૧૦. ગાડી અતિશય ઝડપથી ઘસી રહી હતી.
૧૧. તેની ઉપર પડેલી વિટંબણાનો પાર નથી.
૧૨. કેટલો પ્રેમાળ જીવ !

•

પ્રકરણ ૨૫

પૃથક્કરણ : મિશ્ર વાક્ય

મુખ્ય વાક્ય–ઉપવાક્ય

[૧] હું હવે ક્યારે ફરી માતૃભૂમિનાં દર્શન કરીશ એનો વિચાર કરવા લાગ્યો.

[૨] ધીરજનાં ફળ મીઠાં છે એમ માનવામાં કાંઈ ખોવાપણું નથી.

[૩] લોકો પાસે સમૃદ્ધિ છતાં દુઃખભર્યું જીવન જીવે છે, એના કરતાં મારું સુખભર્યું ગરીબ જીવન શું ખોટું ?

[૪] આ રાજ્યનો નિયમ છે કે પ્રત્યેક પ્રજાજને રાજ્યને વફાદાર રહેવું જોઈએ.

[૫] હજી મારા ભાગ્યમાં શું યે હશે એ વિષે હું ચિંતામગ્ન બન્યો.

[૬] તમારું ભાગ્ય રૂઠ્યું હતું, એ વાત હવે વીસરી જાઓ.

[૭] જેવો રાજા હેઠો ઊતર્યો કે ગામનાં બાળકો ટોળે વળ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરનાં વાક્યોમાં મોટા અક્ષરે છાપેલાં ઉપવાક્યો છે. એનો પ્રકાર નીચે આપ્યો છે.

[૧] હું હવે ક્યારે ફરી માતૃભૂમિનાં દર્શન કરીશ – નામવાક્ય, 'એ'ના સમાનાધિકરણમાં.

[૨] ધીરજનાં ફળ મીઠાં છે એમ – નામવાક્ય, 'માનવામાં'નું કર્મ.

[૩] લોકો સમૃદ્ધ છતાં દુઃખભર્યું જીવન જીવે છે – નામવાક્ય, 'એ'-ના સમાનાધિકરણમાં.

[૪] કે પ્રત્યેક પ્રજાજને વફાદાર રહેવું જોઈએ–નામવાક્ય, 'છે' નું ક્રિયાપૂરક.

[૫] હજી મારા ભાગ્યમાં શું યે હશે – નામવાક્ય,'એ' ના સમાનાધિકરણમાં.

[૬] તમારું ભાગ્ય રૂઠયું હતું–નામવાક્ય,'વાત'ના સમાનાધિકરણમાં.

[૭] જેવો રાજા હોય તેવી ઊતરી–ક્રિયાવિશેષણવાક્ય, કાળવાચક, 'વળ્યાં'નું ક્રિયાવર્ધક.

મિશ્ર વાક્ય

[૧] **જ્યારે શ્યેન ચાંગ પોતાની માતૃભૂમિમાં પાછો ગયો, ત્યારે તેની પ્રતિષ્ઠા એટલી બધી જામી હતી કે એને લીધે એ બંને દેશો વચ્ચે બહુ મીઠા સંબંધો પણ બંધાયા હતા.**

[૨] **પોતે જે જુએ છે તે માયા છે અને જે ખોટું છે તે સાચું દેખાય છે, એ હવે મુસાફરને સમજાયું.**

[૩] **મને ભૂખ તો એવી કકડીને લાગી હતી કે કુમળા કુમળા કાંકરા જો હું વીણીને ખાત તો તે પણ હજમ થઈ જાત.**

[૪] **કોઈ આપણાથી ઊતરતું છે અને આપણે બીજાથી ચડતા છીએ એમ માનવામાં પાપ રહેલું છે.**

[૫] **તેણે કહ્યું, "હું તો જાઉં છું, પણ જો તમારી ઇચ્છા થાય તો તમે જરૂર આવજો."**

ઉપરના દરેક વાક્યમાં મોટા અક્ષરે છાપેલાં ઉપવાક્યો છે. એ દરેક વાક્યમાં મુખ્ય વાક્ય માત્ર એક જ છે. આથી એ મિશ્ર વાક્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે વાકયમાં મુખ્ય વાકય માત્ર એક જ હોય, અને એક કે એકથી વધારે ઉપવાકય હોય તે મિશ્ર વાકય કહેવાય છે.

ઉપરનાં વાકયોનું મુખ્ય વાકય અને ઉપવાકયના પ્રકારની દૃષ્ટિએ પૃથક્કરણ કર્યું છે. એનો અભ્યાસ કરો :

[૧] (૧) ત્યારે તેની પ્રતિષ્ઠા એટલી બધી જામી હતી–મુખ્ય વાકય.
(૨) જ્યારે સ્યેન ચાંગ પોતાની માતૃભૂમિમાં પાછો ગયો–ક્રિયા-વિશેષણવાકય, કાળવાચક, 'જામી હતી' નું ક્રિયાવર્ધક.
(૩) કે એને લીધે બંને દેશો વચ્ચે બહુ મીઠા સંબંધો બંધાયા હતા — ક્રિયાવિશેષણવાકય, પરિણામવાચક, 'જામી હતી' નું ક્રિયાવર્ધક.

[૨] (૧) મુસાફરને હવે સમજાયું — મુખ્ય વાકય.
(૨) તે માયા છે — નામવાકય, 'સમજાયું' નું ઉદ્દેશ્ય.
(૩) પોતે જે જુએ છે — વિશેષણવાકય, 'તે'નું ઉદ્દેશ્યવર્ધક.
(૪) અને તે સાચું દેખાય છે એ — નામવાકય, 'સમજાયું' નું ઉદ્દેશ્ય.
(૫) જે ખોટું છે – વિશેષણવાકય, 'તે'નું ઉદ્દેશ્યવર્ધક.

[૩] (૧) મને ભૂખ તો એવી કકડીને લાગી હતી — મુખ્ય વાકય.
(૨) કે — તો તે પણ હજમ થઈ જાત — ક્રિયાવિશેષણવાકય, પરિણામવાચક, 'લાગી હતી' નું ક્રિયાવર્ધક.
(૩) જો કુમળા કુમળા કાંકરા વીણીને ખાત–ક્રિયાવિશેષણ-વાકય, શરતવાચક, 'થઈ જાત' નું ક્રિયાવર્ધક.

[૪] (૧) માનવામાં પાપ રહેલું છે–મુખ્ય વાકય.
(૨) કોઈ આપણાથી ઊતરતું છે–નામવાકય, 'માનવામાં'નું કર્મ.
(૩) અને આપણે બીજાથી ચડતા છીએ — નામવાકય, 'માનવામાં'નું કર્મ.

[૫] (૧) તેણે કહ્યું — મુખ્ય વાકય.
(૨) હું તો જાઉં છું — નામવાકય, 'કહ્યું' નું કર્મ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) તો તમે જરૂર આવજો — નામવાક્ય, 'કહ્યું'નું કર્મ.

(૪) જો તમારી ઇચ્છા થાય તો — ક્રિયાવિશેષણવાક્ય, શરતવાચક, 'આવજો'નું ક્રિયાવર્ધક.

મનોયત્ન : ૪૮

નીચેનાં વાક્યોનાં મુખ્ય વાક્ય અને ઉપવાક્યો જુદાં પાડી તેમની વચ્ચેનો સંબંધ કહો—

૧. મારી માતાનો હું જેટલો આભાર માનું તેટલો ઓછો છે, કારણ કે તેણે મારા જીવનમાં સાચા સંસ્કારનું સિંચન કર્યું છે.

૨. પેલી બાઈએ તરત જવાબ આપ્યો, "જો ભગવાનનું સ્મરણ કરશો તો તમે ચોરી નહિ કરો, જૂઠું નહિ બોલો અને આળસુ નહિ પડી રહો."

૩. જોકે ગાડી ઊપડી પણ તેમાં ભીડને લીધે બફારો એવો થતો હતો, કે ગાડીમાં અમારી જ ખીચડી થતી હતી.

૪. જો દેશ નીતિને વળગી રહે, તો તે ઊંચે આવે જ એમ માનવામાં તમને વાંધો જ ક્યાં પડે છે ?

૫. કાદવમાં હાથ બોળી ધોઈ નાખીએ, એના કરતાં કાદવથી દૂર રહીએ એ શું ખોટું ?

૬. સત્યાગ્રહી કદી હારતો નથી, કારણ કે તે મરતાં સુધી જુલમનો સામનો કરે છે અને કદીયે અન્યાયને તાબે થતો નથી.

૭. ઈસુએ પીટરને કહ્યું, "પીટર, તલવાર મ્યાન કર. જે તલવારનો આશ્રય લેશે તે તલવારથી જ મરશે."

૮. ત્યાં તો બીજો પથ્થર એટલા જોરથી આવ્યો કે તેના ચાર દાંતો તૂટી પડ્યા અને તેની આંગળીને ઇજા થઈ.

૯. હું ખરેખર માનું છું કે જો આપણે એકમેકમાં જ લડ્યા કરીશું, તો આપણે નિર્બળ બનીશું અને આપણી સ્વતંત્રતા આનંદ માણવા જેવી નહિ રહે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦. અભ્યાસમાં જેઓ એકચિત્ત ન થઈ શકે, તેને માટે આ ઔષધ છે કે બહારની દુનિયા ભૂલી જવી.

૧૧. મારો આદર્શ દાક્તર એ છે જે પોતાના ધંધાનું જ્ઞાન મેળવી લે, અને જે તે જ્ઞાનનો ઉપયોગ પ્રજાના હિતમાં કરે.

૧૨. દેવદત્ત પોતાની નાળિયેરીની નીચે જ બેસી રહેતો, કારણ કે હવે તે એટલો વૃદ્ધ થઈ ગયો હતો કે તેનાથી બરાબર ચલાતું પણ નહિ.

૧૩. પણ સાધારણ માન્યતા છે કે જ્યારે આપણે હૃદયને પવિત્ર કરવા મથીએ છીએ, ત્યારે પવિત્ર થયું મણીએ છીએ.

૧૪. સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે જે પ્રજાઓ સ્ત્રીઓને માન આપતી નથી, તે કદી મહાન થઈ નથી અને મહાન થવાની નથી.

૧૫. જે બહેનોએ નિર્ભયતાથી તાલીમ લીધી છે, તેમનાં સંતાનો એ દેશની એક કીમતી તરુણ સેના થઈ પડશે એ વિષે મને શંકા નથી.

૧૬. જો તમે ખુલ્લા મને પ્રવાસ કરવાના ન હો, તો તમને પ્રવાસનું ફળ નહિ મળે એ વાત કદી ભૂલશો નહિ.

●

પ્રકરણ ૨૬

પૃથક્કરણ : સંયુક્ત વાક્ય

[૧] સચ્ચાઈ ભરેલું જીવન ગાળવાથી ઈશ્વરને ઓળખી શકાય છે એમ સાંભળતાં જ પેલા ભાઈને પોતાની ભૂલ સમજાઈ, અને ગુસ્સો કરવા બદલ તેને પસ્તાવો થયો.

[૨] જો કોઈ મહેમાન તેમને ત્યાં આવતો, તો પોતે ભૂખ્યા રહેતા અને ક્યારેક પોતાના ઘરનાંને ભૂખ્યાં રાખતા, પણ તેઓ મહેમાનને પ્રેમપૂર્વક જમાડતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩] **જ્યારે સાકુને ત્યાં અમે ગયેલા,** ત્યારે તેમણે અમને પહેલાં પ્રેમપૂર્વક મીઠાઈ આપી હતી, અને **હું ખાતો નથી એમ** જાણીને મને સૂકો મેવો આપ્યો હતો.

[૪] તમે મને મહા પ્રતાપી લાગો છો, પણ **જ્યાં સુધી મહા અમાત્ય તમે જે કહો છો તે રાજનીતિ ન સ્વીકારે** ત્યાં સુધી મારાથી શું થાય ?

[૫] તમે આવશો કે નહિ ?

ઉપરનાં વાક્યોમાં મોટા અક્ષરે છાપેલાં ઉપવાક્યો છે. પ્રથમ ચાર વાક્યમાં ઓછામાં ઓછાં બે મુખ્ય વાક્ય ઉપવાક્ય સહિત આપેલાં છે. પાંચમા વાક્યમાં ઉપવાક્ય નથી. એમાં બે સ્વતંત્ર વાક્યો છે.

જે વાક્યમાં ઉપવાક્ય વિના એકલાં બે કે બેથી વધારે સ્વતંત્ર વાક્યો આવે, અથવા તો ઉપવાક્યો સહિત બે કે બેથી વધારે મુખ્ય વાક્યો આવે, તે વાક્યને સંયુક્ત વાક્ય કહેવામાં આવે છે.

ઉપરનાં વાક્યોનું મુખ્ય વાક્ય અને ઉપવાક્યના પ્રકારની દૃષ્ટિએ પૃથક્કરણ કર્યું છે. એનો અભ્યાસ કરો.

• અભ્યાસ •

[૧] (૧) સાંભળતાં જ પેલા ભાઈને પોતાની ભૂલ સમજાઈ—મુખ્ય વાક્ય.

(૨) અને ગુસ્સો કરવા બદલ તેને પસ્તાવો થયો – બીજું સ્વતંત્ર વાક્ય.

(૩) સચ્ચાઈ ભરેલું જીવન ગાળવાથી ઈશ્વરને ઓળખી શકાય છે. — નામવાક્ય, ‘ સાંભળતાં ’નું કર્મ.

[૨] (૧) તો પોતે ભૂખ્યા રહેતા — મુખ્ય વાક્ય.

(૨) અને ક્યારેક પોતાના ઘરનાંને ભૂખ્યાં રાખતા—સ્વતંત્ર વાક્ય.

(૩) પણ તેઓ મહેમાનને પ્રેમપૂર્વક જમાડતા — બીજું સ્વતંત્ર વાક્ય.

(૪) જો કોઈ મહેમાન તેમને ત્યાં આવતો — ક્રિયાવિશેષણ-વાક્ય, શરતવાચક, ‘ ભૂખ્યા રહેતા ’નું ક્રિયાવર્ધક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩] (૧) ત્યારે તેમણે અમને પહેલાં પ્રેમપૂર્વક મીઠાઈ આપી હતી— મુખ્ય વાક્ય.

(૨) અને જાણીને મને સૂકો મેવો આપ્યો હતો — બીજું સ્વતંત્ર વાક્ય.

(૩) જ્યારે સાધુને ત્યાં અમે ગયેલા—ક્રિયાવિશેષણવાક્ય, કાળવાચક, 'આપી હતી'નું ક્રિયાવર્ધક.

(૪) હું ખાતો નથી એમ — નામવાક્ય, 'જાણીને'નું કર્મ.

[૪] (૧) તમે મને મહા પ્રતાપી લાગો છો — મુખ્ય વાક્ય.

(૨) પણ ત્યાં સુધી મારાથી શું થાય ? — બીજું મુખ્ય વાક્ય.

(૩) જ્યાં સુધી મહા અમાત્ય તે રાજનીતિ ન સ્વીકારે — ક્રિયા-વિશેષણવાક્ય, કાળવાચક, 'થાય'નું ક્રિયાવર્ધક.

(૪) તમે જે કહો છો — વિશેષણવાક્ય, 'રાજનીતિ'નું ઉદ્દેશ્યવર્ધક.

[૫] (૧) તમે આવશો — સ્વતંત્ર વાક્ય.

(૨) [કે તમે આવશો] નહિ ? — સ્વતંત્ર વાક્ય.

મનોયત્ન : ૪૯

નીચેનાં સંયુક્ત વાક્યોનાં વાક્યો જુદાં પાડી તેમની વચ્ચેનો સંબંધ કહો—

૧. શાહમૃગ પાણી વિના ઘણો વખત સુધી રહી શકે છે, પણ ઉનાળામાં જો તળાવ કે સમુદ્ર પાસે હોય તો તે વારંવાર નાહવા જાય છે.

૨. એમનાં કુટુંબી જનોને મન તો નાનક નદીમાં ડૂબી ગયા હતા, પરંતુ ચોથે દિવસે પાછા આવીને ગામને પાદરે જ તેઓ આસન વાળીને બેઠા, ઘરમાં નહિ.

૩. જેવો પીઠાશ ચાલ્યો કે તરત ચારણી નીચે ઊતરી અને ઘોડા-હારમાં બે પાણીપંથા ઘોડા પર તેણે સામાન માંડ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. કમાને અમને સૌને ધીરજ આપી, પણ જોતજોતામાં મામલો એવો વધી ગયો કે તેનું પણ મોઢું પડી ગયું.

૫. જે મોટું કમંડલુ સાથે ફેરવતા હતા તેમણે મારું ધ્યાન ખેચ્યું, અને કમંડલુના પેટમાં કેટલાયે કીમતી અનુભવો સમાયેલા હશે તેનો હું વિચાર કરવા લાગ્યો.

૬. સૌ ચાલો અને આ રાષ્ટ્રધ્વજની નીચે ગંભીર પ્રતિજ્ઞા લો કે જ્યાં સુધી હિંદનો પ્રત્યેક નાગરિક સુખી ન બને, ત્યાં સુધી અમે એવી પરિસ્થિતિ લાવવા માટે જંપીને બેસીશું નહિ.

૭. જો પવનનો ઝપાટો ન આવે તો તમારે નસીબે વાડ ઊભી રહેશે, પણ જો પવન ખૂબ આવ્યો તો તે ઊડી જ જશે.

૮. આપણે જે કંઈ વાંચીએ, તે વિચારીએ અને જો તેને આપણા જીવનનું એક અંગ બનાવી દઈએ, તો એ વાચન સાર્થક થયું ગણાય.

૯. જેને મૌન ભાવી ગયું છે તે છેવટે દિવ્ય સંગીત સાંભળતા થઈ જાય છે, અને એમાં એટલા બધા પરોવાઈ જાય છે કે આસપાસના અવાજો પણ એને નથી સંભળાતા.

૧૦. જો તમારા દેશને સ્વતંત્ર કે સુખી કરવા માટે તમારે છ વરસ જેલ ભોગવવી પડે અથવા તોપને ગોળે ચઢવાની જરૂર પડે, તો તમારે તેમ કરવું ઘટે કે નહિ?

૧૧. દરિયાનાં પાણી જોઈને એને પ્રેમ છૂટતો અને એનાં તોફાનો જોઈને એને નાચવાનું મન થતું; આથી એ વારંવાર કહેતો કે દરિયો મને કદીયે દગો દેવાનો નથી.

૧૨. બહાર સુંદર ચાંદની ખીલી હતી અને અમે સૌએ બહાર ફરવા જવાનો મનસૂબો પણ કર્યો, પણ ઠંડી એવી કકડીને પડવા લાગી હતી કે ઝાડ, પાન, પંખી ને પૃથ્વી ઠરી ગયાં હતાં!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૨૭

રૂઢ પ્રયોગો અને કહેવતો

ભાષામાં પ્રત્યેક શબ્દનો સામાન્ય અર્થ એટલે કે વાચ્યાર્થ હોય છે. દા. ત., તેણે શાકમાં મીઠું મરચું ભભરાવ્યું. અહીં **મીઠું-મરચું** એટલે **મસાલો** એવો એનો શબ્દાર્થ થાય છે. પણ નીચેના વાક્યમાં એજ શબ્દો ખાસ અર્થ સૂચવે છે. દા. ત. તેણે **મીઠું-મરચું** ભભરાવીને વાત કહી. અહીં મીઠું મરચું ભભરાવવું એટલે **વધારીને વાત કહેવી** એવો અર્થ થાય છે. આમ મીઠું મરચું એટલે અતિશયોક્તિ એવો અર્થ વાક્યના પૂર્વાપર સંબંધથી સમજાય છે. આ અર્થ રૂઢિથી ચાલતો આવ્યો છે. આવી રીતે ખાસ અર્થમાં વપરાતા શબ્દ–પ્રયોગો રૂઢ પ્રયોગો કહેવાય છે. નીચે આવા રૂઢ પ્રયોગો તેના અર્થ સહિત આપ્યા છે.

૧. તે કુસ્તીબાજનું કુસ્તીમાં પળવારમાં **પાણી મપાઈ ગયું.** (બળની કસોટી થઈ ગઈ.)

૨. દેવું પતાવતાં તેના ભાગીદારને **નાકે દમ આવી ગયો.** (ખૂબ વસમું લાગ્યું.)

૩. અકબર નાનો હતો પણ બહેરામખાનના **માથાનો નીવડયો.** (બહેરામખાનને શક્તિમાં ટપી ગયો.)

૪. તે ડોસાએ એવું વર્તન કર્યું કે તેના **ધોળા વાળમાં ધૂળ પડી.** (ઘડપણમાં આબરૂ ગઈ.)

૫. કહેવાય છે કે **બાંધી મૂઠી લાખની.** (વાત ગુપ્ત રહે ત્યાં સુધી તેની કિંમત)

૬. તેણે શાહુકારને **હાથકાંડાં કાપી આપ્યાં** છે. હવે એમાં શું થાય? (કબૂલાત લખી આપી છે.)

૭. તેના હરીફને તેણે **ધૂળ ચાટતો કરી દીધો.** (પૂરેપૂરો માત કર્યો.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮. ગયે વર્ષે વંટોળિયાથી વાડીનાં ઝાડો **ખેદાનમેદાન થઈ ગયાં હતાં.** (જડમૂળથી ઊખડી ગયાં હતાં.)

૯. ડાહ્યા માણસો **પાણી પહેલાં પાળ બાંધે છે.** (ભવિષ્યનો વિચાર કરી યોજના કરે છે.)

૧૦. જો તમે એમ માનતા હો કે તે નબળો છે, તો તમે **ભીંત ભૂલો છો.** (ભારે ભૂલ કરો છો.)

૧૧. ચૂંટણીમાં ફતેહ પામવા તેણે **આકાશપાતાળ એક કર્યાં.** (થાય તેટલા બધા પ્રયત્ન કર્યાં.)

૧૨. તેણે સાગર લગભગ પાર કર્યો, પણ **ખાબોચિયામાં ડૂબી મર્યો.** (મોટી મુશ્કેલી પાર કરી, પણ છેવટે નાની મુશ્કેલીથી ડરી ગયો.)

૧૩. એ કંજૂસ જો પૈસા ખરચે તો **નેવનાં પાણી મોભે ચઢે.** (અશક્ય વાત શક્ય બને, ન બનાવાનું બને.)

૧૪. દરેક ઘરમાં **કોઇ ને કોઇ વાસણ ખખડે.** (તકરાર થાય.)

૧૫. એની ચાલાકીનો પાર નથી. એ તો **રેતીમાં વહાણ ચલાવે** તેવો છે. (જૂઠી વાતને સાચી બતાવે. અશક્ય શક્ય હોય તેવું બતાવે.)

૧૬. અમારી યોજનાનું **ગાડું ઊંધું વળી ગયું.** (યોજના નિષ્ફળ ગઈ.)

૧૭. તે ગરીબનું ગાડું **ઠીક ગબડયા કરે છે.** (ગુજરાન ચાલ્યા કરે છે.)

૧૮. તેની **દાઢીમાં હાથ ઘાલીને** હું તો થાકી ગયો. (ખુશામત કરીને — કાલાવાલા કરીને.)

૧૯. એ માણસ તો **હથેળીમાં ચાંદ દેખાડે તેવો છે.** (છેતરપિંડી કરે તેવો છે.)

૨૦. એ સમાચાર સાંભળીને તેને જાણે **વજ્રપાત થયો.** (મોટો આઘાત લાગ્યો.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૧. અમે હુલ્લડમાં સપડાઈ ગયા, પણ પોલીસ આવતાં વાદળ **વિખેરાઈ ગયું.** (સંકટ ટળી ગયું.)

૨૨. **મીઠા વગરનો માણસ** તે આ જવાબદારી શું ઉઠાવવાનો હતો? (શક્તિ વગરનો માણસ)

૨૩. સંભાળીને બોલો, નહિ તો **થૂંકેલું ચાટવું** પડશે. (બોલેલું પાછું ખેંચવું પડશે.)

૨૪. એણે એના પિતાને આખો વખત **ઊઠાં ભણાવ્યા કર્યાં.** (ખોટું કહી છેતર્યા કર્યા.)

૨૫. ગીતાનો બીજો અધ્યાય એને **જીભને ટેરવે** છે. (એણે મોઢે કર્યો છે.)

૨૬. વેપાર મોટો ખેડ્યો, પણ આ વખતે **બાર ખાલી ગયો.** (નિષ્ફળ ગયો.)

૨૭. આ મોટા માણસે ઘણી **તડકી-છાંયડી જોઈ** છે. (સુખદુઃખ જોયાં છે.)

૨૮. એના ભાગીદારે એને ઠંડા **પાણીએ નવડાવી મૂક્યો.** (ખોટમાં ઉતાર્યો.)

૨૯. તમે સ્પષ્ટ બોલો; **દ્વંદ્વહીંમાં પગ રાખ્યે** ચાલે એમ નથી. (બન્ને બાજુની તરફદારી કર્યે – ગોળ ગોળ બોલ્યે.)

૩૦. ગરીબોની રહેણી જોઈને કેટલાક શ્રીમંતો **નાકનું ટેરવું ચડાવે** છે. (તેમને તિરસ્કારથી જુએ છે.)

• કહેવતો •

વાતચીતમાં કે દલીલ કરતાં, અથવા તો કોઈ વિચારને અસરકારક અને સ્પષ્ટ રીતે રજૂ કરવા માટે આપણે કહેવતોનો ઉપયોગ કરીએ છીએ. કરકસરના કેવા મોટા ફાયદા હોય છે અને તેનાથી કેવી મોટી બચત થઈ શકે છે, તેનો ખ્યાલ "ટીપે ટીપે સરોવર ભરાય" એ કહેવત વડે આપણે ચિત્રાત્મક શૈલીમાં નક્કરપણે આપી શકીએ છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ જોતાં કહેવતો સામાન્ય વહેવારમાં બહુ ઉપયોગી વસ્તુ છે. કહેવતો ટૂંકી હોવા છતાં એના મૂળમાં આપણી આગળની પેઢીઓનો બહોળો અનુભવ અને ડહાપણ રહેલાં હોય છે. કહેવત એટલે ડહાપણનો ભંડાર એમ કહીએ તોયે ચાલે.

નીચે એક કહેવત સમજાવી છે તે જુઓ—

દૂધનો દાઝેલો છાશ ફૂંકીને પીએ.

એક બાળકને ગરમાગરમ દૂધ પિવડાવવામાં આવે અને તેમ કરતાં તે દાઝી જાય, તો ભવિષ્યમાં એ ઠંડા દૂધને પણ ફૂંક મારીને પીએ છે.

એજ રીતે માનવીને કોઈ બાબતમાં જો એકાદ કડવો અનુભવ થઈ જાય, તો ભવિષ્યમાં એને મળતી આવતી બાબતમાં તે હમેશાં ચોંકીને ચાલે છે. એકાદ માણસ એને છેતરી જાય, તો બધા જ માણસો એને છેતરી જશે એવી ધારતી એને પેસી જાય છે, અને તેથી બધાને એ વધુ પડતી શંકાની નજરે જુએ છે.

મનોયત્ન : ૫૦

નીચે આપેલી કહેવતો સમજાવો—

૧. પુત્રનાં લક્ષણ પારણામાંથી જણાય.
૨. સાપ ગયા અને લિસોટા રહ્યા.
૩. પાડાને વાંકે પખાલીને ડામ.
૪. દૂધના દૂધમાં અને પાણીના પાણીમાં.
૫. પારકે ભાણે મોટો લાડુ.
૬. ચડે દરબાર તો જાય ઘરબાર.
૭. કરકસર છે બીજો ભાઈ, ત્રેવડ તે ત્રીજો ભાઈ.
૮. નાચવું નહિ તેને આંગણું વાંકું.
૯. આપ સમાન બળ નહિ ને મેઘ સમાન જળ નહિ.
૧૦. ચમડી તૂટે પણ દમડી નહિ તૂટે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧. ડાહ્યા ભૂલે ત્યારે ભીંત ભૂલે.
૧૨. ગધેડા ઉપર અંબાડી.
૧૩. ધરમની ગાયના દાંત શા જોવા ?
૧૪. મેહ ને મહેમાન કેટલા દહાડા ?
૧૫. ગાયબકરાંના વાડા હોય, સિંહના નહિ.
૧૬. માથું કાપીને પાઘડી બંધાવવી.
૧૭. અણવીંધ્યું મોતી નીવડયે વખાણ.
૧૮. અજાણ્યું ને આંધળું બરાબર.
૧૯. પ્રભુ પાધરા તો વેરી આંધળા.
૨૦. ભાગ્યશાળીને ત્યાં ભૂત રળે.
૨૧. પાણી પહેલાં પાળ બાંધવી.
૨૨. નદી ત્યાં ઓવારા.
૨૩. સો મણ તેલે અંધારું.
૨૪. ખોટો રૂપિયો ખોવાય નહિ.
૨૫. જમણો હાથ મોં ભણી વળે.
૨૬. મોં જોઈને ટીલું કરવું.
૨૭. ઊંઘતો બોલે પણ જાગતો ન બોલે.
૨૮. ઊંટે કર્યા ઢેકા, તો માણસે કર્યા કાકાં.
૨૯. જેણે મૂકી લાજ તેને નાનું સરખું રાજ.
૩૦. કોડી ઘોઈને કાદવ કાઢવો.

•

પ્રકરણ ૨૮

નિબંધ

નિબંધલેખન એ પણ એક પ્રકારનું સર્જનાત્મક લખાણ છે. નિબંધ લખતાં લખતાં લેખકને સર્જન કર્યાનો આનંદ મળે છે. સામાન્ય રીતે કોઈ વિષય પર વિચારોની યોગ્ય ગોઠવણીભર્યું ગદ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લખાણ કરવામાં આવે, તો તેને નિબંધ કહેવામાં આવે છે. આમ નિબંધલેખનને માટે અમુક જ વિષય હોવો જોઈએ એવી કોઈ મર્યાદા નથી.

આવા નિબંધલેખનમાં કોઈ દેખાવ, કે કોઈ પ્રાણીનું કે કોઈ હુન્નરની બનાવટની રીતનું વર્ણન હોય છે; તો કોઈ વાર કોઈ ઐતિહાસિક બનાવ કે પ્રસંગ વિષે લેખકના અભિપ્રાય અને અનુભવોનું વર્ણન હોય છે. કોઈ વાર નિબંધલેખક પોતાને અન્ય વ્યક્તિ કે અન્ય વસ્તુ તરીકે કલ્પીને આત્મકથારૂપ લખાણ પણ કરે છે. આમ નિબંધના જુદા જુદા પ્રકાર પડે છે.

નિબંધના પ્રકાર

[૧] **વર્ણનાત્મક** — આ પ્રકારના નિબંધમાં લેખકની દૃષ્ટિ વર્ણન કરવાની હોય છે. આથી જે વસ્તુ વર્ણવવાની હોય તેનું પૂરું જ્ઞાન લેખકને હોવું જોઈએ. જ્ઞાન વિના સચોટ વર્ણન ન થઈ શકે. આવા નિબંધમાં કોઈ વસ્તુ, પ્રાણી, કુદરતી દેખાવ કે હુન્નરની રીતનું વર્ણન આવે છે.

[૨] **કથનાત્મક** — આ પ્રકારના નિબંધમાં કોઈ ઐતિહાસિક બનાવ, કોઈ મહાન પ્રસંગ, કોઈ વ્યક્તિનું જીવન, કે કોઈ પ્રવાસ વિશે લેખક પોતાના વિચારો જણાવે છે. આમાં વર્ણન હોય છે, પણ એમાં લેખકના અંગત વિચારો, અભિપ્રાયો અને તેની ટીકાઓનો સમાવેશ થવાથી એનું સ્વરૂપ કેવળ વર્ણનાત્મક ન રહેતાં કથનાત્મક બને છે.

[૩] **કલ્પનાત્મક [આત્મકથા]** — આ પ્રકારના નિબંધમાં લેખક પોતાને કોઈ કાલ્પનિક સંજોગોમાં કે વાતાવરણમાં અનુભવ કરતો ધારી લે છે, અને તે અનુભવોનું આલેખન કરે છે. આ ઉપરાંત લેખક પોતાને કોઈ અન્ય વ્યક્તિ કે નિર્જીવ પદાર્થ રૂપે ધારીને પણ આત્મકથારૂપ લેખન કરે છે. દા. ત. લેખક પોતે ભાંગેલું રમકડું હોય એમ ધારી ભાંગેલા રમકડાને થયેલા અનુભવોનું આત્મકથા રૂપે વર્ણન કરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. આ પ્રકારના નિબંધમાં કલ્પનાને ખૂબ અવકાશ હોવાથી એને કલ્પનાત્મક નિબંધ કહે છે. આવા કેટલાક નિબંધનું સ્વરૂપ આત્મકથા-રૂપ થવાથી એને આત્મકથા પણ કહે છે.

નિબંધલેખન માટે સૂચના

[૧] **વિભાગ** — નિબંધને ત્રણ વિભાગ હોય છે. શરૂઆત, મધ્ય અને અંત. એ ત્રણે વિભાગો વચ્ચે પ્રમાણસર લખાણ વહેંચાય તે પર ધ્યાન રાખવું જોઈએ. શરૂઆત ટૂંકી, આકર્ષક અને મુદ્દાસર હોવી જોઈએ અને મધ્ય વિભાગ તરફ કુદરતી રીતે લઈ જાય એવી હોવી જોઈએ. મધ્ય ભાગમાં નિબંધનું મુખ્ય લખાણ આવવું જોઈએ. અંત પણ ટૂંકો અને આકર્ષક હોવો જોઈએ. એમાં કોઈવાર આખા લખાણને અનુરૂપ એવો ટૂંકો સાર હોય, કે લેખકનો અભિપ્રાય હોય કે નિબંધના રહસ્યને સૂચિત કરતી કોઈ પંક્તિ હોય.

[૨] **મુદ્દા** — જે વિષય આપ્યો હોય તેને વિશે મુદ્દાઓ ભેગા કરવા. આ મુદ્દાઓ માટે કોઈને પૂછવું પડે કે પુસ્તક વાંચવું પડે તો તેમ કરી મુદ્દા ભેગા કરવા.

[૩] **મુદ્દા અને પેટા મુદ્દા** — મુખ્ય મુદ્દાનો વિસ્તાર કરવામાં મદદરૂપ બને એવા પેટા મુદ્દાઓ શોધવા. એમાં પેટા વિચારો, દૃષ્ટાંતો, દલીલો વગેરે આવી શકે. પછી બંનેને ક્રમવાર ગોઠવવા. આમ કરવાથી લખાણમાં વ્યવસ્થા અને ક્રમ આવે છે.

[૪] **મુદ્દો અને ફકરો** — દરેક મુદ્દા માટે ફકરો પાડવો. ફકરો પાડવાથી તેમાંના વિચારની સ્પષ્ટ અને સળંગ છાપ મન પર ઊઠે છે.

[૫] **ફકરાઓનો ક્રમ** — વિચારોની રજૂઆત સ્વાભાવિક, એટલે કે જાણે એક વિચારમાંથી બીજો નીકળતો હોય એવી રીતે થાય, તે માટે જુદા જુદા ફકરાઓની ગોઠવણી પણ ક્રમબદ્ધ થવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈએ. આમ કરવાથી આખા નિબંધના સમગ્ર અર્થની છાપ મન પર પાડી શકાય.

[૬] **ભાષા** — જેવો વિષય તેવી ભાષા હોવી જોઈએ. લાગણીપ્રધાન વિષય હોય તો લાગણી કે આવેશ સારી પેઠે દર્શાવી શકે એવી ભાષાશૈલીનો પ્રયોગ કરવો જોઈએ. વિષય સાદો અને વિચાર-પ્રધાન હોય તો લખાણ સાદું, સરળ અને વિચારયુક્ત હોવું જોઈએ. વળી આડંબર ભરેલા કે ભારે શબ્દો વાપરવાથી લખાણ સારું થાય છે એવો ભ્રમ રાખવો નહિ. જે શબ્દોનો અર્થ તમને સ્પષ્ટ ન હોય, કે જે શબ્દોનો ઉપયોગ ભાગ્યે જ થતો હોય, તેવા શબ્દોનો ઉપયોગ કરવો નહિ.

૧. શરદપૂર્ણિમા

વર્ષાઋતુ બેસતાંની સાથે આકાશ વાદળાંથી છવાવા લાગે છે. આથી ચોમાસાના દિવસોમાં લોકોને આકાશની શોભા જોવાની મળતી નથી. પણ જ્યાં આસો માસ બેસે છે કે આકાશ વાદળ વિનાનું અને સ્વચ્છ બનતું જાય છે. વળી આકાશની રાત્રિશોભા પ્રત્યક્ષ થાય છે, અને લોકોની ચંદ્રની કળાને ખીલતી જોવાની આકાંક્ષા પૂરજોસમાં પ્રગટી ઊઠે છે. શરદપૂર્ણિમાનો દિન આ દૃષ્ટિએ જ ખાસ મહત્ત્વનો બન્યો છે. આથી જ નવરાત્રિના દિવસો અને શરદપૂર્ણિમાનો દિવસ સૌંદર્ય માણવાના ઉત્સવરૂપ બની ગયા છે. શરદઉત્સવ એટલે સૌંદર્ય માણવાનો ઉત્સવ.

આસો સુદ પૂનમને માણેકઠારી પૂનમ પણ કહે છે. એ દિવસે રાત્રે સ્ત્રીઓ ચંદ્રદર્શનની આતુરતાથી રાહ જુએ છે. ચંદ્ર ઊગતાં જ તેનું ભાવભર્યું પૂજન કરે છે, અને તેને તાજા ખાંડેલા પૌંઆ તથા દૂધ અને સાકરનું નૈવેદ્ય ધરાવે છે. એક રીતે માણેકઠારી પૂનમ એ નવધાન્યનો ઉત્સવ છે. વર્ષાને અંતે નવું ધાન્ય ખેતરમાં પાકયું હોય, તેનું નૈવેદ્ય ધરાવી તેની ઉજાણી કરવામાં આવે છે. આ દિવસે મિત્ર-મંડળમાં સાકર અને કોપરાનો પ્રસાદ પણ વહેંચવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્ણિમાનો સાચો આનંદ મોડી રાતે જામે છે. વર્ષાના અંધારા અને ભીના દિવસો પછી શરદનું ખુલ્લું આકાશ અને નિર્મળ વાતાવરણ માણસના દિલને બહલાવી મૂકે છે. એ સમયે સ્ત્રીઓ દીપકની આસપાસ ગરબે રમે છે. 'સખી ઊગ્યો ગગનમાં ચાંદલો શરદનો' જેવા ગરબાઓ ગાઈને આનંદની હેલી વરસાવે છે.

શરદપૂર્ણિમાના સમયે ખેતરમાં ઊભેલો લીલોછમ પાક આંખને ઠારી દે છે. એ ડોલતો પાક જોઈને ખેડૂતોનાં હૈયાં આશા અને આનંદથી ઊભરાઈ જાય છે. ચોમાસાના દિવસોમાં કરેલી કઠણ મહેનતનું ફળ શરદપૂર્ણિમાના સમયે હાથવેંતમાં હોય છે, તેથી એ લોકો આ ઉત્સવમાં મુક્ત મને ભાગ લે છે. શું ગામડામાં કે શું શહેરમાં શરદપૂર્ણિમાનો ઉત્સવ આનંદથી ઊજવાય છે.

૨. પગપાળો પ્રવાસ

પુરાણા કાળથી પ્રવાસનો શોખ માનવીને આકર્ષતો આવ્યો છે. પણ આજના ઝડપી વાહનોના જમાનામાં પ્રવાસે જીવનમાં અગત્યનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આવા પ્રવાસો અનેક દૃષ્ટિથી અને અનેક હેતુથી કરવામાં આવે છે. આજે જોઈએ તો દેશના એક ભાગમાંથી બીજા ભાગમાં, અથવા દેશપરદેશમાં મુસાફરી ખેડવાનું પ્રમાણ પહેલાં કરતાં ખૂબ વધી ગયું છે.

વેપારીઓ ધંધા અર્થે સાહસભર્યા પ્રવાસો ખેડે છે અને વિદ્યાર્થીઓ વિદ્યા પ્રાપ્ત કરવાને દેશપરદેશ જાય છે. વળી પ્રવાસના શોખીનો સુંદર સ્થળોનું પર્યટન કરવાને ઊપડે છે. આ પ્રકારે પ્રવાસ ખેડવાથી પ્રવાસી જુદા જુદા લોકોના સંપર્કમાં આવે છે, અને તેથી તેનું સંકુચિત દૃષ્ટિબિંદુ વિશાળ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવાસ બે રીતના હોઈ શકે છે : એક તો વાહનો દ્વારા અને બીજો પગપાળો પ્રવાસ. જો પ્રવાસનો સાચો લાભ ઉઠાવવો હોય, તો આપણે પગપાળો પ્રવાસ કરવો જોઈએ.

કોઈ દૂર દેશની મુસાફરી કરવી હોય તો આપણે રેલવે, મોટર કે વિમાનનો જરૂર ઉપયોગ કરીએ. પણ ટૂંકી મુસાફરીમાં આવાં વાહનોનો ઉપયોગ કરીએ તો આપણે લોકોના સમાગમમાં આવી શકતા નથી, રસ્તામાં આવતાં સુંદર પ્રકૃતિસ્થળો નિરાંતે જોઈ શકતા નથી, અને એ બધાનો ખરો આનંદ માણી શકતા નથી. આથી ઊલટું, પગપાળો પ્રવાસ ખેડવાથી ઉપરના બધા લાભો સહેલાઈથી પ્રાપ્ત થઈ શકે છે, અને એનો આનંદ પણ તીવ્ર હોય છે.

પગપાળા પ્રવાસીઓને દેશની ભૂગોળ આંગળીને ટેરવે હોય છે એટલું જ નહિ, પણ બીજા લોકોના સામાજિક અને ધાર્મિક રીત-રિવાજોનું, તેમના પહેરવેશ, તેમની બોલી અને રહેણીકરણીનું જ્ઞાન પણ સચોટ હોય છે. માર્ગમાં આવનારા પ્રદેશનાં પ્રાણીઓ, તેની વનસ્પતિ અને તેનું સૃષ્ટિસૌંદર્ય વગેરેનો આબેહૂબ ખ્યાલ પણ પગપાળા પ્રવાસમાં પડાવ નાખતાં નાખતાં આગળ વધનારને જ આવી શકે છે. અસલના સમયમાં સાધુસંતો પગપાળો પ્રવાસ ખેડીને દેશમાં જ્ઞાનનો ફેલાવો કરતા, અને લોકોમાં ધાર્મિક અને સાંસ્કારિક એકતા જીવંત રાખવામાં મોટો ફાળો આપતા. આવા પ્રવાસી સાધુસંન્યાસી દ્વારા લોક-કેળવણીનું કાર્ય આપોઆપ અને વિના ખર્ચે થતું હતું. પગપાળો પ્રવાસ કેટલો ફળદાયી છે તેના આ લોકો જીવંત દૃષ્ટાંતરૂપ છે.

પગપાળો પ્રવાસ ખેડનારમાં સાહસ, હિંમત, ખડતલપણું અને નવું નવું જાણવાની જિજ્ઞાસાવૃત્તિ હોવાં જોઈએ. આ ગુણોને કેળવવા માટે પગપાળી મુસાફરી કરવી એ એક અમૂલ્ય સાધન છે. શાળા અને કૉલેજોમાં જો પગપાળી મુસાફરી યોજનાપૂર્વક કરવામાં આવે, તો પ્રજામાં આ ગુણો આપોઆપ વિકાસ પામે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પગપાળા પ્રવાસને એક મર્યાદા છે. ખૂબ લાંબી મુસાફરી પગપાળા કરવી મુશ્કેલ છે. એમાં શક્તિ અને સમયનો પુષ્કળ વ્યય થાય છે. પણ હવે સાઇકલની મદદથી એવો પ્રવાસ કરવામાં આવે તો એમાં પગપાળા પ્રવાસના બધા લાભો મળી રહે છે. કેટલાક સાહસિકોએ આવી મુસાફરી ખેડી છે અને પોતાની મુસાફરીના અનુભવોનું બ્યાન કરી તેઓ બીજાને માટે પ્રેરણારૂપ બન્યા છે.

૩. ટ્રામ કંડકટરની આત્મકથા

મુંબઈની ટ્રામ વે કંપનીમાં હું ટ્રામ કંડકટરની નોકરી કરું છું. મેં આજ સુધીમાં જુદા જુદા લત્તાઓમાંથી દોડતી ટ્રામોમાં ફરજ બજાવી છે. આજે હું દાદરથી મ્યુઝિયમ જતી ટ્રામમાં કામ કરું છું.

ટ્રામ રસ્તે થોભે એટલે મારે જરૂર પૂરતા ઉતારુઓ લેવાના હોય છે. ઉતારુઓ ચડી રહે કે હું ઘંટડી મારું છું અને ટ્રામ ચલાવવાની ડ્રાઇવરને સૂચના આપું છું. ટ્રામ ઊપડે કે તરત નવા ઉતારુઓને ટિકિટ આપવાનું શરૂ કરું છું. કેટલીક વાર અજાણ્યા ઉતારુઓ મને કહે છે, "અમારું ઊતરવાનું સ્થળ આવે એટલે કહેજો." સ્થળ આવતાં જ આવા ઉતારુઓને હું ઊતરી જવાની સૂચના કરું છું. એ લોકો મારો આભાર માનતા હોય તેમ મારી તરફ જુએ છે અને એ સ્થળે ઊતરી પડે છે. કેટલીક વાર ઉતાવળમાં કેટલાક ઉતારુ બીજી ટ્રામને બદલે મારી ટ્રામમાં બેસી જાય છે. તેઓ જેવું પહોંચવાના સ્થળનું નામ દે છે કે મને તેમની ભૂલ સમજાય છે. હું તરત તેમની બીજી કઈ ટ્રામમાં બેસવું તેની સૂચના આપું છું, અને તેમને ઊતરી જવાને કહું છું.

મને હમેશાં આવા મીઠા અનુભવો જ નથી થતા; કેટલીક વાર કડવા અનુભવો પણ થાય છે. મારો એવો અનુભવ છે કે એકંદરે ઉતારુઓ પ્રામાણિક રીતે વર્તે છે, અને તેથી સૌ ટિકિટ લેવાની ફરજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજે છે. પણ કેટલાક ચાલાક ઉતારુઓ મફત મુસાફરી કરવામાં ગર્વ લે છે, તેમને હું પકડી પાડું છું. પછી તેમને ટિકિટ તો લેવી પડે છે, પણ તે લેતાં લેતાં તેઓ ખૂબ કડવું મોં કરે છે. વળી કોઈ વાર કોઈ દાદાગીરી પણ કરે છે. આવે વખતે બીજા ઉતારુઓનો સાથ લઈ એમને ટિકિટ લેવાની હું ફરજ પાડું છું. એમ ન માને તો સિપાઈની મદદ લેતાં પણ હું અચકાતો નથી. આવી આકરી ફરજ મારે બજાવવી જ પડે છે, કેમકે વચ્ચે વચ્ચે ટ્રામ ઇન્સ્પેક્ટરો ટિકિટ જોવા આવે છે. જો હું સાવધાન ન રહું, તો મારી કામગીરીમાં હું કુશળ નથી એવો ઠપકો મારે સાંભળવો પડે છે.

કોઈ કોઈ વાર મારે કપરા સંજોગોનો સામનો કરવો પડે છે. એક વાર અમારા ટ્રામ કામદારોની અમારા પગાર–વધારાની માગણી સંબંધમાં સભા થઈ. વધુમતીએ હડતાલ પાડવાનો ઠરાવ કર્યો. આ સમયે મારી પાસે બિલકુલ પૈસા ન હતા એટલે હું ભારે મુસીબતમાં મુકાઈશ એમ જાણતાં છતાં, પણ મારે હડતાલમાં જોડાવું પડયું. છેવટે લોકોની અને શહેરના મોટા નેતાઓની સહાનુભૂતિ થવાથી અમારી જીત થઈ.

એક બીજો અનુભવ કહું? એક વખત મારી ટ્રામ એક મવાલીઓના લત્તામાંથી જઈ રહી હતી. ત્યાં એકાએક મારામારી થઈ. લોકોનું ટોળું વીફર્યું અને સામસામી લાકડીઓ ઊછળી. મારે ટ્રામ ઊભી રખાવવી પડી. ઉતારુઓ ઊતરીને આમતેમ ચાલી ગયા, પણ મારે તો ત્યાં થોભવું પડયું. આવે વખતે અમારા જાનને પણ નુકસાન થવાનો સંભવ રહે છે, અને તેવી ક્ષણો ગભરાટમાં વીતે છે.

મેં હવે ઇન્સ્પેક્ટર માટેની પરીક્ષા આપી છે અને તેમાં પાસ પણ થયો છું. જગ્યા ખાલી પડયેથી હું ઇન્સ્પેક્ટર બનીશ, એ આશા અને ઉમંગથી હું મારી નોકરી કરી રહ્યો છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૫૦

નીચેના વિષયો પર નિબંધ લખો—

૧. નદીકિનારે મેળો
૨. તમે કરેલી ઉજાણી
૩. મોટરનો પ્રવાસ
૪. જાહેર બાગમાં
૫. એક કારખાનાની મુલાકાત
૬. મારું ગામડું
૭. ખેડૂતનું જીવન
૮. મને ગમતું ફળ
૯. સરકસનો આનંદ
૧૦. જાહેર પુસ્તકાલય
૧૧. વસંતઋતુ
૧૨. મજૂરનું જીવન
૧૩. ચંદ્રની આત્મકથા
૧૪. નદીની આત્મકથા
૧૫. તમે કરેલી મુસાફરી
૧૬. શિકારીની આત્મકથા
૧૭. ભિખારીની આત્મકથા
૧૮. ફેરિયાની આત્મકથા
૧૯. એક બહાદુર કૃત્ય
૨૦. સાચો વિદ્યાર્થી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૨૯

વિચારવિસ્તાર

ઘણી વાર આપણે એવાં સૂત્રો કે પંક્તિઓ વાચન દરમ્યાન જોઈએ છીએ, કે જેની અંદર રહેલા વિચાર કે ભાવને સમજવાનો ખાસ પ્રયત્ન કરવો પડે છે. એ વિચાર બીજાઓને આપણે સમજાવવા માગીએ, તો આપણે તે સંબંધી વિસ્તારપૂર્વક લખાણ કરવું પડે છે. એવું લખાણ કરતાં એ વિચારના સમર્થનમાં કે તેનું સ્પષ્ટીકરણ કરવામાં દલીલો કે દૃષ્ટાંતોનો પણ આશરો લેવો પડે છે. આમ સૂત્રાત્મક લખાણને સ્પષ્ટ રીતે સમજાવવા માટે જે લખાણ કરીએ તેને વિચારવિસ્તાર કહેવામાં આવે છે, કારણ કે એ લખાણનો હેતુ એમાં રહેલા મૂળ વિચારને સમજાવવાનો હોય છે.

નીચે જણાવેલી સૂચનાઓ વિચારવિસ્તાર કરતાં ધ્યાનમાં રાખવા જેવી છે :

(૧) વાક્યમાં રહેલા મુખ્ય વિચારને શોધી કાઢવો, અને તેના અર્થને સ્પષ્ટ રીતે સમજવાનો પ્રયત્ન કરવો.

(૨) વાક્યમાં જે વિચારને સૂત્ર રૂપે ટૂંકાણમાં જણાવ્યો હોય છે, તેને વિસ્તારપૂર્વક સમજાવવો જોઈએ.

(૩) આમ કરવા માટે દાખલાઓ, દલીલો કે સરખામણી વગેરેનો ઉપયોગ કરવો ઠીક લાગે તો તેમ કરવું.

(૪) વિચારવિસ્તાર કરતાં લખાણ કેટલું કરવું તે સંબંધે કોઈ ખાસ નિયમ હોઈ શકે નહિ; પણ આ બે બાબતો ધ્યાનમાં રાખવી :

(ક) દલીલ કે દૃષ્ટાંતોનું નકામું પુનરાવર્તન કરીને લખાણ અતિ લાંબું ન થાય તે જોવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ખ) વળી, લખાણ લાંબું થઈ જાય એ ભયથી એવું ટૂંકું પણ ન કરવું કે જેથી વિચાર અસ્પષ્ટ રહી જાય. વિચારવિસ્તારમાં વિચારની સમજૂતી પૂરેપૂરી થવી જોઈએ, અને છતાં લખાણ દૃઢબંધ હોવું જોઈએ. એ એની કસોટી છે.

નમૂનો

હા, પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે;
પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે!

માનવીનો દેહ ગંદો થયો હોય તો તે કોઈ ઝરણામાં સ્નાન કરીને પોતાના દેહને સ્વચ્છ કરી શકે છે; પણ માનવી જ્યારે પાપ કરે છે ત્યારે તેનું અંતઃકરણ મલિન બને છે. એને શુદ્ધ કરવા માટે પણ કોઈ સ્નાનની જરૂર તો રહે જ છે. કેટલાક લોકો માને છે કે ગંગા જેવી પવિત્ર નદીમાં નાહવાથી માનવીનાં પાપો ધોવાઈ જાય છે, અને તેનું અંતઃકરણ શુદ્ધ બને છે. પણ કવિને મતે તો અંતઃકરણની શુદ્ધિને માટે કોઈ જુદા જ સ્નાનની જરૂર હોય છે. એ સ્નાનને માટે પરમ કૃપાળુ ઈશ્વરે પસ્તાવો કે પશ્ચાત્તાપ રૂપી ઝરણું આપણને દૈવી બક્ષિસ રૂપે આપ્યું છે. સાચો પસ્તાવો કરવાથી માનવીનાં પાપો ધોવાઈ જાય છે, તેની પાપ કરવાની ઇચ્છા દૂર થાય છે અને તે ફરીથી એ પાપ કરવા પ્રેરાતો નથી. આ રીતે, પસ્તાવા રૂપી ઝરણામાં ડૂબકી મારીને પાપી પણ પુણ્યશાળી બની શકે છે.

મનોયત્ન : ૫૧

નીચે આપેલી પંક્તિઓનો વિચારવિસ્તાર કરો—

૧. નથી તે નવું થાશે નહીં, છે તે નથી ના થઈ જશે;
તાપે તપ્યું જળ બાષ્પ બનશે, નષ્ટ પણ તે ના થશે.

૨. કંઈ લાખો નિરાશામાં, અમર આશા છુપાઈ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. મોટાં નાનાં વધુ મોટાંમાં, તો નાનાં પણ મોટાં;
વ્યોમદીપ રવિ નભબિંદુ, તો ઘરદીવડાં નહીં ખોટાં !
૪. કૃતઘ્ની લોકને કદર નવ કાંઈ હૃદયની !
ન જોવાની ઇચ્છા ! કદર કરવા સાધન નહીં.
૫. ગુજારે જે શિરે તારે, જગતનો નાથ તે સહેજે;
ગણ્યું જે પ્યારું પ્યારાએ, અતિ પ્યારું ગણી લેજે.
૬. કટુ વાણી સુણે જો તું, નકી વાણી મીઠી કહેજે;
પરાઈ મૂર્ખતા કાજે, મુખે ના ઝેર તું લેજે.
૭. અરે, પ્રારબ્ધ તો ઘેલું, રહે તે દૂર માગે તો;
ન માગે દોડતું આવે, ન વિશ્વાસે કદી રહેજે.
૮. રે રે ! શ્રદ્ધા ગત થઈ પછી, કોઈ કાળે ન આવે !
લાગ્યા ઘાને વીસરી શકવા, કાંઈ સામર્થ્ય ના છે !
૯. ચહે જો પ્રેમ આદરને, નહીં એ પ્રેમ પ્રેમીનો;
અખંડિત પ્રેમને બંધુ ! જરૂર શું હોય આદરની !
૧૦. પ્રેમને કારણો સાથે, સંબંધ કાંઇયે નથી;
કારણ પ્રીતિનું પ્રીતિ, પ્રેમની લક્ષ્મી એ બધી.
૧૧. જન્મ ને જીવનાં કૃત્યો, છે આકસ્મિક સૌ અરે;
પાસા ફેંકે જનો સર્વે, દુર્દૈવે હરિ હાથ છે.
૧૨. જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું,
તેહને તે સમે તેજ પહોંચે.
૧૩. અરીસો છે દૈવી, હૃદયરૂપ જોવા જગતને;
છબી એમાં સાચી, સકલ ઉરની સત્વર પડે.
૧૪. હજારો હરતના ટેકા, ગ્રહી નિત્યે ગતિ કીધી;
સુભાગી સ્વાત્મને શોધી, અહો ! આલંબશું ક્યારે ?
૧૫. લક્ષ્મી તો છે ચંચળ, ઘડીમાં આવે ને વહી જાય રે !
પરમારથમાં ખર્ચ્યાં નાણાં, એજ અવિચલ થાય.

●

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેસર્સ કરસનદાસ નારણદાસ એન્ડ સન્સ · નાણાવટ · સૂરત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar